Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મથુરાપુરીનો રંગિલો રાણો.

લખનાર



४२ग
३०

રેવનલાલ [illegible]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

* ओ३म् *

पुस्तक की संख्या.................. ४३ग

पुस्तकालय-पञ्जिका-संख्या......... ३०

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकता। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મથુરાપૂરીનો

રંગીલો રાણો.

સને ૧૯૦૪.

CHECKED 1973
Initial

લખનાર

મૂલ્ય

રૂપીયો એક

રતનલાલ બ્રીજમોહનલાલ તોલાટ.

નં. ૧૦ સી. પી. ટેન્ક રોડ, ગીરગામ, મુંબઇ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પુસ્તક સને ૧૮૬૭ ના એક્ટ પ્રમાણે રજીસ્ટર કરાવી
સર્વ હક કર્ત્તાએ પોતાને સ્વાધિન રાખેલા છે.

ભારત જીવન પ્રેસ કાલબાદેવી રોડ—મુંબઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમર્પણ.

સ્વર્ગવાસી માતામહ,

બ્રિજમોહનદાસ નારણદાસ માલવી.

શાસ્ત્ર પ્રત્યે દ્રઢ વૃત્તિ અને તેનું મનન, વેદાન્ત પ્રત્યે પ્રેમ, વિદ્યાની અભિવૃદ્ધિ થવા અથવા વિદ્યાર્થિઓનું જીવન ઉન્નત કરવા આપની બળવત્ત જીજ્ઞાસા અને મ્હારા ઉપર નિર્મળ પ્રેમ આ સર્વ દિવ્યતા, મ્હારા જેવો એક વિદ્યાર્થિ, પ્રત્યક્ષ અનુભવવા ભાગ્યશાળી ન થયો પરંતુ આપની તે સર્વ ઓજસતા અને સદ્ભાવના રૂપ મનોલહરી અત્યારે અનુભવુંછું તેથી વિદ્યાર્થિ તરીકે આ ગ્રંથનું સૂક્ષ્મ સ્વરૂપ, આપની છાયામૂર્તિને પ્રત્યક્ષ જાણી, ચર્ણાર્પણ કરી કૃતાર્થ થાઉંછું.

આપનો દુહિત્ર.

રતનલાલ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક અત્યુત્તમ નવલકથા ખાસ વાંચવા લાયક.

મોતની ખીણ.

યાને

અજબ પ્રેમ.

આ નવલકથા પ્રત્યેક મનુષ્યોને ખાસ વાંચવા લાયક છે. ગુપ્ત પ્રેમની બલિહારી, શુરાનું શુરાતન, પ્રેમાંગનાને બચાવવા કરેલું અદભુત સાહસ અને ખુનીઓના પંજામાં સપડાવા છતાં અટલ ધૈર્યનું રાખવું વિગેરે રસમય પ્રકરણો ચિતરાયાં છે. જાડા ચીકણા કાગળ પ્રષ્ઠ લગભગ ૨૫૦, સુશોભિત પાકું બાઇન્ડિંગ સાથે મુલ્ય ફકત રૂા. ૧-૮-૦ પોષ્ટેજ જુદું.

રતનલાલ બી, તોલાટ.

નં. ૧૦ સી. પી. ટેન્ક રોડ મુંબઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી કૃષ્ણ પરમાત્માને નમઃ

રાગ—રામકળી.

શ્યામ સ્મર તું શ્રીવર ભજ તું, હે મનુજ ભાઇ—શ્યામ—ટેક
પીતા માત ભગિની ભ્રાત આદિની સગાઇ
ખોળીએથી જીવ ગયો સર્વ ધ્યાંતું આંહી—શ્યામ.
શ્રીવરતું નામ એક સાચુ છે સદાઇ
એજ માત તાત જાણી ભજી ભેટો ધાઇ—શ્યામ.
મ્હારૂં મ્હારૂં મ્હારૂં કરી રહ્યો સઉ સાહી
સાહેલું તે આંહી રે'શે કાળ જશે ખાઇ—શ્યામ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાસ લગણુ સોસ જાણુ, સાસની સગાઇ
સાસ લગણુ સર્વ સગાં, કહે ભાઇ—બાઇ—શ્યામ.
સૂર્ય ઉદય થાય અસ્ત, નથી એ નવાઇ
મનુજ જીવિત્ જાશે એમ, ક્ષણમાં બુજાઇ—શ્યામ.
મુરલીધર ઘનશ્યામ નાગર નટ રાઈ
રાધાવર રટણ સ્મરણ મોક્ષ દ્વાર ભાઇ—શ્યામ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મથૂરાપૂરીનો રંગીલો રાણો.

પ્રકરણ ૧ લું.

યમુના તીર !

પ્રાતઃકાળમાં વૃક્ષોનાં પાંદડાં, મધુર પવન રાશિથી હાલી રહ્યાં છે. ફુલની કલિકાઓ વિકસી રહી છે. સૂર્ય ભગવાનના પ્રકાશથી આનંદિત્ બની રહી છે. પલ્લવો વાયુ સ્પર્શથી આંદોલન કરી રહ્યાં છે. સુમધુર પવન પલ્લવ, વલ્લિકાઓ અને ફળ ફુલો સાથે નાચી રહ્યો છે. વસંતનો સહાધ્યાયી, અટકચાળો સમિર, વૃક્ષોનાં ઝુંડનાં માથાં ઝાલી એક બીજાને લઢાવી રહ્યો છે. પુષ્પોમાંથી આસપાસ સુગંધી પ્રસરાવી રહ્યો છે. વૃક્ષોની વીચ ડાળીઓમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભરાઇ રહેલાં મયુર, કોકિલા આદિ સ્વેચ્છાચારી પક્ષીઓ મીઠા સ્વર કાઢી જન મનને આનંદિત્ કરી રહ્યાં છે. પ્રાતઃકાળમાં પડેલા ઝાકળથી પૃથ્વિએ લીલાં પરિધાન ધારણ કરી, સૃષ્ટિ સૌંદર્યતામાં વધારો કર્યો છે. ફુલ, પાંદડાંઓ ઉપર પડેલાં ઝાકળના બિંદુ, પવન સ્પર્શથી ચલાયમાન થઇ, કોઇક સુંદરીના ગળામાંથી તુટી પડતી મોતીની માળા પેઠે જણાય છે. પૃથ્વિ ઉપર ઉગેલું, ઝીણું લીલું ઘાસ, સૃષ્ટિ કર્તાના અલૌકિક ગાલીચા પેઠે નેત્રોને આનંદ આપી રહ્યું છે. આ સ્થળ વિહારીજનોનું વિહાર સ્થાન, વિલાસીજનોનું વિલાસ સ્થાન અને કામતાપથી તપેલાજનોનું શાંતિ સ્થાન હતું. વન લીલા! તેનું સૌંદર્ય, સંસારનાં આબાલ વૃદ્ધને આનંદિત્ કરે, એમાં આશ્ચર્ય નહોતું.

સમય પ્રાતઃકાળનો છે. મથૂરાપૂરીના મહારાજા ઉગ્રસેનની ધર્મપત્નિ પવનરેખા પોતાની સખિયો સહિત વનવિહાર કરવા આવી છે. તે પરમ સુંદરી, મહા પતિવૃતા, પતી આજ્ઞાધારિણી, જગજ્જન મનોહારિણી અને સુશિલ કામિની, ઋતુ ધર્મથી શુદ્ધ થઇ, મંદ મંદ વાયુનું સેવન કરતી, ઉપવનમાં ફરવા લાગી. તેની સખિયો પણ શાંતપણે પાછળ ચાલવા લાગી. આસપાસ નિહાળવા લાગી, કવચિદ્ કલિકાઓને સ્પર્શ કરતી, કવચિદ્ તેની સૌગંધ લેતી, કવચિદ્ ફળો લઇ તેની મનોહરતા જોતી, આનંદ પામતી પામતી સ્વેચ્છા પ્રમાણે ચાલવા લાગી. કોઇક વખત વૃક્ષોના ઝુંડમાં, કોઇક વખત ફળોના ગુચ્છાઓમાં, કોઇક વખત પલ્લવોની ઘીચ ડાખળીઓમાં અને કોઇક વખત વલ્લભને વળગી પડેલી વલ્લિકાઓના માર્ગ ભેદી ભેદી ચાલવા લાગી. ઉપવન એ સૃષ્ટિ કર્તાનો અલૌકિત્ ભંડાર છે! તેની મનોહરતા જોતાં મ્હોટા મ્હોટા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તપસ્વિઓ પણ આનંદ પામી લીન થતા હતા. અત્યારે પવનરેખા પણ તેમાં લીન બની હતી. પોતાની સખિયો પાછળ આવે છે કે નહીં તેનું પણ તેને ભાન રહ્યું નહીં. તે ઘણે વેગળે સુધી નિકળી ગઇ.

ઉપવનના લાંબા માર્ગમાં ચાલતાં તેને પરિશ્રમ થયો. વિશ્રામ લેવાની અગત્ય જણાઇ. પગ થાકી ગયા. ત્યાં ઉગેલા લીલા, સુવાળાં ઘાસ ઉપરજ વિશ્રામ કર્યો. પૃથ્વિ ઉપર બેઠાં બેઠાં આસપાસ જોઇ ઇશ્વરની અકળ કળા, અલૌકિક અદ્‌ભુત રચના અને સૃષ્ટિના સુંદર શ્રૃંગારને નિહાળતાં વિચારવા લાગી.

"સત્ય છે. રાજ્ય મ્હેલ એ પૂર્વ જન્મના પ્રાયશ્ચિત્‌નુંજ ફળ છે! એક રીતે જોતાં કારાગૃહ છે. તેને બદલે આ સ્થાન કેવું રમણિય છે? કેવો આનંદ આપે છે? કેવી અવર્ણનિય શોભા છે? બે હાથનાં મનુષ્યોને હાથે બનેલા કૃત્રિમ મ્હેલની સુંદરતા કરતાં અનેક હાથના કર્તા-ઇશ્વરે રચેલું આ અપૂર્વ ઉપવન કેટલી બધી શોભા આપી રહ્યું છે. ત્યાં સેંકડો માણસોના રહેવા છતાં મનગમતો આનંદ નથી, અહીં થોડા મનુષ્યો અને હજારો પશુ પક્ષીઓના વસવાટથી કેટલો આનંદ મળે છે? મ્હેલની આસપાસ કૃત્રિમ બગિચામાં જેટલાં ફળ, ફુલ, વૃક્ષો છે, તેનાથી આનંદ નથી મળતો, તેનાં કરતાં છુટાં છુટાં ફુલ, ફળો, નિહાળવાથી જે મોજ મળે છે, તે ખરેખર અલૌકિકજ છે. આહ! હમેશાં આવા મનમોદિત્ સ્થળેજ રહેવાનું હોય તો કેવું સારૂં? આ સ્થળે જ્યારે જોઇયે ત્યારે ઇચ્છિત્ વસ્તુ પ્રાપ્ત થઇ શકે છે અને મન ગમતી મઝા ભોગવી શકાય છે!

લીલા સુકા કમળપત્રની કાન્તિ જેવા, ઘેરા આસમાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રંગના, કોઇક સ્થળે જાણે કાજળનો ઢગલો છુટે છુટો પાથરી મુકયો હોય, જાણે કમળ નાળમાંની ઝીણી ઝીણી રશ્મિઓનું ઉપવન ખિલ્યું હોય અને જાણે પાપ કરનારાંઓનાં હૃદયમાંથી કાઠિણ્યતા બહાર કાઢી તેના ડુંગરો ગોઠવ્યા હોય અને કોઇ જગ્યાએ ગર્ભવતી સ્ત્રીના સ્તનની કાન્તિ જેવાં આસમાની રંગના વાદળાંથી ચારે દિશાઓએ આકાશ વ્યાપ્ત થયું હતું. તૃષાથી વ્યાકુળ થયેલાં ચાતક, મોર, બપૈયા, આદિ સ્વચ્છંદી પક્ષીઓ તૃષા મટાડવા, પાપ, તાપ, સંહારિણી અને ભક્તજનોને આનંદ-કારિણી, **યમુ**ના નદી, **સર્પ** વેગે વ્હેતી હતી. પક્ષીઓ, કર્ણપ્રિય સુસ્વરો કહાડી **યમુ**નાપાન કરતાં હતાં. આનંદમાં લીન થઇ મનો-હર ટૌકા કરતાં હતાં. પોતાના પીંછા ફેલાવી કળા કરતા મયુરો પણ નૃત્ય કરી રહ્યા હતા. આ સુંદરતા નિહાળતી, વિચાર કરતી, **પ**વનરેખા, મંદ મંદ પવનની મીઠી લ્હેરોથી નિદ્રાવશ થઇ.

નિદ્રાવશ થયલી આ રાજકુલાંગનાની મુખમુદ્રા અત્યંત સુંદર દેખાતી હતી. તેના મોહક મુખ કમળને જોવાથી કોઇપણ પુરૂ-ષનું ચિત્ત ચલાયમાન થાય એ સ્વાભાવિક હતું. તેનાં બંધ થયેલાં નેત્રો, કમળના બિડાયલા પત્ર સમાન દેખાતાં હતાં. મુખ **પ્ર**ભામાં ચંદ્રની ભગિની સમાન હતી. તેનો ક્ષીણ કટી **પ્ર**દેશ સિંહની કટિ કરતાં વિશેષ શોભાયમાન હતો. કમળ પત્રમાં જે શોભા અને મધુર રંગ જોવામાં આવે છે તેટલીજ, બલકે તેથી વિશેષ શોભા અને સુમધુરતા તેની હથેલીઓમાં હતી. તેની બંને ભ્રમરો, જાણે **બ્ર**હ્માએ તેના પાતિવ્રત્યનું રક્ષણ કરવા ગોઠવેલાં બે નાજુક ધનુષ્ય હોય તેમ જણાતું હતું. પ્રવાળના બે નાના કટકા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાન અધરોષ્ટ દેખાતા હતા. તેના શરિર ઉપર વિશેષ અલંકારો નહોતા, તોપણ બ્રહ્માએ નિરાંતને વખતે ઘડેલી આ લાવણ્યમયી રાજરાણી અત્યંત મનોહર અને સુંદર જણાતી હતી. તેના નાજુક હાથમાં એકેક રત્ન જડિત કંકણ અને ગળામાં મોતીની એક સર લટકતી હતી, તોપણ તેની શોભા ઓછી નહોતી. તેણે આસમાની રંગનો ઝીણો સાળુ પહેર્યો હતો. જેમાંથી તેના સ્તનની દીંટીઓ મોગરાની કળીઓ પેઠે ડોકિયાં કરતી, આકાશ સામું કટાક્ષ કરતી, તેની શોભામાં વધારો કરતી હતી. તે સ્વરૂપમાં લક્ષ્મીજીની અધિરાણી હતી. ગુણમાં સીતાની ગુરૂ હતી. પ્રતાપમાં સૂર્યની પ્રતિમા હતી. તેના મુખ ઉપર પવનની થંડી લ્હેરો આવ્યા કરતી હતી.

આ સમયે દ્રુમલિક નામનો રાક્ષસ ફરતો ફરતો ત્યાં આવી પહોંચ્યો. આવતાંજ તેની દ્રષ્ટિ, એક સફેદ ધાબા તરફ ખેંચાઇ. આ સફેદ ધાબુ બીજું કોઇજ નહીં પણ પવનરેખાની મુખ મુદ્રા હતી. પવનરેખાના મનોહર મુખને જોતાંજ તેને મોહનો જબરો ધા લાગ્યો. વારંવાર તે પવનરેખાના મુખને જોવા લાગ્યો. તેની આંખે ઝાંખ લાગવા માંડી. તેનું ચિત્ત ભ્રમિત્ થયું. એકાએક દ્રુમલિકને મુર્છા આવી. તે જમીન ઉપર પડયો. થોડીવારે તે શુદ્ધિમાં આવ્યો. પાછો પવનરેખાના ચંદ્ર સમાન મુખને જોવા લાગ્યો. તેનું મન વ્યાકુળ થઇ રહ્યું. તેના શરિરને સ્પર્શ કરવાની ઇચ્છા થઇ, પણ તેની હિમ્મત ચાલી નહીં. ફરીથી તે ભ્રમિત્ ચિત્ત થયો અને મુર્છા ખાઇ પૃથ્વિ ઉપર પડયો. થોડી પળમાં પાછો જાગ્રત થયો. તેના મનમાં હજારો વિચાર પસાર થઇ ગયા. તે પવનરેખાની પાસે જઇ બેઠો. પાછો તેના મુખ સામું જોવા લાગ્યો, વળી પાછી તેની આંખે ઝાંખ લાગી. તેથી તે યમુનાને કિનારે ગયો, અને નેત્રોને યમુના જળથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભિજાવી, હાથ મ્હોડું ધોઇ પાછો પવનરેખાથી થોડે વેગળે જઇ ઉભો. તેનું રૂપ જોઇ ગાંડો ઘેલો બનેલો રાક્ષસ કુમલિક સ્તબ્ધ થઇ ઉભો. તેનું અલૌકિક રૂપ જોઇ તેની ઇંદ્રિયો જડ થઇ ગઇ. થોડીવારે પવનરેખાના સામું જોઇ રહ્યા પછી તેના સામે આવી ઉભો. ઇંદ્રની અપ્સરા જેવી સ્ત્રી સાથે એકાંત સમાગમ થવાથી તેને રૂંવે રૂંવે કામદેવ વ્યાપી ગયો. તેની બુદ્ધિ ભ્રષ્ટ થઇ. પવનરેખા સાથે શી રીતે વર્તવું તે વિચારમાં સહજ વેગળે જઇ બેઠો.

ખરેખર! પવનરેખાનુ આવું સુંદર રૂપ અને લાવણ્ય જોઇ કોઇપણ મનુષ્યનું ચિત્ત ચળાયમાન થાય એવું હતું. સ્ત્રીઓની સુંદરતા જોઇ કોણ મોહ પામ્યું નથી? શ્રી શંકર પણ મોહિની-રૂપ ધારણ કરેલા શ્રી વિષ્ણુ ભગવાન ઉપર મોહ પામી, તેમાં આશક્ત થઇ તેની પાછળ તેને પકડવા દોડયા હતા! વિશ્વામિત્ર જેવા રૂષિએ પણ પોતાનું હજારો વર્ષનું તપશ્ચર્યાનું ફળ ભોગવવાનું મુકી દઇ, મેનકા નામની અપ્સરાપર મોહિત થઇ પોતાનો કામ શાંત કર્યો હતો. જ્યારે આવી રીતે શ્રી શંકર તથા વિશ્વામિત્ર જેવા પણ સ્ત્રીના મોહ પાસમાં ફસાયા તો આ અસુર જાતિના રાક્ષસનું શું ગજુ!

હજુ પણ કુમલિક પવનરેખા સામું જોતો વિચાર કરતો હતો. તે બોલતો હતો કે:-ખરેખર! સ્ત્રીઆનું આ કેવું મનેહરપણું! મનને કેવળ ઘેલું બનાવી નાંખવાનું તેઓનું કેવું અલૌકિક સામર્થ્ય? વાણી પણ કેટલી મધુર! એક વખતના નયન કટાક્ષથી કેવળ લુબ્ધ બનાવી દેવાનું તેઓનું કેવું વિલક્ષણ ચાતુર્ય? અમુક એક સુંદર તરૂણીમાં મન લુબ્ધ થયું કે અન્ય કશું સુઝેજ નહીં! અન્ન પાણી પ્રત્યે અભાવ, હસવા બોલવામાં અભાવ, નિદ્રામાં પણ તેજ મોહક મુર્તિ, જ્યાં જ્યાં નજર પડે ત્યાં ત્યાં એજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુંદર મૂર્તિ! સ્ત્રીઓમાં આ કેવી અપૂર્વ મોહ માયા! સુંદર સ્ત્રીઓમાં આ કેવો ચમત્કાર! જાણે આખા સ્ત્રી વર્ગમાંજ આ કેવું છુપું સામર્થ્ય? પરંતુ ઇશ્વરે આ જગતમાં મોહક અને સુંદર સ્ત્રીઓ ઉત્પન્ન ન કરી હોત તો કેવું સારૂં થાત? આવા આવા વિચાર કરતો તે પાછો પવનરેખા નજીક ગયો. તેના કોમળ હસ્તપર ચુંબન લેવાનો વિચાર થયો. પરંતુ કદાચ જાગી ઉઠે તો બધી બાજી બગડવાનો સંભવ દેખાયો. વળી તે થોડો પાછો હઠયો. કેટલાક વિચારો કર્યા પછી નિશ્ચય કર્યો કે જો હું એના પતિ ઉગ્રસેનનું સ્વરૂપ ધારણ કરીશ તો મારી ઇચ્છા સફળ થશે. તે રાક્ષસ હતો અને તેથી ઉગ્રસેનનું માયાવી સ્વરૂપ ધારણ કરી એક સંગિત ગાવા લાગ્યો:–

ગઝલ.

આ ઉપવને ખીલી રહી, શશીસમ કુમુદિની–
શશીસમ કુમુદિની, (૨) આ ઉપવને–
અમૃત શશી ઘડતાં રહ્યું, તે આ રંભા માંહ્ય,
વીધીએ નાંખ્યું છે ખરે, અનુપમ દીસે કાય–આ૦

*　　*　　*　　*　　*

થોડી વાર અટક્યો! વળી ગાવાનું શરૂ કર્યું:–
રે! સુંદરી શું સ્વર્ગમાંથી આવી અહીં ઠરી,
લોભાવવા મનુષ્યને શું જાળ પાથરી–રે સુંદરી–૨
કમળ પત્ર બિડાયલાં, નયન દીસે છે એમ,
અમૃતરસ હોઠે ઠર્યો, કામ નિધીનો જેમ,
ઉચ્છ્વાસને નિઃશ્વાસ નાંખું! પ્રીય ઘડી ઘડી–રે સુંદરી–૩
કદળી સમ જંઘા દીસે, દાડમ કળી સમ દંત,
મદમાતા ગજસમ કરો, કર્યા ઘરી ખરી ખંત,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારી કટાર કાળજે, યૌવન મદે ભરી—રે સુંદરી-૪
કળસ નાના કુચ સ્થળે, દીસે અનુપમ અંગ,
રામા રસભરી ત્યાગ તું, નિદ્રા રમ રતિ રંગ,
રંગે રમીને અંગ જંગ, મચાવ માધુરી—રે! સુંદરી-૫

સંગિત મૃદુ સ્વરે ગપાયું હતું. તે મધુર ધ્વનિ સાંભળતાંજ પવનરેખા નિદ્રામાંથી જાગી ઉઠી. પતિને જોતાંજ હર્ષથી તેને આલિંગન દીધું. તેણે પુછ્યું:—પ્રાણનાથ! આપ અત્યારે અહીં ક્યાંથી? વળી એકલા શામાટે? પ્રાતઃકાળમાં મારી સાથે ફરવા આવવા મેં પ્રાર્થના કરી ત્યારે કચેરીમાં ઘણાં કામનું બ્હાનું બતાવી ના કહી. અને હમણાં તો આપ અહીં આવી પહોંચ્યા? એમ કરવાનું કારણ સત્વર જણાવો. હું તે જાણવા ઘણી વ્યાકુળ થઇ છું.

" હૃદયેશ્વરી! મેં તમને જે કહ્યું હતું તે સત્ય હતું. કચેરીમાં કામ ઘણુ હતું પરંતુ તમારા વિના મને ચેન નહીં પડવાથી થોડીવારમાં કચેરી બરખાસ્ત કરી, અશ્વપર સ્વાર થઇ, આ દિશા તરફ નિકળી આવ્યો. અશ્વને થોડેક વેગળે એક ઝાડ સાથે બાંધ્યો છે. ફરતાં ફરતાં અહીં આવ્યો. અને તમને જોઇ ઉંઘમાંથી જાગૃત કરવાને એક સંગિત લલકાર્યું."

"વાહ! પ્રાણનાથ! આપે આવીને તરતજ મને કેમ જાગૃત ન કરી? શું હું આપને આનંદ નહીં આપી શકત? તમારૂં હૃદય શું મારાથી ભિન્ન ભાવ રાખે છે? હું બહુ ખેદ પામું છું! આવો ભેદ ભાવ રાખવો એ આપનો ધર્મ નથી! પતિ પતિ! એતો એક બીજાનું અર્ધું અંગ છે. તેથીજ સ્ત્રી પતિની અર્ધાંગના કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાથ ! જેનું જમણું અંગ જે બીના જાણતું હોય તે ડાબુ અંગ કેમ ન જાણે? ત્યારે જેના જમણા અંગને જે વસ્તુ વગર આનંદ ન મળતો હોય તેનું ડાબુ અંગ શામાટે આનંદ ન આપી શકે? નાથ! પતિ પત્નિ લગ્ન સંસ્કાર થાય ત્યારથી એક બીજાના સુખ દુઃખમાં ભાગ લેવા જોડાયલાં છે. હું પણ મારો ધર્મ બજાવુ છું તેમજ બજાવત્. પરંતુ આપે ભિન્નભાવ રાખી અનર્થ કર્યો! મારા હૃદયમાં વેદના ઉપજાવી.

" મારી મનો મોહના! પતિ પત્નિના ધર્મ હું સારીપેઠે જાણું છુ. તમે સાધ્વિ છો. પતિવ્રતા છો. તમને જગાડયાં હોત તો તમે તમારી ફરજ બજાવત. પરંતુ શાસ્ત્રકારોએ નિદ્રામાંથી જગાડવાનું મહા પાપ કહ્યું છે. નિદ્રામાં પડેલું મનુષ્ય પાપ કરતું નથી પણ શરીરમાં રહેલો જીવાત્મા તેટલીવાર સોહં સોહં એવા ધ્વનિવડે પરમાત્માનુંજ ધ્યાન ધરે છે. અને તેથી તે સમય પુણ્ય કર્મમાં જાય છે પરંતુ જ્યારે તેને જગાડવામાં આવે છે ત્યારે પાછો તે સંસારની માયાવડે, પાપ, પ્રપંચ, છલ, કપટ આદિ કર્મ કરે છે. અને જગાડવાથી જે પાપ થાય છે તે અર્ધું જગાડનારને ભોગવવું પડે છે. માટેજ મેં જગાડયાં નહીં. વળી નિદ્રામાં પડવાથી તમે શાંતિ મેળવતાં હતાં. આ સ્થળ પણ તેવુંજ રમણિય છે. નિદ્રાવશ થયલું માણસ સ્વર્ગનું સુખ ભોગવી શકે. આ સ્થળે કોઇક કોઇક દીવસ તંબુઓ ઠોકી રહ્યા હોઇયે અને વિલાસ વિભવ ભોગવ્યો હોય તો ખરેખર વ્હાલી! સ્વર્ગ સમાન સુખજ મળે! તમે જાણે સ્વર્ગમાંની અપ્સરા અને હું જાણે ગાંધર્વ હોઉં તેવોજ આનંદ મળે." કુમલિકે પ્રપંચમાં ઉત્તર નાખ્યો.

" ખરેખર! નાથ! નિદ્રાવશ થતાં પહેલાં મને પણ એવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચારજ થયા હતા કે આવા રમણિક સ્થળે રહ્યાં હોઇયે તો અત્યાનંદ થાય." પવનરેખા હસતી હસતી દ્રુમલિકના ખોળામાં જઇ બેઠી.

બન્ને વચ્ચે પરસ્પર પ્રેમવાર્તા થવા લાગી. સ્ત્રી પુરૂષના મેળાપ એ કુદરતી રીતેજ કામદેવને ઉશ્કેરે છે. સ્ત્રી અને પુરૂષના હૃદયમાં રહેલું પ્રેમતત્વ એ કામદેવને ઉશ્કેરવાનીજ વસ્તુ છે અને એકાંત સમાગમ એ કામદેવને વિજય પામવાનો સમય-સ્થાન-છે. સંસારમાં જેટલાં પ્રેમબંધનમાં બંધાયછે અને જેટલાં પ્રેમીઓનો એકાંતમાં સમાગમ થાય છે તેઓ કામદેવના પાસમાં સપડાયા વગર બચ્યાં નથી! આ સમયે દ્રુમલિક અને પવનરેખા પરસ્પર, કામદેવના સપાટામાં આવ્યાં છે. તેમની આસપાસ કામદેવ ગુપ્ત રીતે દુદુંભી નાદ કરી રહ્યો છે. કામદેવ અદ્રશ્ય રહીને બન્નેના હૃદયનાં તાર સાંધી રહ્યો છે. અને બન્ને વચ્ચે ઐક્ય ભાવ ઉત્પન્ન કરી રહ્યોછે. કામદેવ પોતાના કાર્યમાં સફળ થયો છે. તેણે દ્રુમલિક અને પવનરેખાના હૃદયમાં પણ કામ ઉત્પન્ન કર્યો. પવનરેખા રતિદેવીનીજ સાક્ષાત્ મૂર્તિ હતી. દ્રુમલિક ઉગ્રસેનનું રૂપ ધારણ કરી મોહક રાજા બ... હતો તેથી તે પણ કામદેવ સમાન જણાતો હતો. બન્નેને કામ સતાવવા લાગ્યો. હૃદયમાં ભરાઈ ગુપ્ત રીતે ડંખવા લાગ્યો. ખરેખર! કામદેવની ગુપ્તપિડા જેઓ અનુભવી છે તેઓનેજ ખબર છે. અનુભવહીણ અને રસહીણ હૃદયો તે જાણવા શક્તિવાન નથી.

પરસ્પર સ્મરશત્રુના પાસમાં સપડાયા છતાં તેઓ જાણતાં હતાં કે અત્યારે સૂર્યનારાયણ ભગવાનનું તેજસ્વી રાજ્ય પ્રવર્તે છે. અનુચિત કાર્ય કરવાથી મહા પાપ થાયછે. રાજા એ બીના સારી પેઠે જાણે છે. પરંતુ સમય પોતાનું કામ કર્યો જાય છે. જે સમયે જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રબળ ભાવના પોતાનો ભાવ ભજવવાની છે તે અવસ્ય ભજવશે. સમય આગળ મનુષ્ય નિરૂપાય છે !

રાણી પવનરેખા સઘળો વિચાર કરી શાન્ત થઈ પરતુ કુમલિક કામદેવના પાસમાં સખત સપડાયો હતો. તેના શરિરમાં અગ્નિ દેવે પ્રચંડ જ્વાળા સળગાવી મુકી હતી. તેના હૃદયમાં કામદેવે અશાન્તિ ફેલાવી હતી. વળી અગ્નિમાં ઘી હોમાતું હોય તેમ પવન રેખાની સૌંદર્યતા, તેના હૃદયની વ્યથા વધારતી હતી. તેણે કહ્યું:- વ્હાલી પ્રિયા ! જુવો ! અહીં પવનની કેવી મધુર લ્હેર આવે છે. મારી એવી ઇચ્છા છે કે આપણે અહીં થોડો વખત નિદ્રા લઇયે. પવનરેખા પણ એવુંજ ઇચ્છતી હતી. પતિની ઇચ્છાને વશ થઈ બન્ને જણ નિદ્રાવશ થયાં. જોકે તે બન્ને આંખો મીંચી સુતાં હતાં તોપણ તેઓ ખરેખરી રીતે ઉંઘતાં નહોતાં. એમ કેટલોક સમય વીતિ ગયો. અમે આગળજ કહી ગયા છીયે કે સમય પોતાનું કામ કર્યો જાય છે. મનુષ્યનું તેમાં કાંઇપણ ચાલતું નથી. જેમ મનુષ્યો પોતપોતાને સ્થાને પોતાનો ધર્મ બજાવે છે તેજ પ્રમાણે ઇન્દ્રિયો પણ પોતપોતાને સ્થાને પોતાનો ધર્મ બજાવે છે અને આ સ્થળે પણ તેમજ બન્યું.

પવનરેખા પતિની ઇચ્છા જાણી ગઈ. તે ઇચ્છા જાણતાંજ તેણે શંકાશીળ થ[illegible]માંજ કહ્યું. રાજા કોઇ દિવસ આવી અનુચિત માંગણી કરેજ નહીં. દિવસે આવું કાર્ય કરવાની ઇચ્છાજ થાય નહીં. છતાં રાજા આજે આવી માંગણી કરે છે તેનું કારણ શું ? એવી શંકા ઉત્પન્ન થતાં તેણે કહ્યું:-નાથ! દરેક શાસ્ત્રોમાં દરેક કામ માટે સમય અને સ્થાન નક્કી કર્યાં છે. તે પ્રમાણે વર્તવુ જોઇએ. તમારી ઇચ્છા હું સમજી ગઈ છું. તમારૂં શરિર કામ તાપથી તપેલું છે. પરંતુ નાથ ! ધર્મ પરાયણ સ્વામી! દિવસે એ કાર્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવાથી શાસ્ત્રકારોએ કેટલું પાપ કહ્યું છે ? તે શું આપ નથી જાણતા ? મનને વશ રાખી, ઇન્દ્રિયોનું દમન કરી, કામ વ્યથા સહન કરી, ઇચ્છા વેગને રોકો ! સમય આવે મનની ઇચ્છા પ્રમાણે વર્તવા મુખ્ત્યારછો. હમણાંનો સમય યોગ્ય નથી."

દ્રુમલિક આ સાંભળતાં જરાક અચકાયો પરંતુ તે ખરેખરો રાજા ઉગ્રસેન નહોતો. જો આ સ્થળે ઉગ્રસેન રાજા હોતતો તે આવી અયોગ્ય ઇચ્છા કદી કરત નહીં પરંતુ આ તો પવનરેખાની સુંદરતા ઉપર મોહ પામી, વિષયવાંચ્છના તૃપ્ત કરવાને માયાવી શક્તિથી બનેલો ઉગ્રસેન હતો. તે રાક્ષસ હતો અને તેથી તેની બુદ્ધિ, વિચાર, ધર્મ શાસ્ત્ર તરફ વળે એ સંભવિતજ નહોતું. દ્રુમલિકે રાણીનું કહેવું માન્યું નહીં અને પોતાની આજ્ઞા માનવાનો આગ્રહ કર્યો. રાણી પવનરેખા, લાચારીથી પતિની આજ્ઞા પ્રમાણે વર્તી અને બન્તે જણ યથેચ્છ સુખ ભોગવવા લાગ્યાં. દ્રુમલિકે પોતાની ઇચ્છા પૂર્ણ કરી.

તેની અભિલાષા પૂર્ણ થતાં તેણે તરતજ પોતાનું રાક્ષસી સ્વરૂપ પ્રકટ કરી દર્શાવ્યું. તેનું ભયંકર રાક્ષસી સ્વરૂપ જોઈ પવન રેખા અતિ અકળાઈ, વ્યાકુળ થઇને બોલીઃ—અરે ! દુષ્ટાત્મા ! પાપી ચાન્ડાલ ! તેં આ શું કર્મ કર્યું ? તેં મારા પતિનું સ્વરૂપ ધારણ કરી મારો પતિવૃત્ત ધર્મ નષ્ટ કર્યો ! ધિઃક્કાર છે તને અને તને આવું કુકર્મ શિખવનાર ગુરૂને ! વળી ધિઃક્કાર છે તારાં જનક જનનીને કે જેણે તારા સમાન કપૂત ઉત્પન્ન કર્યો ! આવા અન્યાયી અતિ દુષ્ટ પૂત્રને ઉત્પન્ન કરવા કરતાં જો વંઝાજ રહી હોત તો સારૂં થાત ! પાપી ! જે મનુષ્યો સતિ સ્ત્રીઓનાં સતિત્વ નષ્ટ ભ્રષ્ટ કરે છે તેઓ જન્મો જન્મ નર્ક નિવાસી થાય છે. તારી પણ એવીજ ગતિ થશે. તારા કરેલાં કર્મનું ફળ તું ભોગવ ! હવે હું તને શાપ દઇશ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાપની વાત સાંભળી દ્રુમલિકને ભય ઉત્પન્ન થયો. તેના હાથ પગ ધ્રૂજવા લાગ્યા. તેનાથી એક પણ શબ્દ બોલાયો નહીં. બોલ-વાની તેથી ઘણી ઇચ્છા હતી પણ કાંઈ બોલી શક્યો નહીં. તેનાં ગાત્ર શિથિલ થઈ ગયાં. અન્તે ઘણી નહેનતે તે બોલ્યોઃ—સતિ ! તું ક્રોધ ન કર, અને મને શાપ ન દે ! મેં તને ધર્મનું ફળ આ-પ્યું છે; કારણ કે તને અસન્તાન જોઇને મારા મનમાં અત્યંત ખેદ થયો, તે મારો ખેદ પરમેશ્વરે દૂર કર્યો છે. તને ગર્ભ રહ્યો છે અને મહાબળવાન પૂત્ર ઉત્પન્ન થશે. તે પૂત્ર એવો તેજસ્વી અને પ્રતાપવાન થશે કે પોતાના ભુજદન્ડના પ્રતાપે નવખંડ પૃથ્વિ જીતશે અને આદિ પુરૂષ શ્રીકૃષ્ણ ભગવાનના હાથથી મૃત્યુ પામશે.

એટલું કહી દ્રુમલિક ત્યાંથી પવનવેગે ચાલ્યો ગયો.

તેના ગયા પછી પવનરેખાએ વિચાર કર્યો કે હવે શોક સન્તાપ કરવાથી શું ફળ છે? પરમેશ્વરની ઇચ્છાજ એવી હશે. તેની ગતિ કોઇથી જાણી શકાતી નથી. તેને જેવું કરવું હોય છે તેવોજ સંયોગ બનાવી દેછે. પ્રારબ્ધના લેખ કોઇથી મિથ્યા થતા નથી. મારા પ્રારબ્ધમાં એવુંજ લખ્યું હશે. આ પ્રમાણે ધૈર્ય રાખી તે પોતાની સખીઓની શોધમાં નિકળી.

શોધતી શોધતી પવનરેખા પોતાની સખીઓને આવી મળી. ઘણો સમય થઈ જવાથી સખીઓને સંદેહ પડયો. પવનરેખાને પુછવા લાગીઃ—મહારાણી ! તમારી આવી દશા કેમ ? તમારો ચ્હેરો ફીક્કો કેમ લાગે છે ? તમારા શિરોકેશ વિખરાયલા કેમ માલમ પડે છે ? શૃંગારો કેમ ચુંથાઈ ગયા છે ? શરિર કેમ કમ્પે છે ? તમે આટલી બધી વાર ક્યાં હતાં ? તે સત્વર કહો. કારણ અમે સહ-ળીઓને તમારો આવો ચ્હેરો જોઇ બહુ ચિન્તા થાય છે ! અમે તમારી વાત સાંભળવાને ઘણી અધીરી બનેલી છીએ. પવનરેખા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ જોયું કે આનો જવાબ આપ્યા વગર છૂટકો નથી ત્યારે તેણે ખરી વાત ઉડાવવાનો નિશ્ચય કરી ઉત્તર આપ્યોઃ– સખીઓ! જ્યારે હું તમારાથી એકલી વિખૂટી પડી ગઇ ત્યારે હું રડતી રડતી વનમાં ફરતી હતી. એટલામાં એક વાંદરો કયાંયથી આવ્યો, તેણે મ્હને જોઇ મુખ ફાડયું, તે દુષ્ટ મારી સામે ધુરકવા લાગ્યો. દાંત કચકચાવી મારા ઉપર કરડવા ધસ્યો. તે જોતાંજ હું તો બેશુદ્ધ થઇ પૃથ્વ ઉપર પડી ગઇ! જ્યારે તે ચાલ્યો ગયો ત્યારે આસપાસ જોતી, તેનાથી ડરતી અહીં આવી; તેથી મારૂં હ્રદય ધડકે છે, મારૂં શરીર ફીકકું થઇ ગયું છે. આ વાત સાંભળી સઘળી સખીઓ આશ્ચર્ય ચકિત્ થઇ ગઇ અને રાણીની વાત સાચી માની તુરત તેઓ રથમાં બેસી રાજ્ય મ્હેલમાં આવી.

આ વાતને લગભગ દસ માસ પૂરા થયા. એક દિવસ મહા પ્રલય આંધી ચઢી, ચારે દિશામાં અંધકાર થઇ રહ્યો, લાખો વૃક્ષો મૂળમાંથી ઉખડી ઉખડીને પૃથ્વિ તલ ઉપર પડવા લાગ્યાં, દિવસે રાત્રિ જેવો દેખાવ થઇ ગયો, આકાશમાંથી તારાઓ જમીન ઉપર ખરવા લાગ્યાં, આખું ભૂમંડળ ડગમગવા લાગ્યું, વાદળાં ગડગડવા લાગ્યાં, વિજળીઓ ચમકારા મારવા લાગી. આવા સંયોગમાં મહા સુદ તેરસ અને ગુરૂવારે **પવનરેખાએ** એક પૂત્રને જન્મ આપ્યો. જ્યારે તોફાનની શાંતિ થઇ ત્યારે **ઉગ્રસેને** પ્રસન્ન થઇ મંગળાચાર કરાવ્યો. યાચકોને એટલું ધન આપ્યું કે તેઓને અયાચક કરી દીધા. ત્યાર પછી જ્યોતિષીઓને બોલાવી સભા ભરી પૂત્રના જન્મ ગ્રહ જોવડાવ્યા. જ્યોતિષીઓએ ગ્રંથો તપાસી ગણિત કરી કહ્યુંઃ– મહારાજ! હે પૃથ્વિ પતિ! **મૃગશિર** નક્ષત્રના ત્રીજા ચરણમાં રાજકુમારનો જન્મ થયો છે. તેથી બાળકનું નામ **કંસ** રાખવું જોઇએ. એનો **મેષ** લગ્નમાં જન્મ છે. બીજા સ્થાનમાં **બ્રહસ્પતિ**,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રીજામાં ચંદ્ર અને રાહુ, સાતમામાં શનૈશ્ચર, નવમામાં બુદ્ધ અને
કેતુ, દશમાં રાજ્ય ભૂવનમાં અને પિતાના ઘરમાં મંગળ, શુક્ર અને
સૂર્ય છે. ગ્રહો બહુ સારા છે. એ પૂત્ર તમારા કુળમાં એવો બળ-
વાન થશે કે સર્વ પૃથ્વિના રાક્ષસ એને આધિન રહેશે, સાધુસંત
વિગેરેને બહુજ દુ:ખ દેશે. તેમજ દેવતાઓને હોમ, યજ્ઞ, પૂજા
તથા તપ કાંઇજ કરવા દેશે નહીં. તમારૂં રાજ્ય લઇને તમને પો-
તાના સ્વાધિનમાં રાખશે અને પ્રજાને સદા સતાવશે. જ્યારે તેના
આવા અધર્મથી પૃથ્વિમાં હાહાકાર વર્તિ રહેશે અને પૃથ્વિ મહા
દુ:ખથી પોકાર કરશે ત્યારે તેનો પોકાર શ્રવણ કરી, વિષ્ણુ ભગ-
વાન અવતાર લઇ, પોતાના હાથથી તમારા પૂત્રને મારશે. જ્યો-
તિષીઓનાં આવાં વચનો સાંભળી પ્રથમ તો રાજા ઉગ્રસેન મનમાં
બહુજ દુ:ખી થયો પરંતુ વિચાર કર્યો કે શ્રી હરિની ઇચ્છા બળ-
વાન છે. એમ ધારી જ્યોતિષીઓને દ્રવ્ય, વસ્ત્ર તથા આભૂષણો
આપી વિદાય કર્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૨જું.

પદભ્રષ્ટ ઉગ્રષેન–કંસ રાજ્યાભિષેક.

પૂત્રનાં લક્ષણ પારણામાંથી જણાય તેમ રાજપૂત્ર *કંસનાં લક્ષણો પણ જણાવા માંડયાં. શુકલપક્ષના ચંદ્રની પેઠે દિવસે દિવસે તે મ્હોટો થવા લાગ્યો. પાંચ વર્ષનું વય થયું ત્યારથીજ મ્હોટા

*આ **કંસ** પુર્વે **કાલનેમી** નામનો દૈત્ય હતો, અને સમુદ્રના મથન વિષે યુદ્ધમાં **વિષ્ણુએ** એને મારી નાંખ્યો હતો. ત્યાર પછી **શુક્રાચાર્યે** સંજીવિની વિદ્યાના બળે એને પાછો જીવતો કર્યો, એટલે ફરીને **વિષ્ણુ** સાથે યુદ્ધ કરવાનો વિચાર કરી, **મંદ**રાચલ પર્વતપર જઈ **બ્રહ્માની** આરાધના કરવા લાગ્યો. તપ વ્રત કરવા માંડયા પછી તે નિરંતર ફક્ત દુર્વાના રસનું પાન કરી રહેતો. આ પ્રમાણે જ્યારે દેવતાના સો વર્ષ વહી ગયા, ત્યારે **બ્રહ્મા** તેના ઉપર પ્રસન્ન થયા, અને તેને વર માંગવા કહ્યું. ત્યારે દેવ એવા **બ્રહ્માને કાલનેમી** કહેવા લાગ્યો કેઃ–**બ્રહ્માંડમાં વિષ્ણુ** જેનું મુળ છે એવા બળવાન જે દેવતાઓ છે તે પૂર્ણ દેવતાઓના હાથથી પણ મારૂં મરણ ન થાય. તેના આવા વચન સાંભળી **બ્રહ્મા** બોલ્યા કેઃ–હે દૈત્ય! તેં જે વર માંગ્યો, તે બીજા કાળમાં તને પ્રાપ્ત થશે અને મારૂં વચન ખોટું નહી થાય. આટલું બોલી **બ્રહ્માજી** ત્યાંથી અલોપ થઈ ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મ્હોટા, બળવાન મલ્લો સાથે યુદ્ધ કરવા લાગ્યો. કેટલીક વખત, નગરનાં બાળકોને પકડી, વનમાં લઈ જઈ મારી નાંખતો અને તેઓના શબને પર્વતની ગુફાઓમાં કિંવા યમુના નદિના વેહેતા પ્રવાહમાં નાંખી દેતો! બળવાન પશુઓનાં સિંગડા ઝાલી પૃથ્વિ ઉપર પછાડતો, મ્હોટાં વિશાળ વૃક્ષોને મૂળમાંથી ઉખેડી વેગળે ફેંકી દેતો અને મેઘગર્જના સ્હામે પણ ક્રોધ કરી લડવાની ઇચ્છા કરતો. તેનું આવું અતૂલ બળ અને તામસિક વૃત્તિ જોઈ નગરના લોકો કહેવા લાગ્યા કેઃ-આ રાજકુમાર, રાક્ષસી બુદ્ધિનો છે. એનામાં રાજબિજ જણાતું નથી! ઐશ્વરાવતાર જેવા ધાર્મિક રાજાને ત્યાં દુષ્કર્મી પૂત્રનો જન્મ થયો એ પરિણામે હાનીકારક છે.

રાજકુમાર કંસના દુષ્કૃત્યોથી પ્રજા ત્રાહ્ય ત્રાહ્ય પોકારવા લાગી. પોતાના બાળકોને કોઈ પણ પ્રકારે બચાવવા યત્ન કરવા લાગી. અંતે સઘળા નાગરિક જનો ભેગા મળી રાજા ઉગ્રસેન પાસે ફરિયાદ કરવા ગયા. તેઓએ કહ્યુંઃ-મહારાજ! પૃથ્વિપતિ! તમારો પૂત્ર અમને ઘણુજ દુઃખ દે છે! અમારા બાળકોને મારી નાંખે છે અને યમુના નદીના ઉછળતા જળમાં અથવા તો પર્વતોની ગુફાઓમાં ફેંકી દે છે. કૃપા કરી અમારૂં અને અમારા બાળકોનું રક્ષણ કરો. મહારાજ! આપ અમારા રક્ષણ કરતા પિતા રૂપછો. અમે તમને ના કહીયે તો બીજા કોને કહીયે. અમારા ઉપર ત્રાસનો વરસાદ વરસી રહ્યો છે! હવે હદ થઈ છે! મહારાજ રક્ષા કરો! રક્ષા કરો!

પ્રજાના આવાં દીન વચનો સાંભળી, રાજા ઉગ્રસેન મનમાં બહુ ખેદ પામ્યા. તેમણે પ્રજાને ધૈર્ય, આશ્વાસન આપી વિદાય કર્યા. કંસનાં આવાં દુષ્કર્મો જાણી રાજાના હૃદયમાં ઘણી વ્યથા થઈ. તે મનમાંજ બોલવા લાગ્યાઃ-ઇશ્વર! આવો દુષ્ટ પૂત્ર આપ્યો તે કરતાં વાંઝિયોજ કાં ન રાખ્યો? કુપુત્રો માતા પિતાના યશને કલંક લગાડે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે અને ઉજ્વળ કિર્તિને ઝાંખપ લગાડે છે. એવો પૂત્ર ઉત્પન્ન થવા કરતાં જન્મતાંજ મૃત્યુ પામે એજ ઉચિત્ છે. મને આજે કેટલું કષ્ટ થાય છે તે હુંજ જાણુંછું. અહા ! પ્રભુ ! આવા પૂત્રો આપવા કરતાં પૂત્રો નજ આપવા એ સારૂં છે.

રાજા **ઉ**ગ્રસેને કંસને બોલાવ્યો અને ઘણો ઠપકો દીધો, પરંતુ તેણે માન્યું નહીં. તે દુરાત્માના હૃદયમાં કાંઈ પણ લાગણી થઈ નહીં. તેનું હૃદય પાપથી ભરાયલું હતું તેથી તે પ્રજાને ઉલટો દુઃખ દેવા લાગ્યો અને પ્રજા ત્રાહ્ય ત્રાહ્ય પોકારવા લાગી.

આવીજ સ્થીતિમાં ત્રણ ચાર વર્ષ વીતિ ગયાં. **કં**સ જ્યારે આઠ વર્ષનો થયો ત્યારે તે એકલો **મ**ગધ દેશ જીતવા ચાલ્યો. **મ**ગધ દેશનો રાજા **જ**રાસંઘ, **ય**મુના નદીના તીરે પડાવ નાંખી રહ્યો હતો. એવામાં હજાર હાથીનાં બળવાળો, **કુ**વલયાપીડ નામનો એક હાથી. સાંકળનાં બંધનને તોડી નાંખી, **જ**રાસંઘની છાવણીમાંથી છુટી, પર્વતોને તોડતો, **કં**સ જ્યાં રણભૂમીમાં યુદ્ધ કરતો હતો ત્યાં દોડી આવ્યો. આ બળવાન હાથીને જોઈ મલ્લો ન્હાસવા લાગ્યા પણ **કં**સે તેનાથી બ્હી નહીં જતાં તે હાથીની સુંઢ પકડી જમીન ઉપર પટક્યો અને વળી પાછો તેને સુંઢથી ઉંચકી, ગોળ ચક્કર ફેરવી, **જ**રાસંઘની સેના, જે સો યોજન વેગળે હતી ત્યાં ફેંક્યો. **જ**રાસંઘે કંસનું આવું પરાક્રમ જોઈ પોતાની **અ**સ્તિ તથા **પ્રા**પ્તિ નામની બે કન્યાઓ તેને પરણાવી પુસ્કળ દ્રવ્ય આપ્યું અને સંતોષી વિદાય કર્યો.

મગધ દેશપર વિજય મેળવી **કં**સ પોતાની બે સ્ત્રીઓને લઈ **મ**થૂરાપૂરીમાં આવી પહોંચ્યો. વિજયમાં મગ્ન થઈ આવેલા **કં**સે પિતાને નમન કર્યું. ઉગ્રસેન પોતાના પુત્રનું દુષ્કર્મ જોઈ નારાજ થતો માત્ર "**રા**મ, **રા**મ," એવોજ ઉચ્ચાર કરતો હતો. પિતાના મુખમાંથી વારંવાર **રા**મનું નામ સાંભળી કંસને ઘણો ક્રોધ ચઢયો. તેણે ગુસ્સે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈ કહ્યું:–પિતાજી ! વારંવાર **રામ**નુ નામ શામાટે લ્યોછો ? **રામ** પોતાનું ભલું કરી શક્યો નથી તે તમારૂં શું ભલું કરવાનો છે ? અખિલવિશ્વમાં વિજય પ્રાપ્ત કરાવનાર શ્રી**શં**કરજ છે માટે તેનુજ સ્મરણ, મનન, ભજન કરો ! તેજશ્રી**શં**કર સર્વનો કલ્યાણ કર્તાછે.

પૂત્રનાં આવા શબ્દો સાંભળી રાજા વિશેષ ખેદિત્ થયો. તેણે ઉત્તર આપ્યો:–હે પૂત્ર ! તને શું ખબર છે ? **રામ** નામનુ કેવું અગાધ મહાત્મ્ય છે ? એજ **રા**મે સૃષ્ટિજનોનું જે ભલું કર્યુંછે તેવું તારા જેવા લાખો **કં**સ ઉત્પન્ન થાય તો પણ થઈ શકશે નહીં. **રા**મના નામમાં જે ગુહ્ય અર્થ, ગુહ્ય મોક્ષ જ્ઞાન, અને ગુહ્ય શ્રદ્ધા ભક્તિ સમાયલાં છે તે તારા જેવા અજ્ઞાન પામર પ્રાણી શું સમજી શકે ? એજ **રા**મે તારા કરતાં હજારગણા બળવાળા, અહંકારી, વિષયી અને દૂર્બુધ્ધ રાક્ષસ રાજાને મારી, **લં**કાનો નાશ કરી, પ્રજાને, દેવતાઓને, ગાંધર્વોને પણ બચાવ્યા છે. મુર્ખ ! જરા તો વિચાર કર કે એ શ્રી **રા**મચંદ્રજીમાં કેટલું બળ હતું ! સમુદ્રમાં ઉંડા જળ હોવા છતાં તેના ઉપર પત્થરની પાળ બાંધી હતી ! એ તેમનામાં કેટલું સત્ય ! કેટલું બળ ! અને કેટલું મહાત્મ્ય ! પૂત્ર ! તેનું અગાધ મહાત્મ્ય છે ! તેના નામથીજ મુક્તિ છે ! માટે સર્વ ત્યાગ કરી શ્રી **રા**મનુંજ નામ સ્મરણ કર !

પિતાનાં આવાં વચનો સાંભળતાંજ તેના ક્રોધનો પાર રહ્યો નહીં. તેનાં નેત્રોમાંથી અગ્નિ ઝરવા લાગ્યો. તેનું શરિર કંપવા લાગ્યું. તે સિંહ જેવી ગર્જના કરતો બોલ્યો:–ઠીક ! તમે મારૂં કહેવું એમ નહીં માનો !

એટલું બોલી તેણે પોતાના પિતાને એક લાત મારી, મુકૂટ ફેંકી દીધો અને સિંહાસન ઉપરથી પૃથ્વિ ઉપર ગબડાવી દીધો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરતજ પોતે સિંહાસન ઉપર ચઢી બેઠો.

એક પૂત્રનું આવું કૃત્ય જોઇ સઘળાં ગભરાઇ ગયાં. તેઓનાં ગાત્ર શિથિલ થઇ ગયાં. એક બીજા સામું જોવા લાગ્યા. દિગમુઢ જેવાં બન્યાં. કોઇ ત્યાંથી ઉઠવાની હિંમત પણ કરી શક્યું નહીં. યમરાજનો જેટલો ભય લાગે તેટલોજ કંસનો ભય લાગ્યો. તેઓ ચકિત્ બન્યાં. કંસને એ શિક્ષા વચન કહેવાની પણ કોઇની હિંમત ચાલી નહીં.

કંસે તરતજ નગરમાં દાંડી પીટવાની આજ્ઞા કરી. અનુચ-રોએ રાજાની આજ્ઞા માન્ય કરી. દાંડી પીટનાર અનુચર મોટેથી બોલવા લાગ્યો કે:—આજથી રાજા કંસની આજ્ઞા પ્રવર્તિ છે. ઉગ્રસેન મહારાજાને પ્રદભ્રષ્ટ કર્યા છે. તેમની આજ્ઞા કોઇએ માન્ય કરવી નહીં. કોઇએ તેમની સાથે ખાનગી મસલત કરવી નહીં અને તેમને કોઇપણ રીતની મદદ કરવી નહીં. આજથી પ્રજાજ-નોએ જપ, તપ, દાન ધર્મ ત્યાગ કરવાં. રામ નામનો ઉચ્ચાર કરવો નહીં. જે કોઇ આ આજ્ઞાનું ઉલ્લંઘન કરશે તેને દેહાંત દંડ-ની શિક્ષા થશે.

કંસરાયની આવી આજ્ઞા સાંભળતાંજ પ્રજા દિલગીર થઇ. સઘળા જનોમાં હાહાકાર વર્તી રહ્યો. મહારાજા ઉગ્રસેન તરફ દયા બતાવવા લાગ્યા. ધાર્મિક અને દયાળુ સ્ત્રી પુરૂષોનાં નેત્રમાંથી આંસુની ધારાઓ ચાલવા લાગી. કેટલાક જનો કંસને પકડી કેદ કરવાનો વિચાર કરવા લાગ્યા. કેટલાક જનો ગામમાં લુંટ ચલાવ-વાનો વિચાર કરવા લાગ્યા. કેટલાકો નગર ખાલી કરી જવાની ઇચ્છા કરવા લાગ્યા. આખા નગરમાં ભારે કોલાહળ મચી રહ્યો. મોટી ગડબડ મચી રહી. જેટલા મુખ તેટલી વાતો સંભળાવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગી. આ સઘળી વાત કંસના જાણવામાં આવી. તે જાણતાંજ ઠેકાણે ઠેકાણે સખત ચોકી પહેરા મુકી દીધા. અને સઘળે શાંતિ પ્રસરાવી દીધી.

રાજ્ય ભૂવનમાં અપમાન પામેલો ઉગ્રસેન મ્હેલમાં ચાલ્યો ગયો. કંસે ઉગ્રસેનના મ્હેલની આસપાસ સખત ચોકી પેહેરા મુકી દીધા. મ્હેલમાંથી સઘળાં માણસોને બહાર કાઢી મુકયાં. મ્હેલમાં કોઇ પ્રવેશ કરી શકે નહીં તે માટે સખત બંદોબસ્ત કર્યો. રાણીથી તે એક સિપાઇ પર્યંત સઘળાંને અટકાવી દીધાં. બિચારા ઉગ્રસેનને હાલ નજર કેદીની જીંદગી ભોગવવાનો સમય આવ્યો. સમય કેવો બળવાન છે તથા દુષ્કર્મિ પૂત્રો પિતાનું કેવું ભલું કરે છે તે વાંચનાર સેહેલાઇથી સમજી શકશે!

વાંચક! આ સમયે શંકા થશે કે ઉગ્રસેન જેવા ધાર્મિક રાજાને આટલું અપમાન મળવા છતાં શું તેમનું લશ્કર વિશ્વાસ-ઘાતકી કે નિમકહરામ હતું? પરંતુ નહીં! તેમ ન હતું. ઉગ્ર-સેનને અપમાન આપી કેદ કર્યો તેજ વખતે સઘળા વીર યોદ્ધાઓ, કંસ સાથે લડવાને તૈયાર થયા હતા. પરંતુ રાણી પવનરેખા સમય સુચક હતી. જ્યારે તેણે જોયું કે સૈન્ય લડવા તૈયાર થયું છે પરંતુ કંસની સાથે યુદ્ધ કરવામાં લશ્કર પરાજ્ય પામશે. યોદ્ધાઓના મુડદાં ધુળમાં અથડાશે, લોહીની નદીઓ વેહેશે. તેમજ લાખો યોદ્ધાઓ મરણ પામવા છતાં કંસ પાછો હઠશે નહીં. વળી કંસને વળાવવા આવેલું જરાસંઘનું લશ્કર પણ અહીંજ છે. તે પણ બળવાન યોદ્ધાઓ છે. કંસ, શ્રી કૃષ્ણ પરમાત્મા શિવાય કોઇને હાથે મરનાર નથી. શ્રી કૃષ્ણને હાથેજ તેનો મોક્ષ થશે. ત્યારે રાણી પવનરેખાએ સઘળા યોદ્ધાઓને સમજાવી કંસ સાથે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લડતાં બંધ પાડયા. રાણીની આજ્ઞા સાંભળતાંજ તેઓ દુઃખી થયા તોપણ આજ્ઞા માન્ય રાખી યુદ્ધ કરતાં અટકયાં અને કંસનું માન્ય રાખ્યું. તેઓ કંસની આજ્ઞા પ્રમાણે વર્તવા લાગ્યા.

મથૂરાપૂરીની પ્રજાએ જોયું કે ઉગ્રસેન મહારાજનું લશ્કર શાંતિ ફેલાવે છે ત્યારે તેઓ વિશેષ ઉશ્કેરાયા. પ્રત્યેક યોદ્ધાઓને ધિઃક્કારવા લાગ્યા. તેઓએ નગરમાં હડતાળ પાડી! સઘળા કંસ સામે મોટી લડાઇ કરવાની તજવીજ કરવા લાગ્યા. તેઓનાં મ્હોટાં મ્હોટાં ટોળાં બંધાઇ ગયાં અને લશ્કરની ટુકડીઓને ઉશ્કેરવા લાગ્યા. તેઓએ લશ્કરી સિપાઇઓને કહ્યું:- રે! બહાદૂરો! આજ સુધી તમે જેનું અન્ન જળ લીધું તેના તરફ શામાટે બેદરકાર બન્યા છો? આજે આપણા ધાર્મિક રાજાને અપમાનિત્ કરી કેદ કર્યા છે તે માટે તમને કાંઇપણ લાગણી થતી નથી? શું તમારા હૃદયમાં જરાપણ દયા નથી? અત્યાર સુધી ધર્મનું, પ્રજાનું, અને દેશનું ન્યાય પૂર્વક રક્ષણ કર્યું તેજ રાજાને આવી દુઃખી સ્થિતિમાં રાખવા કરતાં આપણે ચિતામાં બળી મરવું સારૂં છે. ન્યાયી અને ધર્મિ રાજા આપણા જીવન સમાન છે. તેમણે આપણું જેટલું રક્ષણ કર્યું છે તેનો આજે બદલો વાળવાનો સમય છે! બહાદૂરો! ઉઠો! ઉઠો! જાગૃત થાઓ! આળસ તજી દો! અને એ અધર્મિ, જુલમી તથા અન્યાયી રાજાને યમદ્વાર પહોંચાડો! અન્યાય અધર્મ સહન કરવા કરતાં રણભૂમિમાં મરવું એ સ્વર્ગ પામવા જેવું છે? શામાટે અન્યાય, અધર્મ સહન કરો છો? ઉઠો! વીરો! ઉઠો! અને મહારાજ ઉગ્રસેનને બંધન મુક્ત કરો! અમે તમને સ્હાયતા કરીશુ! એવો જુલમ સહન કરવા કરતાં મૃત્યુ પધારે પ્રિય છે! એક પળ પણ ગુમાવો નહીં અને મહારાજશ્રીની વ્હારે ધાઓ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલો! કેસરિયાં કરો! આજેજ તમારા બળની તુલના કરવાનો, તમારા વિશ્વાસની પરિક્ષા કરવાનો અને તમારા નિમકહલાલપણાનો બદલો વાળવાનો સમય છે! શામાટે બેસી રહ્યા છો?

સઘળી રૈયતે લશ્કરી સિપાઇઓને ઉશ્કેરવા માંડયા. અંતે તેઓની મેહેનત સફળ થઇ. પ્રજાજનોએ જે જે શબ્દો કહ્યા તેની અસર લશ્કર ઉપર થઇ. તેઓ સત્વર એકઠા થયા. રૈયત પણ તેમની સાથે જોડાઇ ગઇ અને ઉગ્રસેન મહારાજને જ્યાં કેદ કર્યા હતા ત્યાં સઘળાં એકઠા થયા. રાણી પવનરેખાને પણ ખબર થઇ. અને કંસને ઘણું સમજાવ્યો. પિતાને દુઃખ મુક્ત કરવા કહ્યું પણ તેણે માન્યું નહીં.

પાપાત્મા કંસને આ વાતની ખબર પડતાંજ તે લશ્કર સામું લડી શકાય એવો બંદોબસ્ત કરી, ઉગ્રસેનના કારાગ્રહના દ્વાર આગળ જઇ ઉભા. સઘળું લશ્કર પણ સામું આવી પહોંચ્યું. તેઓ વચ્ચે ભયંકર યુદ્ધ થયું. આઠ કલાક સુધી લડાઇ ચાલતાં કોઇ પક્ષ હાર્યો નહીં. હજારો મનુષ્યોનો સંહાર થયો. હજારો ઘાયલ થયા અને હજારો નિર્બલ થઇ પડયા.

આ સમયે રાત્રિ થઇ. ભયંકર લડાઇ થોડીકવાર બંધ પડી. રાત્રિએ સઘળાએ ભોજન લીધું. વળી પાછું દારૂણ યુદ્ધ શરૂ થયું. હવે કંસને જરાસંઘના લશ્કરની અગત્ય જણાઇ. તેણે ગામ બહારથી લશ્કર બોલાવી મંગાવ્યું. મગધ દેશના યોધ્ધાઓ લડવામાં ઘણા હોશિયાર હતા. કંસરાયની આજ્ઞા મળતાં સજ્જ થઇ ત્યાં આગળ આવી પહોંચ્યા.

મગધ દેશના વીર યોદ્ધાઓ યુદ્ધ કૌશલ્યમાં નિપૂણ હતા. તેઓ અનેક યુક્તિથી લડવા લાગ્યા. તે જોઇ ઉગ્રસેનના લશ્કરનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધૈર્ય રહ્યું નહીં. એક લશ્કર લડતું હતું તેનીજ પાછળ બીજું મ્હોટું લશ્કર જોઈ તેઓ ચિંતાતુર થયા. તેઓ બન્ને લશ્કર સામે લડવા મડયા. એકજ લશ્કરના બે વિભાગ પડી ગયા. બન્ને લશ્કર સામે ઘોર યુદ્ધ થયું. ઉગ્રસેનનું લશ્કર કેસરિયા કરી તુટી પડયું. ઘણી બહાદુરીથી લડયું તોપણ પ્રાતઃકાળ થતાં મોટો ભાગ નાશ પામ્યો. છતાં મરવું કે મારવું એવો નિશ્ચય કરી લડવા લાગ્યા.

સૂર્યનારાયણ ભગવાન ઉદયાચલ ઉપર દર્શન આપી રહ્યા હતા. જીવજંત, સૃષ્ટિના નિયમ પ્રમાણે વ્યવસાયી થયાં હતાં. અને નિશાચરો જીવ લઈને ન્હાસવા માંડતા હતા. તેજ સમયે ઉગ્રસેનનું લશ્કર પણ છિન્ન ભિન્ન થઈ ગયું હતું તોપણ કેટલાક લડવા તૈયાર હતા. તેઓના લશ્કરો સામસામાં આવી ઉભાં, એટલામાં કોઈએક સ્ત્રી બન્ને લશ્કર વચ્ચે આવી ઉભી. તેનો ચ્હેરો વિચિત્ર હતો. તે ગાંડા જેવી જણાતી હતી. તેની મુખ મુદ્રા, મોહક અને સુંદર દેખાતી હતી. તેણે વચમાં પડી લડાઈ થોડી વાર બંધ કરવા કહ્યું. લડાઈ શાંત થતાં તે સ્ત્રી કંઈક શુદ્ધિમાં આવતી હોય તેમ જણાયું. તે બોલવા લાગી! મારા બહાદુર શૂરવીરો! બસ થયું! હવે લડાઈ બંધ કરો! તમે બહાદુર છો તે હું સારીપેઠે જાણું છું. તમે વિશ્વાસુ છો, તમે નિમકહલાલી બતાવી છે! એક વખત કહેવા છતાં ફરીથી લડવા તૈયાર થયા એજ મોટી ભુલ કરી છે. નાહક હજારો મનુષ્યોના જીવ પરલોક પહોંચાડી દીધા છે. પરંતુ બન્યું તે નહીં બન્યું થનાર નથી. હવે લડાઈ બંધ કરો! નાહક મોતને શરણ થતા બચો! કંસ તમારા જેવા લાખો યોદ્ધાઓ સાથે લડવા છતાં હારશે નહીં!

આ સ્ત્રી તે બીજી કોઈજ નહીં પણ રાણી પવનરેખા હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેનાં આવાં વચન સાંભળી સઘળા શાંત પડ્યા. રાજમાતાના શબ્દોને માન આપી સઘળા કંસને તાબે થયા. તેનેજ રાજા તરીકે સ્વિકારવા લાગ્યા.

અંતે યુદ્ધ શાંત પડયું. રાજમાતાની આજ્ઞા માન્ય કરી પ્રજા પણ શાંત થઇ. પ્રજામાં સઘળે શાંતિ પ્રસરી ગઇ પરંતુ એ શાંતિ ખરેખરી નહોતી. પ્રજાના હૃદયમાં હજુપણ વૈર ભાવ ઉદ્દિપન હતો. કારણકે ઉગ્રસેને ધર્મ અને ન્યાયપુરઃસર રાજ્ય કર્યું હતું.

રાણી પવનરેખા પતિ ભક્ત હતી. રાજા ઉગ્રસેનનું દુઃખ તેનાથી સહન થઇ શકયું નહીં. પોતાના પૂત્ર કંસને સમજાવી રાજા ઉગ્રસેનને બંધન મુક્ત કરાવ્યો. કંસે એવી સરતે છુટો કર્યો કે ઉગ્રસેન મહારાજે રાજ્ય વહિવટમાં કાંઇપણ ભાગ લેવો નહીં!

ઉગ્રસેન મહારાજ કારાગ્રહમાંથી છુટા થયા. તેમનું દુઃખ મુક્ત થયું તોપણ પૂત્રના અધર્મિ વર્તનથી તેઓ બહુ દુઃખી થતા હતા. નિત્ય નિત્ય એજ દુઃખે કાષ્ટવત્ થતા હતા. એક દિવસ ગર્ગાચાર્ય મુનિ તેમને મળવા આવ્યા. મુનિ મહારાજને નિહાળતાંજ ઉગ્રસેન તરત તે . નમન કરી ભેટી પડયો. બન્નેનાં નેત્રમાંથી અખંડ અશ્રુપાત થવા લાગ્યો. બંને જણ થોડીવાર સુધી મુંગા ઉભા રહ્યા. અંતે ગર્ગાચાર્યે કહ્યુંઃ– રાજન ! હવે ખેદ કરવો મુકી દ્યો. પ્રારબ્ધમાં લખેલું મિથ્યા થતું નથી. હવે તો માત્ર સંતોષ રાખો, ઇશ્વરનુ ધ્યાન ધરો અને ગઈ વાત ભુલી જાઓ.

“મુનિ મહારાજ ! તમારૂં કહેવું સત્ય છે!” ઉગ્રસેન રડતાં રડતાં બોલ્યા. “પરંતુ હવે તો હદ થઈ. એણે મારા તરફ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવી વર્તણુક ચલાવી છે કે એક દુશ્મન પણ તેમ કરવા ઇચ્છે નહીં. મહારાજ! શું મારો પૂત્ર આવો પાપાત્મા હોય! મારો પૂત્ર મનેજ અપમાન આપે? અને શું પ્રજાને પીડન, તાડન કરે"! રાજા મોટેથી રડવા લાગ્યા. વળી પાછા બોલ્યાઃ– મુનિ મહારાજ! એવા દુષ્ટ પૂત્ર કરતાં વાંઝિયા રહેવું સારૂં છે! હું શું કરૂં? ક્યાં જાઉં? મારૂં દુઃખ કોણ દૂર કરે? જુવો! જુવો! મને કેવું દુઃખ છે? આ દુઃખમાંથી મુક્ત થવા માટે મરવું પડશે. ઉગ્રસેન રડવા લાગ્યા.

ગર્ગાચાર્ય મુનિ મહા જ્ઞાની હતા. તેમણે રાજાને ધૈર્ય આપ્યુ. તેમણે કહ્યું:–રાજન! સંસાર કેવળ અસાર છે! દુઃખનો ભંડાર અને મોહ ઉપજાવનાર છે! કોઇ કોઇનો પૂત્ર નથી, પિતા નથી, બાંધુ નથી અને મિત્ર નથી! એ સઘળાં પૂર્વ જન્મના સંસ્કાર બળે આવી મળે છે! અને રૂણ પૂરૂં કરી ચાલ્યાં જાય છે! સંસારમાં સ્નેહ રાખે છે તેજ હમેશાં ચિંતારૂપ ચીતામાં બળ્યાં કરે છે. હું તો જાણું છું કે ઇંદ્રને, ચંદ્રને, રૂદ્રને, કે ચક્રવર્તિ રાજાઓને પણ સુખ નથી! સઘળા પોતપોતાના હૃદયથી દુઃખી છે! સુખતો માત્ર માયાથી વિરક્ત થઈ એકાંત વાસ કરી રહેલા જ્ઞાની મુનિઓનેજ છે. આપ પ્રજારૂપ અજ્ઞાનનો ત્યાગ કરો. અજ્ઞાનથી નર્કની પ્રાપ્તિ છે. શરીર તો એક દિવસ નાશ પામવાનુંજ છે. માટે સર્વ પરિગ્રહ ત્યાગ કરો અને એકાંતમાં રહી ઇશ્વર સ્મરણ કરો, ભવ જલથી તરો! પૂર્વને માટે પુણ્ય કર્મ સંચિત કરો! અસ્થિ, રક્ત, ચર્મ, અને માંસથી બનેલા આ શરિરમાં હું છું એવું જે પદ છે તે "અહં ભાવ" નો ત્યાગ કરો. દ્વૈતભાવના કાઢી નાંખો અને અદ્વૈત ભાવના રાખો. સ્ત્રી પૂત્રાદિકો મારાંછે એવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મમતાને હૃદયમાંથી વેગળી કાઢો. અને આ જગત્‌ને ક્ષણભંગુર જાણી પરમાત્મા સાથે પ્રીતિ બાંધો. ધર્મનું સેવન કરો. લૌકિક ધર્મનો ત્યાગ કરો. સાધુસંતોની સેવા કરો. કામતૃષ્ણાનો ત્યાગ કરો. પારકા ગુણદોષ તરફથી દ્રષ્ટિ ખેંચી તમે ભગવત્ સેવા અને પ્રભુકથારૂપી અજરામૃત રસનું નિરંતર પાન કરો. એથીજ ભવાબ્ધિ તરી પાર જવાશે. અને ત્યારેજ આપને મોક્ષ મળશે.

ગર્ગાચાર્ય મુનિએ બોધ આપી ઉગ્રસેનના હૃદયને શાંત પાડ્યુ. તેઓ ત્યાંથી ચાલ્યા ગયા. રાજા ઉગ્રસેન પણ મુની મહારાજનો બોધ ગ્રહણ કરી, સર્વ ઈંદ્રિયો સંકુચિત કરી, એકાંત નિવાસ કરી રહ્યા; અને પરમાત્મા તરફ ચિત વૃત્તિને પ્રેરવા લાગ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૩.

કંસ દિગ્વિજય.

મથૂરાપૂરીમાં સઘળી રીતે શાન્તિ હતી. રાજ્ય વહીવટ સારી રીતે ચાલતો હતો. હમણાં રૈયત સઘળી રીતે સુખી હતી. **કંસ** રાજા રાજ્ય કરતા હતા. બીજા દેશો જીતવાની તેને ઘણી લાલસા હતી. તેથી તે **માહિષ્મતી** નગરી પ્રત્યે ગયો. **ચાણૂર**, **મુષ્ટિક**, **કૂટ** **શલ**, તથા **તોશલ** એ પાંચ રાજાના પુત્રો હતા. તેઓ યુધ્ધમાં જય-ને ઇચ્છનારા હતા. તેઓને દ્વંદ્વ યુધ્ધમાં ઉતરવા કહ્યું. કંસે તેઓની સાથે સરત કરી કે જો હું હારૂં તો હું તમારો દાસ થઇ રહું અને જો તમે હારો તો તમારે મારા દાસ થવું. આ સરત તેઓએ કબુલ કરી અને કંસની સામે યુધ્ધ નાટે આવી ઉભા. અખાડામાં કંસે **ચા** ણુરને પૃથ્વિ ઉપર પછાડયો, **મુષ્ટિક**ને એકજ મુષ્ટિથી પૃથ્વિ ઉપર પાડયો, કૂટને બે પગમાંથી પકડી પૃથ્વિ ઉપર પટકયો. ત્યાર પછી **શલ** કે જે ખભો ઠોકી દોડનાર હતો તેને પણ પૃથ્વિ પ્રત્યે નાંખી ખેંચ્યો, અને સૌથી છેલ્લો **તોશલ** આવ્યો તેને તો કંસે બે ભુજા-માંથી પકડી દશ યોજન જેટલે દૂર ફેંકી દીધો. આ રીતે સઘળાને હરાવી તેઓને પોતાના દાસ કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સ્થળેથી વિજય મેળવી કંસ પ્રવર્ષણ નામના પર્વત તરફ ગયો. ત્યાં દ્વિવિદ નામનો વાનર સાથે વીસ દિવસ યુદ્ધ કર્યું, અને તેને હરાવી પોતાનો દાસ બનાવ્યો. ત્યાંથી તે ઋષ્યમુક પર્વત પ્રત્યે ગયો અને ત્યાંના કેશી નામના દૈત્યને હરાવી પોતાનો દાસ કર્યો. ત્યાર પછી કંસ મહેંદ્ર નામના પર્વત પ્રત્યે ગયો અને તે પર્વતને સો વાર ઉંચકી ખુબ હલાવ્યો; એટલામાં તેની નજર ત્યાં બેઠેલા પરશુરામ ઉપર પડી. તેને મહા ક્રોધમાં બેઠેલા દેખી તેની પ્રદક્ષિણા ફરી, કંસ તેને પગે પડયો, ત્યારે પરશુરામ બોલ્યા:- ઓ ! બળના મંદમાં છકેલા ક્ષત્રિ, પોતાને શૂર માનનારા, તું મારા બળ પાસે એક મગતરૂ છે, તેથી હું તને આજેજ હણીશ. જો તું આ ધનુષ્ય, કે જે ત્રિપુરાશુરના યુદ્ધમાં વિષ્ણુએ શંકરને આપેલુ તે જો તું ખેંચે તો તારૂં સારૂં થાય, નહીં તો જરૂર હું તારા બળને નાશ પમાડીશ. પરશુરામનાં આવાં વચન સાંભળી, કંસે તે ધનુષ્યને ઉપાડી, કાન પર્યંત ખેંચી સો વખત તાણ્યું. પછી ધનુષ્યને એક ઠેકાણે મુકી વંદન કરી પરશુરામને કહેવા લાગ્યો કે:- હે દેવ ! હું તમારો દાસ છું ! મારૂં રક્ષણ કરો ! તેનું આવું પરાક્રમ જોઇ પરશુરામ ઘણાજ ખુશી થયા અને બોલ્યા:- હે પુત્ર ! આ ધનુષ્ય હું તને આપું છું, કે જે વિષ્ણુનું આપેલું છે. તે જેનાથી ભાંગશે તે પરમ પુરૂપ તને આ લોકમાં હણશે. ત્યાર પછી કંસ તેને પગે પડી ત્યાંથી વીદાય થયો.

ત્યાંથી નિકળી તે બીજા રાજાઓ સાથે યુદ્ધ કરવા ગયો, પણ તેઓએ યુદ્ધ ન કરતાં, તેઓ તેના દાસ થયા; અને ખંડણી આપવા કબુલ કર્યું. ત્યાંથી નિકળી ફરતો ફરતો કંસ સમુદ્ર કાંઠે ગયો, જ્યાં તેણે સર્પ સરખા આકારવાળા અઘાસુર નામના દૈત્યને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોયો. કંસે આ દૈત્યને જમીનપર પછાડી, તેને પોતાના ગળામાં હાર કરી નાંખ્યો. પછી **બં**ગ દેશમાં જઇ, ત્યાંના **વૃ**ષભરૂપ **અ**રિષ્ટ નામના દૈત્ય સાથે યુદ્ધ કરવા માંડયું. જ્યારે **વૃ**ષભાસુરે મોટા પર્વતોને ઉંચકી **કં**સના મસ્તિક ઉપર નાંખવા માંડયા, ત્યારે **કં**સે પણ તેજ પ્રમાણે કર્યું અને મુષ્ટિથી તેને હરાવી પોતાનો દાસ કર્યો. ત્યાંથી નિકળી ઉત્તરમાં આવેલા **પ્રા**ગજ્યો-તિષપૂરના રાજા **ન**રકાસુર, કે જે દૈત્યોનો રાજા હતો, તેની સાથે યુધ્ધ કરવા ગયો; તેની સાથે પણ એજ સરત કરી કે જો હું હારૂં તો હુ તમારો દાસ થાઉં, અને જો તમે હારો તો તમો સઘળાને મારા દાસ કરૂં.

આ સરત બંને પક્ષે કબુલ રાખ્યા પછી, સૌથી પહેલો **પ્ર**લંબાસુર **કં**સની સામે લડવા આવ્યો. એક સિંહની માફક ગર્જના કરતો તેની સાથે યુધ્ધ કરવા લાગ્યો. પણ મલ્લના યુધ્ધમાં **કં**સે તેને પૃથ્વિ ઉપર પાડયો. પછી તેને ઉંચકી ગોળ ચક્કર ફેરવી **પ્રા**ગજ્યોતિષપૂરના રાજા ઉપર ફેંકયો. આવું જોઇ રોપમાં આવેલા **ધે**નુક નામના દૈત્યે **કં**સને ગળચીમાંથી પકડયો. આથી **કં**સ બહુજ પીડાવા લાગ્યો. પણ એટલામાં **કં**સે તેના હાથમાંથી છુટી તેને સો યોજન દૂર ઉંચે આકાશમાં ફેંકયો, અને તેની પાછળ જઇ, મુષ્ટિઓના પ્રહાર કરી, તેના શરીરના ચૂરેચૂરા કરી નાંખ્યા. આવું જોઇ **ન**રકાસુરના વચનથી **તૃ**ણાવૃત્ નામનો દૈત્ય **કં**સની પાછળ આકાશમાં જઇ લાખ્ખો યોજન જેટલે ઉંચે યુધ્ધ કરવા લાગ્યો. **કં**સે તેને આકાશમાંથી ઉંચકી પૃથ્વિપર ફેંકયો. એટલા-માં **બ**કાસુર નામનો દૈત્ય **કં**સની સામે આવી ઉભો અને પોતાની ચાંચ ઉઘાડી **કં**સને ગળી ગયો. આથી **કં**સ તેના પેટની અંદર બહુ મસ્તી તોફાન કરવા લાગ્યો અને જ્યારે **બ**કાસુર બહુ દુઃખી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થવા લાગ્યો તથા તેનો કંઠ રૂંધાવા લાગ્યો, ત્યારે **બકાસુરે** તેને ઓકી કાઢયો, કે તુરતજ **કંસે બકાસુરને** બે હાથે પકડી જમીન ઉપર પછાડી ખુબ ખેંચ્યો. આથી **બકાસુરની** બહેન **પુતના** **કંસની** સાથે લડવા આવી.

પુતનાને જોઇ **કંસ** લજવાઇ ગયો અને બોલ્યો:-હે સ્ત્રી! હું સ્ત્રી સાથે લડતો નથી. પણ તારૂં આવું સાહસ જોઇ આજથી હું તને મારી બ્હેન ગણીશ; તારો ભાઇ **બકાસુર** આજથી મારો ભાઇ છે. આ સમયે હિમ્મત હારી ગયેલા **નરકાસુરે કંસને** અનત બળવાળો જોઇ તેની સાથે સ્નેહ કર્યો.

ત્યાર પછી સઘળા જીતેલા દૈત્યોને સાથે લઇ **કંસ શંબરા**-સુરના પૂર પ્રત્યે ગયો, અને તેને પોતાનો અભિપ્રાય જણાવ્યો. તેનો યુદ્ધનો વિચાર જાણી **શંબરાસુરે** તેની સાથે યુધ્ધ કર્યું નહીં પણ તેની સાથે સ્નેહ કર્યો. ત્યાંથી નિકળી **કંસે ત્રિશૃંગ** પર્વત **પ્રત્યે** જઇ, **વ્યોમ** નામના અસુર સાથે યુધ્ધ કર્યું અને તેને હરાવી પોતાનો દાસ કર્યો.

પછી શ્રી **નારદ** પ્રત્યે જઇ તેને પ્રણામ કર્યા, અને કહેવા લાગ્યો કે:-હે દેવ! હું યુધ્ધની આકાંક્ષાવાળો છું, માટે હવે યુધ્ધને માટે ક્યાં જાઉં? તેનાં આવાં વચન સાંભળી, યુધ્ધ જોવા ઇચ્છનારા શ્રી **નારદે** તેને **બાણાસુર** પ્રત્યે જવા કહ્યું. પછી ગર્વથી છકેલો **કંસ શોણીત** નામના શેહેરમાં જ્યાં **બાણાસુર** રહેતો હતો, તેની **પ્રત્યે** ગયો, અને તેને પોતાનો વિચાર જ-ણાવ્યો. ત્યારે ક્રોધમાં આવેલા **બાણાસુરે** સિંહ માફક ગર્જના કરતાં, પૃથ્વિના મધ્યમાં લાત ઠોકવા માંડી. પછી લાત કે જે ગુંટણ સુધી ભુમીમાં ગયેલી, તેને પાતાળના અંત સુધી પહોંચાડી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કંસને કહેવા લાગ્યો કેઃ-ઓ મદથી છકેલા રાક્ષસ ! પહેલાં તું આ મારી લાતનેજ કાઢ, પછી બીજું જે કોઇ યુધ્ધ કરવું હોય તે કરજે. કંસે તેનો આવો જવાબ સાંભળી પોતાના બે હાથે તેની લાતને ભુમી બહાર ખેંચી કાઢી, જેથી સાત તાલો સહિત દ્રઢ એવા લોક ઉખડી ગયા. આવું જોઇ શ્રી શંકરે યુધ્ધ કરવા તત્પર થયેલા બાણાસુરને બોલાવી કહ્યું:- આની સાથે યુદ્ધ કરવામાં કાંઇ ફાયદો નથી, કારણકે આ પૃથ્વિપર તો શ્રીકૃષ્ણ શિવાય બીજો કોઇ એને મારી શકે તેમ નથી; કેમકે પૂર્વે શ્રી બ્રહ્માએ એને વરદાન આપેલું છે, તેમજ પરશુરામે પણ એને વરદાન તથા વિષ્ણુનું ધનુષ્ય આપેલું છે. આ પ્રમાણે કહી પરમ શ્રી શંકરે બાણાસુર તથા કંસને સમજાવી બંનેને સ્નેહ કરાવ્યો.

પછી કંસ વત્સનું રૂપ ધરવાવાળા વત્સ નામના દૈત્ય પ્રત્યે ગયો, અને તેનું પુંછડું પકડી પૃથ્વિપર પાડયો, અને તેને વશ કરી પોતાનો દાસ બનાવ્યો. ત્યાર પછી શ્રીનારદજીના મુખથી કાળયવને કંસના બળની વાત સાંભળી. તેના બળની વાત સાંભળી ગદાધારી, રાતી દાઢીવાળો કાળયવન કંસ સાથે ગદા યુધ્ધ કરવા નિકળ્યો. આ સમયે કંસ અને કાળયવનનું ઘોર ગદા યુધ્ધ થયું અને તેઓની ગદાઓના ભૂકેભૂકા થઇ ગયા, પણ આખરે કંસે કાળયવનને પકડી ભુમી ઉપર પછાડયો. કાળયવનને હારેલો સમજી, તેની સેનાના યોદ્ધાઓવિગેરે કંસની બ્હીકથી, રણસંગ્રામ માંથી ન્હાસવા લાગ્યા; પણ યુદ્ધ વિદ્યા જાણવાવાળા, કંસે તેઓને માર્યા નહીં, અને મેઘની પેઠે ગર્જના કરી, કાળયવનને તાબે કર્યો.

ત્યાર પછી જેના ઉંચા પગ, પાતળી કેડ, પહોળી છાતી, મ્હોટી ભુજાઓ, મ્હોટા કેશ, રાતો વર્ણ અને કાળા વસ્ત્ર છે, એવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બળમાં આંધળો થયેલો, બક્તર પેહેરેલો, પુષ્ટ અને ઉંચો કંસ, સઘળા જીતેલા રાક્ષસો વિગેરેને સાથે લઇ, દેવતાઓને જીતવા **અમરાવતી (ઇંદ્રપુરી)** પ્રત્યે ગયો; અને **ચાણૂર, મુષ્ટિક, અરિષ્ટ, શલ, તોશલ, કેશી, પ્રલંબ, બકાસુર, તૃણાવર્ત, અઘ, કૂટ, નરકાસુર, બાણાસુર, શંબરાસુર, વ્યોમાસુર, ધેનકાસુર, વત્સાસુર** વિગેરે વડે **અમરાવતીને** ઘેરો ઘાલ્યો. દેવતાઓનો અધિપતી સ્વર્ગનો રાજા ઇંદ્ર આ કંસ વિગેરેને યુધ્ધ કરવા આવેલા જોઇ, ક્રોધ પામેલા સર્વ દેવતાઓ સહિત યુધ્ધ કરવા નિકળ્યો.

આ સમયે દેવતાઓ અને રાક્ષસોનું ઘોર યુદ્ધ થયું. જ્યારે એક બીજાના બાણો સામસામા છુટવા લાગ્યા, અને તેનાથી અંધકાર વ્યાપી રહ્યો ત્યારે રથમાં બેઠેલા ઇંદ્રે વિજળી સરખી કાંતીવાળું વજ્ર કંસ ઉપર ફેંક્યું. કંસે પણ તે વજ્રને હણ્યું અને તેની ધાર બુઠ્ઠી થઇ ગઇ. જ્યારે ઇંદ્રે જોયું કે વજ્રનો ઘા કંસને ન લાગતાં ખાલી ગયો ત્યારે ઇંદ્રે ક્રોધથી ખડ્ગ લીધું ને ભયંકર ગર્જના કરી કંસને માર્યું; તોપણ કંસ તેનાથી ઘાયલ થયો નહીં. હવે દૈત્યોના રાજા કંસે પણ આઠ ધાતુની બનાવેલી, મોટી અને લાખગણા ભારની ગદા પકડી, ઇંદ્રપર ફેંકી. તેને આવતી જોઇ ઇંદ્રે ઝટ પકડી લીધી, અને તેજ પાછી કંસ ઉપર ફેંકી, અને **માતલી** નામના સારથી સાથે યુધ્ધમાં શત્રુઓને કચરતો ફરવા લાગ્યો.

હવે કંસે ભોગલ ઉપાડી ઇંદ્રના ખભા ઉપર મારી, જેના પ્રહારથી ઇંદ્ર એક પળવાર મુર્છા પામ્યો. તે વખતે સર્વ દેવતાઓએ કંસના લશ્કરપર, વર્ષાકાળમાં મેઘ જેમ સુર્યને ઢાંકી દે છે તેમ બાણોથી કંસની સેનાને ઢાંકવા લાગ્યા. આવું જોઇ હજાર હાથવાળો બળવાન **બાણાસુર** પોતાના બાણોવડે દેવતાઓને નસાડવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગ્યો, તેમ દેવતાઓ પણ પોતાના જુદા જુદા શસ્ત્રોવડે બાણાસુરને પ્રહાર કરવા લાગ્યા. ત્યારે પ્રલંબાસુર વિગેરે અસુરો સાથે નરકાસુર દેવતાઓની સામે આવ્યો, જેના મેઘનાદ જેવા શબ્દોથીજ દેવતાઓ રણભુમી વિષે મુર્છા ખાઇ પડી ગયા.

આવો બનાવ જોઇ ઝટ ઇંદ્ર ઉભો થયો, અને લાલ ઇંગલોક જેવી આંખો કરી, પોતાના ઐરાવત હાથી ઉપર ચઢી બેઠો, અને તેને કંસ તરફ ચલાવવા લાગ્યો. ઇંદ્ર સહીત ચાર દાંતવાળો ઐરાવત હાથી, શત્રુઓને કચડતો, સુંઢ હલાવતો જેવો કંસની નજદીક આવી લાગ્યો કે તરતજ કંસે તે હાથીને એક મુષ્ટી મારી જમીનપર નાંખ્યો, અને બીજી મુષ્ટી મારી ઇંદ્રને હાથીપરથી દૂર ફેંકી દીધો. હાથી જમીન ઉપરથી પાછો ઉઠયો અને કંસને પોતાની સુંઢવતી ઉંચકી લાખ યોજન દૂર ફેંકી દીધો. ત્યાંથી ઉતાવળો આવી કંસે તે હાથીને પકડયો અને તેની સુંઢને ચગદી નાંખી, તેના દાંત ભાંગી નાખ્યા. આથી ઐરાવત હાથી રણસંગ્રામમાંથી દેવતાઓની રાજધાની પૂરી પ્રત્યે ન્હાઠો.

ત્યાર પછી દૈત્યોનો રાજા કંસ વિષ્ણુના ધનુષ્યને સજ કરી, બાણના સમુહો અને ધનુષ્યના શબ્દોવડે દેવતાઓને ત્રાહ્ય ત્રાહ્ય પોકરાવા લાગ્યો; આથી દેવતાઓ ચોમેર ભાગવા લાગ્યા, કેટલાકો બ્હીને કંસને શરણ થવાનો વિચાર કરવા લાગ્યા, કેટલાકોએ શસ્ત્ર તજી દીધાં, અને કેટલાક કંસની સન્મુખ ઉભા રહેવાને ઇચ્છાહીન અને નાકૌવત થઇ ગયા. જ્યારે કંસે દેવતાઓને આવી સ્થિતીમાં જોયા, ત્યારે ઈંદ્રના છત્રવાળા સિંહાસનને લઇ કંસ સર્વ દૈત્યો સહિત, મદમાં છાકતો, મુછ મરડતો, દેવતાઓના બળપર હસતો, પોતાની રાજધાની મથૂરા પ્રત્યે દિગ્વિજય કરી પાછો ફર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૪ થું.

છુપાં લગ્ન.

આજે મથુરાપુરીમાં કાંઇ અલૌકિક શોભા થઈ રહી છે. જ્યાં ત્યાં મરકત મણિનાં તોરણ લટકી રહ્યાં છે. ધ્વજા, પતાકા સર્વ બારણાંઓ ઉપર ફરકી રહ્યાં છે. કેળનાં સ્થંભો જ્યાં ત્યાં શોભા માટે ગોઠવ્યાં છે. શ્રીફળ, સોપારીનાં નાનાં નાનાં ઝાડ જ્યાં ત્યાં શોભા આપી રહ્યાં છે. આંબાનાં પાંદડાંઓ, વસ્ત્ર, માળા, અને મોતીઓના મોટા મોટા હાર લટકી રહ્યા છે. દરવાજાઓ ઉપર દીવાઓનો ઝગઝગાટ થઇ રહ્યો છે. તેના પ્રકાશથી સુવર્ણના કળશ વિજળી સમાન ચમકી રહ્યા છે. નગરનો કિલ્લો, કિલ્લાના દરવાજાઓ, વિગેરે બીજાં ઘરો ઉપર સુંદર સુવર્ણની સામગ્રી સુ-શોભિત થઇ રહેલી છે. ચારે તરફથી વિમાનનાં શિખરોની કાન્તિ સમાન શહેરની અનુપમ શોભા થઈ રહેલી છે.

સુંદર ચૌટા, ગલિયો, અગાસીઓ અને માર્ગ વિગેરે વાળી ઝાડીને સાફસુફ કર્યા હતા. રસ્તાઓ ઉપર સુગંધમય જળનો છંટ-કાવ કરવામાં આવ્યો હતો. ઠેર ઠેર માર્ગમાં મેવા મીઠાઇઓની દુકાનો માંડવામાં આવી હતી.

વાંચનાર! આ સઘળી શાની ધામધુમ હતી? આજે કંસ દિગ્‌વિજય કરી આવ્યો હતો અને તેથી આજનો દિવસ એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહોત્સવ તરીકે પાળવામાં આવ્યો હતો. આ મહોત્સવમાં ભાગ લેવાને દેશ પરદેશથી હજારો મનુષ્ય, રાજા રાણાઓ અત્રે આવ્યા હતા.

મેદાનમાં મોટો મેળો ભરવામાં આવ્યો હતો. દેશ પરદેશથી હજારો જાતના માલ અત્રે વેચાવા આવ્યા હતા. મેવા, મીઠાઈ, રમકડાં વિગેરેની હજારો દુકાનો મંડાઇ હતી. હંમેશ કરતાં માલની કીંમત ચાર ગણી થઇ હતી. જુદી જુદી જાતના રમતગમતનાં માંચડાઓ ઉભા કરવામાં આવ્યા હતા. મેદાનની વચમાં એક સુંદર વાજુ વગાડવાની ગોઠવણ કરવામાં આવી હતી. અને બીજા હજારો જાતના ઢોંગ સોંગના ખેલો થતા હતા.

વળી આજે મોટામાં મોટી સ્વારી પણ નિકળનાર હતી. કંસ દિગ્વિજય કરી આવ્યો પણ તે નગરમાં ન જતાં નગર બહારજ તંબુમાં રહ્યો હતો. આજે એક દબદબા ભરી સ્વારી કાઢી તે સઘળા જીતેલા રાક્ષસો સહિત નગરમાં જનાર હતો. સ્વારી બપોર પછી ત્રણ કલાકે નિકળનાર હતી.

મધ્યાન્હ થયા હતા. સ્વારીની તૈયારી થઇ રહી હતી. સ્વારી કિલ્લાના મોટા દરવાજા આગળથી નિકળનાર હતી અને કેટલાક મોટા રસ્તાઓ ઉપર થઇ મ્હેલમાં જવાની હતી. પ્રજાજનો સ્વારી જોવાને મધ્યાન્હ પહેલાનાં ઘરમાંથી બહાર નિકળી પડયા હતા. બે વાગતામાં તો માર્ગમાં એટલી ભીડ થઈ રહી કે સામસામા મનુષ્યો એક બીજા સાથે અથડાયા વગર જઇ શકતા નહીં. માર્ગમાં, ઘરોમાં, અગાસીઓમાં, છાપરાં તથા ઓટલા ઉપર જ્યાં જોઇએ ત્યાં મનુષ્યો અને સ્ત્રીઓના સમુદાયો નજરે પડતા હતા.

મધ્યાન્હના બે થયા. સ્વારીની તૈયારી થવા લાગી. સર્વ અનુક્રમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોઠવાવા લાગ્યા. ત્રણ થયા. તોપોના ધડાકા થવા માંડયા. પ્રજાજનો સ્વારી જોવાના ઉત્સાહમાં પડયા. સ્વારી કિલ્લા આગળથી શરૂ થઇ.

માર્ગમાં બન્ને બાજુએ વચ્ચોવચ્ચ ખુલ્લી તલવારવાળા સીપાઇઓને થોડા થોડા અંતરે ઉભા રાખવામાં આવ્યા હતા. તેઓની પાછળ બન્ને બાજુએ લાખો માણસો સ્વારી જોવા ઉભા રહ્યા હતા. રસ્તાના મધ્ય ભાગમાં કોઇપણ મનુષ્યને જવા દેવામાં આવતું નહોતું. સ્વારીમાં સૌથી આગળ સોનાનું હીરાજડીત કળશવાળું નિશાન કહાડવામાં આવ્યું હતું. તેની પાછળ નૌબત વગાડનારા હતા. તેની પાછળ તુરાઇ વીગેરે જુદી જુદી જાતના રણશીંગા ફુંકનારા ચાલતા હતા. તેની પાછળ પાયદલ લસ્કર, ઘોડેસ્વાર લસ્કર વિગેરે જુદી જુદી જાતનાં લશ્કરો હથીયારબંધ થઈ ચાલતા હતાં. તેની પાછળ ઉંટો ઉપર બેસનારૂં લસ્કર હતું. તેની પાછળ એક સુંદર વાજું રાખવામાં આવ્યું હતું. તેની પાછળ પ્રજાજનો પોતાના સુંદર પોષાકમાં ચાલતા હતા. તેની પાછળ રાજા, રાણાઓ સૌ સૌના મોભ્ભા પ્રમાણે અનુક્રમે ઘોડા ઉપર બીરાજ્યા હતા. તેની પાછળ હાથીઓ ઉપર સઘળા જીતેલા રાક્ષસો બીરાજમાન થયા હતા. તેની પાછળ કંસનું ખાસ વાજુ રાખવામાં આવ્યું હતું. તેની પાછળ મહારાજાધિરાજ કંસરાય એક સુંદર હીરાજડિત સોનાના રથમાં બીરાજમાન થયા હતા. અને તેની પાછળ હજારો માણસોનું લસ્કર ચાલતું હતું.

આ પ્રમાણે સ્વારીનો ઠાઠ હતો. સ્વારી નગરમાં ફરતી ફરતી છેક સંધ્યા સમયે મ્હેલ નજદીક આવી લાગી. અનુક્રમે જેમ સ્વારીનું સરઘસ મ્હેલના દરવાજા પાસે આવતું ગયું તેમ તેને મ્હેલની પાછળના મેદાનમાં જવા દેવામાં આવતું. સ્વારીનો ઘણો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાગ મ્હેલ આગળથી પસાર થઈ ગયો અને પ્રજાજનો મ્હેલના દરવાજા પાસે આવી પહોંચ્યા.

જેવા તેઓ મ્હેલના દરવાજા પાસે આવી પહોંચ્યા કે તેઓને, પછી રાજા રાણાઓને, પછી રાક્ષસોને, મ્હેલમાં લઈ જવામાં આવ્યા. ત્યારપછી તેઓ સઘળાને ભોજનવાળા ઓરડામાં લઈ ગયા. આજે કંસે સર્વને માટે મેવા મીઠાઇનું કોરૂં ભોજન આપવા નક્કી કર્યું હતું. સર્વ ભોજનવાળા ઓરડામાં દાખલ થયા.

કંસનો રથ પણ ત્યારપછી મ્હેલના દરવાજા આગળ આવી પહોંચ્યો. આ સમયે એક યુવાન બીજાઓની સાથે મ્હેલમાં ન જતાં દરવાજા પાસે ઉભો હતો. તેનો વિચાર કંસને બારીકીથી નિહાળવાનો હતો. કંસનો રથ તથા તેનો પોષાક જોઇ તે યુવાન ઘણો ચકિત થઇ ગયો. કંસ હજુ રથમાંજ હતો. તે યુવાન તેને બારીકીથી નિહાળતો હતો. પણ એટલામાં તેની નજર એક કુમારિકા ઉપર પડી. તે કુમારિકાના હાથમાં એક હીરા જડીત થાળ હતી. તે યુવાન હવે કંસને બદલે પેલી કુમારિકાનેજ નિહાળવા લાગ્યો. તે કુમારિકાએ કંસના રથ પાસે આવી, કંસને ચાંલ્લો કરી ફુલથી વધાવી લીધો. અને "કંસ ભાઇ, ઘણું જીવો" એટલાજ શબ્દો બોલી પેલા યુવાન તરફ એક તિક્ષ્ણ કટાક્ષ ફેંકી ત્યાંથી અદ્રશ્ય થઇ ગઇ. પેલો યુવાન તેને નિહાળવામાં એવો તો લીન થઇ ગયો કે તેને પોતાની સ્થીતિનું પણ ભાન રહ્યું નહીં. તેનું હૃદય ભેદાવા લાગ્યું. તે ભાન ભૂલો થઇ રહ્યો. કંસ તે કુમારીકાના જવા પછી તુરતજ મ્હેલમાં ચાલ્યો. પેલા યુવાનને આ વાતની ખબર રહી નહીં પણ કંસના નેકી પોકારનારના અવાજથી તે પાછો શુદ્ધિમાં આવ્યો અને તે કુમારિકા વિષે વિચાર કરતો કંસની પાછળ ચાલ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વે કોઇ ભોજનવાળા ઓરડામાં આવેલા હતા. ફક્ત કંસ આવનાર હતો. તે પણ આવી ચુક્યો. હવે કોઇ આવનાર હતું નહીં. સર્વે ભોજન લેવા આતુર હતું. ફક્ત કંસની આજ્ઞાની રાહ જોતા હતા. પણ એટલામાં પેલીજ બાળા મ્હેલના પાછલા ભાગમાંથી ભોજનવાળા ઓરડામાં દાખલ થઇ અને કંસની પાસે એક આસનપર પોતાની બેઠક લીધી.

કંસને આજ્ઞા મળતાંજ સર્વે કોઇએ ભોજન ચાલુ કર્યું. પરંતુ આ સઘળામાં એક યુવાનથી માત્ર આ સ્વાદિષ્ટ ભોજનનો લાભ લેવાતો નહોતો. તેની દ્રષ્ટિ એક સુંદર મુખારવિંદ તરફ લાગી રહી હતી અને તે તે મુખનુંજ જાણે ભોજન કરતો હતો. પેલું મુખડું બીજું કોઇજ નહીં પણ જે બાળાએ કંસને વધાવી લીધો હતો તેજ મુખડું હતું. તે પણ આ વખતે થોડીજવાર ભોજન લઇ શકી. આ પ્રમાણે સઘળામાં આ બે મનુષ્યોજ એવાં હતાં કે જેઓ એક બીજાના મુખનુજ ભોજન કરવામાં સુખ માનતા હતાં.

પેલા યુવાનની નજર હજુ પેલા મુખડા તરફજ હતી, એટલામાં તે સુંદર બાળાએ તેની નજર સાથે નજર મેળવી; પેલી બાળાએ યુવાન તરફ એક તીરના જેવું મોહબાણ માર્યું, કે જેણે તે યુવાનના હૃદયને વીંધી નાંખ્યું. પાછું તેણે તે યુવાન સામું જોયું, અને ધીમેથી જરા મુખ મલકાવ્યું. હવે પેલા યુવાનથી તે મુખ સામું જોઇ શકાયું નહી. તેનું મન આકુળ વ્યાકુળ થઇ ગયું, અને તે ભાન ભુલો થઇ રહ્યો.

યુવાને થોડુંક સરબત પીધું ને તેથી તે પાછો કાંઇક શુધ્ધિમાં આવ્યો. પાછો તે સુંદર મુખડાને તાકી તાકીને જોવા લાગ્યો. પાછી બન્નેની નજર એક થઇ, અને બન્નેથી હસી પ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડાયું. પણ સારે ભાગ્યે આ દેખાવ કોઈના જોવામાં આવ્યો નહીં.

પણ હવે તો યુવાનનું ચિત્ત ભ્રમિત્ થવા લાગ્યું, તે તે મુખ સામું જોઇ શકયો નહીં; પાછું તેણે થોડું સરબત પીધું, અને લાગલોજ તે બાળા તરફ જોતો, કોઇ ન જાણે તેમ, ત્યાંથી ઉઠી મ્હેલના પાછલા ભાગની ચાલીમાં આમતેમ આંટા મારવા લાગ્યો. ભોજન થઇ રહ્યું. સૌ કોઇ જમી રહ્યા, અને કંસના ઉઠવાની રાહ જોતા હતા. એટલામાં કંસ ઉઠયો અને સૌને જવાની રજા આપી; કંસ પેલી બાળાની આંગળી પકડી વાત કરતો ત્યાંથી નિકળ્યો.

"કેમ બ્હેન દેવકી! તારી માતુશ્રીને કેમ છે? તબીએત તો સારી છેની." "હા ભાઇ! જરાતરા હવે સારૂં છે, પણ મારે હવે ત્યાં જવું જોઇએ; માતુશ્રી મારા વગર એકલી મુઝાતી હશે."

"ત્યારે તો બ્હેન, તું જા! હું પણ સવારે કાકીને મળવા આવીશ." આટલી વાતચિત કરી તેઓ બન્ને છુટા પડયાં. મ્હેલમાંથી સૌ કોઈ પોતપોતાને મુકામે વિદાય થઈ ગયાં. હવે ફકત થોડાજ માણસો મ્હેલમાં ફરતાં હતાં, અને તેઓ પણ થાકયા પાકયા વિશ્રાન્તી લેવા જતાં હતાં.

આ સમયે હજુ પણ પેલો યુવાન મ્હેલના પાછલા ભાગની ચાલમાં, પેલા સુંદર મુખડા વિષે વિચારમાં ગોથાં ખાતો આમ તેમ લેહેરીઆં મારતો હતો. એટલામાં ઝાંઝરોના ઝણઝણાટ યુકત ચરણ કમળવાળી, મદ ભરેલ વિહવળ નેત્રોવાળી, કટી મેખલાએ કરી શોભતાં રંગીન વસ્ત્રવડે ઢંકાયલી કેડવાળી, લીંબુ જેવા નાજુક મનોહર સ્તનવાળી, અત્યંત સુંદર પોપટની ચાંચ જેવી નાશીકાવાળી, દાડમની કળી સરખાં દાંતવાળી, પ્રીય અને મનહરણ કરનાર હાસ્યવાળી, લીલા સહિત અવલોકન કરનારી, લજ્જાશી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વારંવાર વસ્ત્રના છેડાથી પોતાના શરીરને ઢાંકતી, કાળા કેશની સઘન ઘટામાં ચંદ્ર સરખા દિપ્તિમાન મુખારવિંદવાળી, એવી મૃગ-નયની, કોકીલ કંઠી, મનહરણી, ચંપકવરણી, ચંચળ ચટકીલી, સજીલી, મનમોહિની બાળા તેની નજરે પડી. તેને જોતાંજ તે વધારે બ્હાવરો બની ગયો. ગાંડાની માફક તેની પાછળ દોડયો, અને તેને જતી અટકાવી તેના વસ્ત્રના એક છેડાને પકડી ઉભો રહ્યો.

થોડીક પળ સુધી કોઇ કાંઈ બોલ્યું નહીં. અંતે પેલી બાળા બોલી:– મને છોડી દો, જવા દો, કોઇ જોશે તો નાહક ફજેતી થશે. આમ બોલતાં બોલતાં પોતાના લુગડાનો છેડો ખેંચવા લાગી.

" વ્હાલી મનમોહના ! જરા તો થોભ ! જરા તો ધીરજ રાખ ! તારી મનોહર સુંદરતાથી હું અંજાઇ ગયો છું. તારાં નયન બાણે મારા હૃદયને છિન્નભિન્ન કરી નાંખ્યું છે. તારા મુખડામાં મારૂં મન લોભાયું છે." તે બાળાનો હાથ ખેંચતાં ખેંચતાં બોલ્યો.

"બસ મુકી દો ! " તેણી છેડો છોડવતાં બોલી. "કોઇના ઘરમાં આવી આવું કામ કરતાં જરા લજવાઓ, [illegible] કોઇ આવી પહોંચશે તો તમારી અને મારી બંનેની આબરૂનાં કાંકરા થશે. " તેણીએ પોતાના હાથ છોડવતાં કહ્યું.

"વ્હાલી ! આ શાંત વખતે કોઇ અત્રે આવી પુગશે, એવી ધાસ્તી બતાવી ચાલી જવું, એ તો ફકત એક બ્હાનું છે."

"અહં ! એમ કે ? શું કહેવાય ! ગરજીને તો એમજ લાગે, પણ ચાલો હવે મને છોડી દ્યો ! બહુ થયું ! "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મધુરી મુરત ! તેમ નહીં બને; તારા પ્રેમે મારા હૃદયમાં અત્યારે ઉંડુ મુળ ઘાલ્યું છે; જેથી તને મળવા હુ ક્યારનો લાગ શોધતો હતો. હવે જ્યારે તમે આટલા ટુંક વખતમાં મને અચાનક મળી ગયાં છો તો હું તમને એમને એમ કેમ જવા દઉં ? મારા સ્હામું જરા તો દ્રષ્ટિ કરો ! હું તમારા વગર એક પળ પણ જીવી શકતો નથી."

"એટલે તમે કહેવા શું માંગો છો ? મને તો કાંઈ સમજાતું નથી." તેણે બ્હીતાં બ્હીતાં આસપાસ દ્રષ્ટિ ફેંકતાં કહ્યું.

"તમને ક્યાંથી સમજણ પડે ! મારૂં દુઃખ તમને ક્યાંથીજ સમજાય ! વ્હાલી ! તમે જાણો કે હું તમને ચ્હાઉં છું, ખરા અંતઃકરણથી ચ્હાઉં છું, તારા પ્રેમે મારા હૃદયમાં નિવાસ કર્યો છે, તે કોઇપણ યત્ને નિકળનાર નથી."

"વાહ ! આ તો તમે એક ગળેપડુનો ધંધો કરવા માંડયો છે. જરાક વિચાર તો રાખો ! કે જેમ આવે તેમ લવ્યાજ જશો. ચાલો હવે આટલેથીજ પતાવો અને મને જવા ધ્યો."

"નહીં ! તેમ તો કદી નહીં બને ! કારણકે હુ તમને ખરા અંતઃકરણથી ચાહું છું. પણ મને એટલુ તો જણાવો કે તમે મને ચાહો છો કે નહીં ! મને મારા ફક્ત આ એકજ પ્રશ્નનો ઉત્તર આપો અને પછી જાઓ."

"તે જાણીને તમે શું કરશો ?" તેણે હસતાં હસતાં પુછ્યું.

"શું કરશો ? આહા ! આ તે કેવો પ્રશ્ન ! તમારો ઉત્તર સાંભળી, જો તમે મને ચ્હાતાં હશો તો હું અત્રેજ તમોને આલિંગન દઇ, સુખેથી તમારા સુંદર ગુલાબી ગાલપર ચુંબન લઇ, મારા ઉશ્કેરાયલા મનને શાંત કરીશ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"અરે ! કાંઇ વિચાર તો રાખો ! મને એકલી જાણી તમે એકદમ છુટ લ્યો તે કાંઇ શોભા ભરેલું નથી." બાળાએ પાછા હઠતાં જણાવ્યું.

"પ્યારી પચરંગી ! એવી છુટ તો એકાંત હોય ત્યારેજ લેવાય, કાંઇ બીજાઓના દેખતાં એમ થોડુંકજ થાય છે." યુવાને કાંઇક ખુશી થતાં કહ્યું.

"પણ મારી એ વાતમાં ખુશી નથી. મને જવા દ્યો. મારૂં લુગડું ફાટશે." તે પોતાનું લુગડું છોડાવતાં બોલી.

"કેમ ખુશી નથી? તમે મને ચ્હાતાં નથી ? હાય ! ત્યારે હું તમને શું કરવા ચ્હાતાં શીખ્યો ! ત્યારે તમે શું કોઇ બીજાને ચ્હાઓ છો."

"જી હા !" બાળાએ હસતાં હસતાં કહ્યું.

"અને તે કોણ છે ?" યુવાને દલગીર થતાં પુછ્યું.

"તે એક રાજકુમાર છે?" તે બોલી.

"તે ક્યાં રહે છે ?" યુવાને જીજ્ઞાસાથી પુછ્યું.

"મારા હૃદયમાં, મારી પાસે રહે છે." તે પોતાની છાતીએ હાથ રાખતાં બોલી.

"પણ ત્યારે મને તે કેમ દેખાતો નથી? મને તે દેખાડો." યુવાને કાંઇક ગુસ્સે થતાં કહ્યું.

"તમને દેખાડું ? તમને દેખાડવાથી મને શું લાભ થશે ? પણ ચાલો હું તે તમને દેખાડું છું." આટલું બોલતાંજ તે બાળા તે યુવાનને ભેટી પડી. અને બોલી:—જેને હું ચ્હાઉં છું તે આ રહ્યો મારો વ્હાલો, મારા હૈયાનો હાર.

આહા ! આ વખતે તેઓને કેવો આનંદ થતો હશે ? તે વાંચનારેજ વિચારી લેવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ એટલામાં દેવકી! દેવકી! એમ બુમ પડી. તુરતજ તે બાળા, યુવાનને છોડી, કાનમાં કાંઈ કહી, ત્યાંથી અદ્રષ્ય થઈ ગઈ; યુવાન પોતાના સુવાના ઓરડા ભણી ચાલ્યો.

ચાલને નાકે આવેલા એક ઓરડાનું બારણું ખખડયું. તેમાં પેલી યુવાન બાળા ધ્રુજતી ધ્રુજતી દાખલ થઇ. આ સમયે તે ઓરડામાં એક વિધવા સ્ત્રી કોઇ ઉંડા વિચારમાં ગુંથાયલી બીછાના ઉપર સુતેલી હતી. તે વિધવા હવે આ સંસારમાં થોડા દિવસની પરોણી હોય એમ તેના શરીરના નબળા પડેલા અવયવો ઉપરથી દેખાતું હતું. તેનો ચ્હેરો ફીક્કો પડી ગયેલો હતો, અને તેની આંખોમાંથી અશ્રુ વહેતાં હોય એમ તે નવી આવેલી બાળાને લાગ્યું. વિધવાને આવી સ્થિતિમાં બીછાને પડેલી જોઇ, એક ઉંડો નિશ્વાસ નાખતી તે બોલી કે:- માતાજી! તમે આજ આમ કેમ કરો છો? તમને એવું શું દુઃખ આવી પડયું છે કે તમો આમ રડવા જેવા થઇ રહ્યાં છો? તબીએત તો સારી છે ના? મારાથી તમારા તરફ કાંઇ ગેરવર્તણુકથી તો વર્તાયું નથી ને? કે જેથી મારા તરફથી તમને કાંઇ માઠું લાગવાનું કારણ મળ્યુ હોય? મારા વ્હાલા માતાજી! મને જે કાંઈ ખરેખરૂં હોય તે સત્વર જણાવો. કે જેથી હું મારા વ્હાલાં માતાજીને કોઇ પણ રીતે સુખી કરવાને ઉપ્યોગી થઇ શકું. રડતાં રડતાં કાંઇક ગદ્-ગદિત્ કંઠે બોલી, અને માતાના શરીરપર હાથ ફેરવવા લાગી.

બાલિકાનું આવું મધુર અને શ્રેષ્ટ ભાષણ સાંભળી, વિધવા વધારે રડવા લાગી; અને તે બાળાને પોતાની ગોદમાં દાબતી બોલી:- મારી વ્હાલી દીકરી! મારા આંખોની કીકી! તું શું કરવા રડે છે? મને કાંઇજ દુઃખ નથી! જોકે મારૂં શરીર હાલમાં સુખી નથી. તોપણ તને જોઇને મારૂં તે દુઃખ તો હું ભૂલી જાઉં છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ, મને જે દુઃખ થાય છે તે તો એ છે કે, મારા મરણ પછી મારી વ્હાલી દીકરીની કોણ સંભાળ લેશે? હા! મારી વ્હાલી દીકરીની કોણ સંભાળ લેશે? બાળાને એક ચુંબન લેતાં તે બોલી.

"માતાજી! આમ બોલી મને વધારે દુઃખી કરો છો! તમે અત્યારથી તે આવી શું મરવાની વાત કરો છો! કદાચ ઈશ્વર કરે ને તેમ થાય તોપણ તમારે મારે માટે શું કરવા એટલી બધી ફીકર રાખવી જોઇએ? મારા નશીબમાં જે લખ્યું હશે તે થશે! માટે માતાજી! મારી તરફની ચિંતા હવે ઓછી કરો! અને ઇશ્વર ભક્તિમાં ધ્યાન લગાડો કે જેથી તમારૂં ને મારૂં બન્નેનું કલ્યાણ થાય. તેજ સર્વનો પાલનહાર છે અને તેજ સર્વ કરતા હરતા છે. તે છતાં પણ મારે કંસ જેવા મોટાભાઈની ઓથ છે, તો પછી મને શી અડચણ પડવાની છે."

"બેટા! હજુ પણ તું નાદાનજ રહી. ખરેખર! હું તને કહું છું કે તને હજી સંસાર વ્યવહારની ખબર નથી. તારા કાકાના દિકરા કંસપર જે હિંમત રાખે છે, તેમાં તારી મોટી ભુલ છે. જે છોકરાએ પોતાના પિતાને ગાદી ઉપરથી લાત મારી ઉઠાડી મુકયો, તે તારી સંભાળ લેશે તેની ખાત્રી શી. તે આજે હા કહે ને કાલે ફરી જાય તેવો મહા દુષ્ટ અને જુઠો છે. તેનો અને સર્પનો ભરોસો સરખો જાણવો. હું તને આજે છેલ્લી શીખામણ આપું છું કે તું કદીપણ તેના વચનપર વિશ્વાસ રાખતી નહિ."

"માતાજી! આ તે શું બોલો છો? આજ તમને કાંઇ શુદ્ધિ હોય તેમ લાગતું નથી! જો શુદ્ધિમાં હો તો કંસભાઇ વિષે આવાં વચન બોલોજ નહી."

"દીકરી! હું જે કહું છું, તે શુદ્ધિમાંજ કહું છું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ વાત ચાલતી હતી એટલામાં મ્હેલના એક ઓરડામાં કોઇના ગાવાનો મધુર સ્વર તેઓને કાને પડયો; તે સાંભળી વિધવા બોલીઃ-દીકરી! આ કોણ ગાય છે? મારા ધારવા પ્રમાણે તો મ્હેલના પાછલી બાજુના ઓરડામાંથી આ અવાજ આવતો હોવો જોઇએ. મને લાગે છે કે આજના નોતરેલાં પરોણામાંનો કોઇ આજ આ ઓરડામાં રહ્યો હશે, અને ગમ્મત માટે ગાતો હશે."

"હા માતાજી! હું પણ એમજ ધારૂં છું. હું જ્યારે ભોજન લઇને પાછી ફરતી હતી ત્યારે ત્યાં કોઇ સુંદર યુવાન ફરતો હતો; અને ત્યારપછી તમે જેમ ધારો છો તેમ, તેજ બાજુ તરફ જતાં મેં તેને જોયો હતો." આ બોલતાં તેના મગજપર કાંઇ જુદીજ અસર થતી હતી.

"તે યુવાન કોઇ રાજકુમાર હશે?"

"હા માતાજી! તેના દેખાવ ઉપરથી તે એક રાજકુમાર જેવો લાગતો હતો, તેમજ તેનો પોષાક પણ ઘણોજ ભભકાદાર હતો. તે બોલવા ચાલવામાં પણ ઘણો બાહોશ છે."

"દીકરી! એ બધું તેં કયાંથી જાણ્યું? તારે તેની સાથે કાંઇ વાત થઇ હશે, અનેતે ઉપરથી તું તેના વખાણ કરતી હશે."

આથી તો બાળાએ જાણ્યું કે કાચું કપાયું; પણ હીમ્મત રાખી બોલીઃ-વ્હાલા માતાજી! તમે પણ મારી મશ્કરી કરી આવો ખોટો દોષ મુકો છો. મારે એનું શું કામ પડયું હોય કે હું એની સાથે વાત કરૂં. એ તો જ્યારે હું આ તરફ આવતી હતી ત્યારે તે કોઇ છોકરી સાથે હસતો હસતો મોટેથી વાત કરતો હતો, અને તે મારા સાંભળવામાં આવી હતી."

"વારૂં! ત્યારે તે છોકરી કોઇ તેની ઓળખીતી હશે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" હાસ્તો ! ઓળખીતી વગર કાંઇ તે વાત કરે ?

" દીકરી ! ઓળખીતી વગર કાંઇ પારકી છોકરી સાથ વાત થાય ! વારૂં ત્યારે તે છોકરીને તું તો ઓળખીતી હશે ? "

" આ તે તમારો કેવો પ્રશ્ન ? મારે તે છોકરીને ઓળખીને કાંઈ કામ હતું ? હું તો મારે ભાઇની પાસેથી છૂટી પડી લાગલીજ આ તરફ આવી. કોણ જાણે ક્યાંથી એ પીડા મારા જોવામાં આવી ? "

" અહં ! હવે હું સમજી ! તું આવી તે પહેલાં થોડાવખત આગમચ મેં કોઇ યુવાન સાથે એક છોકરીને કાનમાં મ્હોડું ઘાલી વાત કરતાં ચાલના પાછલા ભાગમાં જોયાં હતાં; અને મેં તને બુમ પાડી એટલામાં તો તેઓ બંને જણા કોણ જાણે ક્યાંય અદ્રશ્ય થઇ ગયાં કે તે મને દેખાયુંજ નહીં. તેથી હું તો તુરતજ બીછાનાપર આવી પડી, અને પછી થોડીવારે તું આવી પહોંચી.

આ વાત કરતાં તથા સાંભળતાં દેવકીના મુખ ઉપર વિચિત્ર ફેરફારો થતા હતા, અને તે સઘળા વિધવાએ સારી રીતે તપાસ્યા હતા.

" પણ વારૂ, દીકરી ! આ જે ગાય છે, તે તારો જોયલોજ યુવાન હશે એમ તારી ખાત્રી શી રીતે થાય છે ? "

" વળી ખાત્રી તે શી થવાની હતી, તેના અવાજ ઉપરથીજ હું ખાત્રીથી કહું છું કે તે તેજ યુવાન હોવો જોઇએ.

" વારૂં ત્યારે આપણે તેને અહીં બોલાવીશું ? "

" વળી તેનું અહીં શું કામ છે." કાંઇક વિસ્મય થતાં બોલી.

" દીકરી ! તું જાણે છે કે આજ મને કાંઇ ચેન પડતુ નથી. તેથી તે જો અત્રે આવે અને એકાદ બે સંગિત ગાય તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને પણ તેથી આનંદ થાય. કેમ તારો શો વિચાર છે ? તે અહીં આવશેને ? "

" હા ! બોલાવશો તો તે જરૂર આવશે. જો કે તે એક યુવાન રાજકુમાર છે છતાં પણ તેનામાં અહંકાર બીલકુલ નથી. ખરેખર ! તે એક મળતાવડા સ્વભાવનો અને ભલો માણસ છે."

" તું પણ માણસની પરિક્ષા કરવામાં એક એક્કો છે એવું મેં આજેજ જાણ્યું. વારૂં ત્યારે કોઇ દાસીને મોકલ કે તેને અહીં તેડી લાવે."

થોડીવારમાંજ એક દાસી સાથે તે યુવાને વિધવાના ઓરડામાં પ્રવેશ કર્યો. અને તેને પ્રણામ કરી પેલી બાળા તરફ જોતો પાસે મુકેલા એક આસન ઉપર બેઠો; અને બોલ્યોઃ–કેમ મા ! આ રંકને અત્યારે યાદ કરવો પડયો છે ? બેલાશક કાંઇ પણ મુંઝાયા વગર જે કામ હોય તે ફરમાવો. મને આપની આ પુત્રિ માફકજ જાણજો, કાંઇ જુદાઇ ગણશો નહીં."

" વારૂં ત્યારે મારે તમને કાંઇ ખાનગી વાત પુછવી છે; જો તમારી મરજી હોય તો પુછું."

" વળી ખાનગી વાત શી કરવાની છે, તમે તો એને એકાદ બે રાગણી ગાવા બોલાવ્યા હતા ને કે જેથી તમારા જીવને કાંઇ આનંદ થાય." બાળા બોલી.

" પણ મારે ત્યાર પહેલાં એમની સાથે કાંઇ વાત કરવાનો વિચાર છે; કેમ બેટા ! તને મારી વાત સાંભળવા ગમશેને ? " વિધવા બોલી.

" હા માતાજી ! બોલોને ! હું તમારી વાત ઘણીજ ખુશી સાથે સાંભળીશ ! " દેવકીની સામે જોતાં જોતાં તે બોલ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સમયે દેવકીના ચ્હેરા પર કોઈ વિચિત્ર ફેરફાર થતા હતા. યુવાન પણ તે બાળાના આ વિચિત્ર ફેરફારથી કાંઇ ધાસ્તી ભરેલી હાલતમાં દેખાતો હતો. એટલે વિધવાએ પોતાનું બોલવું શરૂ કર્યું:-

"આજ રાત્રે તમે ચાલમાં ફરતા હતા તે વખતે તમને કોઇ છોકરી મળી હતી ને?"

"હા! હું ચાલમાં ફરતો હતો ત્યારે કોઇ છોકરી ત્યાંથી જતી હતી ખરી?"

"ત્યારે તમે જે છોકરી સાથે વાત કરતા હતા તે કઇ છોકરી?"

"મેં તો કોઇ છોકરી સાથે વાત કીધીજ નથી."

"કેમ દેવકી! તું તો કહેતી હતી ને કે તે યુવાન કોઇ છોકરી સાથે હસતો હસતો વાત કરતો હતો."

"હા માતાજી! પણ તે તો કોઇ બીજો યુવાન હતો અને આ કોઇ બીજોજ યુવાન છે."

"હા મા! તે કોઇ બીજો યુવાન હશે!" તે કાંઇ ધ્રુજતાં સાદે બોલ્યો.

આ સમયે દેવકી અને પેલો યુવાન બન્ને ગભરાઇ ગયાં હતાં અને બન્નેના ચ્હેરા ફીક્કા પડી ગયા હતા. આ સઘળું પેલી વિધવા એકી નજરે જોતી હતી. પાછું તેણે બોલવું શરૂ કર્યું:-

"ચાલો ત્યારે હવે એ વાત વધારે કરવામાં કાંઇ માલ નથી. પણ જો હું મારી આંખે આંધળી થઇ ન હોઉં, તો હું ખાત્રીથી કહું છું કે તમે આજે એક કલાક પહેલાં ચાલમાં એક યુવાન બાળા સાથે વાત કરતા હતા અને તે બાળા બીજી કોઇજ નહીં પણ આ મારી પૂત્રી દેવકીજ હતી. જેવી મેં દેવકી દેવકી કરી બુમ મારી કે તુરત તમે બન્ને છુટાં પડયાં."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મ-મ-મા ! મ-મ-મને માફ કરો ! મારાથી ખરેખર એક મોટી ભુલ થઇ છે, ક્ષમા કરો ! દયા કરો !" આમ બોલતાં બોલતાં તે ઘણોજ ગભરાઇ ગયો.

દેવકી તો આ વાત સાંભળી ચમકીજ ગઇ. તેના શરીરમાંથી એક કંપારી છુટી અને જો યુવાને તેને પકડી ન લીધી હોત તો તે પોતાના આસન ઉપરથી ભોંય ઉપર પડયા વગર રહેતજ નહીં. થોડીવારે તે પાછી શુદ્ધિમાં આવી, અને વિધવાએ પોતાનું બોલવું પાછું શરૂ કર્યું.

"દીકરી ! તું ગભરાઇશ નહીં ! તેમજ બેટા તું પણ ગભરા ના ! ઇશ્વર તમને તમારી ઇચ્છા પૂર્ણ કરવાને શકિત આપે એવું હું ઇચ્છું છું. પણ ચાલો તમે થોડા થોડા સરબત પીઓ અને તમારા ધાસ્તિ ભરેલા જીવને શાન્ત કરો."

વિધવાના આ શબ્દોથી તેઓને થોડી ધીરજ આવી, અને તેઓએ થોડા થોડા સરબત પીધો. ત્યારપછી વિધવાએ પોતાનું બોલવું ચાલુ કીધું:-

"બેટા ! તું મારી દીકરીને ખરેખર ચાહે છે ?"

"હા મા ! હું તેને ખરા અંતઃકરણથી ચ્હાઉં છું."

"વારૂ ત્યારે તું કોનો પૂત્ર છે તે મને કહે."

"મા ! હું શુરશેન દેશના રાજા શુરશેનનો વડીલ અને રાજ્યાધિકારી પૂત્ર છું, અને મારૂં નામ વસુદેવ."

"વારૂ ત્યારે તમે મારી દીકરી માટે દરેક રીતે યોગ્ય છો. તેમાં કાંઇ સંદેહ નથી. શું ત્યારે તમે મારી દીકરી સાથ લગ્ન કરવા ખુશીથી હા કહો છો ? હું ધારૂં છું કે મારી પૂત્રીથી તમે દરેક રીતે સુખી થશો, અને મારી દીકરીને તમે સુખી કરશો.

"મા ! હું તમારી દીકરી સાથે લગ્ન કરવા ઘણોજ ખુશી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છું અને તમારે ખાત્રી રાખવી કે તે મારાથી ઇશ્વર કરશે તો જરૂર સુખીજ થશે. પણ આ બાબતમાં એનો વિચાર પહેલાં જાણવાની જરૂર છે."

"કેમ દીકરી તારો આની સાથ લગ્ન કરવા વિચાર છે? તું એને સુખી કરી સુખી થઇશ ?" વિધવા પોતાની દીકરીની પીઠ પર હાથ ફેરવતાં બોલી.

"હા માતાજી ! હું એને મારા ખરા હૃદયથી ચ્હાઉં છું અને હું એનાથી સુખી થઇશ. માટે હવે વધારે શંકાશીલ થવાની કાંઇજ અગત્ય નથી." દેવકી ખુશી થતાં બોલી.

આટલી વાતચિત થઇ રહ્યા પછી વિધવા બોલી:—વસુદેવ ! આપ એક ગાદીવારસ રાજકુમાર છો તેથીજ નહીં, પણ સદ્ગુણી હોવાને લીધે, આજથી મારી દીકરી હું તમને સોંપુંછું. હું હવે આ અસાર સંસારમાં થોડાજ દિવસની પરોણીછું. મારા મનમાં કેટલાક દિવસો થયા દેવકી માટે કોઇ સારો વર સોધવાના વિચારો રમ્યા કરતા હતા, અને તેજ ફીકરમાં હું મુઝાયા કરતી હતી. ઇશ્વરે આજે મારી તે ચિંતા ઘેર બેઠા દૂર કરી છે. માટે આપણે સઘળાએ તેનો ઉપકાર માનવો જોઇએ. કંસનો સ્વભાવ આપ સારી રીતે જાણો છો, માટે મારા મરણ પછી ગમે તે યુક્તિએ તમે તેને સમજાવી મારી દીકરીને ગ્રહણ કરજો અને હાલ મારી આંખે, મારા જીવને શાન્ત કરવા, હું અત્રે તમારા ગાંધર્વ લગ્ન ઇશ્વર શાક્ષિએ કરી આપુંછું. આટલું બોલી તેણે દેવકીનોહાથ વસુદેવના હાથમાં આપી એક બીજા પાસે પ્રતિજ્ઞા લેવડાવી સુખી થઇ.

* * * * *

ત્યાર પછી તે વિધવા બિચારી થોડા દિવસમાં મરણ પામી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૫ મું.

ગુલછડી અથવા ગુલાબછડી.

કંસે નવખંડ પૃથ્વિ જીતી, ઇંદ્રને હરાવ્યો, ચક્રવર્તિ થયો અને મથૂરામાં રાજ્ય કરવા લાગ્યો. સઘળા રાક્ષસોને પણ તાબે કર્યા. તૃષ્ણા પૂરી થઈ, ગર્વ વધ્યો; લોભ ગયો નહીં અને પ્રજાને હરેક રીતે દુઃખ દેવા લાગ્યો. ખરેખર કંસ હવે પૂરેપૂરો મદોન્મત્ત થયો.

આહા! મદ તું શું નથી કરતો? તું મનુષ્યને એક વખત મોટી પદવીએ ચઢાવી તેને છેક નીચી પદવીએ લાવી મુકે છે. આહ! આ તારૂં કેવું સામર્થ્ય? કેવું વૈચિત્ર! વિવિધ પ્રકારના વિષય ભોગ પ્રાપ્ત થવાથી મનુષ્યને મદ ચડે છે અને મારા સમાન કોઇ સુખી નથી, મારા સમાન કોઈ મ્હોટું નથી, એવું અભિમાન અંતઃકરણમાં પ્રકટ થાય છે. એવાં મદાંધ મનુષ્યો પોતાને વિષે મિથ્યા શ્રેષ્ટપણું માની લે છે અને પરમ શ્રી પરમેશ્વરની પણ મશ્કરી અને નિંદા કરે છે. કોઇપણ પ્રકારના ધર્મને તેઓ સ્વીકારતા નથી અને ઉલટી શાસ્ત્રની નિંદા કરે છે. તેવોજ આપણી વાર્તાનો નાયક રાણો કંસ હતો એમ કહીશું તો તેમાં ખોટું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેમકે તેને સારીપેઠે ખબર છે કે કોઇપણ સમયે તેને પરમેશ્વરના પવિત્ર નામનો ઉચ્ચાર કરવોજ પડશે; તે છતાં પણ તેને અત્યારે પોતાના બળના મદમાં કાંઇજ સુઝતું નથી. એટલુંજ નહીં પણ તે તેની રૈયતને પણ તેમ કરતાં અટકાવે છે.

નાના પ્રકારના વિષય ભોગ ભોગવવામાં, સુશોભિત વસ્ત્રાભૂષણ ધારણ કરવામાં, અને વિવિધ મોજમઝામાં લુબ્ધ રહેવામાં, પોતાના બળના જોરે મુસ્તાક રહેવામાં, પ્રજાને દુઃખ દઇ મઝા માનવામાં, હવે આ દુષ્ટ કંસ રચ્યો પચ્યો રહેતો અને પોતાના શ્રેય માટે શું કર્તવ્ય છે તે આ મદાંધને સમજાતું નહોતું. પોતાનું શરીર જે જે પ્રકારથી શોભે એવા પ્રકારથી શોભાવી, પાણીના પરપોટાની પેઠે ક્ષણમાં ફાટી જનારા આ નાશવંત દેહમાં મદથી આ પાપી કંસ મિથ્યા મોહ ધરતો હતો.

હમેશાં પ્રત્યેક વાતની હદ હોય છે, દરેકને માથે કોઇને કોઇ જાતનો અંકુશ રહે છે, પણ આ પ્રજાને દુઃખ દેનાર ગર્વિષ્ટ રાણાને તો તેમાંનું કશુંજ નથી. તેનાં આવાં દુષ્ટ કર્મના પાપનો ભાર પૃથ્વિ પણ ઝીલવાને હવે તો અશક્ત થઇ અને તેથી તે પણ રડતી કકલતી ગાયનું રૂપ ધારણ કરી, શ્રી બ્રહ્માજીને શરણે ગઇ. બ્રહ્મા તેનું દુઃખ સાંભળી, શ્રી શંકર તથા સર્વ દેવતાઓને સાથે લઇ શ્રી વિષ્ણુ ભગવાન પાસે ગયા. વિષ્ણુ ભગવાને પોતે અવતાર ધારણ કરવા કહી, તેને કંસના દુઃખમાંથી છોડવવા કબુલ કર્યું અને પૃથ્વિને સમજાવી વિદાય કરી.

દૂધના ફીણ સમાન ઉજ્વળ ચાદરો, હાથીદાંતના પાયાના પલંગ ઉપર સુવર્ણ સામગ્રી સહિત બીછાવેલી હતી! અમુલ્ય આસનો પણ જ્યાં રાખ્યાં હતાં! સર્વ કાર્યોમાં ઉપયોગી વસ્તુઓ સ્થળે સ્થળે ગોઠવવામાં આવી હતી! જ્યાં સ્ફટિક મણી અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહા મરકત મણિની ભીંતોમાં સુંદર સ્ત્રીઓની છબીઓ સહિત મણીઓના દીપક શોભી રહ્યા હતા ! જ્યાં સુંદર બાગ બગીચા હતા ! જેમાં વિચિત્ર કલ્પદ્રુમ સમાન વૃક્ષો ઉપર રંગ રંગના પક્ષિઓનાં જોડાં પોતપોતાની મનોહર બોલી બોલી રહ્યાં હતાં ! ધીમે સ્વરે ભ્રમર ગુંજારવ કરી રહ્યા હતા ! અને કનકમય વાવો તથા તળાવોમાં નિર્મળ પાણી હિલોલા ખાઈ રહ્યું હતું. એવા એક શુશોભિત મ્હેલમાં અત્યારે કંસ કોઈ પક્ષીને જાળમાં ફસાવવાના વિચારમાં ગોથા ખાતો, એક રત્ન જડિત આસન ઉપર મુછને આંકડા દેતો બેઠો હતો. અને બોલતો હતો કેઃ–ખરેખર ! એ છોકરી મારી રાણી બનવાને લાયકજ છે. શું સુંદર એનું મુખારવિંદ છે ? શું મધુર એનો કોયલ જેવો અવાજ છે ! શું કરૂં કે ગઈ કાલે **અસ્તિ** અને **પ્રાપ્તિ** બન્ને રાણીઓ હાજર હતી. નહીં તો એને બાઝી પડત! પણ એ છોકરી કોની હશે? પરણેલી હશે કે કુંમારીકા હશે ? ઉંચ કુળ હશે કે નીચ કુળ ? ગમે તે હો, પણ તેણે મારૂં મન તો જીતીજ લીધું છે. હવે તેનો આવવાનો સમય થયો છે ! આજે રાણીઓ પણ નથી એટલે તેની સાથે નીરાંતે વાત પણ થશે. હવે તે આવવી જોઈએ. આવા વિચારોમાંને વિચારોમાં તે દિવાનખાનામાં ફર્યા કરતો ! ઘડીમાં ફરતો, ઘડીમાં બેસતો, પણ નજર તો બારણાં તરફજ રાખતો હતો. આમ લગભગ અડધો કલાક થઈ ગયો. વળી તે બોલવા લાગ્યોઃ–શું ત્યારે આજે તે નહીંજ આવે ? ના, આવશે તો ખરીજ! ત્યારે હજી સુધી કેમ ન આવી ? આવવાનો વખત તો થઈ ગયો છે ! અરે પણ તે કદાચ આવી હોય ને મને એકલાને દેખીને ચાલી તો નહીં ગઈ હોય ? કદાચ રાણીઓની ગેરહાજરીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીધે તે મારાથી શરમાતી તો નહીં હોય ? પણ ના, તેમ તો બનેજ નહીં ! તે કામ કરવાની તેની ફરજ છે ને તેથી તે આવવી તો જોઇએજ ! કદાચ હું મારી ગણત્રીમાં ભુલતો હોઉં તો ? કદાચ આવીને ન્હાસી ગઇ હોય તો ? ના, ના ! તે આવીજ નથી ! મારી નજર ક્યારની બારણા તરફજ છે. આવા નવા નવા વિચારોમાં તે હતો એટલામાં સુંદર ફૂલોથી ભરેલી છાબને ઝુલાવતી, કેડને મરોડતી, ગરદન ઝુકાવતી, જોબનના બહારમાં ખીલેલી એક છોકરી તે દિવાનખાનામાં દાખલ થઈ. તેણે આવતાં વારનેજ કંસને પ્રણામ કર્યા, અને સુંદર ફુલોના બનેલા ગજરા તેને હાથે લટકાવ્યા, હાથમાં એક નાજુક કલગી આપી, ગળામાં હાર પહેરાવ્યો.

કંસ તેનો આવો લટકો મટકો જોઇ તેની ખુબસુરતીમાં અંજાઇ ગયો. તેને હાર પહેર્યાનું કે કલગી લીધાનું બીલકુલ ભાન રહ્યું નહીં. તેને લાગ્યું કે આ કોઇ દેવાંગના કે અપ્સરા હશે ! અને ખરેખર હતું પણ તેમજ ! તેનો ફુલથી ગુંથેલો સુંદર ચોટલોજ કોઇપણ પુરૂષને આશક્ત બનાવવાને પુરતો હતો. તેની અણીઆળી આંખોમાંની નાજુક કીકી એટલી તો તેજસ્વિ અને તેજોમય હતી કે તે બીજા પુરૂષની કીકીઓ સાથે મળતાંજ, તેના હૃદયને છિન્ન ભિન્ન કરી નાંખતી. તેની ગરદન પણ ઉંટની માફક એવી ડામાડોળ થઈ રહી હતી કે તેના નાજુક શરીરમાં રહેલા મુખારવિન્દને શોભાવવામાં કાંઇ બકાત રાખતી નહોતી. ખરેખર સઘળી રીતે તે સુંદર હતી. તે પોતાનું કામ પુરૂં થયલું સમજી હવે એક ક્ષણ પણ ખોટી ન થતાં જે રસ્તેથી આવી હતી તે તરફ પાછી ચાલી. એટલામાં કંસને કાંઇ શુદ્ધિ આવી. શુદ્ધિ આવતાંજ તેણે તે છોકરીને પાછી ફરતાં જોઇ, એક નિઃશ્વાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાંખતાં, ધીમેથી બુમ પાડી:-છોકરી ! ઉભી રહે ! પાછી ફર ! "

છોકરી કંસની ખરાબ ચાલ વિષે સારી પેઠેમ જાણીતી હતી. તેથી તે કંસની આ બુમ સાંભળી ત્યાંને ત્યાંજ સ્થંભી ગઇ ! તેના હૃદયમાં એક વિજળીના જેવો ઝાટકો લાગ્યો અને તેના મનમાં હજારો વિચાર પસાર થઇ ગયા. પણ તે કંસને ન જાણવા દેતાં, જાણે કંસની બુમ સાંભળીજ ન હોય તેમ આગળ પગલા ભરવા મંડી. કંસે પાછી બુમ પાડી:-બાળા ! પાછાં ફરો ! મારે તમારી સાથે કાંઇ વાત કરવી છે.

હવે પાછા ફર્યા વગર છુટકોજ નથી એમ જાણી, તે ધ્રુજતી ધ્રુજતી પાછી ફરી; અને પોતાના હાથમાંથી છાબ જમીન ઉપર મુકી કંસની સામે અદબવાળી ઉભી, અને બોલી:-રાણાજી ! શો હુકમ છે ? મને પાછી કેમ બોલાવવી પડી ? જે આજ્ઞા હોય તે ફરમાવો ! આટલું બોલતાં બોલતાં તેને ગળે પાણી આવી ગયાં, કારણકે જ્યારથી તેણે "બાળા ! પાછાં ફરો ! મારે તમારી સાથે કાંઇ વાત કરવીછે," આ શબ્દો સાંભળ્યા હતા, ત્યારથીજ તેને આશ્ચર્ય સાથ દીલગીરી ઉત્પન્ન થઇ હતી; કારણ કે તેને તું, તાંથી ન બોલાવતાં કંસે લો, લાવોથી બોલાવી હતી; અને તેટલાજ માટે તેને શક ઉત્પન્ન થયો હતો કે જ્યારે કંસે તેને આટલા માન સાથે બોલાવી ત્યારે તેમાં કાંઇપણ ઉંડો ભેદ હોવો જોઇએ. નહીં તો આ મદમાં છકેલો રાણો તેને આટલા માન સાથે કદીપણ બોલાવે નહીં.

કંસ તો તેની મધુર વાણી સાંભળી દીંગજ થઇ ગયો અને તેની સાથે શું બોલવું તેનું પણ તેને ભાન રહ્યું નહીં. થોડીવારે બુદ્ધિ આવતાંજ બોલ્યો:-

"બાળા ! ઉભા શું કરવા રહ્યાં છો ? આ આસન ઉપર નિરાંતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેસો." કંસે પોતાની પાસે એક આસનને ખસેડતાં કહ્યું.

"મહારાજ! આ તે તમે શું કહો છો! કાંઇક વિચાર તો રાખો! મારાથી આપની હજુરમાં બેસાય? મારે તો તમારી હજુરમાં તમારી આજ્ઞા સાંભળવા ઉભા રહેવું જોઇએ." તે કાંઇક ધીમે સાદે બોલી.

"ના! ના! બેસો! તેનો તમારે કાંઇ ફીકર રાખવી નહીં. જેની તમે નોકરીમાં છો અને જેની તમે આજ્ઞા સાંભળવા ઉભા રહો છો, તેજ જ્યારે તમને પોતાની પાસે બેસાડવાની ખુશીથી આજ્ઞા કરે છે તો પછી તમને બેસવાની શી અડચણ છે? માટે નિશ્ચિંતે કાંઇપણ ડર રાખ્યા વગર આ આસનપર બીરાજો." કંસે તેજ આસન હજુ પોતાની પાસે ખસેડતાં કહ્યું.

"મહારાજ! આ તો ખોટું કહેવાય! કોઇ આવે અને જુએ તો કેવું ખરાબ લાગે! હું ગમે તેટલી પણ તમારી એક ચાકરડી અને તમે ગમે તેટલા પણ મારા શેઠ, મથુરાના રાજા! મને એટલું બધું માન ન ઘટે. તેમજ કદાચ તમારી રાણી અહીં આવી પહોંચે ને જુવે તો મારા ભોગજ ફરી વળે, માટે તમારે જે કાંઇ કામ હોય તે કહો. આ આપની દાસી તે સાંભળવા અહીંજ ઉભી રહેશે."

"બાળા! તમે કહો છો તે સાચી વાત છે. પણ જ્યારે મારી પોતાનીજ મરજી તમને બેસાડવાની છે તો તમારે બેસવાની કોઇપણ રીતની અડચણ નથી. માટે ખુશીથી કાંઇપણ શરમ ન રાખતાં અહીં પધારો." હજુ પણ તેણે આસનને છેક પોતાની જોડાજોડ મુકતાં કહ્યું.

આખરે તે, કંસે દેખાડેલા આસનને તેની પાસેથી થોડુંક દૂર ખસેડી, શરમથી નીચું મુખ કરી બેઠી. આ સમયે એક વાતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે આનંદ પામતી ત્યારે બીજી રીતે તે ઘણીજ દીલગીર થતી હતી. આનંદ પામવાનું કારણ એ હતું કે જે માન અત્યાર સુધી કંસ પાસેથી કોઇપણ મેળવી શક્યું નહોતું તે માન તેને તેની પાસેથી વગર માંગે મળ્યું હતું. એટલે કંસનો એવો રીવાજ હતો કે તેની હજુરમાં કોઇથી પણ તેની ખાસ રજા સિવાય બેસી શકાતું નહીં; પછી ચાહ્ય તો તે રાજા, દીવાન, નગરશેઠ કે સેનાધિપતી ગમે તે હોય પણ તેને તેની પાસે કલાકોના કલાકો સુધી ઉભાંજ રહેવું પડતું. ભાગ્યેજ તે લોકોમાંના કોઇને બેસવા રજા મળતી. એક ફક્ત દરબાર વખતેજ તેઓ બેસી શકતા, બાકી ખાનગીમાં તો કદીજ નહીં. દીલગીર થવાનું કારણ તેનાથી તદ્દન જુદુંજ હતું. કંસની દાનત સારી નહોતી, અને તે તેને પોતાની પાસેના આસન ઉપર બેસાડવાને મથતો હતો, અને તેથીજ તે શંકાશીળ બની દીલગીર થઇ હતી. તેના મનમાં તેજ વાત રમ્યા કરતી અને તેથી તેનું મુખ ફીક્કું પડી ગયું હતું. તેના હૃદયમાં ધાસ્તીએ વાસો કીધો હતો.

આસન પોતાનાથી દૂર થયેલું હોવાથી કંસનો તો જીવ જવો બાકી રહ્યો હતો, પણ તે વાતપર વધારે ધ્યાન ન આપતાં તે બોલ્યોઃ– કુમારીકા ! મને જરા જણાવશો કે આપ ક્યા ભાગ્યશાળી પિતાનાં પુત્રી છો ?

"જી, હું આ બાગના જુના માળી ભુલાની છોકરી !"

"પેલા વૃધ્ધ ભુલા માળીની છોકરી ? ઘણોજ ભલો માળી ! પણ હાલમાં તે કેમ જણાતો નથી ! છે તો સારી પેઠેમને ?"

"સાહેબ ! તે બિચારો આ દુનિયામાંથી થોડા માસ થયાંજ કુચ કરી ગયો છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મરી ગયો? અરેરેરે! એ તો બહુજ ખોટું થયું! બિચારો આ વાડીમાં ઘણા વરસ થયાં નોકર હતો; મને પણ આ વાત સાંભળી બહુજ દીલગીરી ઉપજે છે." જોકે ખરેખરી રીતે દીલગીરી બીલકુલ લાગતી નહોતી અને માત્ર વાત કરવાનું બહાનુંજ લઇ બેઠો હતો. તેમજ મનમાં તો ઉલટો મગ્ન થતો હતો કેમકે તેના મનથી તો પોતાનું કાર્ય સિદ્ધ કરવામાં એક વિઘ્ન દૂર થયું હતું." તે બિચારાને એવો તે શું રોગ લાગુ પડયો હતો કે જેથી તેનું આ ક્રુવલેણ પરીણામ આવ્યું."

"મહારાજ! મારા માતાજીના મૃત્યુ પછી તેનું મન બીજી કોઇ વસ્તુપર લાગતું નહોતું. તે આખો દિવસ અને રાત મારી માતાને સંભારી સંભારીને રડયાં કરતો અને અંતે તેના વિચારમાં ને વિચારમાંજ બિચારો ગાંડો થઇ જઇ આ દશાએ પહોંચ્યો." આ સમયે તેણીની આંખમાં પાણી ભરાઇ આવ્યાં.

કંસ આ સાંભળી મનમાં ઘણોજ ખુશી થવા લાગ્યો, પણ બહારથી તો જાણે પોતાની સગી માતા મૃત્યુ પામી હોય, અને જેવું દુઃખ ઉત્પન્ન થાય, તેવો બનાવટી ડોળ ઘાલી બોલ્યો કેઃ— અરે! આ તે હું શું સાંભળું છું? હજી એકના મરણના સમાચાર મારા કાન આગળથી ખસ્યા નથી એટલામાં તેવીજ બીજી માઠી ખબર! ઘણુંજ માઠું થયું. તમારા માતાજી પણ ઘણાં ભલાં સ્ત્રી હતાં. હું જ્યારે નાનો હતો ત્યારે તે, મને પોતાની કેડે લઇને ઘણીવાર આ વાડીમાં ફરતાં. ખરેખર તેઓ બંને જણા માળીના કામમાં ઘણાંજ હોંશીયાર હતાં. શું તેની ફુલ ગુંથવાની કારીગરી હતી કે ગમે તેવો દુઃખી અને મુંઝી માણસ પણ તેને જોઇને તેનાં વખાણ કર્યા વગર રહેતો નહીં. આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાડીના બીજા માળીઓ કરતાં તેઓ ઘણા જુના માણસ હતાં. પણ વારૂ ત્યારે તમે તો હવે એકલાંજ તમારી જીંદગી ગુજારતાં હશો? કે કોઈ સગું વ્હાલું તમારી સાથે રહે છે?"

"ના, જી! મારી સાથે કોઇ સગું વ્હાલું રહેતું નથી. હું એકલીજ મારા ઝુંપડાંમાં રહું છું. મને નથી ગમતું ત્યારે અસ્તિ અથવા પ્રાપ્તિ રાણીઓ પાસે જઇ બેસું છું. તેઓ મને મારા માબાપના મરણ પછી એક બ્હેનની માફક ચાહે છે અને મને દરેક જોઇતી સગવડ કરાવી આપે છે. વધારામાં દરેક રીતે તેઓ મને સુખી કરવા પ્રયત્ન કરે છે."

"વારૂં ત્યારે તમારાં લગ્ન થયાં છે કે નહીં."

"ના, જી! હું હજી પરણી નથી."

"અરે પણ તમારૂં નામ પુછવાનું તો હું ભુલીજ ગયો. મને આપનું નામ જણાવશો?"

"મારૂં ખરૂં નામ ગુલાબ છે પણ હાલમાં મને સૌ કોઇ ગુલછડી અથવા ગુલાબછડી કહી બોલાવે છે."

"ખરેખર તમે એક ગુલાબની કળીજ છો અને તેથી તમને સૌ કોઇ ગુલછડી અથવા ગુલાબછડી કહી બોલાવે છે તેમાં કશુંજ ખોટું નથી. ખચ્ચિત તમે એ નામને લાયકજ છો. પણ તમે હજી પરણ્યાં નથી તેથી મને ઘણીજ અજાયબી ઉપજે છે. હું ધારૂં છું કે તમે તેની તજવીજમાંજ હશો."

"હા, જી! હું તેની તજવીજમાંજ છું."

"ત્યારે તમને કોઇ સારો પતિ મળે તો પરણવા ખુશી ખરાં કે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"જી, હા!" તે કાંઇક ચીડાઇને ગુસ્સામાંજ ધિક્કારથી બોલી.

કંસે પણ તેનો આવો ક્રોધાયમાન ચ્હેરો તપાસ્યો હતો પણ તે તો તેનાપર આશક પડ્યો હતો એટલે તેના બોલવા તરફ અખાડા કરી બોલ્યો કેઃ—"ત્યારે તમને મારા જેવો કોઇ રાજા પરણવા માંગે અને તમને રાણી બનાવવા કબુલ થાય તો તમે તેની સાથે ખુશીથી લગ્ન કરો ખરાં કે?"

"ના, જી! હું એક જણને ચાહું છું અને તેની સાથે થોડા વખતમાં પરણનાર છું. તેથી મારે હવે રાજા હોય કે દીવાન હોય, તે સઘળા નકામા છે. કારણ કે હું તેને ખરા હૃદયથી ચાહું છું અને તે ખરેખર મારે લાયકજ છે." આટલું બોલતાં તેને ગળે પ્રાણ આવી ગયા. તે જાણતી હતી કે હું અત્યારે કોની સાથે વાત કરૂં છું.

"સુંદરી! તમે આ શું બોલો છો? તારા જેવી નાજુક ગુલાબની ખીલતી કળીએ તો મારા જેવા સાથે પરણી આવા એક સુંદર મ્હેલમાં મ્હાલવું જોઇએ. તેને બદલે તું એક ગામડીઆ ગમાર સાથે પરણવા વિચાર રાખે છે પરંતુ તે મારા વિચારથી તદ્દન બહાર છે."

"તે બધી વાત ખરી પણ હવે તેમ બની શકશે નહીં."

કંસનો વિચાર અગાઉથીજ તેની સાથે લગ્ન કરવાનો અથવા તો એક રખાત તરીકે રાખવાનો થઇ રહ્યો હતો. તેનો આવો જવાબ સાંભળી તેને જ્યારે માલમ પડ્યું કે આ ગુલનારને પડાવવામાં મારી સામે એક બીજો પણ હરીફ છે ત્યારે તેનો જીવ કપાઇ જવા લાગ્યો, અને ગુસ્સે ભરાયો. પણ તે સમાવી દઇ, પોતાના આસનપરથી ઉઠી, ગુલાબના આસન પાસે જઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉભો અને તેના ખભાપર હાથ મુકી કાંઇ બોલવા લાગ્યો. પણ ગુલછડીએ તેનો હાથ ખસેડી નાંખ્યો અને તુરત પોતાના આસન-પરથી ઉઠી તેને બેસવાને આસન આપ્યું. કંસે આસનપર બેસવા ના કહી ને ગુલછડીનેજ બેસવા આગ્રહ કીધો, પણ ગુલછડીએ તે માન્યું નહીં. છેવટે બંને જણા ઉભાજ રહ્યા અને કંસે બોલવા માંડ્યું:– વ્હાલી ગુલછડી! ગુલાબી ગુલાબ! નહીં નહીં તેમ કદી પણ બન-નાર નથી. જ્યારથી તને મેં જોઇ છે ત્યારથીજ હું તને ચાહું છું. તને જોઇ છે ત્યારથીજ હું તારા પ્રેમને મુલ્યે વેચાઇ ગયો છું. હું તારા વગર હવે એક ઘડી પણ રહી શકું તેમ નથી. તારા જેવી એક ગુલાબની કળીને શું એક ગમાર ચુંટી લઇ જાય! તારા જેવા એક સુંદર ખીલતા ગુલાબને હું કદીપણ એક ગમારના ઝુંપડામાં કરમાઇ જવા દેનાર નથી. તારી કળીને ખીલવનાર તો મારા જેવોજ જોઇએ. તું ખરેખર મારી રાણી થવાને લાયક છે. ગમે તેટલી તું ગરિબ છે પણ તારા ચંદ્ર જેવા મુખથી, તું મારા જેવા એક ચક્રવર્તિ રાજા કરતાં પણ ચઢીઆતી છે. આહા! શું તારી નાજુક ગરદન! શું તારા ગુલાબી ગાલ! શું તારી મૃગ જેવી આંખો! શું તારી પદ્મિણી જેવી નાજુક કેડ અને હાથેલીઓ! અને શું તારી છટાદાર ચાલ! બસ! ખરેખર! તું એક અપ્સ-રાજ છે. મેં મારી આખી જીંદગીમાં તારા જેવું બીજું કોઇ રત્ન જોયું નથી. અને જ્યારે તે રત્ન મને અનાયાસે મળી આ-વ્યું ત્યારે હું શું તેને બીજાના હાથમાં જવા દઉં? નહીંજ! તે બનેજ કેમ? ખરેખરૂં કહું તો તું મારી રાણી થવામાં મોટું માન મેળવે છે. તેમજ મને એમ પણ કહ્યા વગર ચાલતું નથી કે હું તારો પતિ થવા માટે પણ મગરૂર છું. હું તને મ્હોટા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મ્હોટા રત્નોથી જડેલા હારો, સાંકળાં, તોડા વિગેરે દાગીનાઓથી શણગારી દઈશ. તને મારી પટરાણી કરી રાખીશ, તારે માટે એક ખાસ દેવતાઈ મ્હેલ બંધાવીશ, હંમેશા હું તારી સાથેજ રહીશ, ને તને કોઈ રીતે દુઃખી કરીશ નહીં. માટે મારી આંખોના તારા! મારા હૃદયના જીવન! હવે તું મારી સાથે પરણવા ખુશીથી હા પાડશે. બોલ સુંદરી! બોલ! અને તારા કોકીલ જેવા અવાજથી "હા" એટલોજ શબ્દ સંભળાવી આ ઉત્કંઠિત થયેલા, તારા મોહમાં ફસેલા જીવને શાન્તિ બક્ષ!

ગુલાબ ઘણુંજ ઉંડા વિચારમાં પડી ગઈ. તે મનમાં ને મનમાં મુંઝાવા લાગી. ને વિચારવા લાગી કે:-શું જેને હું ચાહું છું તેને છોડી દઉં? શું હું મારી જીંદગીમાં બે પતિ કરૂં? શું હું મારા પ્રતિવ્રત ધર્મપર પાણી ફેરવું? અરે પણ હું તેની સાથે પરણી છું ક્યારે? હજુ તો મેં તેને ફક્ત મારો પ્રેમજ દેખાડયો છે! તેને ફક્ત હું ચાહુંજ છું! તેથી કાંઈ બે પતિ કીધા કહેવાયજ નહીં! નહીં! પણ મને આવા દુષ્ટ વિચારો કેમ આવે છે? હું ક્રિયાથી પરણી નથી પણ મારા હૃદયથી તો પરણી છું ને? પણ સબુર! જેને હું ચાહું છું તે તો મને બીલકુલ ચહાતો નથી? તે તો પેલી ચંપાને ચાહે છે. પરમ દિવસેજ તેણે મને ધીક્કારી કાઢી હતી, અને મને કહેતો હતો કે હું તો પેલી ચંપાને ચાહું છું. ત્યારે પછી મારૂં શું થાય? આ પણ જાય ને તે પણ જાય! નહીં કુતરો ઘરનો ને નહીં ઘાટનો! પણ અરે! મને આવા નઠારા વિચારો શામાટે આવતા હશે? ગમે તેમ છે પણ તેને હું ચાહું છું. હા! તે મને નથી ચાહતો પણ હું તો તેને મારા ખરા અંતઃકરણથી ચ્હાઉં છું. કદાચ તે મારી મશ્કરી કરવા પણ તેમ કહેતો હોય! હા! ખરેખર તેણે મારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મશ્કરીજ કરી હશે ! તે ગમે તેવો એક રાજાનો નોકર છે પણ બહુ ભલો અને ઉદાર દીલનો છે. મારે રાણી થઇને શું કામ હતું ? ગમે તેમ હો પણ મારે તો તેજ સારો છે. તેની ઝુપડીમાંજ મને સુખ મળશે ! રાણી કયે દહાડે સુખી થયેલી સાંભળી છે ? આટલી બધી છે તેમાં હું એક વધારે ! વળી કોઇ મારા કરતાં સુંદર મળી કે તુરત તેને લાવીને મ્હેલમાં બેસાડશે. તેણે કેટલીકવાર આવા વિચારો કરીને જવાબ આપ્યોઃ–મહારાણા ! તમે જાણો છો કે પ્યાર કોઇ મુલ્યથી ખરીદાતો નથી, તેમજ તે કોઇ છોકરાની રમત નથી કે આજ તમારી સાથ રમ્યાં ને કાલે બીજાની સાથે રમ્યા. જો એમ હોયતો તો કોઇ સ્ત્રી દુનિયામાં પતિવ્રતા હોઈ શકેજ નહીં. મેં તમને કહ્યું છે કે હું બીજાને ચાહું છું ને મેં મારો પ્યાર બીજાને સોંપ્યો છે. તો તે પછી હું તમને કે બીજાને કઇ રીતે સોંપી શકું ? મને તમારી સાથે આ મ્હેલમાં રહી સુખવાસી મઝા મારવા કરતાં તેની સાથે ઝુંપડામાં રહી વૈતરી મઝા કરવી વધારે ગમે છે. અને તેનું ખરૂં કારણ મારો તેની ઉપરનો એક દ્રઢ પ્રેમજ છે. જોકે તમે તેના કરતાં હજાર દરજ્જે અને હરેક રીતે ચઢીઆતા છો, તોપણ મારા મનથી તે તમારા કરતાં લાખો દરજ્જે અને કરોડો રીતે ચઢીઆતો છે. જોકે મને તે તમારા જેટલું માન અને ઉપલકીઉં મોહથી ભરેલું માખણીયું સુખ તો આપી શકશે નહીં, પણ મને એટલી તો ખાત્રી છે કે તે મને પોતાના પ્રેમનાં આંસુઓથી ભીંજવી નાંખી સુખી કરશે. માટે મારા શેઠ ! હવે મને વધારે ન વિનવતાં જવાની રજા આપશો.

“ આહા ! તું શું ત્યારે મારી આશાપર પાણી ફેરવે છે ! ભુખ્યાને ટવળાવે છે ? તરસ્યાને મારે છે ? મારૂં કહેવું સઘળું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચર્થે ગયુ ? ઓ કામની કાંઇ સમજ! તુ ખરેખર એક કામિની છે ને જો તું મારો કામ શાંત નહીં કરશે તો હું કદીપણ જીવનાર નથી. હું ખચ્ચિત તારા પ્યારમાં ગાંડો ઘેલો થઇ તારા વિયોગે ઝુરી ઝુરી મરીશ. માટે ઓ રૂપાળી કામિની! કાંઇ સમજ! તું હજી પરણી નથી પણ ફક્ત એક જણનેજ ચાહે છે."

"મેં તમને એ વિષે કાઇ થોડું કહ્યું નથી. અને હજુ પણ તમે હઠ લઇ બેઠા છો તો હું તમારે માટે બીજું કાંઇજ કરી શકતી નથી. હું તેના શિવાય બીજાને ચાહી શકતી નથી ને નથીજ!"

"ઓ! છકેલી પાપ્નની! તું તારા રૂપમાં આજે એટલી મગરૂર બની ગઈ છે કે તને શું બોલવું તેનું ભાન પણ રહ્યુ નથી. મને લાગે છે કે તારા મગજમાં કોઇ જાતનો પવનજ પેસી જવા પામ્યો છે, નહીં તો તું મારા જેવા એક રાજાની સાથે આટલી આડી થઇ, આવી ગેર સમજની વાત કરેજ નહીં."

"જોઇએ તો કામિની કહો કે છકેલી કહો, તેની મને ઓછીજ દરકાર છે. તમારા મનથી હું મગરૂર લાગતી હોઇશ, પણ તે પેદા કરનારની નજરમાં તો હું ખરેખર એક પતિવ્રત ધર્મ પાળનારી તરીકે મગરૂર થયેલી છું. મારા કરતાં તમે સો ગણા વધારે મગરૂર અને વિષયી છો. તેમજ તમે કેવા સ્વભાવના અને કેવાં કૃત્યો કરવાવાળા છો તે પણ હું સારી રીતે જાણું છુ. તમારામાં જો માણસાઇ હોત તો મારા જેવી એક અબળા સાથે ખાનગીમાં આવી વાત કરતાં પહેલાં કાંઈ વિચાર કરત. વળી જો તમે મગરૂર ન હોત તો તમારા પિતાને લાત મારી ગાદીએથી ઉઠાડી મુકત? જે માણસે પોતાના પિતાનેજ ગાદીએથી લાત મારી ઉઠાડી મુકી કેદ કીધો, તે માણસ શા માટે મારા જેવીને એક વખત રાણી બનાવવાના લોભમાં ફસાવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાત મારી કાઢી ન મુકે ? તમારો વિશ્વાસ તો જે મુર્ખ હોય તેજ કરે, મારા જેવી સમજુને શાણી છોકરી તો કદી પણ વિશ્વાસ કરે નહીં."

"બસ ! બસ ! મારે તારૂં એવું લાગું ભાષણ સાંભળવું નથી. મને લાગે છે કે જરૂર તારી દાગળી અત્યારે ખશીજ ગઇ છે. તું કોના સ્હામુ બોલે છે? કદાચ ન જાણતી-"

"બસ થયું! હું સારી પેઠે જાણું છું કે હું એક કામાંધ નીચ પુરૂષ સાથે વાત કરૂં છું. પ્રજામાં પણ તમારી આબરૂ કેટલી છે તે પણ મને સારીપેઠે ખબર છે. હવે હું તમારી સાથે વધારે વાત કરવા માંગતી નથી અને તેથી જવાની રજા લઉં છું."

"નહીં ! નહીં ! બેસ ! મારી વ્હાલી બેસ ! તું વિચાર કર કે હું ગમે તેવો છું પણ તારી સાથે અત્યાર સુધી કેવી રીતે વર્ત્યો છું? ધાર કે જો હું તને હમણાંજ મારે તાબે કરવા ધારૂં તો કેટલી વાર લાગે તેમ છે? માટે ઓ સુંદરી! હું તને પગે લાગું છું કે તું મને નાસીપાસ ન કર! મારાપર દયા કર! મને તારા પ્રેમ પાશમાં નાંખ્યો છે તો તેનો હવે બચાવ પણ કર.

રાજાને પગે પડેલો જોઇ તથા આટલા બધા કાલાવાલા કરતો જોઇ, ગુલછડીનું મન કાંઇક પિગળ્યું ખરૂં. તે બોલી:-રાણાજી ! ખરેખર અત્યારે તમો એક દયાળુ દેવ જેવા દેખાઓ છો. તમે અત્યાર સુધી મારી સાથે કાંઇ પણ અપલક્ષણ વાપર્યું નથી, ફકત મોઢેથીજ વાતચિત કરી છે. ખરેખર ! તમારી લાગણી મારા પર બેહદ છે અને તે મને ખુલ્લે ખુલ્લી જણાઇ છે. તમારી સ્થીતિ ખરેખર દયા ઉપજવા યોગ્ય છે. માટે ઉઠો ! ઉઠો । આ ઠીક ન કહેવાય ! તમારા જેવા છત્રપતી મારા જેવીના પગે પડે ત્યારે તો આખું બ્રહ્માંડ ડોલે ! માટે ઉઠો ! બેસો આ આસનપર ! એમ કહી હાથ પકડી તેણે રાજાને આસનપર બેસાડ્યો. પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાં પડેલી સરબતદાનીમાંથી થોડોક સરબત એક રત્ન જડિત પ્યાલામાં કાઢી રાજાને પાયો અને અત્તરદાનીમાંથી થોડુંક અત્તર આપ્યું. તે પાછી બોલી કે:-મહારાજ! તમે ધીરજ રાખો! ઇશ્વર સૌ સારાં વાના કરશે.

કુંસ એક કુદકો મારતાં બોલ્યો કે:-શું ત્યારે તું મારી સાથ લગ્ન કરશે? "જરા મારી વાત સાંભળો! તમે મારાપર જે આટલો બધો પ્યાર દેખાડયો છે તેથી મારૂં મન જરા તમારા તરફ ખેંચાયું છે. માટે હાલતો હું તમને કશો પણ ઉત્તર આપી શકતી નથી. પણ વ્હેલે મોડે ઇશ્વર કરશે તો હું તમારી ઇચ્છા પૂર્ણ કરી શકીશ. આશા અમ્મર છે! માટે હાલતો તમારે પણ આશા રાખવી. મને હવે ખુશીથી જવાની રજા આપો."

કુંસ ગુલછડીના ઉપર ખરેખર આશક થયો હતો એમાં તો કાંઇજ શક નહતો. તેણે ગુલછડીને રજા માંગતી સાંભળી કહ્યું કે:-વ્હાલી ગુલછડી! તું મને દરરોજ મળવાતો આવશે ના! તું જો નહીં આવે તો મારો આખો દહાડો બેચેનીમાં જશે. માટે મને વચન આપ કે રોજ હું તમને મળવા આવીશ! એટલી તો ખાત્રીજ રાખજે કે હું તારી સાથે કાંઇ પણ ખરાબ ચાલ ચલાવીશ નહીં.

ગુલછડીને તેના ઉપર કાંઇક વિશ્વાસ આવ્યો, તેથી તેને રોજ મળવા આવવા વચન આપ્યું. છેલ્લે છેલ્લે વળી કુંસ બોલ્યો:-વ્હાલી! આટલો મારા હાથનો એક પ્યાલો સરબત તો પી, કે જેથી મને થંડક વળે.

ગુલછડીએ કુંસની લાગણી વધારે ન દુખવતાં લાચારીએ તેના હાથથી થોડો સરબત પીધો અને વધુ ન રોકાતાં ત્યાંથી ચાલી ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૬ ઠું.

ચંપાહરણ.

ઉષ્ણકાળના દિવસો હતા. સંધ્યા સમય થવા આવ્યો હતો. આ સમયે કંસ ગુલાબછડીના વિયોગે એક બળવાન ઘોડા ઉપર સ્વાર થઇ મથૂરાની હદના જંગલમાંથી પસાર થતો હતો. આ જંગલનો રસ્તો એટલો તો વિકટ હતો કે વટેમાર્ગુઓને પગે ચાલતાં પણ અડચણ પડે. ઘોડો મજબૂત હતો. પણ વારંવાર ઠોકરાતો હતો. કંસને બદલે બીજો કોઇ સ્વાર હોત તો જરૂર પડી ગયા વગર રહેતજ નહીં. પણ કંસ ઉસ્તાદ હતો. તે પોતાનું શરીર સંભાળવા સાથે ઘોડાની પણ સંભાળ રાખતો. આ પ્રમાણે થોડીવારજ ચાલ્યું. હવે તો એકદમ અંધારૂં થઇ ગયું. એક બીજાનો ચ્હેરો ન દેખાય એવું ગાઢ અંધારૂં થયું. ઉચા અને મોટાં ઝાડો એવાં તો વિકાળ દેખાવા લાગ્યાં કે નબળો માણસ એક પગલું પણ આગળ ભરવાની હિમ્મત કરે નહીં. પણ કંસ તો ભય શું વસ્તુ છે તે જાણતોજ ન હોય તેમ આગળ ચાલ્યો. તેણે સાદો પોષાક પહેર્યો હતો પણ હથિયારબંધ હતો. તેથી તેનો યુધ્ધરિવ બાંધો વધારે શોભી રહ્યો હતો. વધારે અધારૂં થતાં તેને રસ્તો જણાયો નહીં. આંખો તાણીને તાણીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોતાં પણ તેને એકાદ દીવો નજરે પડયો નહીં. તોપણ આસપાસ કોઇ ઝુપડું નજરે પડે તે માટે ધીમે ધીમે જોતો જોતો તે આગળ ચાલ્યો. થોડે આગળ ચાલ્યો નહીં એટલામાં તેને કોઇની ચીસ સંભળાઇ. તરતજ કેટલાંક માણસોનો અવાજ તેને કાને પડયો. પણ તેની મતલબ સમજી શકયો નહીં. પાછી બીજી ચીસ સંભળાઇ. થોડે દૂર ઝાડીમાં ખડખડાટ થવા લાગ્યો. કોઇ અબળા દુઃખી હોય એવો અવાજ આવ્યો. ઘોડા ઉપરથી કુદી પડી તેને ઝાડ સાથે બાંધવાનું ફક્ત એકજ પળનું કામ હતુ. બીજીજ પળે તે પોતાના ઘોડાપરથી ઉતરી પડયો ને તેને એક ઝાડ સાથે બાંધી જે તરફથી અવાજ આવતો હતો તે દીશા તરફ દોડયો. તારાના અજવાળાથી તેને માલમ પડયું કે એ માણસો એક અબળાને ખેંચી જતા હતા. કંસ પાછળની બાજુથી આવતો હતો તેથી તેમની નજર તેની ઉપર પડી નહીં. આવો બનાવ જોઇ કંસે મ્યાનમાંથી પોતાની તલવાર કાઢીને તેઓને ઠાર કરવા વિચાર કર્યો. પણ કંસે તેમને અજાણમાં ઠાર ન કરતાં તેઓની સામે જઇ ઉભો. તેને તલવાર સાથે સામો આવેલો જોઇ તેઓએ પણ પોતાની તલવાર બહાર કાઢી અને કંસપર ઉગામવા ગયા. તેઓ આ પ્રમાણે કરે તે પહેલાં તો કંસે એકને ઠાર કર્યો. પોતાના સાથીને પડેલો જોઇ બીજો ત્યાંથી ન્હાસવા લાગ્યો. કંસે તેની પાછળ થોડે સુધી જઇ એક સજ્જડ ઘા કર્યો. તેનો વિચાર તેની પાછળ પડી ઠાર કરવાનો હતો પણ પેલી અબળાને વળી કાંઈ બીજું ભય આવી ન પડે તેટલા સારૂ તે પાછો ફર્યો. પાછાં ફરતાં તેણે તે અબળાની બાજુએ એક કાળા જભ્ભામાં ઢંકાયલા માણસને જોયો. તેવોજ કંસ તેનાપર એક કુદકો મારી ધસ્યો. પણ જભ્ભાવાળો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસ તેના હાથમાં ન સપડાતાં જે બાજુ પેલો માણસ ન્હાસી ગયો હતો તે તરફ દોડયો. કંસથી તેની પાછળ હવે જવાય તેમ હતુંજ નહીં; કારણકે તે અબળાનુ રક્ષણ કરનાર ત્યાં તેના શિવાય બીજું કોઈ હતુંજ નહીં. હવે કોઈ સાંમે આવે તેમ નથી એવી ખાત્રી કર્યા પછી કંસે તે સ્ત્રીને પોતાનાં ખભાપર ઉંચકી લીધી અને જ્યાં થોડું ચંદ્રનું અજવાળું પડતું હતું ત્યાં લઇ આવ્યો. આહા ! કેવી સુંદરતા ! કેવો નિર્દોષ ચ્હેરો ? કંસ તેને જોઇ ચકિત થઇ ગયો. શું આ સુંદરી મરણ પામી છે ? આવો શક તેને પડયો. તેણે તેની છાતી ઉપર હાથ મુકયો તો છાતી ધીમેથી ધડકતી જણાઇ. માત્ર બેશુદ્ધ થઇ હતી. પણ તેને શુદ્ધિમાં લાવવાને શું ઉપાય લેવો તેના વિચારમાં પડયો. આ પ્રમાણે બેશુદ્ધમાં થોડો વખત વધારે જાયતો રખેને તેના પ્રાણની હાણ થાય આવો વિચાર તેને આવ્યો. તે તેને ઉંચકીને જ્યાં પોતાનો ઘોડો બાંધ્યો હતો ત્યાં આવી પહોંચ્યો. તેને ઘોડાપર નાંખી પોતે સ્વાર થઇ ગામ તરફ પાછો ફર્યો. થોડી થોડી વારે તે તેની છાતીપર તથા નાક ઉપર હાથ મુકી તપાસતો કે તેનો સ્વાસ હજુ ચાલે છે કે કેમ ! થોડે આગળ જતાં તેને એક કુવો દેખાયો. ત્યાં તેણે ઘોડાને થોભાવી પેલી અબળાને જમીનપર ઉગેલા સુવાળાં ઘાસપર સુવાડી. તેણે ઘોડા સાથે બાંધેલો તોબરો છોડયો. પછી પોતાના ફેંટાને દોરડાના ઉપયોગમાં લઇ તોબરા સાથે બાંધ્યો, અને કુવામાંથી પાણી કાઢયું. આશરે છએક તોબરા પાણી છાંટવાંથી પેલી અબળા કાંઇ શુદ્ધિમાં આવતી જણાઇ. પાછા તેણે બીજા બેએક તોબરા પાણી કાઢયું અને ધીમે ધીમે તેની આંખો ઉપર છાટયાં કર્યું. ઘણી મ્હેનત પછી તેણે પોતાની આંખો ઉઘાડી. કંસે એક ખુશીનો પોકાર કર્યો. તે ફકત એકજ પળ પોતાની આંખ ઉઘાડી શકી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કંસ પાછો ગભરાયો પણ તેને માલમ પડયું કે તે ધીમે ધીમે દમ લેતી હતી. આશરે અડધો કલાક થયો. તે કાંઇપણ બોલી શકી નહીં. કંસ તેની સાથે કાંઈ વાત કરવાને આતુર હતો. પણ થોડાજ વખતમાં માલમ પડયું કે તે હજુ બેશુદ્ધ હાલતમાં હતી. હવે કંસનો બીજો કાંઇજ ઉપાય નહોતો. તેણે તેને ઘોડા ઉપર નાંખી પોતે સ્વાર થઈ ગામ તરફ ચાલવા લાગ્યો. છેક મોડી રાત્રે ગામમાં જઇ પહોંચ્યો અને તુરતજ તેણે તે અબળાને કેટલાક પહેરેગીરોના કબજામાં સોંપી ઔષધાલયમાં લઈ જવા હુકમ કર્યો. પહેરેગીરોએ તેમ કર્યું અને કંસ પોતાના મ્હેલમાં બિછાને જઈ સુતો. પણ તેના ઉપર નિદ્રાદેવી પ્રસન્ન થઇ નહીં. તેની આંખો ઘેરાયલી હતી, તેના મનમાં સ્ફુરેલા વિચારોએ તેમાં ખલેલ કીધી. નિદ્રા શાની આવે? પારકી સ્ત્રીઓના વિચારમાંજ જેનું મન અહર્નિશ લાગેલું છે, અને એવા બીજા દુષ્ટ વિચારોએ જેનાપર ઘેરો ઘાલ્યો છે, તેવા એક મનુષ્યને ઉંઘ શાની આવે!

ચાલો, હવે આપણે કંસના હાથમાંથી છટકેલા પેલા બે મનુષ્યોની તપાસ કરીયે. પહેલો જે ન્હાસી ગયો તેને તો કંસે એક જબરો ઘા કર્યો હતો પણ જે કાળા જભ્ભાવાળો બીજો છટકી ગયો હતો તેને તો કંસ એક પણ ઘા કરી શક્યો નહોતો. બન્ને જણ એકજ દિશા તરફ ન્હાઠા હતા. પહેલાને જોકે ઘણોજ જબરો ઘા લાગ્યો હતો તોપણ તે મજબૂત બાંધાનો હોવાથી તેને ઘાની કાંઇજ અસર ન થઇ હોય તેમ બનતી ઝડપે દોડયેજ જતો. આશરે અર્ધો ગાઉ તે દોડી શક્યો અને જરા વિશ્રાંત લેવા થોભ્યો. તેને તપાસ કરતાં માલમ પડયું કે તેને એક ઘણોજ જબરો ઘા લાગ્યો હતો અને તેમાંથી તે હવે ભાગ્યેજ બચી શ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કશે. આટલોજ વિચાર તે કરતો હતો એટલામાં કોઇનાં પગલાનો અવાજ સંભળાયો. તે સાવધ થયો અને જે દશાથી પગલાનો અવાજ સંભળાતો હતો તે તરફ તિક્ષણ નજરે જોવા લાગ્યો. થોડીજ વારમાં એક કાળા જભ્ભાવાળા મનુષ્ય તે પોતાની તરફ આવતો જોયો. આશા અમ્મર છે અને તેથીજ સર્વ કોઈ હિંમ્મત રાખેછે. જોકે એને ખબર હતી કે હું હવે ભાગ્યેજ આ દુનિયામાં જીવી શકીશ તે છતાં પણ પેલા કાળા જભ્ભાવાળા પુરૂષને જોઇને થોડોક બ્હીધો ને પાછો પોતાના બચાવ સારૂ જીવ લઇ ન્હાઠો. પેલો કાળા જભ્ભાવાળો પણ તેની પાછળજ દોડયો ગયો. આ સમયે પડેલા ઘામાંથી પુષ્કળ લોહી વહી જતું હતું; તેનાથી ચાલી શકાતું નહોતું, તોપણ તે લથડીયાં ખાતો ખાતો મહા મુશીબતે પોતાની સઘળી શક્તિ વાપરી ન્હાર તો હતો. અંતે તેને ચક્કર આવ્યાં, તે બેશુદ્ધ થઇ પૃથ્વિ ઉપર પડયો. થોડી સમયમાંજ તેની પાછળ લાગનાર પેલો કાળા જભ્ભાવાળો મનુષ્ય ત્યાં આવી પહોંચ્યો. તે પણ આ સમયે થાકીને લોથપોથ થઇ ગયો હતો. તેનામાં પણ હવે ચાલવાની કે બોલવાની શક્તિ રહી નહોતી. તેનો શ્વાસ પૂર જોશમાં ચાલતો હતો. જેમ તેમ કરી તેણે પેલા બેશુદ્ધ થયલા મનુષ્યનું શરિર તપાસ્યું અને એક ચીસ પાડતો બેશુદ્ધ થઈ જમીનપર પડયો. આ પ્રમાણે બન્ને જણા અત્રે બેશુદ્ધ થયાં.

પરોઢિયું થયું. સુર્યદેવતાએ સૃષ્ટિને દર્શન દીધાં. સર્વે પોતપોતાના કામે વળગ્યાં. પણ ઉપર લખેલા બન્નેમાંથી કોઇપણ જાગૃત થયું નહીં. અંતે કાળા જભ્ભાવાળો જાગ્યો. તે ઉઠી બેઠો અને પેલા ઉપર બારીક નજરે જોવા લાગ્યો. તેની આંખમાં પાણી આવી ગયાં. તે તેના ચહેરાને વારંવાર નિહાળવા લાગ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે તેના ચ્હેરા ઉપર માથું મુકી ખુબ રડયો. થોડીવારે અશ્રુના બિંદુથી તેના બિંજાયલા ચ્હેરામાં કાંઇક જીવ આવ્યો. તે પણ જાગ્યો ! ઉઠવા ગયો પણ ઉઠાયું નહીં. બીજાએ તેને ઉઠાડવા મદદ કરી પણ વ્યર્થ! પાછો તે પૃથ્વિ ઉપર પડયો ! તેણે એક નિશ્વાસ નાંખ્યો અને પાણી પાણી એટલાજ શબ્દો બોલી શકયો. "પાણી પાણી "નો ઉચ્ચાર કાળા જભ્ભાવાળાને કાને સંભળાયો; અને તે ખુશી થતો થતો તુરત પાસેના તળાવમાંથી થોડું પાણી લઇ આવ્યો. એએ એએ ટીપાં કરી થોડુંક પાણી તેને પાયું. તેના ઘાને ધોઇ નાંખી પોતાની પાસેની એક થેલીમાંથી કાંઇ ઔષધ કાઢી તેણે તે ઘા ઉપર લગાડી પાટો બાંધ્યો. મધ્યાન્હ થવા આવ્યા ત્યારે તેનામાં કાંઇક શક્તિ આવી અને પેલાની મદદથી બેઠો થયો; પણ ફકત એક પળથી વધારે બેસી શકયો નહીં. બીજાએ તેને પોતાના ખોળામાં સુવાડયો અને તુરત પાછો નિદ્રાને આધીન થયો. સૂર્ય માથા ઉપર આવી ચુકયો હતો. તેની ગરમીથી તેઓને હવે ત્યાંથી ઉઠી છાંયડામાં જવાની અગત્ય જણાઇ. જભ્ભાવાળો જેમ તેમ પેલા મનુષ્યને ત્યાંથી થોડે દૂર આવેલા એક વડના ઝાડ તળે લઇ ગયો. સાંયકાળ થવા આવી. પેલાએ પોતાના પોટલામાંથી થોડું ખાવાનુ ખાધું અને પાણી પીધું. પાણી પી પાછો પેલા મનુષ્યની સારવાર સારૂં બેઠો. એટલામાં પાછી તેની આંખ ઉઘડી અને તે પોતાની મેળે બેઠો થયો. જભ્ભાવાળાએ એક ખુશીનો પોકાર કર્યો. તેને પોતાને હાથે થોડુંક ભોજન કરાવ્યું. ભોજન કરવાથી તેનામાં કાંઇક ચૈતન્ય આવ્યું અને તેણે તેને પ્રશ્ન કર્યો:—" ભલા માણસ ! તું કોણ છે? કયાંથી આવ્યો? અને મારાપર આ મહેરબાની કરવાનું શું પ્રયોજન ? તે મને કહો ! કદાચ તમે મને ઓળખતા હશો પરંતુ હું તમને ઓળખતો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મેહેરબાન! તમે મને કદાચ અત્યારે ન પણ ઓળખતા હો પણ હું તો તમને ઘણી સારી રીતે પીછાનું છું. તમે કંસની દરબારના એક કાર્યભારી છો અને **મથુરા**માંજ હાલ રહોછો."

"હા! હા! હું તેજ છું! પણ તમે મને તમારી પાકી ઓળખાણ આપો! હું તમારી પાસે કાંઈ ખુલાસો કરવા ચાહું છું."

"ખુલાસો! શાનો ખુલાસો કરવા ચ્હાઓ છો! પહેલાં તે મારે જાણવું જોઈએ! તે જાણ્યા વગર હું મારૂં નામ ઠામ કાંઇ જણાવી શકું નહીં."

"મેહેરબાની કરી તમે મારી છેલ્લી ઘડીએ આડા ન થાઓ! તમે જુઓ છો કે હું ચોવીશ કલાકથી વધારે જીવી શકનાર નથી. તો પછી તમને ઓળખ આપવામાં કાંઇપણ અડચણ નથી. મારો એક ભેદ છે અને તે ભેદ હું તમારી પાસે ખુલ્લો કરવા ચ્હાઉં છું"

"ત્યારે સાંભળો! હું એક પુરૂષ નથી પણ એક અબળા છું. હું તમને ચાહું છું."

"પુરૂષ નહીં પણ અબળા! મને ચાહે છે? અજાયબી! અજાયબી! મને તમારી વાતમાં કાંઇ સમજ પડતી નથી."

"તમને કયાંથી સમજ પડે? જો સમજ પડી હોતતો આ વખત આવતેજ નહીં! પેલી બિચારી ગુલછડીને ઉડાવી ઉડાવી તેના પ્રેમમાં આગ સળગાવી આ દશાએ પહોંચ્યા તો પહોંચ્યા પણ તેને દુનિયામાંથી ઉખેડી નાંખી!"

"હા! ખરેખર! અફસોસ! બ્હેન! અફસોસ! તું કહે છે તે સત્ય છે! મેં તે ખરી પ્રેમાળ બાળાને ટવળાવી, તેને દાદ ન આપી તેનોજ આ લતિજો મને મળ્યો છે! પણ હવે શું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વજે ! હવે હું બચવાનો નથી ! બ્હેન ! મને જો એકજ વખત મેળવે તો હું પરમકૃપાળુ પરમેશ્વરની પાસે જવા પહેલાં તેની ક્ષમા માંગી લઉં. ખરેખર ! તે બિચારી આ સમાચાર સાંભળશે ત્યારે તેનું શું થશે? બસ! ઓ વ્હાલી બ્હેન ! જો તારા મનમાં દયાજ હોય ! જો તું મને મારા મૃત્યુની ઘડીએ તારી બ્હેન તરીકેની ફરજ અદા કરવા ઇચ્છતી હોય તો ફક્ત એક વખત– ફક્ત એકજ વખત–તેનો મેળાપ કરાવ!" આ વખતે તેની આંખો-માંથી અશ્રુ વહેતાં હતાં. પેલા કાળા જભ્ભાવાળાથી પણ આ કમકમાટ ભર્યો દેખાવ જોઈ શકાયો નહીં ! તેથી તે બોલી ઉઠી:–વ્હાલા ચંદ્ર! જો ! આમ જો ! હું બીજી કોઇજ નહીં પણ તે ગુલછડીજ છું !

" હે ! કોણ ? ગુલછડી? આટલુંજ બોલતાં તે ગુલછડીના ખોળામાં બેશુદ્ધ થઇ પડ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૭મું

ચંદ્ર તથા ચંપાની કથા.

આ સનાવાસના કર્યાથી તે બેશુદ્ધ થયેલો મનુષ્ય પાછો જાગ્રત થયો. તે બોલ્યો:- ગુલછડી! હું તારી પાસે એક વાત કહેવા માંગુ છું પણ ત્યાર પહેલા તારે મને એક વચન આપવું પડશે. હુ ધારૂ છું કે તુ મને કાંઇપણ આનાકાની કર્યા વગર વચન આપશેજ અને મારૂં કામ પાર પાડશે.

ગુલછડી કેટલીકવાર વિચારમાં પડી, પણ અંતે તેના ઉપરના પ્રેમને લીધે તેણે વધારે વિચાર ન કરતાં તેને વચન આપ્યું અને કહ્યું કે:- તમારે માટે ગમે તેવું ભય ભરેલું કામ મારે માથે આવી પડશે તો પણ મરતાં સુધી હું જરૂર કરીશ.

"ધન્ય છે તને! ગુલછડી ધન્ય છે તને! બસ! હવે હું તને મારી સઘળી વાત કહું છું તે એકાગ્રચિત્તે સાંભળ અને પછી તારાં આપેલા વચનને પાળવા, મારી જીજ્ઞાસા તૃપ્ત કરવા તું ખંતી રહેજે." આટલું કહી તેણે પોતાની વાત શરૂ કરી:-

શૂરસેન દેશમાં વસતા એક સરદારને ત્યાં મારો બાપ એક બાગબાન તરીકે નોકર હતો. આ સરદારની પાસે અખુટ દ્રવ્ય હતું પરંતુ તેમાંથી એક પાઈ પણ વાપરતો નહોતો. તેને કાંઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ સંતાન નહોતું. મારા બાપને પણ કાંઈ સંતાન નહોતું. દૈવ-યોગે બન્ને જણાને ત્યાં એક એક બાળકની પ્રાપ્તિ થઇ. તે પણ એકજ દિવસે ને એકજ સમયે! સરદારને ત્યાં પૂત્રિ અને બાગબાનને ત્યાં પૂત્ર થયાથી શેઠ અને નોકર બન્ને જણા હર્ષ ઘેલાં થયાં. ધીમે ધીમે બંને મ્હોટાં થવાં લાગ્યાં. અને નિત્ય એક બીજાં સાથે રમત ગમત કરવાં લાગ્યાં. પછી હમારા બન્ને વચ્ચે એટલી બધી તો મિત્રાચારી વધી પડી કે, શીખતાં, કરતાં, ખાતાં, પીતાં બન્ને સાથેજ. જોકે હું માળીનો પૂત્ર હતો તોપણ મને તે કામ શીખવા કરતાં ભણવાનું વધારે પસંદ પડ્યું અને મારૂં ધ્યાન તેમાં લાગવાથી શિક્ષક મારી પાછળ વિશેષ મહેનત લેતો.

પ્રસંગવસાત્ એક દિવસ એવું બન્યું કે સરદારના ભોંયરામાં દાટેલા ધનની ચોરી થઇ, તેની પુંછમાંનો લગભગ પોણો ભાગ ચોરાઈ ગયો. આ ચોરીનો શક તેને મારા બાપ ઉપર આવ્યો અને મારા બાપને પકડાવવાના ઇરાદાથી તે કચેરીમાં ફરીયાદ ગયો. આ વાતની ખબર જેવી તેની પૂત્રિએ સાંભળી કે તુરતજ તે મારી પાસે આવી અને મને તે ખબરથી વાકેફ કર્યો. આ ખબર સાંભળી હું ગભરાયો. તુરતજ ત્યાંથી દોડતો મારા ઝુંપડામાં ગયો, અને ભોજન લેતા મારા પિતાને આ ખેદયુક્ત ખબર કહ્યા. મારો પિતા પણ ગભરાયો અને મને સાથે લઇ પેહેરેલાં કપડાં સહિત ત્યાંથી નિકળી ન્હાઠો. અમે બન્ને જણા કેટલાક દિવસે મથૂરામાં આવ્યાં. મારો કાકો જે અહીંના રાજાને ત્યાં માળીનું કામ કરતો હતો તેને ત્યાં આવી રહ્યા.

આ વાતને કેટલોક વખત વીતિ ગયો, પણ મને મથૂરામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેવું ગમ્યું નહીં. હું વારંવાર મારા પિતાને પાછાં પોતાના વતન જવા સમજાવતો પણ તેઓ મારી વાત બીલકુલ ધ્યાનમાં લેતાં નહીં. ભોગજોગે મારો પિતા મરી ગયો અને પછી થોડા દિવસે હું મારા કાકાને કહ્યા કહાવ્યા વગર મારે દેશ પાછો ફર્યો. ત્યાં ગયા પછી ખબર કાઢતાં જણાયું કે મારા પિતાના શેઠનો જે માલ ચોરાયો હતો, તે ચોરનાર મારો બાપ નહોતો પણ કેટલાક હરામખોર લોકો હતા. તે ચોરાયલા માલમાંથી સ્હેજ સ્હાજ પાછું આવવા પામ્યું હતું. મારા પિતાને નિર્દોષ થયેલો જાણી હું ખુશી થયો અને તેમના જુના શેઠને મળવા ગયો. મારા પિતાના મૃત્યુની ખબર સાંભળી તે ઘણાજ દીલગીર થયો. અને પોતાની થયેલી ભુલ માટે માફી માંગી, મને પોતાને ત્યાં એક નાના કાર્યભારીની નોકરી આપી.

શેઠની પૂત્રિ સાથે અસલથીજ મારે સારૂં હતું. શેઠ પણ હાલમાં મારા પર ખુશી હતો. તે મને પોતાના પૂત્ર પેઠે ગણતો હતો. મને ત્યાંજ રાખતો હતો. મારે માટે તેણે એક ખાસ ઓરડો પણ આપ્યો હતો અને સઘળી રીતે તે મારા ઉપર પ્રસન્ન રહેતો.

શેઠની પૂત્રીનું નામ ચંપા હતું અને મારૂં નામ ચંદ્ર હતું. ચંપા અને હું હવે યુવાવસ્થામાં આવ્યાં હતાં. અમે બન્ને રૂપમાં એક બીજાથી ચઢિયાતાં હતાં. ધીમે ધીમે અમારા બન્ને વચ્ચે એટલી તો ગાઢી મિત્રાચારી બંધાઈ અને એક બીજાના મોહ પાસમાં એટલા તો સપડાયાં કે અમોને તેનું ભાન પણ રહ્યું નહીં. અમે ન કરવાનું કૃત્ય કર્યું. શેઠ ઘરમાં ન હોય કે જરા એકાન્ત મળતું કે અમો અમારૂં કાર્ય ધાસ્તિ વિના કર્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જતાં. એક દિવસે આ વાત મારા શેઠના જાણવામાં આવી. તેણે ચંપાને ખુબ ધમકી આપી પુછ્યું પણ ચંપાએ એ વાતનો તદ્દન ઇનકાર કર્યો. તે તેના મુખ ઉપરથીજ જાણી ગયો હતો કે ખરેખર, આમાં કાંઇક ગુપ્ત ભેદ છે. ત્યાર પછી તેણે મને પણ સખત ધમકી આપી પોતાનું ઘર તુરતજ છોડી જવા કહ્યું, અને ફરીથી પોતાનો ઉમરો ચડવા સાફ ના પાડી.

આથી હું તો જાણે જીવતોજ મરી ગયો હોઉં એમ મને લાગ્યું. અને કાંઇપણ ઉપાય ન હોવાથી દિવસો દુ:ખમાં ગાળવા લાગ્યો. પણ હાય ! મારા હૃદયમાં રમી રહેલી, પ્રાણાધિક ચંપાની છબી વિસરાઇ નહીં. આખો વખત મને ચંપાનાજ વિચારો આવતા. અંતે એક દિવસ મને ખબર મળી કે શેઠ કાંઇ કામસર બહારગામ ગયા છે. ખબર મળતાંજ હું બગિચાના પાછલે દરવાજેથી રાત્રીના શેઠના ઘરમાં પેઠો. ચંપાનો ઓરડો તથા ત્યાં જવાનો રસ્તો તો મને માલમ હતો એટલે મને વધારે અડચણ પડે તેમ નહોતું. ભોગ જોગે, મારા નશીબે બારણું પણ ઉઘાડું રહેલું હતું. હું સંતાતો સંતાતો ધીમે ધીમે બારણું ઉઘાડી અંદર પેઠો પછી બારણું માંહેથી બંધ કીધું. દાદરો પણ જાણીતો હતો તેથી ગુપચુપ ધીમે પગલે ઉપર પહોંચ્યો અને ચંપાના ઓરડાનું બારણું ઠોક્યું. ચંપા પણ જાગતીજ હતી. તેથી તુરતજ બારણું ઉઘડયું. હું ધાસ્તી વિના ઓરડામાં દાખલ થયો. આથી ચંપા ગભરાઇ અને તેનાથી એક ધીમી ચીસ પડાઇ ગઇ; તુરતજ મેં તેને મારી ઓળખાણ આપી શાંત પાડી. તેના ગભરાઇ જવાનું કારણ મારો કાળો જભ્ભો હતો. જભ્ભાને શરીર ઉપરથી દૂર કરતાં તેણે મને તુરત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓળખ્યો અને આનંદ પામતી પામતી મને બાઝી પડી. અમે બંને જણા કેટલીક વાર સુધી બોલી શક્યાં નહીં. માત્ર રડયાજ કર્યું. એકાએક મારાથી છુટી પડી તેણે મને એક પ્યાલામાં સરબત આપ્યું અને મને ધીરજ આપી. પછી ઘણા દિવસની ભુખ હોવાથી તેને મટાડવા અમે બંને જણાએ સારી પેઠે અધરામૃત પાન કર્યું.

આ સમયે રાત્રિના બે થવા આવ્યા હતા. પણ એટલામાં નીચેથી કોઇનો અવાજ સંભળાયો. આ અવાજથી અમે બન્ને ચમક્યાં. આ અવાજ શેઠનો હતો એમ મને લાગ્યું. હું તુરતજ બારી આગળ ગયો અને નજર કરી તો તેજ ઉભેલો દેખાયો. એટલામાં તો નીચે સુતેલા એક નોકરે બારણું ઉઘાડયું. તે અંદર આવ્યો. દાદર પર ચડવાનાં પગલાં સંભળાયાં. હું પાછો ચંપાના ઓરડામાં જઇ ભરાયો. પણ સંતાવાનું સ્થાન જડયું નહીં. ચંપાએ સત્વર પોતાનાં ઓરડાનું બારણું બંધ કર્યું અને મને સંતાડવાનો વિચાર કરવા લાગી. કાંઇ પણ સુઝયું નહીં. એટલામાં ચંપાના ઓરડાનું બારણું ખખડયું.

હવે કેમ કરવું ? શેઠ તો બહારથી બુમો પાડયાજ કરતો. ચંપા પણ ઉત્તર આપવાના અખાડાજ કરતી. પણ તેમ કેટલીવાર નીભે ? છેલ્લે છેલ્લે મને ત્યાં એક દોરડું પડેલુ જણાયું. મેં તરતજ તે દોરડું બારી સાથે બાંધ્યું ને ત્યાંથી ન્હાસવા વિચાર કર્યો. પણ મને ત્યાંથી જવા ગમતું નહોતું. ચંપાએ મને ફરીથી મળવા કહી એક ચુંબન લઇ ન્હાસવા કહ્યું. ના-છુટકે હું બારી-એથી દોરડા વાટે ઉતરી પડયો અને પાછલે દરવાજેથીકે સહીસલા-મત ઘેર પહોંચ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજે દિવસે મને ખબર પડી કે મારો શેઠ જે બહાર ગામ ગયો હતો તેનું કારણ ચંપાને માટે પતિ શોધવાનુ હતું. આ ખબરથી હજુ હું વાકેફ થાઉં છુ એટલામાં તો મારો એક મિત્ર ખબર લાવ્યો કે ચંપાનો વિવાહ શૂરસેન દેશના રાજાના વડિલ પૂત્ર વસુદેવના એક વૃદ્ધ કાર્યભારી સાથે નક્કી થયું છે, અને તે પરમ દિવસે પરણનાર છે. હવે હું વધારે દુઃખી થયો. ચંપાને એક વૃદ્ધ કાર્યભારી સાથે પરણાવશે? આ વિચારે મારા મનમાં ઘણા ઉંડાં મુળ રોપ્યાં. મને વિચાર થયો કે ચંપાને ગમે તે રીતે ન્હસાડી લઇ જવી પણ તે બુઢ્ઢા ખખ સાથે તો પરણવા નજ દેવી. આ વિચારોમાંને વિચારોમાં મારો આખો દિવસ અને રાત્રિ ચાલી ગઇ. પ્રાતઃકાળ પણ થયો. એટલામાં એક સ્ત્રી ચિઠ્ઠી લઇને આવી. આ ચિઠ્ઠીમાં લખેલા અક્ષર જોતાંજ તે ચંપાની છે એવી ખાત્રી થઇ. વાંચતાં ફક્ત એટલાજ શબ્દો તેમાં લખેલા હતા. "વ્હાલા ચંદ્ર! વૃદ્ધ ડોસાના હાથમાં સપડાઉં છું. બચાવ! ન્હસાડ! પ્રાણ! આવ!" આ વાંચતાંજ મારે રૂંવે રૂંવે અગ્નિ વ્યાપ્યો. અત્યાર સુધી તો હું આ સઘળી વાત ખોટી માનતો હતો પણ હવે તો તે સત્ય થઇ.

મેં ચંપાને ન્હસાડવા ઘણા ઉપાયો લીધા પણ વ્યર્થ. મારાથી કાંઇજ થઇ શકયું નહીં. મારા શેઠે એવો તો સખત બંદોબસ્ત રાખ્યો હતો કે ચંપાને કોઇ પણ મળવાને અશક્ત હતું. આ પ્રમાણે બીજો દિવસ પણ વીતિ ગયો. મારી વ્હાલી ચંપાને માટે કાંઇજ કરી શકયો નહીં તેથી હું મને પોતાનેજ ધિઃક્કારવા લાગ્યો. અન્તે બીજા દિવસની સાંજે ચંપા બુઢ્ઢા ડોસાની સાથે લાચારીએ પરણી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સમયે મારૂં કોઇજ સગું વ્હાલું નહોતું. વિચારમાંને વિચારમાં હું ગાંડા જેવો થઇ ગયો. મને તાવ લાગુ પડયો. ચાર દિવસ સુધી મારાથી ઉઠી શકાયું નહીં. ચોથે દિવસે જેમ તેમ ઘરમાંથી બહાર નિકળ્યો ત્યારે ખબર મળી કે ચંપા તેના ધણી સાથે સાસરે ગઇ છે.

અફસોસ! આ ખબર સાંભળી હું રસ્તામાંજ બેશુદ્ધ થઇ પડયો. હજારો લોકો મારી આજુ બાજુ ભરાઈ ગયા. કેટલાક મારાપર દયા ખાવા લાગ્યા ત્યારે કેટલાક મારી ફજેતી કરવા લાગ્યા. રસ્તામાં કાદવ હોવાથી મારા સઘળાં વસ્ત્ર બગડી ગયાં હતાં. શરીરના કેટલાક ભાગમાં મને વાગ્યું પણ હતું. આવી ફજેતી વચ્ચે હું મારા ઘર તરફ ચાલ્યો. રસ્તામાં કોઇ મને ગાંડો, તો કોઇ મુર્ખ એવી રીતે કહેવા લાગ્યા. નાના છોકરાઓને તો આ એક તમાસો થઇ પડયો. કેટલાક તો મારી પછાડી હુરરે હુરરે બોલાવવા લાગ્યા. આવી ફજેતી વચ્ચે લથડતો લથડતો હું ઘણીજ નામોશી ભરેલી હાલતમાં મારે ઘેર પહોંચ્યો.

પોતાની આટલી વાત કહી તેનાથી વધારે બોલી શકાયું નહીં. હજુ તેના વાગેલા ઘામાંથી લોહી વહ્યા કરતું હતું. આટલી વાત તે મહા મુસ્કેલીએ કહી શકયો હતો અને બાકીની વાત સાંભળવાની રહી જશે એવા વિચારથી ગુલછડીએ તેને પોતાની વાત ચાલુ રાખવા કહી. પણ તે એટલો તો અશક્ત થઈ ગયો હતો કે ઘણી મહેનત કરવા છતાં તે એક અક્ષર પણ વધારે બોલી શકયો નહીં. તે ગુલછડીના ગળામાં હાથ નાંખી નેત્રોમાંથી અશ્રુ વહેવડાવવા લાગ્યો. ગુલછડીથી પણ રડ્યા વગર રહેવાયું નહીં. આ સમયે બન્ને જણ ખરા પ્રેમથી એક બીજાની સહામું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકી નજરે જોતાં હતાં; અને ચંદ્રે પોતાની આંખો મીચી દીધી.

આશરે અડધા કલાક પછી તે પાછો પોતાની વાત ચાલુ કરવાને શક્તિવાન થયો. તે બોલ્યોઃ–ગુલછડી! તેં મારી આટલી વાત તો સાંભળી. હવે જે બાકી રહી છે તે હું ટુકમાંજ કહીશ.

હું માર્ગમાં પડી ગયો, મને વાગ્યું તથા મારી જે ફજેતી થઇ તેથી હું ઘણોજ દુઃખી થયો. લગભગ એક મહિના સુધી હું ઘરમાં બિછાને માંદો રહ્યો. આ વખતે મારી સારવાર કરનાર મારા એક મિત્ર શિવાય બીજું કોઇજ નહોતું. તેણે મને જો બનતી મદદ ન કરી હોત તો અત્યાર સુધીની બાકીની જીંદગી ભોગવવા હું આ દુનિયામાં ભાગ્યેજ રહ્યો હોત.

મારી ફજેતીની આ વાત આખા શહેરમાં પ્રસરી ગઇ. શરમને લીધે ઘરમાંથી બહાર પણ નિકળાતું નહીં. છેવટે મને તે શેહેર છોડવાની જરૂર પડી. ત્યાંથી હું ચંપાના સાસરાના શેહેરમાં ગયો. ત્યાં જઇ મેં ચંપાના ઘરની ભાળ કાઢી. પછી કેટલીક મેહેનતે હું એક દિવસ ચંપાને છુપી રીતે મળ્યો. ચંપાએ મને પોતાના પતિને મળવા કહ્યું. તેણે મને એક યુક્તિ બતાવી. હું તેની યુક્તિ પ્રમાણે તેના બુઢ્ઢા પતિને મળ્યો. તે યુક્તિમાં હું ફાવ્યો. એટલે ઘણી મેહેનતે તેને ત્યાં એક કાર્યભારીની નોકરી મેળવી. નોકરી મળ્યા પછી મેં મારા શેઠનું કામ એવી તો સારી રીતે બજાવવા માંડયું કે શેઠ પણ મારાપર ખુશી થઇ ગયો. એક દિવસ વાતમાંને વાતમાં મેં શેઠને અરજ કરી કેઃ–" સાહેબ! હું એકલો છું. મારૂં કોઇપણ સગું વ્હાલું નથી. કૃપા કરી મને તમારે ત્યાંજ રેહેવાની તથા ખાવા પીવાની સગવડ કરી આપવી." શેઠે કેટલીક આનાકાની પછી મારી વિનંતી માન્ય કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ વાતને કેટલોક વખત વીતિ ગયો. એક પ્રસંગે એવું બન્યું કે મારા શેઠને રાજ્યના કાંઇ કામ પ્રસંગે બહારગામ જવાનું થયું. શેઠને મારાપર સંપૂર્ણ ભરોસો હોવાથી તેણે પોતાના ઘરનો સઘળો કાર્યભાર મનેજ સોંપ્યો. પણ તેમાં એક વાતની મોટી ખામી આવી પડી. શેઠને બહારગામ ઓછામાં ઓછા ચાર માસનું કામ હતું તેથી તેઓ મારી વ્હાલી **ચં**પા શેઠાણીને પણ લઇ જવા તૈયાર થયા. આ વાત સાંભળી મારા તો જીવમાં જીવ રહ્યો નહીં. જેને માટે મેં આટલી મુશીબત ઉઠાવી અને જેમાં હવે ફતેહ મળવાની હતી, તેમાંજ પાછું વિઘ્ન આવી પડયું. પણ **ચં**પા કાંઇ કાચીપોચી નહોતી. તેણે તો જેવા આ વર્તમાન સાંભળ્યા કે તુરતજ જાણે તે સખત માંદી થઇ હોય તેવો ડોળ ઘાલ્યો, અને આખો દિવસ ખાધા પિધા વિના બીછાનામાંજ પડી રહી.

હું પણ **ચં**પાનો આ ઢોંગ સારી રીતે જાણી ગયો અને ડોકરો આ ઢોંગથી છેતરાય તેનીજ રાહ જોવા લાગ્યો. ભોગજોગે બન્યું પણ તેમજ. ડોસાને તેજ દિવસે ગયા વગર છુટકોજ નહોતો, અને મારા નશીએ ડોસાએ **ચં**પાનું કહેવું માન્ય રાખી, તેને ત્યાંજ રહેવા દઇ, તે ચાલ્યો ગયો.

ઘરમાં શેઠાણી શિવાય આપણું બીજું કોઇ શેઠ હતું નહીં. તેમ શેઠનાં બીજાં કોઇ સગાં વહાલાં પણ ઘરમાં રહેતાં નહોતાં. ફક્ત ચાકર નોકરો ઘરમાં રહેતા હતા. તેમાં મારા હાથ તળે જે એક બીજો કાર્યભારી હતો, તે પણ મારી પેઠે ઘરમાંજ રહેતો હતો. તેને આપણે એકદમ ઘરમાં નહીં સુવાનો હુકમ ફરમાવ્યો. બાકીના માણસો તો બહાર પરશાળમાં સુતાં હતાં. બીજો કાર્ય-ભારી પણ [illegible] બીજાઓ સાથે પરશાળમાં સુવા ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારો સુવાનો ઓરડો ભોંય તળિયે હતો. ચંપાનો સુવાનો ઓરડો બીજે માળ હતો. ડોસાને ગયાને આજ પહેલીજ રાત હતી. રાતના સઘળા નિદ્રાવશ થયા પછી મારે ચંપાના ઓરડામાં જવું કે નહીં તેના વિચારમાં હું મારા બીછાનામાં આળોટતો હતો. તેટલામાંજ મારી વ્હાલી ચંપા મારા ઓરડામાં આવી મને પોતાના ઓરડામાં લઈ ગઇ. ઘણા દિવસે મળ્યાથી અમે પરસ્પર ઘણાંજ આનંદ પામ્યાં. આ પ્રમાણે અમારૂં અનિતીમય કૃત્ય પાછું શરૂ થયું ને માતેલા સાંઢની પેઠે બીન ધાસ્તિએ અમે બન્ને પતિ પત્નિ તરીકે વર્તવા લાગ્યાં.

કહેવત છે કે ચોરી છિનાલી, ચાર દિવસ છુપી રહે. મારા હાથ નીચેના કાર્યભારીને બહાર સુવા કાઢવાથી તે મારાપર બળવા લાગ્યો. મારા દરેક કામપર તે બારિક નજરે જોવા લાગ્યો. હું પણ તેની આ ચાલ જાણી ગયો પણ મેં તેની જરાએ પરવા કીધી નહીં. હું મારા મદમાં છાકયો છાકયો ફરવા લાગ્યો અને તેનુ પરિણામ એ આવ્યું કેઃ—એક દિવસે બપોરના હું કાંઇ કામનું બહાનું કાઢી શેઠાણીને મળવા ભોંય તળિએથી ઉપર ગયો. આ વખતે મારા હાથ નીચેનો કાર્યભારી પણ ભોંય તળિયે બેઠેલો હતો. હું તો ઉપર ગયો તે ગયોજ. એટલામાં એવું બન્યું કે મારા શેઠનો શેઠ વસુદેવ મારા શેઠ તરફનો કાંઇ સંદેશો લઇ શેઠાણીને મળવા આવ્યો. તેણે આવતાંજ મારા હાથ નીચેના કાર્યભારીને મારે માટે પુછયું. તેના જવાબમાં તેણે વસુદેવને એવો તો ઉત્તર આપ્યો કે મારી આશાઓપર પાણી ફેરવ્યું.

તેણે એવો ઉત્તર આપ્યો કેઃ—અમારા શેઠ જ્યારથી બહારગામ ગયા છે ત્યારથી તે તો આખો દિવસને રાત શેઠાણી પાસેજ બેસી રહે છે. શેઠાણીની ચાલ મને કાંઇ સારી લાગતી નથી. હું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણા દિવસ થયા આ વાત આપને કાને નાંખવાનો વિચાર કરતો હતો પણ મારા જેવા રંકનું કહ્યું કદાચ આપ માનો કે નહીં તેથી ચુપ થઇ ગયો હતો. તમને કદાચ મારા કહેવાપર શક આવતો હોયતો હમણાંજ તમે મેહેરબાની કરી ઉપર જાઓ. જો ઇશ્વર મારૂં કહેવું સત્ય કરાવવા માંગતો હશે તો જરૂર તમારી નજરે કાંઈ નવું જુતું દેખાશે.

તેનાં આવાં ભેદ ભરેલાં વચન સાંભળીને વસુદેવને શક ઉત્પન્ન થયો. તેઓ બન્ને અમે જ્યાં બેઠા હતાં ત્યાં આવી પહોં-ચ્યાં. આ વખતે હું **ચં**પાના ગળામાં હાથ નાંખી એક મખમલની ગાદી ઉપર પાન ચાવતો, હસતો હસતો વાતો કરતો બેઠો હતો. એટલામાં બંને વિકાળ સિંહના જેવી મુખમુદ્રાએ અમારી પાસે આવી પહોંચ્યા.

વસુદેવને જોઇ મારી શેઠાણી તો એકદમ ત્યાંથી ઉઠી બીજા ઓરડામાં ચાલી ગઇ. હું તદ્દન ફિક્કો થઇ ગયો. ત્યાંથી ન્હાસ-વાનું બની શકયું નહીં. વસુદેવ તો આવતા વારજ પોતાની તલ-વાર મ્યાનમાંથી કાઢી મારાપર ઉગામવા તૈયાર થયો. પણ મારા હાથ નીચેના કાર્યભારીએ તેમ કરતાં તેને અટકાવ્યો. મહા મેહે-નતે તેણે તેનું કહેવું કબુલ રાખ્યું અને મને **ચં**પા જે ઓરડામાં ભરાઇ ગઇ હતી તેના જોડના ઓરડામાં કેદ કર્યો.

ત્યાર પછી વસુદેવે પેલાને જવાની રજા આપી અને પોતે **ચં**પાના ઓરડામાં પેઠો. મારા ઓરડામાંથી **ચં**પાના ઓરડામાં જોઇ શકાય તેવું એક ઝીણું બાકું હતું. મારા જીવમાં જીવ નહોતો. તે છતાં પણ મારી વ્હાલી **ચં**પાનું શું થાય છે તે જોવાને માટે મેં તે કાણાંમાં જોવાનું શરૂ કર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસુદેવ તે ઓરડામાં દાખલ થયો. તુરતજ ચંપાએ તેને હસીને નમન કર્યું અને તેને બેસવાને માટે આસન આપ્યું. વસુદેવ આસનપર ન બેસતાં તેના ચ્હેરા તરફ ધારી ધારીને જોવા લાગ્યો. એટલે ચંપાએ તેના તરફ એક એવી તો તિરછી નજર ફેંકી કે વસુદેવના ઉપર જાણે જાદુ થયું હોય એવી રીતે તે એક થાંભલા જેવો ઉભોજ રહ્યો. ચંપાએ તેને ફરીથી બેસવા વિનંતી કરી.

ત્યારપછી ચંપા તેને માટે એક જામમાં થોડો સરબત લાવી અને પીવા આપ્યું. પણ વસુદેવે લીધું નહીં. તેણે ઘણા હાવ-ભાવો દેખાડયા અને સરબત પીવાને ઘણું કહ્યું પણ વસુદેવે તો સાફ નાજ પાડી. ત્યારે તેણે એક સુંદર પાનનું બીડું વસુદેવ વાસ્તે લાવીને પોતાને હાથે ખવડાવ્યું. આથી મારો તો જીવ કપાઇ જવા લાગ્યો. શું તે વસુદેવ પર પણ આશક થઇ ગઇ ? આ વિચારે મારા મનમાં ગુંચવાડો ઉભો કીધો. પાછી તેણી બોલીઃ—વ્હાલા વસુદેવ ! તમે કોઇ રીતે મુઝાશો નહીં ! હું તમારીજ છું ! ચાલો ! આવો ! પેલા બીછાનાપર બે ઘડી બેસી આનંદમાં મહાલીએ. એમ કહી તે તેના ગળામાં હાથ નાંખી તેને ઉઠાડવા લાગી.

આ જોઇ મારા તો હોંસકોસ ઉડી ગયા ! મારી ધીરજ રહી નહીં. શું વસુદેવ પણ ચંપાના મોહ પાસમાં મારી માફક ફસાઇ પડશે ? આ વિચારે મારા મનમાં શંકા ઉત્પન્ન કરી. વસુદેવ ઘણાજ સારા સ્વભાવનો અને નિતિ જાણનારો મનુષ્ય હતો. તે કદીપણ એવું કૃત્ય કરે નહીં. પણ કોણ જાણે ! ન કરે નારાયણ તે કદાચ ચંપાની મોહ જાળમાં ફસાઇ પડે. આથી હવે શું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને છે તે જોવા સારૂ હું વધારે તાકીને પેલા અંધારામાંથી જોવા લાગ્યો.

જેવી ચંપા વસુદેવનો હાથ પકડી ઉઠાડવા ગઈ કે તુરતજ વસુદેવે તેને એક લાત મારી જમીનઉપર પાડી નાંખી, ત્યાંથી ચાલવા મંડયો. ચંપા જમીન ઉપરથી પાછી ઉઠી વસુદેવને પાછળથી બાઝી પડી, અને વિનવવા લાગી. પણ સઘળું વ્યર્થ! વસુદેવ તો તુરતજ તેને તે ઓરડામાં કેદ કરી, ત્યાંથી ચાલતો થયો. તેના ગયા પછી હું હવે મારૂં આવી બન્યું છે એવું સમજી પોક મુકી ખુબ રડયો.

એટલામાં તો મારા ઓરડાનું બારણું ઉઘડયું બે ચોકીદારો અંદર દાખલ થયા. તેઓએ મને મુસ્કેટાટ બાંધ્યો અને કચેરીમાં લઇ ગયા. ત્યાં મારા હાથ તળેના કાર્યભારી વિગેરેની જુબાની લેવામાં આવી. સઘળાએ મારા વિરૂદ્ધ જુબાની આપી. મારી પણ જુબાની લેવામાં આવી. પહેલાં તો હું મારા ગુન્હા માટે તદ્દનજ નાસુકર ગયો. પણ જ્યારે જોયું કે હવે જુઠું બોલવામાં લાભ નથી ત્યારે મેં મારી સઘળી સાચી હકીકત કહી દીધી અને મારા પર દયા રાખવા કહ્યું. અન્તે તેઓએ મારી જુવાન વયપર નિઘા પહોંચાડી મારાપર દયા કરી. કેટલોક ઠપકો દઈ મને દેશનિકાલની શિક્ષા કરી. અને તુરતજ તે દેશની હદ છોડવા હુકમ કર્યો.

ચંપાની તપાસ થવાની હતી પણ જ્યાં સુધી મારો શેઠ બહારગામથી પાછો ફરે ત્યાં સુધી મુલતવી રાખવામાં આવી. મારાથી તો હવે ત્યાં રહેવાય તેમ હતુંજ નહીં. તેથી હું ત્યાંથી નિકળી કેટલેક દિવસે મથુરા આવ્યો. કેટલાક દિવસ પછી ઘણી મહેનતે મને અહીંની કચેરીમાં એક સારા પગારની નોકરી મળી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંપાની વાત હું વિસરવા લાગ્યો. ધીમે ધીમે હું તેને તદ્દનજ વિસરી ગયો.

પછી તું, જે હજુ પણ મને ચાહ્ય છે તેને મેં મારે ઘેર ફુલ લાવવાના મ્હાને બોલાવવા માંડી. અન્તે તારો પ્રેમ મારાપર બાઝયો. તેં મારી સાથ લગ્ન ગાંઠથી જોડાવા ખુશી બતાવી. મને પણ મનમાં આનંદ થયો, અને વિચાર કરી જવાબ આપવા કહ્યું. કેટલોક વખત વિચાર કરી હું તારી સાથે પરણવાના નક્કી વિચાર પર આવ્યો.

પણ मनसा चिन्तितं कार्यं दैवम् अन्यत्रचिंतयेत् । માણસ ધારે છે શું અને થાય છે શું ? એક દિવસ હું કચેરીના કામ અર્થે આ જંગલમાંથી પસાર થતો હતો, તેવામાં અહીંથી થોડે દૂર આવેલા એક ઝુપડામાં મેં એક સ્ત્રીને બેઠેલી જોઈ. તે સ્ત્રીની સાથે મારે કાંઇ ઓળખાણ હોય એમ મને લાગ્યું. તેથી ઘોડા ઉપરથી ઉતરી પાણી પીવાનુ મ્હાનું કાઢી તેના ઝંપડામાં ગયો. પાણી પીધા પછી મેં તેને કોઇ દિવસ જોઇ છે ... તને કહ્યું. પણ તેણે તો મને રોકડોજ જવાબ દઈ દીધો કે:– સાહેબ હું તમને ઓળખતી નથી! તેમ મેં તમને કદી દીઠા પણ નથી. મને તો ચોકક્સજ હતું કે મેં તેને કોઇક વખત જોઈ છે. આથી કેટલીકવાર સુધી અમારા બન્ને જણ વચ્ચે કેટલીક તકરાર થઇ. વાતમાંને વાતમાંજ હું તેને ઘણી સારી રીતે ઓળખી શકયો. મેં તેને કહ્યું કે તમારૂં નામ ચંપા છે અને હું બીજો કોઇજ નહીં પણ ચંદ્ર છું. આથી તો તે એક ડાકણ જેવી મારી સ્હામાં જોવા લાગી. હું ચમકયો. પાછી તે મારી સાથે નમ્રતાથી બોલવા લાગી:–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"**ચંદ્ર! ચંદ્ર!** તારા પ્રેમને લીધેજ હુ આ દશાએ પહોંચી છું. તારા જેવીજ મને પણ શિક્ષા થઇ છે. આજ ચાર દિવસ થયાંજ આ ઝુંપડું બાંધી રહી છું."

ચાલો! મેં જાણ્યું કે એ પણ ઠીકજ થયું છે. પછી મેં તેને મારે ત્યાં આવવા ઘણી રીતે સમજાવી પણ તે એકની બે થઇ નહીં. તેણે મને જણાવ્યું કેઃ- **વસુદેવે** મારૂં જે અપમાન કર્યું છે તેનું જો તું વૈર લે તોજ હવે હું તારી સાથે પાછી પ્રેમથી જોડાઇશ! નહીં તો હવે હું **વસુદેવ** શિવાય કોઇની સાથે પ્રેમ બાંધી શકતી નથી. ક્યાં તો **વસુદેવ** મારા પ્રેમનો અધીશ્વર થાય અથવા ક્યાં તો તે મારા અપમાનનો ભોગ થાય! જો મારા પ્રેમને સ્વિકારે તો તો હું તારી સાથે હવે કદી પણ પ્રેમ બાંધનાર નથી, પણ જો તેમ ન થાય અને જો તું મારા વૈરને બદલે તેનું ખુન કરે તો જન્મ સુધી હું તારી થઇ રહેવા કબુલ છું.

આ વાત સાંભળી મારૂં શરીર તો થરથર કમ્પવા લાગ્યું. શું **વસુદેવનું** હું ખુન કરૂં? શા માટે? આ એક ઠગારી મોહિની માટે? નાના! મ્હારાથી તેમ બનેજ કેમ? **વસુદેવ** જેવા એક વચની અને ન્યાયી માણસને માટે એમ બનેજ કેમ. આવા કેટલાક વિચારો કર્યા પછી મેં **ચંપાને** ઘણી રીતે સમજાવી પણ તેણે તેની હઠ છોડી નહીં.

ત્યાર પછી વારંવાર હું તેને જઇને સમજાવતો. ગઇ કાલે સાંજે તું પાછી મારી પાસે લગ્નનો છેલ્લો ઉત્તર લેવા આવી પણ મેં તને ઉડાવનારો જવાબ આપ્યો. હું ને તું બન્ને છુટાં પડયા. ત્યાંથી હું આ જંગલમાં **ચંપાને** આવી મળ્યો. તેને મેં બહુ રીતે સમજાવી. છેલ્લે તેને મેં એટલે સુધી કહ્યું કે હું પણ તારેજ લીધે આ દશાએ પહોંચ્યો છું. પણ તેને તો એકજ વાત પસંદ હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાંતો વસુદેવનું ખુન કરી મ્હારા પ્રેમનું પાન કર કે કાંતો મ્હારાં નેત્રો આગળથી દૂર થા ! વસુદેવના જીવન સુધી બીજો કોઇ સ્વિકારીશ નહીં.

આથી મારો મિજાજ મારા હાથમાં રહ્યો નહીં. તુરતજ મારી સાથે આવેલા માણસને બોલાવી તેને અમો ઉંચકી ઘર તરફ લાવવા માંડી. એટલામાં ભોગ જોગે રસ્તામાં ઘોડાની ખરીનો અવાજ કાને પડયો. આ અવાજથી ચંપાએ કારમી બે ચીસો પાડી. જે ચીસોના પડઘાથી એક હથીયારબંધ માણસ અમારી પાસે આવી લાગ્યો. આવતાંજ તેણે મારી સાથેના માણસને જમીન દોસ્ત કરી નાખ્યો. જેવો તે પડયો કે તરત હું ત્યાંથી ન્હાસવા લાગ્યો પણ તેણે મારી પાછળ આવી સજ્જડ ઘા કીધો. ઘાની દરકાર ન કરતાં હું અહીં સુધી એકશ્વાસે દોડતો આવ્યો. થાકને લીધે તથા ઘામાં મારતા ગટકાને લીધે મારાથી આગળ ચાલી શકાયું નહીં. ઘા તપાસતાં માલમ પડયું કે લોહી ઘણુંજ વહી ગયું હતું અને હવે જીવવાની આશા નથી. હું આ ઘાસ પર મુર્છા ખાઇ પડયો. જ્યારે હું જાગ્યો ત્યારે મારી પાસે તને બેઠેલી જોઇ.

આ પ્રમાણે તેણે પોતાની અત્યાર સુધીની જીંદગી ગાળી છે. મારા ધારવા પ્રમાણે તેને બચાવનાર રાણો કંસ હતો. તેમને કંસ સાથ થયેલી સઘળી વાતચિત તે સાંજે કરી હતી. માટે હું તને ચેતાવું છું કે તારે હવે જેમ બને તેમ કંસની અરજ સ્વિકારવી. નહીં તો આ ધુતારી ચંપા તારા સુખમાં જરૂર કાંટા રૂપ થઇ પડશે. કારણ કે તે કાંઇ તારા કરતાં સુંદરતામાં ઉતરે તેમ નથી. વસુદેવ પણ હાલ મથુરામાંજ છે માટે તેનું એ લુચ્ચી કાંઇ અનિષ્ટ ન કરે તે ધ્યાનમાં રાખજે. હવે મારે તને જે કહેવાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે તે એટલુંજ કે તારે મને ક્ષમા બક્ષવી. અને જે પ્રેમથી તેં મને અત્યાર સુધી ચાહ્યો છે તે પ્રેમને ખાતર તારે માહારા તરફથી તે ઘાતકી ધુતારી ચંપાનું વૈર લેવું. જેવી રીતે તેણે મને આ દશાએ પહોંચાડયો છે તેવીજ રીતે તે પણ આ દશાએ પહોંચવીજ જોઇએ. હું તને મારી યાદગીરી માટે આ એક વીંટી ભેટ આપું છું. માટે હવે મને એટલાજ શબ્દો સંભળાવ કે, "હું તમારી વતી ચંપા સાથે આની બરાબરજ વૈર લઇશ ! એટલે જેવી રીતે તેણે મને આ મારી છેલ્લી ઘડીએ લાવી મુકયો છે તેવીજ રીતે તું તેને છેલ્લી ઘડિયે લાવી મુકશે. બસ ! આટલો મારો પ્રશ્ન તારા આપેલાં વચન મુજબ તથા તારા તરફના પ્રેમને માટે કબુલ રાખ, અને મને તે પરમ કૃપાળુ પરમેશ્વરની હજુરમાં શાન્તિથી જવાની આજ્ઞા આપ."

અંન્તે ગુલછડી રડી પડી. તેનાથી બોલાયું નહીં. ઘણી મહેનતે તે ચંદ્રના માથા ઉપર હાથ ફેરવી બોલી:– વ્હાલા ચંદ્ર ! તારૂં કહેવું મારે કબુલ છે ! તું હવે તારા મનમાંથી બીજા વિચારો કાઢી નાખ અને તે જગત કર્તાના ગુણનું ચિન્તવન કર! તારા કરેલા પાપનો પસ્તાવો કર કે જેથી તે તારા પર દયા કરી શકે.

બસ! ચંદ્ર હવે નિરાંતે ઉંઘવા લાગ્યો. તેની છાતી ઉછાળા મારવા લાગી. ધીમે ધીમે શ્વાસ વધતો ગયો. આખરે તેણે પોતાનો ક્ષણ ભંગુર દેહ છોડયો. ગુલછડી પોકે પોક મુકી જ્યાં સુધી રડાયું ત્યાં સુધી રડી અને ચંપાને હજારો શાપ દેવા લાગી. પછી આજુ બાજુથી લાકડા ભેગા કરી ચીતા સળગાવી, ચંદ્રના શબને અગ્નિદાહ કર્યો. તેનાં રહેલાં અસ્થિ કપડામાં બાંધી લઇ યમુના તિરે જઇ તેમાં પધરાવ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાંથી તે પોતાના ઘર તરફ પાછી ફરી. આ વખતે રસ્તામાં તેના મનમાં અનેક વિચારો આવ્યા. શું ચંપા મારાં કરતાં સુંદરતામાં ચઢિયાતી હશે ? જો ચંદ્રના કહેવા પ્રમાણે તેમજ હોય તો જરૂર કંસ તેના મોહમાં ફસી પડવાનો, અને હું તો પાછી હતી તેવીજ રહેવાની. પણ હવે મારે કંસને જલદીથી મળવુંજ જોઇએ ! આથી તે ઘર તરફ ઝડપથી ચાલવા મંડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૮ સું.

ઔષધાલય.

પરોઢિયું થવા આવ્યું હતું. સૌ પોતાના બિછાનાને રજા આપવા ઉત્સાહ ધરાવતું હતું. મરઘાંઓ પોતાના કુકડે કુકના અવાજો કર્યા કરતાં હતાં. સૂર્ય પોતાના દર્શન આપવાની તૈયારી કરી રહ્યો હતો. તારાઓ ધીમે ધીમે પોતાનું તેજ છુપાવતા હતા.

આ સમયે મથૂરામાં આવેલા ઔષધાલયમાં એક બાળા બીછાના ઉપર ભર નિદ્રામાં સુતેલી હતી. તેના ઉપર સૂર્યનું ઝાખું અજવાળું બારીમાંથી પડતું હતું. તેના બિછાનાની આસપાસ બીજા કેટલાક દરદીઓના બિછના હતાં. તેઓ પોતાના દુઃખની વેદના ન સહન કરી શકવાથી પોતાનો દુઃખદ અવાજ વારંવાર બ્હાર કાઢતાં હતાં. આ દુઃખદ ઉદ્‌ગારોથી પેલી બાળાની નિદ્રા ભગ થઈ. તે આવા ભયંકર ઉદ્‌ગારો સાંભળી ચમકી ઉઠી. ઉઠતાં તેણે પોતાની ચોપાસ કેટલાક ભયંકર રોગના ભોગ થઇ પડેલા દરદીઓને જોયા. તેઓને જોતાંજ તેને કંપારીઓ છુટવા લાગી. તેઓના બિહામણા ચ્હેરા તરફ નજર કરતાં તે ધ્રુજવા લાગી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આ શું ? હું અહીં ક્યાંથી ? આ તો ઔષધાલય હોય એમ દેખાય છે ! મને અહીં કોણ લાવ્યું ? આ કયા શહેરનું ઔષધાલય હશે ? મને અહીં લાવવાનું કારણ શું ? હું કાંઇ માંદી નથી !"

આવા વિચારો કરતી હતી એટલામાં ત્યાં સુતેલો એક દરદી પોતાના બિછાનામાંથી ઉઠી ડોળા કાઢતો દોડતો દોડતો ચંપાના બિછાના આગળ આવ્યો. આવતાંજ તે ચંપાને બાઝવા ગયો. તેનો વિક્રાળ ચ્હેરો જોતાંજ ચંપાથી એક ચીસ પડાઇ ગઇ અને તુરત એ શુદ્ધ થઇ બિછાનાપર પડી. પેલો દરદી પણ ચંપાના બિછાનામાંજ સુતો અને બુમ બરાડા મારવા લાગ્યો. વળી પાછો તે ઉઠયો અને બીજા દરદીના બિછાના પાસે ગયો.

ચંપાની ચીસથી ઔષધાલયના માણસો દોડતા ત્યાં આવ્યા. આવતાં વારને તેઓએ એક દરદીનું બિછાનુ ખાલી દીઠું. તુરતજ તેઓએ તે દરદીને શોધી કાઢયો ને તેને પાછો લાવી, તેના બિછાનાપર સુવાડયો. તેઓમાંથી એક જણ આ વાતની ખબર પહોંચાડવા પોતાના ઉપરી વૈદ્ય પાસે ગયો.

થોડી વારમાંજ વૈદ્યરાજ હાજર થયા. વૈદ્યરાજે તે દરદીને તપાસ્યો તો માલમ પડયું કે તેને સન્નિપાત લાગુ પડયો હતો અને તેથી તે ઉઠી ઉઠીને ન્હાસતો હતો.

ત્યાર પછી વૈદ્યરાજ બીજા દરદીઓને તપાસતાં તપાસતાં ચંપાના બિછાના પાસે આવ્યા. ચંપાને તપાસી વૈદ્યરાજે પોતાના માણસને કાંઇ દવા લાવવા કહી. કહેવત છે કે **'यथा राजा यथा प्रजा'** વૈદ્યરાજ પણ કંસના જેવાજ દુર્ગુણોવાળો હતો. તેને કાંઇ ખબર નહોતી કે ચંપાને ઔષધાલયમાં ખુદ મહારાણીએજ મોકલી છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૈદ્યરાજ રાતનાજ તેનાપર મોહ પામ્યા હતા. પણ અત્યારે જ્યારે તેના પ્રફૂલ્લિત મુંખનું દર્શન ફરીથી થયું ત્યારે તો વૈદ્યરાજની શુદ્ધિ ઠેકાણે રહી નહીં. જો તે વખતે ત્યાં બીજું કોઇજ ન હોત તો વૈદ્યરાજે તેના ગાલપર એકાદ ચુંબન લીધું હોત.

થોડીવારમાંજ ઔષધ આવી પહોંચ્યું. તે સુંઘાડવાથી ચંપા તુરત શુદ્ધિમાં આવી. પણ હજુ પેલો વિકાળ ચ્હેરો તેના મગજ-માંથી ખસ્યો નહોતો. આથી તેણે ગભરાતાં ગભરાતાં પોતાની આંખ ઉઘાડી. વૈદ્યરાજને જોતાંજ તેને કાંઈ હિમ્મત આવી. તે સુતાં સુતાંજ બોલીઃ-ભાઈ! આપ કોણ છો તે મને કહેશો?

"શા માટે નહીં! હું આ ઔષધાલયનો વૈદ્ય છું." વૈદ્યરાજ તેના ચ્હેરા સ્હામું જોતાં બોલ્યો.

"ત્યારે તો મારાપર મહેરબાની કરી મને આ દરદીઓના ઓરડામાંથી કોઈ બીજા એકાન્ત ઓરડામાં લઇ જાઓ. હું આ ભયંકર દેખાવ જોઇ શક્તી નથી. થોડી વારપરજ એક વિકાળ ચ્હેરાનો માણસ મારી સ્હામે ઘુરકીયાં કરતો આવ્યો હતો જેને જોતાંજ હું બેશુદ્ધ થઈ ગઈ હતી. માટે હું તમોને વિનતિ કરૂં છું કે મને કોઈ એકાન્ત અને સ્વચ્છ જગાએ લઇ જાઓ."

વૈદ્યરાજે તુરતજ તેના કહેવા પ્રમાણે અમલ કર્યો. તે તેને પોતાનાજ ખાસ ઓરડામાં લઇ ગયો, અને પોતાનુંજ ખાસ સુવાનું બિછાનું તેને આપ્યું. પછી પાછો તે ચંપાની ખુબસુરતીનો વિચાર કરતો ઔષધાલયના બાકી રહેલા દરદીઓને તપાસવા ગયો. રોજ કરતાં અડધા વખતમાં તેણે પોતાનું કામ પુરૂં કીધું અને તરત પોતાના ઓરડામાં પાછો ફર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાંચનાર તો જાણે છેજ કે ચંપા કાંઇ માંદી નહોતી, તેમજ તેના શરિરને કોઇ પણ રીતની હાની પહોંચી નહોતી. માત્ર તે જંગલમાં બેશુદ્ધ થઇ હતી અને તેમાંથી શુદ્ધિમાં ન આવવાથી, કંસે તેને ઔષધાલયમાં મોકલી હતી. હમણાં તે પુરતી હોંશિયારીમાં હતી. વૈદ્યરાજે તેને ન્હાવા ધોવાની તથા વસ્ત્ર વગેરેની સગવડ કરી આપી.

નાહ્યાં પછી તેણે પોતાનો શૃંગાર સજ્યો અને વૈદ્યરાજ પાસે આવી બેઠી. તેણે વૈદ્યરાજને પુછવાનું ચાલુ કર્યું:—વૈદ્યરાજ! જણાવશો કે મને અહીં લાવનાર કોણ હતું? હું આવી ત્યારે શી હાલતમાં હતી? અને હાલમાં હું કયા શહેરમાં આવી પહોંચી છું. તે કાંઇક ગંભીર થતાં બોલી.

વૈદ્યરાજ તો તેની કોયલના જેવી સુમધુર વાણી સાંભળીને છક્કજ થઇ ગયો અને બોલવા લાગ્યો કે:—બાઇ! રાત્રિના ત્રણવાગે હું જ્યારે ભર ઉંઘમાં હતો ત્યારે મને મારા માણસે ઉઠાડયો અને મને કહ્યું કે "પહેરેગીરો કોઇ સ્ત્રીને અત્રે લઇ આવ્યા છે, અને તે મરી ગયેલી હોય એમ જણાય છે." તેની આ વાત સાંભળી હું તુરતજ દરદીઓનાં ઓરડામાં ગયો. હું ત્યાં ગયો ત્યારે તમને એક બિછાના ઉપર સુવાડેલાં હતાં. મેં તમારી નાડી વિગેરે શરિરના બીજા અવયવોની તપાસ કરી તો માલમ પડયું કે તમોને મુર્છા થઇ હતી. આથી તમારે માટે બીજી કોઇપણ ધાસ્તી રાખવાનું કારણ મને હતું નહીં. મેં તુરતજ તમારા માથા ઉપર એક જાતની ઔષધી લગાડી, તમને બિછાનામાં રહેવા દઇ, હું પાછો ફર્યો. ત્યાર પછી જે બન્યું તે તમે જાણો છો.

"પણ મને અહીંઆ કયાંથી લાવવામાં આવી તેની તમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાંઇ ખબર છે? જો જાણતા હો તો મને કહો." ચંપાએ પુછ્યું.

"ના! હું તે વિષે કાંઇ જાણતો નથી. કદાચ અહીંઆના માણસોમાંથી જો કોઇ જાણતું હોય તો તેને પુછી જોઇએ." આમ કહી વૈદ્યરાજે ઔષધાલયના સઘળા માણસોને એકઠાં કીધાં પણ "પહેરેગીરો સોંપી ગયા છે" એટલા શિવાય બીજું કાંઇજ જાણતા નથી એમ તેઓએ કહ્યું.

ચંપા આથી ઘણી નિરાશ થઇ. વૈદ્યરાજને તેની ખબર કાઢવાને વિનતી કરી. વૈદ્યરાજને તો તેની આવી વાત બીલકુલ પસંદ નહોતી. પણ શું કરે? તે તેનાપર મોહિત થયો હતો. તેથી બાતમી મેળવવા હા પાડી. પાછું વૈદ્યરાજે ચંપાને પુછવા માંડયું. "પણ બાઇ! શું તમને કાંઇ યાદ આવતું નથી કે તમે આજની રાતમાં ક્યાં હતા? બેશુદ્ધ થવાનું તમને શું કારણ મળ્યું હતું? હું ધારૂં છું કે જો તમે યાદ કરશો તો જરૂર યાદ આવશે."

ચંપા તો સઘળી વાત સારી પેઠેમ જાણતી હતી. પણ તેને જંગલમાં કોણે બચાવી, તેને અહીં કોણે મોકલી વિગેરે બીજી વાતોજાણવી હતી. તેની એટલી તો ખાત્રી થઇ હતી કે આ વૈદ્યરાજને તો કાંઇ માલમ હતુંજ નહીં. ને વૈદ્યરાજમાં તે બાતમી મેળવવાનું પાણી પણ નહોતું. આથી તેણે વૈદ્યરાજને જવાબ દીધો કે:-હું ઘણુંએ યાદ કરૂં છું પણ મને તો કાંઇજ યાદ આવતું નથી.

"વારૂં! પણ તમે મને પુછ્યું કે હું કયા શેહેરમાં આવી છું. તેથી હું એમ ધારૂં છું કે તમે આ શેહેરના રહેવાશી તો નહીંજ હશો!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ના, જી! હું આ શેહેરની તો રહેવાશી નથીજ! પણ અહીંથી થોડે દૂર આવેલાં એક ગામડામાં રહું છું ને ત્યાંથી મથૂરા તરફ કાંઇ કામસર આવતી હતી. એટલામાં જંગલમાં લુંટારાઓએ મને પકડી. પછી તેટલામાં કોઇક પુરૂષ ત્યાં આવી પહોંચ્યો. અને તેણે તેઓને તલવારથી કાપવા માંડયા. આટલીજ વાત હું જાણું છું. પછી શું બન્યું, મને કોણે બચાવી, જંગલમાંથી અહીં સુધી કોણ લાવ્યું, તેની મને બીલકુલ ભ્રાંતિ નથી. હશે! હવે તે વાતની ખબર જાણવાથી પણ મને કાંઇ લાભ નથી. માટે મને હવે જવાની રજા આપશો. તમોએ મારાપર જે મેહેરબાની કરી છે તેથી હું તમારો આભાર માનું છું."

જવાની વાત સાંભળી વૈદ્યરાજ ગભરાયા. પોતાના સંકટમાં કેમ પાર પડવું તેના વિચારમાં પડયા. પછી **ચંપા** તરફ જોઇ કહેવા લાગ્યા કે:–બાઇ! આટલી ઉતાવળ શીદને કરો છો? ચાર આઠ દિવસ અત્રે રહો. હું તમોને ઔષધ આપીશ અને તેથી તમારી તબીયેત પણ સુધરશે. આ ઘર તમારૂંજ છે. કાંઈ ગભરાશો નહીં. આમ બોલતાં તેણે **ચં**પાના ગાલ ઉપર હાથ નાંખ્યો.

જેવો **ચં**પાના ગાલપર હાથ નાંખ્યો કે **ચં**પા તરત ત્યાંથી ઉઠી ચાલવા મંડી. તેને ચાલી જતી જોઇ વૈદ્યરાજે તેનો હાથ પકડયો અને તેને સમજાવવા લાગ્યો કે:–તમારા ગાલ ઉપર હાથ લગાડયાથી આટલા બધા ચિડાઈ શું કામ જાઓ છો? એ તો મેં મારો પ્રેમ તમને દેખાડવા સારૂં નિશાની કરી. વ્હાલી! હું તારાપર મોહ પામ્યો છું માટે મને ન તરછોડ! આમ બોલતાં વળી તેણે પોતાનો હાથ **ચં**પાના ગળામાં નાંખ્યો.

ચંપા પણ કાંઇ કાચીપોચી નહોતી. જેવો તેણે ગળામાં હાથ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાંખ્યો કે તેને તરછોડી નાંખ્યો અને વૈદ્યરાજના ગાલ ઉપર એક તમાચો મારી ચાલતી થઇ. વૈદ્યરાજ તેની પાછળ દોડયો અને તેને જોરથી પકડી પોતાના ઓરડામાં લાવ્યો. ઓરડામાં લાવી તેણે તેને બિછાનાપર નાંખી ને તેના ઉપર જુલમ ગુજારવા તૈયાર થયો.

આખરે તેણે બૂમો પાડવા માંડીઃ-બચાવો ! બચાવો ! વૈદ્યરાજ પોતાના નીચ કૃત્યમાં ફતેહ પામે તે પહેલાં તો એક કદાવર પુરૂષ તે ઓરડામાં ખુલ્લી તલવાર સાથે દાખલ થયો. તે પુરૂષને જોતાંજ વૈદ્યરાજ ત્યાંથી ન્હાસવા લાગ્યો. પણ પેલા પુરૂષે તેને ગળચીમાંથી પકડી એવા તો બે ચાર સપાટા લગાવી દીધા કે ત્યાંથી બહાર જવા પામ્યો નહીં.

આ આવનાર પુરૂષ બીજો કોઇજ નહીં પણ રાણો કંસ પોતે હતો. રાતના ચંપાને મોકલ્યા પછી તે ચંપાનું ચિંતવન કરતો હતો. તેથી તે સ્હવારના પહોરમાંજ તેની ખબર લેવા આવ્યો હતો. આવ્યા પછી તેણે દરદીના ઓરડામાં તપાસ કરી પણ તેને ખબર મળી કે તેને ઉપર લઇ જવામાં આવી છે. આ ખબર સાંભળી કંસ બીજા દરદીઓની ખબર લેતો હતો તેટલામાં "બચાવો ! બચાવોનો !" અવાજ તેને કાને પડયો. તેથી તે ઉપરના ઓરડા તરફ આવ્યો જ્યાં તેના હાથમાં વૈદ્યરાજ શિકાર થઇ પડયો. ચંપા આ રીતે બીજીવાર કંસના હાથે બચી. વૈદ્યરાજને માફી માંગવાથી તેને બીજી શીક્ષા ન કરતાં નોકરી પરથી બરતરફ કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૯ મું

ગુલછડીનો જય.

મધ્યાન્હના બે થયા હતા. મથુરાના મ્હેલમાંના એક ભપકાદાર દિવાનખાનામાં કંસ એક કિનખાબથી મઢેલી ગાદી ઉપર બેઠો હતો. તેણે આ વખતે ફક્ત સુરવાળ તથા પહેરણ પહેરેલાં હતાં, અને બેઠો બેઠો તે કોઇના આવવાની રાહ જોતો હતો.

એટલામાં ચંપા સુંદર વસ્ત્રોમાં સજ્જ થઇ રૂમઝુમ કરતી કંસના ઓરડામાં આવી. કંસે માન આપી તેને પોતાની પાસે બેસાડી અને તેની સુંદરતાનો વિચાર કરતાં મનમાં બોલ્યો:–ખરેખર ! આ પણ એક અપ્સરાજ છે. આ પણ ગુલછડીથી કાંઇ ઉતરે તેમ નથી. જો આ મારે તાબે થાય તો ગુલછડી ઉપરનો મારો લાગેલો મોહ કાંઇક ઓછો થાય ખરો. ગુલછડી અને આની સુંદરતા લગભગ સરખી છે. ફક્ત તેઓ બન્ને ઉમ્મરમાં નાની મોટી છે. ગુલછડી જ્યારે ચૌદ વર્ષની છે ત્યારે આ લગભગ સત્તર અઢાર વર્ષની છે. સઘળી રીતે સરખી છે તો પણ મને લાગે છે કે બન્નેના સ્વભાવમાં ઘણોજ ફરક હોવો જોઇએ. ગુલછડી જ્યારે નરમ હૃદયની અને શાણી છે ત્યારે આ તેનાથી ઉલટીજ વજ્ર હૃદયની અને છકેલી જણાય છે. તોપણ ગુલછડીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારેલા મારા હૃદયના ઘાને આ કાંઇક રૂઝાવી શકે એમ દેખાય છે. અફ્સોસ ! પણ ગુલછડી ! ત્યારે તું તો મારો ઘા રૂઝાવી નહીંજ શકે ને ? તું તો મને આમ દુઃખમાં ટવળાવ્યાંજ કરશે કે ? આજ બબ્બે દિવસ થવા આવ્યા પણ તેં તારાં દર્શન પણ મને કરાવ્યાં નથી. આથી મારી તો ખાત્રીજ છે કે ગુલછડી મારા પ્રેમને માન્ય નહીંજ કરશે. તે દિવસના બોલવા પરથી ખરેખર તે મારા પ્રેમને ધિઃક્કારે છે. આવા ધિઃક્કારેલા પ્રેમને તે શું પાછો કબુલ રાખસે ? ખચ્ચિતજ નહીં. તેના બોલવામાં તે દિવસે ઘણીજ ગંભિર્યતા દેખાતી હતી. તો પણ હજુ જુજ આશા રાખી શકાય ! તેણે જતી વખતે મને કહ્યું હતું કે મારી બનતી કોશીશે હું તમારો પ્રેમ કબુલ રાખીશ. પણ મને તો તે વાત અસંભવિત જણાય છે. તે દ્રઢ પ્રતિજ્ઞાવાળી છે એટલે પોતાનો જે પ્રેમ બીજાને સોંપવાનો વિચાર રાખ્યો છે તે મને કેમજ શોંપી શકશે ? હવે આશા છોડી દેવી જોઇએ. આ પણ એક અચ્છુ પુતળું હાથ લાગ્યું છે તો તેને ગુલછડીના ભરોસે બેસી રહી છોડી દેવું જોઇએ નહીં. એ પરણેલી હશે કે કુંવારી ? તે પહેલાં જાણવું જોઇએ. ન્યાત પણ જાણવી જરૂરની છે. કારણ કે નીચ તે નીચ ને ઉંચ તે ઉંચજ. આવા આવા અનેક વિચારો કરી તેણે ચંપાને કેટ-લાક પ્રશ્નો પુછવા શરૂ કર્યાઃ—

"ચંપા ! તું કોની પૂત્રી છે ? ત્હારી ન્યાત શી છે ? તું પરણેલી છે કે કુમારિકા ? તને જંગલમાંથી કોણ લઇ જતું હતું ? વિગેરે તારી જે કાંઇ હકીકત હોય તે ખુલાસાથી નિવેદન કર."

ચંપાને ક્યાં શીખવા જવું પડે તેમ હતું ? તેણે થોડીવાર વિચાર કરી એક નવી વાત શોધી કહાડી અને ફંસને એવી સરસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુક્તિથી સમજાવવા વિચાર કર્યો કે, તેના મનમાં એક વખત તો એમજ નક્કી થયું કે કંસ તેની આ વાતમાં બીલકુલ શક ઉત્પન્ન કરશે નહીં. પછી તેણે કહેવાનું શરૂ કર્યું:-

"રાણાજી ! તમે જ્યારે મારી હકીકત જાણવાને ઘણાજ આતુર છો. તો તે કહેવાને મને કાંઇ પણ અડચણ નથી. હું શૂરસેન દેશમાં આવેલા એક સરદારની પૂત્રિ છું. મારા પિતાને હું એકની એકજ પૂત્રિ હતી. નાનપણથીજ હું લાડમાં અને સુખમાં ઉછરી છું. ધીમે ધીમે હું મ્હોટી થતી ગઇ તેમ તેમ મારી સૌંદર્યતામાં વધારો થતો ગયો. જ્યારે હું યોગ્ય વયે પહોંચી ત્યારે ઘણા સરદારોનાં માંગા થવા લાગ્યાં. મારો પિતા મને પોતાની પાસેથી વેગળી કરવા ખુશી નહોતો. એક દિવસ હું અને મારો પિતા વાતો કરતાં બેઠાં હતાં એટલામાં એક જોશી રસ્તામાં ટ્હેલ નાંખતો અમારા ઘર આગળ આવી પહોંચ્યો. તેની બૂમ સાંભળી મેં મારા પિતાને નસિબ જેવડાવવા માટે બોલાવવા કહ્યું. તેણે આવી અમારા બન્નેનાં નસીબ જેયાં. અને કહ્યું કે "આ છોકરી કોઇ મોટા રાજા જોડે પરણશે. પણ તેને હજુ ઘણાં વર્ષ જોઇએ. આસરે અઢારમે વર્ષે આમ બને એવા યોગ છે. માટે તમે એને હાલ પરણાવતાં નહીં. તમારૂં નશીબ તો બહુજ કનિષ્ટ છે. આજથી એક માસમાં તમે આ દુનિયાં છોડી બીજી દુનિયામાં જશો." પોતાનું નસીબ આવું ખરાબ જેયું તેથી મારા પિતાએ તેને મારી કહાડી મુંકયો, અને મારા કહેલા નસીબને માટે પણ તે હસવા લાગ્યો. ત્યાર પછી મારા પિતાએ બીજેજ દિવસે મારાં લગ્ન કરવા સારૂ એક ખુબસુત યુવાનને શોધી કાઢયો અને તેની સાથે પોતાને ત્યાં રહેવાની સરત કરી. સઘળું નક્કી થયું પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને ખબર પડતાંજ મેં મારા પિતાને તેમ કરવા ના પાડી અને કહ્યું કે હું તો કોઈ રાજા સાથે પરણનાર છું. મારા પિતાએ મને એ વિચાર કાઢી નાંખવા ઘણી સમજાવી, પણ હું મારા નસીબને માન આપવાને રાહ જોતી બેઠી. એટલામાં બરોબર એક મહિને મારો પિતા નદીમાં ન્હાતો ન્હાતો ડુબી મરણ પામ્યો. જોશીએ પણ મારા પિતાના મરણને એક માસનીજ મુદ્દત કહી હતી. તેજ પ્રમાણે બનવાથી હું મારા ભવિષ્યને માટે વધારે ચુસ્ત રહેવા લાગી. ઘણા યુવાનો મને એકલી જાણી મારા ઘરની આસપાસ મધમાખી પેઠે ભટકવા લાગ્યા. પણ મેં મારા ઠરાવમાં બીલકુલ ફેરફાર કર્યો નહીં. આમ કરતાં કરતાં હું સત્તર વર્ષની થઇ. એવામાં ભોગ જોગે મારા નસીબમાં દુઃખ લખેલું, તેથી મારી સર્વ મતા ચોરાઇ ગઈ. હવે હું ગરીબ થઇ છું એવું જાણીને મારા મોહમાં પડેલા ભમરાઓએ પાછો ગુંજારવ કરવો ચાલુ રાખ્યો. આથી હું કંટાળી મારી મિલકતમાં ફક્ત જે એક ઘર રહ્યું હતું, તેને વેચી નાંખી, ગુપચુપ મેં મારો દેશ ત્યાગ કર્યો. તે દિવસથી અહીંથી થોડે દૂર આવેલા જંગલમાં હું આવી રહી. અહીં આવ્યા પછી મારી કચેરીમાંનો એક કાર્યભારી, એક દિવસ મારે ત્યાં પાણી પીવા આવ્યો. ત્યાર પછી જતાં આવતાં કંઇને કાંઈ બ્હાનું કાઢી તે મારે ત્યાં આવ્યા કરતો. ધીમે ધીમે તેણે પણ મારી સાથે લગ્ન કરવા મને બહુ સમજાવી; પણ હું તો એકજ ઠરાવ પર મક્કમ હતી. તેથી મેં તેને ફરીથી આ વાત કરવા ના કહી. આથી તે મારા પર ઘણોજ ગુસ્સે થયો અને ત્યાંથી મને જોર જુલમથી પોતાને ઘેર પકડી લઇ જવા લાગ્યો. પણ તેટલામાં તો તમે આવી મને બચાવી. આ પ્રમાણે મારી હકિકત છે. અને ત્યાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી જે જે બનાવો બન્યા તે તો તમને ખબરજ છે.."

કંસના મનમાં પણ ચંપાની કહેલી વાત ઉતરી ગઇ. તે મન સાથે વિચાર કરવા લાગ્યો કે "ખરેખર! જે ચંપાનું બ્રાહ્મણે નશિબ ભાખ્યું તે કદાચ મારે સારૂં તો નહીં હોય? હા! હા! તેમજ છે! જો તેમ ન હોત તો ચંપા આટલા વરસો સુધી કુમારી રહેજ શા સારૂ? તેમજ તેના ઘરમાં ચોરી થાય શાની? ને તે પોતાનો દેશ છોડી અત્રેના જંગલમાં આવી રહે પણ શાની? વળી અચાનક તે મને જંગલમાં મળી પણ કેમજ જાય? ખચ્ચિત! આ સઘળા બનાવો તે ભાખેલા ભવિષ્યને ખરા પાડવા માટેજ બનેલા હોવા જોઇએ! ખચ્ચિતજ હાલમાં તેને અઢાર વરસ થયાં છે અને તે મારા જેવા એક રાણાની રાણી થશેજ! પરમેશ્વરે આ રત્ન મારે માટેજ ઉત્પન્ન કરેલું હશે! નહીં તો તે મને આનાયાસે પ્રાપ્ત થાયજ કેમ? બસ! હવે વધારે ખાત્રિ ન કરતાં ચંપાને મારી મરજી જણાવી દઉં. હું ધારૂં છું કે, તે મારી ઇચ્છા જાણતાંજ જરૂર તેનો ખુશીથી સ્વિકાર કરશે." આવા આવા વિચારો કરી તે ચંપા પ્રત્યે બોલ્યોઃ- ચંપા! કોઇ રાણો ખુશીથી તારી સાથે લગ્ન કરે તો તું રાજી કે નહીં?

"શા માટે નહીં! જો તે ખુશીથી પરણવા માંગે અને મારી નજરમાં ખરેખરો લાયક અને મારા તરફ પ્રીતી ધરાવનારો માલમ પડે તો ખુશીથી તેની સાથે લગ્ન કરૂં; અને જે મારા ભાગ્યને માટે હું અભોમાનથી તથા મક્કમપણાથી આટલા વર્ષ લગી રાહ જોતી બેસી રહી, તેમાં મને ફતેહ પામેલી જોઇ આનંદ પામું."

"બસ! ત્યારે તું મને ઉત્તર આપ કે તું મને, મથૂરાના રાણાને પરણવા ખુશી છે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ વચન સાંભળતાંજ ચંપાના મ્હો ઉપર શ્યામતા આવી ગઇ. તે વિચારમાં પડી. શું હું વસુદેવ જેવા એક યુવાનને છોડી દઇ આની સાથે પરણું ? હા, હા, હવે તો એમજ કરવું પડશે. જ્યારે તેણે મારા પ્રેમને ધિઃક્કારી કાઢયો છે ત્યારે આ મારા પ્રેમને માંગે છે. જ્યારે તેણે મને દેશ નિકાલ કરી છે ત્યારે આ મને પોતાની રાણી કરી મ્હેલમાં રાખવા ઇચ્છે છે. તેમજ વળી તે એક નાના દેશનો રાજપૂત્ર છે જ્યારે આ ઇંદ્રને પણ હરાવનાર આખી દુનિયાનો રાજા છે. તેની સત્તા અને આની સત્તામાં આસમાન જમીનનો ફેર છે. બસ ! સઘળી રીતે એ મારે લાયક છે. તેમજ હવે જો આ વખત ગુમાવીશ તો ફરીથી આવો લાગ મળશે પણ નહીં. આતો માનથી પુજાઇશું અને રંગથી રમીશું. વળી વસુદેવ પર વેર લેવાનો પણ કોઇ દિવસ લાગ આવશે. આવા આવા વિચારો કરી તેણે કંસને ઉત્તર આપ્યોઃ—

" જો તમારી એવીજ ઇચ્છા છે તો હું આપના વિચારથી જુદી નથી. પણ તે પહેલાં મને વિચાર કરવાની જરૂર છે. તેથી ચાર દિવસની મને મુદ્દત આપવી, કે જેથી હું તે વિષે બરોબર વિચાર કરી શકું."

આવો ઉત્તર હજુ તે આપી રહી એટલામાંજ ગુલછડી કંસના ઓરડામાં દાખલ થઇ. ગુલછડીને જોતાંજ ચંપા ચમકી ગઇ. કંસ ખીશિયાણો પડી ગયો અને ચંપાને બીજા ઓરડામાં જવા કહ્યું.

ચંપા તુરતજ ત્યાંથી ઉઠી પોતાના ઓરડામાં ચાલી ગઇ. ચંપા તેને ઓળખતી નહોતી, પણ તેની સુંદરતા જોઇ તે ચમકી હતી. તેના મનમાં એવુંજ ભુત ભરાઈ ગયું કે તે મારા કરતાં વધારે સુંદર છે. તેથી કદાચ મ્હારાં થનારા લગ્નમાં વિઘ્ન લાવે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુલછડી આવી કે કંસે તેને માનથી આવકાર દઇ પોતાની પાસે બેસવા કહ્યું. આપણે જાણીએ છઇએ કે કંસ અને ગુલછડીમાં હવે શેઠ અને નોકરનું પ્રમાણ રહ્યું નથી; પણ એક મિત્રના જેવું પ્રમાણ થયું છે. ગુલછડી પણ કંસની આજ્ઞાને માન આપી તેનાથી થોડે વેગળે બેઠી અને કંસ સ્હામું એકકી નજરે તાકી તાકીને જોવા લાગી. આ વખતે તે જાણે કંસના મનમાં ભમતા વિચારોનું, તેના ચ્હેરા ઉપરથી અવલોકન કરતી હોય, એમ લાગતું હતું.

જ્યારે ગુલછડી આ પ્રમાણે તેના ચ્હેરા ઉપરથી અનેક વિચારો કરતી હતી ત્યારે કંસ નીચું મ્હોડું ઘાલી બાંડી આંખે તેને જોતો હતો. તે ગુલછડીને આવતી જોઇનેજ ખાશિયાણો પડી ગયો હતો. કોઇ બોલતું નહોતું. બન્ને જણા વિચારોમાં પડેલાં હતાં. બન્ને એકજ બાબત ઉપર વિચાર કરતાં હતાં. કંસ વિચાર કરતો હતો કેઃ— આ સઘળું એકકી વખતે કેમ બન્યું ? ખરેખર આમાં તો હુંજ મુર્ખ બન્યોછું. ગુલછડીનો હજી તો મેં હા નાનો જવાબ લીધો નહોતો ત્યાર પહેલાં મેં ચંપા સાથે વળી કયાં એ વાત કુહાડી? અધુરામાં પૂરૂં ગુલછડીએ અમને બન્ને જણને એક બીજા સાથે ખુશીથી હસતાં, વાત કરતાં દીઠાં. આથી ગુલછડીના મનમાં મારે માટે જરૂર ખરાબ વિચારો આવશે અને કદાચ જો તેણે પોતાનો વિચાર મારી સાથે પ્રેમથી જોડાવા રાખ્યો હશે તો પણ આ બનાવથી પાછો બદલશે.

જ્યારે કંસ આવા વિચારો કરતો હતો ત્યારે ગુલછડી વળી બીજાજ વિચારોમાં ગોથાં ખાતી હતી. તે વિચારતી હતી કેઃ— ખરખર ચંદ્રે મને જે કહ્યું હતું તેજ આખરે બનવા પામ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારા પહેલાં ચંપા તેને મળી ચુકી છે એ તો અત્યારે સિધ્ધ થઇ ચુકયું છે. તેની તથા કંસની ચાલ ચલણ પ્રમાણે જરૂર તેઓએ એક બીજા સાથે જોડાવાનું નકકી કર્યું હશે. અથવા કદાચ તેમ થઇ પણ ગયું હોય! તે સુંદરતામાં મારા કરતાં ઉતરે તેમ પણ નથી અને વળી તેની હોંશિયારીથી તેણે કંસને પોતાનો કરી પણ લીધો હશે. હવે મારા શા હાલ થશે તેની મને કાંઇ સમજણ પડતી નથી. કંસ મારો સ્વિકાર કરશે કે કેમ તે પણ હવે કહી શકાતું નથી

આ પ્રમાણે બન્ને જણ વિચારમાં બેઠાં હતાં. કેટલીક વાર સુધી એમાંથી કોઇએ પણ બોલવા હિમ્મત કરી નહીં. અન્તે કંસ બોલ્યોઃ–

"ગુલછડી! ગુલાબી ગુલાબ! મારા હૃદયના રત્ન! તમે મારા પર આટલાં ગુસ્સે કેમ થયા છો? મેં તમારૂં એવું તે શું બગાડયું છે કે આજ બેબે દિવસે દર્શન આપવાં આવ્યાં છતાં, તમે મને બીલકુલ બોલાવતાં સરખાં પણ નથી? ગુલાબ! બોલો! જરા તો બોલો! તમારી મધુર વાણીથી આ હુંફાયલા અંતઃકરણને જરા તો શાન્ત કરો!"

હજુ પણ કંસ તેને માનથી બોલાવે છે એવું જાણીને ગુલછડીમાં કાંઇક હિમ્મત આવી. તેથી તે કાંઇક મનમાં ખુશી થતી બોલીઃ– રાણાજી! તમે મારા પર ખોટો આરોપ મુકો છો. મેં તમને બે દિવસ થયાં દર્શન ન દીધાં તો તમે જરા મારી ભાળ કાઢવાની પણ તસ્દી લીધીછે? જો તમારો પ્રેમ મારા પર સાચો હોત તો જરૂર તમે તેમ કીધુંજ હોત! પણ હશે! મેં દર્શન ન કીધાં તો રહ્યું, પણ પેલી ચતુરી ચંપાએ તો તમને મારે બદલે દર્શન દીધાં છેને? તેનાં દર્શન થયાં એટલે પછી મારાં દર્શન થાઓ કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન થાઓ તેની તમને ઓછીજ દરકાર હતી. જો દરકાર હોતતો મારી ખબર કહાવ્યા વગર રહેત ખરા કે ? પણ ! રાણાજી ! યાદ રાખજો કે જો તમે એ ચંપા ધુતારીના મોહમાં એકવાર ફસાઇ ચુકયા તો પછી તેમાંથી છુટવાની બારી નથી. તે લુચ્ચી, ઠગારી, વિશ્વાસઘાતિની, અભિમાની અને છકેલી છે. માટે તેની સાથે કાંઇ પણ પ્રસંગ પાડો તો જોઇ વિચારીને પાડજો. નહીંતો તમારા જાન માલની સલામતી માટે બહુ ભારી થઇ પડશે. તમે તેને જંગલમાંથી બચાવી તે તો તમે ખરેખર એક તમારી ફરજ અદા કીધી છે પણ હવે તેનાથી દૂર રહેવું સારૂં છે. મારી કાંઇ તે દુશ્મન નથી પણ તમારા ઉપરના મારા પ્રેમને લીધે ચેતાવું છું.

આથી કંસ વિસ્મય થયો. જંગલમાંથી મેં ચંપાને બચાવી એ ગુલછડીએ કેમ જાણ્યું ? તે છતાં વળી જાણે તે ચંપા વિષે ઘણીજ માહિતગાર હોય તેમ તેના કહેલા શબ્દો ઉપરથી માલમ પડે છે. માટે લાવ ! એ જો એની ખરી હકીકત જાણતી હોય તો પુછી જોઉં. આવા વિચારો કરી તે પુછવા લાગ્યો:–

" ગુલછડી! તારા મર્મભેદક શબ્દો ઉપરથી મારે શું અર્થ કરવો તેની મને કાંઇ સમજણ પડતી નથી. મને લાગે છે કે તું કાંઇ ચંપાની ખરી હકીકત જાણતી હોવી જોઇએ. જો જાણતી હોય તો હું ધારૂં છું કે તે કહેવાને તું કાંઈ વાંધો લેશે નહીં."

" રાણાજી ! તમે કહો છો તે વાત કાંઇક સત્ય છે. છતાં પણ મારે જણાવવું જોઇએ કે મેં કોઇ દિવસ ચંપાને નજરે પણ જોઇ નથી. પછી ઓળખતી તો કયાંથીજ હોઉ. મેં એને વિષે જે કાંઇક થોડું સાંભળ્યું છે તે ઉપરથી એ સારી ચાલની નથી એટલું તો હું ખાત્રીથી કહું છું."

" તું જે કાંઈ જાણતી હોય તે તો કહે ! " કંસ બોલ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હાલમાં તે જાણવાથી કાંઇ ફળ નથી, તેમજ ન જાણુવાથી કાંઇ ગેરલાભ નથી. સમયે સૌ જણાઇ રહેશે. તમને જે કાંઇ કહેવું પડયું છે તે ફક્ત તમારા હિત્તને અર્થેજ છે. તમારે જે જાણવાનું તે એટલુંજ કે એની પડખે રહેવામાં લાભને બદલે ગેરલાભજ છે. માટે એનાથી જેટલા બને તેટલા સાવચેત રહેજો. ચાલો, હવે હું રજા લઇશ."

"રજા લઇશ! એટલે? ત્યારે તું આવીજ શું કરવા? આજ બે દિવસે તો તું આવી છે, તો સાંજ સુધી બેસી મારા જીવને જરા આનંદ તો આપ. પણ વારૂં! તેં કાંઇ તારા વિચારમાં ફેરફાર કર્યા કે નહીં? હું તારે માટે ટવળું છું પણ તે તારી ગણત્રિમાં નથી. વ્હાલી! જરા મારી તરફ નજર તો કર! તું જોશે કે હું તારાપર કેટલો પ્રેમ રાખું છું."

"મેં મારો વિચાર ફેરવ્યોજ હતો. તેની જાણ કરવા સારૂંજ હું અત્રે આવી હતી. પણ જે બનાવ અત્રે જોયો તે પછી મારે મારો વિચાર પાછો બદલવો પડયો છે. હજુ મારે તમારે વાત થયા ને તો ત્રણ દિવસ પૂરા થયા નથી તેટલામાં તો એક બીજું રત્ન તમે લઇ આવ્યા અને તેમાં લીન પણ થઇ ગયા. છતાં પાછી મને પણ ફાંદામાં ફસાવવા ચુકતા નથી. હાલમાં તમારા મનમાં ચંપાએ વાસો કર્યો છે તેથી તેને દૂર કરી મારે વાસો કરવો એ ઠીક નહીં." ગુલછડી કંસ તરફ એક નયન મારતી બોલી.

"વ્હેમનું કદી ઓસડ છેજ નહીં. તારામાં વ્હેમે વાસો કર્યો છે અને તેથી હું તે દૂર કરી શકું એમ નથી. હું તને ખાત્રીથી કહું છું કે કંસ જો આટલા માનથી અને નમ્રતાથી વર્ત્યો હોય તો તે ફક્ત તારી સાથેજ! પ્રતિજ્ઞાથી કહું છું કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તારી સાથે લગ્ન ગાંઠથી જોડાયા પછી હું કોઇપણ પારકી સ્ત્રીને ફક્ત મા બ્હેનની નજરેજ જોઇશ. હું તારી રજા વગર મારી રાણીઓ શિવાય બીજી કોઇપણ સ્ત્રી સાથે અનીતિ કે લગ્ન કરીશ નહીં. આનાથી બીજી કોઇપણ વધારે સારી ખાત્રી આપવાને હું હાલ અશક્ત છું. જો તારામાં દયાનો જરાપણ અંશ હોય, જો તને મારાપર કોઇપણ જાતનો પ્રેમ ઉપજતો હોય, જો તને મારા પર જરાપણ વિશ્વાસ આવતો હોય, અને જો તું મને સુખીજ કરવા ઇચ્છતી હોય, તો મારા હૈયાના હાર. મારા આંખોના તારા, મારી આટલી માંગણી કબુલ કરો ! મારા બળતા હૈયાને શાન્તિ આપો ! હું તારા પ્રેમાગ્નિથી બળી જાઉં છું અને તેને હોલવવાને ફક્ત એક તુંજ મારી વ્હાલી છે." આમ બોલતાં બોલતાં કંસ ગુલછડીને ગળે વળગી પડયો.

તેના આ સંભાષણથી ગુલછડીનું હૃદય ભિંજાયું. તેના હૃદયમાં કંસને માટે લાગણી ઉત્પન્ન થઇ. કંસના બન્ને હાથનો સ્પર્શ ગળા ઉપર થવાથી તેના હૃદયમાં પ્રેમ પ્રવાહ શરૂ થયો અને ગુલછડીને તેના ઉપર દયા આવી ગઇ. તુરતજ તેણે કંસના બન્ને હાથ પોતાના ગળામાંથી કાઢી નાંખ્યા અને તેના તપેલા હૃદયને શાંત કરવાને તુરતજ તેણે કંસની અરજ કબુલ રાખી. તેને પોતાના ખોળામાં સુવાડયો.

બન્ને જણ ખુશી થયાં. કંસ તો ઘણો આનંદ પામ્યો અને ગુલછડી પાછળ ગાંડો ઘેલો થઇ રહ્યો. બન્ને જણાએ તેજ ઘડીએ અને તેજ પળે ઇશ્વર, સૂર્ય અને પૃથ્વિની સાક્ષીએ પ્રતિજ્ઞા લઈ, પોતે પતિ પત્નિ પેઠે રહેવાને એક બીજા સાથે વચનથી બંધાયાં. તેઓ લગ્ન ગાંઠથી જોડાયાં. હવે તેઓનો ઘણા દિવસનો સ્ફુરેલો પ્રેમાગ્નિ શાંત કરવા દ્યો !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૦ મું.

ધુતારીનો પરાજય.

કંસના કહેવાથી ચંપા બીજા ઓરડામાં તો ગઇ પણ તેને ગમ્યું નહીં. તે પસ્તાવો કરવા લાગી. મનને કહેવા લાગી કેઃ- ચાર દિવસની મુદ્દત માંગવામાં મ્હોટી ભૂલ કરી છે. મેં વારંવાર લોકોને મોઢે સાંભળ્યું છે કે, કંસ આજે બોલે ને કાલે ફરી જાય એવો રાજા છે. છતાં તે વાત ઉપર ધ્યાન ન આપતાં હજુ પણ વધારે માન મેળવવાની લાલચે મેં મુદ્દત માંગી. ખરેખર! કહેવત છે કે "અતીશય લોભ તે પાપનું મૂળ." કંસ તરફથી મને ઓછું માન મળ્યું હતું કે હજુ વધારે માન મેળવવાનો મને લોભ થઇ આવ્યો? હવે તો જે થાય તે ખરૂં! મેં મારે હાથેજ પગમાં કુહાડો માર્યો છે. તો પછી પસ્તાવો કરવો તે મૂર્ખતાજ કહેવાય. પ્રત્યેક વાત કરતાં પહેલાં વિચાર કરવો જોઇએ. તેમ મેં કર્યું નથી. હવે તો જે બને તે ખમવુંજ જોઇએ. મારી તો ખાત્રિજ છે કે પાછું ચોકઠું બેસવું મુશ્કેલ છે. હજુ પણ પેલી હરામખોર છોકરીએ મને જોઇ ન હોત તો જરૂર હું કંસને તાબે કરવામાં ફાવત. પણ તેના ચ્હેરા ઉપરથી હું તો વર્તિજ ગઇ છું કે મારા આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામમાં તે જરૂર કાંઇને કાંઇ વાંધો લાવશે. હજાર રીતે કંસને મારે માટે તે ભરમાવશે. જોકે તે મને દીઠે ઓળખતી નથી છતાં પણ હું ધારૂં છું કે ચંદ્રે એને મારે માટે કાંઇ વાત કરી હોય, અને તેથી તે મારૂં નામ જાણતાંજ મને ઓળખી કાઢી કંસને બધી વાત કહી દે. જો તેમ બન્યું તો તો જરૂર મારૂં આવીજ બન્યું. મારા ધારવા પ્રમાણે તો હું મારા કામમાં ફાવીશ નહીં. આવા આવા વિચારો કરી તે પસ્તાવો કરતી બેઠી હતી. તેટલામાં તેના ઓરડાનાં બારણાં આગળથી એક પુરૂષ પસાર થતો તેણે દીઠો. પુરૂષને જોતાંજ ચંપા ચમકી તુરતજ પોતાની જગાએથી ઉઠી ઓરડા બ્હાર નિકળી અને તે પુરૂષને ધારી ધારીને પાછળથી જોવા લાગી. તેને એક કંપારી છુટી. પેલો પુરૂષ એક ઓરડામાં પેઠો. તેને ઓરડામાં જતો જોઈ ચંપા પોતાના ઓરડામાં પાછી ફરી નિશ્વાસ નાંખતી પોતાની જગ્યાએ બેઠી. પછી તે કાંઇક બબડવા લાગી. તે આ વખતે ઘણીજ ઉશ્કેરાઇ ગઇ અને એકદમ બોલી ઉઠી:– ખચ્ચિત ! તે તેજ છે ! અન્તે તે મારા હાથમાં સપડાયો ખરો ! બસ ! હવે તો વેરને વેરજ ! તેણે મને કાંઇ ઓછું અપમાન આપ્યું નથી! મારી આ દશા થવાનું કારણ પણ તેજ છે! ચંદ્રના દુઃખનું કારણ પણ તેજ છે. બસ ! હવે તો તેનું ખુન ! ખુનને ખુન ! તેનો દિવસ હવે ઘેરાયો છે ! જો તેમ નહોત તો તે મને હમણાં આ મ્હેલમાં દેખાતજ શાનો ! આજ રાત્રિએજ તેનો ઘાટ ઘડવો ઠીક પડશે! જો આજની રાત્રિ વીતી ગઈ તો પછી સઘળી બાજી ધુળમાં મળી જશે ! આવાં આવાં વિચારોમાં તેણે ભોજન પણ કર્યું નહીં. તેનાં મનમાં એકજ વિચારે ઘર કર્યું હતું અને તે તેણે દીઠેલા પુરૂષનું ખુન કરવાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતું. એટલામાં અગિયારના ઘંટા ઠોકાયા. આ સમયે સર્વ કોઈ ભર નિદ્રામાં પડેલાં હતાં! આખો મ્હેલ સુન્યકાર જેવો થઈ રહ્યો હતો! ફક્ત કંસ અને ગુલછડીજ જાગતા હતા. તેઓની આજ લગ્નની પહેલીજ રાત્રિ હતી અને તેથી મદનમસ્ત થઇ તેઓ રંગ-રસમાં ભિંજાઇ આનંદ કરતાં હતાં. કંસને ચંપાની વાત જાણવાની ઘણીજ ઉત્કંઠા હતી તેથી તેણે ગુલછડીને સમજાવી તે વાત કહાવવા માંડી. ગુલછડીએ પણ હવે વાત કહેવામાં વાંધો લીધો નહીં. પોતાની સઘળી જાણેલી વાત સંભળાવી છેલ્લે તે બોલીઃ- રાણાજી! મને ખાત્રિ છે કે વસુદેવનું અવશ્ય ખુન થશે! તમારે તેને માટે સ્હવારના પહોરમાંજ કોઇ ન જાણે તેમ સઘળી છુપી ગોઠવણો કરવી. તે હજુ પોતાની વાત કહેતીજ હતી એટલામાં તેઓને કાને બારણાં ખખડવાનો અવાજ આવ્યો. ગુલછડીના મનમાં વસુદેવના ખુનને માટે ધાસ્તિ હતીજ! તેથી તેણે તુરત કંસને ઓરડા બ્હાર ખખડાટ થવાનાં કારણની તપાસ કરવા કહ્યું. ગુલછડીના કહેવાથી કંસ ઉઠયો અને બારણાં તરફ ગયો. ગુલછડી પણ તેની પાછળ ગઇ. બન્નેં જણ પોતાના ઓરડામાંથી બ્હાર ચાલમાં આવ્યાં. આજુબાજુ નજર કરતાં તેઓને જણાયું કે એક બે પગો યુવાન છેક નાકેના ઓરડામાં દાખલ થયો. આ બનાવ જોઇ ગુલ-છડીએ કંસને પુછ્યુંઃ- કેમ રાણાજી! શું વિચાર કરો છો? તે ઓરડામાં કોણ પેઠું? તે ઓરડામાં કોણ સુએ છે તે તમે જાણો છો? આ શબ્દો ગુલછડી એવી તો ગાંભિર્યતાથી બોલી કે જેથી કંસ પણ ગભરાયો. તે બોલ્યોઃ-ગુલછડી! તેમાં કોણ પેઠું તે તો હું કહી શકતો નથી પણ તે ઓરડામાં વસુદેવ સુએ છે તે તો હું ખાત્રિથી જાણું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કોણ ? વસુદેવ તે ઓરડામાં સુએ છે ? જરૂર ત્યારે તો તે ઓરડામાં દાખલ થનાર ચંપાજ હોવી જોઇએ. મેં તમને હમણાંજ કહ્યું હતું કે વસુદેવના ખુનને માટે મને ધાસ્તિ છે માટે ચાલો આપણે તેને બચાવીએ."

કંસને ગુલછડીના કહેવામાં કાંઇક સત્ય જણાયું તેથી તેઓ બન્ને છુપાતાં ધીમેથી તે ઓરડા તરફ ચાલ્યાં. જતાં જતાં તેઓને વળી વચમાં એક બીજો ઓરડો પણ ઉઘાડો દેખાયો. આથી તેઓ આગળ ન જતાં તે ઓરડામાં પેઠા. તે ઓરડામાં જતાંજ તેઓને જણાયું કે આ ઓરડો તો ચંપાને સુવા માટે આજે આપવામાં આવ્યો હતો. તેઓએ ઓરડામાં ઘણીજ બારીક નજરે જોવા માંડયું પણ કાંઇજ નવું જાણવામાં આવ્યું નહીં. પણ એટલામાં ગુલછડીની નજર બિછાના ઉપર પડેલા એક કાગળ ઉપર પડી. તેણે તુરતજ તે કાગળ ઉખેડી કંસને આપ્યો. કંસે તે દીવા પાસે જઈ વાંચ્યો અને તેમાં લખેલા છેલ્લાં અક્ષરો તેણે ગુલછડીને કહ્યા. તે અક્ષરો આ પ્રમાણે હતા. "જો વસુદેવનું ખુન કરતાં તેના હાથથી મારૂં મૃત્યું થાય, તો હું તેને નિર્દોષ ઠરાવુંછું; અને રાણાજીને આ પત્રથી જણાવુંછું કે તેને કાંઈ પણ સજા ન કરતાં છોડી દેવો." આ શબ્દો સાંભળી ગુલછડી ગભરાઇ ગઈ અને જલદીથી કંસનો હાથ પકડી વસુદેવના ઓરડા તરફ ચાલવા લાગી.

તેઓ બન્ને વસુદેવના ઓરડા આગળ આવી પહોંચ્યા. કંસે બારણાથી થોડે દૂર ઉભા રહી કાંઈ સંભળાય તો સાંભળવા ઉભો રહ્યો. પણ ગુલછડીથી થોભાયું નહીં. તેણે તરતજ બારણાને હડસેલો માર્યો. બારણાને અંદરથી સાંકળ દીધેલી ન હોવાથી તુરતજ બારણું ઉઘડી ગયું. બારણું ઉઘડતાં જોઇ પોતાની તલવાર આગળ ધરી કંસ ઓરડામાં પેઠો. ઓરડામાં પેસતાંજ તેણે પહેલીજ નજરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંપાને **વસુદેવના** બિછાના પાસે હથિયાર સાથે ઉભેલી દીઠી. **ચંપાની** પુઠ હોવાથી **કંસે** એક કુદકો મારી તેના હાથમાંનું હથિયાર છીનવી લીધું અને ગરદનમાંથી પકડી તેને ઓરડા બહાર લઇ ગયો. ગુલછડીએ જોઇ લીધું કે અહીં **વસુદેવજ** સુતેલા છે અને તે પૂર નિંદ્રામાં છે. બન્ને જણ **ચંપાને** પકડીને પાછા પોતાના ઓરડામાં આવ્યા. **વસુદેવને** આ વાતની કાંઇજ ખબર પડી નહીં.

ચંપાને ઓરડામાં લાવી, તેના હાથ પગ બાંધી, **કંસે** તેની તપાસ ચલાવવી શરૂ કરી. તપાસમાં **ચંપાએ** પોતાના ગુન્હાનો ઇનકાર કર્યો ને પોતાને નિર્દોષ જાહેર કરી. ગુલછડીએ જે વાત **કંસને** કહી હતી તેનો પણ તે ઇનકાર કરવા લાગી. **કંસને** **વસુદેવની** જુબાનીની અગત્ય જણાઈ. તુરતજ તે **વસુદેવના** ઓરડામાં ગયો અને તેને સાથે લઈ પાછો ફર્યો.

વસુદેવે ગુલછડીની કહેલી વાતને મળતીજ વાત કહી. તેણે કહ્યું કે મેં એનાં ખરાબ કર્તૂકને માટે દેશનિકાલની શિક્ષા કરી હતી. **કંસને** હવે પૂરી ખાત્રી થઈ ચુકી. તુરતજ તેણે **ચંપાને** ફાંસી દેવાની આજ્ઞા કરી. પણ **વસુદેવને** તે પસંદ પડયું નહીં. તેણે **કંસને** તે આજ્ઞા રદ કરી છોડી દેવા કહ્યું. **વસુદેવના** ઘણા આગ્રહ પછી **કંસે** પોતાની આજ્ઞા રદ કરી તેને છોડી મુકવા કહ્યું અને **વસુદેવને** તેના બંધ કાઢી નાંખવા અરજ કરી.

આ ચુકાદાથી ગુલછડી ઘણીજ નાખુશ થઈ. તેણે **ચંદ્રને** વચન આપ્યું હતું અને તેથી **ચંપા** મરવીજ જોઇએ. આથી તેણે પાછો **કંસને** ઉશ્કરવા માંડયો અને કહ્યું કેઃ—એનાપર દયા કરવી ઠીક નથી. એને જીવતી રાખવામાં કોઇપણ રીતે આપણે કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
બીજાને હાનીજ છે. માટે એ મરવીજ જોઇએ.

એટલામાં એક જુદોજ બનાવ બન્યો. કંસની આજ્ઞાથી વસુદેવ ચંપાના બંધ છોડતો હતો તેવામાં તેના લુગડામાંથી એક અણીદાર હથિઆર ભોંય ઉપર પડ્યું. તેનો અવાજ થતાંજ વસુદેવ ચમક્યો, અને ત્યાંથી થોડો દૂર ખસી ગયો. કંસને પણ દૂરથી હથિયાર પડેલું જણાયું. એટલામાં તો ચંપાએ તે હથિયાર પોતાના હાથમાં લઈ, પગના બંધ જે છોડવાના બાકી હતા તેને કાપી નાંખ્યા, અને તેજ હથિયાર હાથમાં મજબુત પકડી વસુદેવ તરફ દોડી.

વસુદેવ તો હથિયાર રહિત હતો તેથી તે તો ઓરડા બહાર નિકળી ન્હાસવા લાગ્યો. ચંપા પણ તેની પાછળ દોડી. ગુલછડી ગભરાઇ ગઇ અને તેણે ધાર્યું કે વસુદેવ હવે જરૂર ચંપાનો ભોગ થઈ પડવાનોજ.

કંસ અને ગુલછડી પણ હથિયાર લઇ તેઓની પાછળ દોડ્યા. વસુદેવ દોડતો દોડતો પોતાના ઓરડામાં ભરાયો અને માંહેથી બારણાં બંધ કરવા લાગ્યો. તે બારણાંને સાંકળ દે તે પહેલાં તો ચંપા ત્યાં આવી પહોંચી અને એવા તો જોરથી બારણાંને ધક્કો માર્યો કે તુરતજ ઉઘડી ગયાં. વસુદેવ ઓરડામાં ગોળ ચક્કર ફરવા લાગ્યો, અને લાગ જોઇ પાછો ઓરડા બહાર નિકળવા ગયો. પણ ઉમરાની અડફટમાં આવી જવાથી બારણા બહાર ભોંય ઉપર લાંબો થઇ પડ્યો.

તેને પડી ગયેલો જોઈ ચંપાને એવડી હિમ્મત આવી અને બારણાં બહાર આવી તેની ગરદનપર પોતાનું હથિયાર ફેરવવા તૈયાર થઈ. પણ જેને રામ રાખનાર છે તેને કોણ મારી શકનાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. તે જેવી વસુદેવને મારવા ગઇ કે તુરતજ કંસે પાછળથી આવી તેનું ડોકું ધડથી જુદું પાડી નાંખ્યું. આથી ગુલછડીએ તથા વસુદેવે એક ખુશીનો પોકાર કર્યો. ચંપાના શબને તુરતજ ત્યાંથી દૂર કરાવી અગ્નિ દાહ માટે પરવાનગી આપી. આ પછી વસુદેવ પણ કંસની રજામેળવી, દેવકીને ધીરજ આપી, તેની માતાનો શોક દૂર કરવા કહી, તેની ખુશીથી પરવાનગી લઈ પોતાને દેશ ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૧ મું

આકાશ વાણી.

સંધ્યા સમય થવા આવ્યો હતો. ફુલો ખીલી રહ્યાં હતાં સંધ્યાના રાતાં વાદળથી દિશાઓ સિંદુરીયા જણાતી હતી. સીમમાંથી ખેડુતો ગામ તરફ પાછા આવતા હતા. પક્ષિઓના કોલાહલથી વાડી વજીફા ગાજી રહ્યાં હતાં. પવનની લ્હેરી લેતાં મનુષ્યો લેહેરમાં ને લેહેરમાં બાગ બગિચાઓમાં આમતેમ ફરતાં હતાં. કેટલાકો પોતાની પ્રિયા તથા પ્રિયતમની શોધમાં સુર્યાસ્ત થવાની વાટ જોતાં હતાં. આ વખતે મથુરાના રાજ્ય મ્હેલના બગિચામાં જ્યાં ફુવારાઓ ઉડી રહ્યા હતા, ગુલાબ, મોગરા વિગેરે જાતિનાં ફૂલો ખીલી રહ્યાં હતા, ત્યાં ઠંડી લહેરી લેતી, ફુલોની સુવાસ લેતી, ઠમકતી ચાલે ચાલતી, રંભા કે મેનકા જેવી અપ્સરાના રૂપને લજાવે એવી, કેડે હાથ દઇ, પોતાની સખીઓ સાથે હાસ્ય વિનોદ કરતી એક રાજકન્યા બગિચામાં ફરતી હતી. બહુ ઉંચી નહીં, બહુ નીચી નહીં, જાડી નહીં તેમ પાતળી નહીં, એવી એટલે તે ખરેખરી સુંદરી હતી. તેના ગાલ દુધ જેવા સફેદ હતા. શરદ પુર્ણિમાના ચંદ્ર જેવું ગોળ મટોળ તેનું તેજસ્વી મુખ હતું. તેલની ધાર જેવું તેનું નાક હતું. તેનાં નેત્રો ઘણાંજ ચકોર હતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેણે પોતાના તેજસ્વી વિશાળ કપાળમાં કુંકુંમનો ચાંલ્લો કરેલો હતો. તેના ચ્હેરાપર યૌવનની છટા અને રાગ જણાતાં હતાં. તેના હોઠ પરવાળા જેવા લાલ હતા. અને જ્યારે તે હસતી ત્યારે રાતા અધરમાંથી મોતીની હાર જેવા તેનાં દાંતની પકિતીઓ દેખાતી હતી. તેનો કંઠ પાતળો અને છાતીનો ભાગ ઉપડતો તથા ભરાવાદાર હતો. તેની ચાલ હાથણી જેવી મંદ અને લીલાયુક્ત હતી. તેનો ચોટલો નાગની ફેણી જેવો કાળો અને પુંઠ સુધી પહોંચતો હતો. તેણે લીલું અંબર પેહેરેલું હતું.

આ પ્રમાણે ઘુઘરીઓવાળા ઝાંઝરે રૂમઝુમ રૂમઝુમ કરતી તે અત્યારે રાજમ્હેલનાં બાગમાંજ પોતાની સખીઓ સહિત ફરતી હતી. બાગમાં ફરતાં એક ઘડી પણ નહીં થઇ હોય એટલામાં બે પુરૂષો રાજ્ય મ્હેલનાં આગલા ખંડમાં આવ્યા અને બારીએ ઉભા રહી આ કુમારિકા તરફ તિક્ષણ દ્રષ્ટિએ જોવાં લાગ્યાં.

આ બે પુરૂષોમાં એક શરિરે કદાવર અને મદમાં છાકેલો પોતાની મુંછોને આમળા દેતો ઉભો હતો. જ્યારે બીજો વૃદ્ધ અને શોકથી દુર્બલ થઈ ગયેલો દેખાતો હતો. તેઓ થોડીવારે તે કુમારિકા તરફ જોતા, થોડીવાર કાંઇ વાતો કરતાં, થોડીવાર તેઓ કાંઇ ઉંડા વિચારમાં પડી જતાં, આ પ્રમાણે મ્હેલની બારીમાં ઉભા ઉભા કાંઇક વિચાર કરતાં હતાં. ચાલો હવે તેઓ શું વાત કરતા હતા તે આપણે તપાસિયે.

આ બે માણસોમાંનો એક **મથૂરાપૂરીનો** રાણો **કંસ** હતો. જ્યારે બીજો તેનોજ પિતા, અને **મથૂરાપૂરીનો** પદભ્રષ્ટ થયલો રાજા **ઉગ્રસેન** હતો. જ્યારે તેઓએ બાગમાં ફરતી પેલી કુમારિકા કે જેનું નામ દેવકી હતું ને જે કંસના કાકાની દીકરી, બ્હેન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થતી હતી, તેને જોઇ ત્યારે ઉગ્રસેન કહેવા લાગ્યો કે:- હે કંસ! આ તારી બ્હેન દેવકી હવે મોટી અને પરણવા યોગ્ય થઇ છે, માટે એનાં કોઇ સારી જગ્યાએ લગ્ન થવાં જોઇએ. તારી શી મરજી છે? કંસે વિચાર કરી જવાબ આપ્યો કે:-પિતાજી! વાત તો ખરી છે. બ્હેન હવે લગ્ન યોગ્ય થઇ છે, એને માટે કોઇ સારો વર શોધવાની તજવીજ કરાવીએ.

આ વાત ચાલતી હતી એટલામાં સર્વ યાદવોએ સ્થાપેલા ઉત્તમ, શૂરની ઇચ્છાવડે પ્રમાણિક માટે પુરોહિત સ્થાપેલા ગર્ગાચાર્ય સુંદર રાજ્ય મહેલ પ્રત્યે, જ્યાં ઉગ્રસેન અને કંસ વાતો કરતા હતા ત્યાં આવ્યા. ઉગ્રસેન અને કંસે પણ મુનિ ગર્ગાચાર્યને જોઇ પ્રણામ કરી, સુંદર આસન ઉપર બેસાડી, સ્તુતિ અને પ્રદિક્ષણા કરી, પોતે પણ તેની પાસે પડેલાં આસન ઉપર બેઠા.

ગર્ગમુનિએ પણ તેઓને આશિર્વાદ આપી સર્વનું કુશળ પુછ્યું. ત્યારે કંસ બોલ્યો કે:-- હે મુનિ! મારી બ્હેન લગ્ન યોગ્ય થઇ છે, માટે મારો અને પિતાજીનો વિચાર હવે એનાં લગ્ન કરવાનો છે, પણ કોઇ દેવકીને યોગ્ય પતિ મળતો નથી. માટે આપ કૃપા કરી બતાવો.

વસુદેવ દેશ જતી વખતે ગર્ગાચાર્યને મળ્યો હતો અને પોતાનાં ગાંધર્વ વિવાહ સંબંધી વાત તેણે મુનિને કહી હતી. તેમજ ગર્ગાચાર્યે પણ એ કામમાં કંસને સમજાવવા માથે લીધું હતું; પણ હજી સુધી કાંઇ લાગ ન મળવાથી મુનિ કંસને વાત કહી શકયા નહોતા. તેથી તેણે ધાર્યું કે હવે શામાટે લાગ ખોવો? ફરીથી આવો પ્રસંગ આવશે નહીં. આવો વિચાર કરી મુનિ કંસ પ્રત્યે કહેવા લાગ્યા કે:-હે ઇંદ્રના સિંહાસનપર બેસવાવાળા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કંસ ! હાલમાંતો રાજાઓમાં **શૂરસેનના** પૂત્ર **વસુદેવ** શિવાય બીજો કોઇ પતિ દેવકીને યોગ્ય નથીં, માટે તમારી બ્હેનને **વસુદેવ** સાથે પરણાવવી.

ઉગ્રસેન તથા કંસે પણ વિચાર કરી, ગર્ગમુનિના વચનપર શ્રદ્ધા રાખી, દેવકીને **વસુદેવ** સાથ પરણાવવા નક્કી કર્યું. ત્યાર પછી **કંસે** એક બ્રાહ્મણને બોલાવી શુભ લગ્ન ઠરાવી, રાજા **શૂરસેન** તરફ લગ્ન પત્રિકા મોકલાવી.

આ રાજા **શૂરસેન યદુવંશ** કુળનો હતો. એ વંશનો પહેલો રાજા **ભજમાન** કરીને હતો. જેને **પૃથિકુ** નામે પૂત્ર હતો. ત્યાર પછી **પૃથિકુને** પણ એક પૂત્ર થયો જેનું નામ **વિદૂરથ** હતું. આ **વિદૂરથનો** પૂત્ર **શૂરસેન** હાલમાં **શૂરસેન** દેશનું રાજ્ય કરતો હતો. **શૂરસેનની** રાણીનું નામ **મરિષ્યા** હતું. જેને દશ પૂત્રો અને પાંચ કન્યા હતી તેમાં મોટા પૂત્રનું નામ **વસુદેવ** હતું કે જેની સાથે દેવકીના લગ્ન થવાનાં હતાં. આ **વસુદેવ** પહેલ વહેલાં **રોહિણ** રાજાની કન્યા **રોહિણી** સાથે પરણ્યા હતા, અને તે શિવાય તેને બીજી સોળ રાણીઓ હતી. એટલે બધી મળી હાલમાં **વસુદેવને** સત્તર રાણીઓ હતી. **વસુદેવની** આટલી ઓળખાણ આપી હવે આપણે આપણી વાર્તા આગળ ચલાવીશું.

કંસનો મોકલેલો બ્રાહ્મણ કેટલાક દિવસે **શૂરસેનની** નગરીમાં આવી પહોંચ્યો, અને તેણે **કંસની** મોકલેલી લગ્ન પત્રિકા રાજા **શૂરસેનને** જઇ આપી. **શૂરસેને** લગ્ન પત્રિકા વાંચી બ્રાહ્મણને દક્ષિણા આપી વિદાય કર્યો, અને કહાવ્યું કે અમે જાન લઇ લગ્નના ઠરાવેલા દિવસ અગાઉ આવી પહોંચીશું માટે લગ્નની તૈયારી કરવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શૂરસેને લગ્નમાં પોતાની સાથે જાનમાં આવવા માટે આસ-પાસના રાજાઓ ઉપર કંકોત્રિઓ મોકલી, અને સગાં વ્હાલાંઓને તૈયાર થવા કહેવડાવ્યું. થોડા વખતમાં સઘળા રાજાઓએ શૂરસેનના આમંત્રણને માન આપ્યું, અને મોટી ધામધૂમથી વસુદેવને પરણાવવા જાન લઇ મથૂરાપૂરી આવી પહોંચ્યો.

જાન જ્યારે મથુરાથી થોડે દૂર આવી પહોંચી ત્યારે, ઉગ્રસેન, કંસ વિગેરે પોતાની સેના લઇ સામે તેડવા ગયા. ઘણાજ માન સાથે પોતાની નગરીમાં લાવી, તેઓનો આદર સત્કાર કર્યો અને સુંદર મકાનમાં જાની વાસો આપ્યો. પછી સર્વેને કેટલાક દિવસો સુધી ઉત્તમ પ્રકારના ભોજનો કરાવી, લગ્નના દિવસે કંસે પોતાની બ્હેનને એક સુંદર મંડપમાં બેસાડી વસુદેવ સાથે વિધિ સહિત પરણાવી. ત્યાર પછી જાનને જવા દઇ વસુદેવને પોતાને ત્યાં રાખ્યા, અને તેમને રાજ્ય મ્હેલમાંજ એક જુદો ઉતારો આપ્યો.

થોડા દિવસ પછી વસુદેવે જવાની રજા માંગી ત્યારે કંસે તેને થોડા દિવસ રહેવાનો આગ્રહ કર્યો પણ જ્યારે વસુદેવનું મન ન દીઠું ત્યારે તેને જવાની રજા આપી અને બ્હેનને વળાવવાની સઘળી તજવીજ કરાવી. કંસે દેવકીને સાસરવાસા તરીકે સુવર્ણના અંબાડીવાળા ચારસો હાથી, અઢારસો રથ, પંદર હજાર ઘોડા, અને હજાર દાસીઓ વિગરે ઘણીક સામગ્રી આપી.

પછી દેવકી પોતાના કાકા તથા ભાઇને પગે લાગી, ઘોડા-ઓથી શોભેલા સુંદર રથ પ્રત્યે પોતાના પતિ સહિત બેઠી. આ સમયે પોતાની બ્હેનને ખુશી રાખવા કંસ દેવકીના રથના ઘોડાની રાસ હાથમાં ધરી હાંકવા બેઠો. આ પણ એક આશ્ચર્ય જેવી વાત છે કે બળથી છકેલો અને ગર્વથી ભરેલો, મથૂરાપૂરીનો રાણો કંસ પોતાની બ્હેનને ખુશી રાખવા તેનો રથ હાંકવા બેઠો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારે આ પ્રમાણે દેવકીએ કંસને પોતાનો રથ હાંકવા બેઠેલો દીઠો ત્યારે તેનાપર ખુશ ખુશ થઇ ગઇ અને તેના ઉપર હેતનો ઉમળકો આવી ગયો. તેથી તેની આંખમાંથી હર્ષના આંસુ ટપકવા લાગ્યાં. તેમજ જ્યારે ઉગ્રસેને પણ પોતાના પૂત્રને આ પ્રમાણે, પોતાની વ્હાલી પૂત્રીના રથને હાંકવા બેઠેલો દીઠો અને જ્યારે જાણ્યું કે તે પોતાના બ્હેન બનેવીને થોડે સુધી વળાવવા જાય છે, ત્યારે ઉગ્રસેન તો મનમાં બહુજ આનંદ પામ્યો, અને મનમાં વિચારવા લાગ્યો કેઃ–" પૂત્ર હવે સુધર્યો ખરો !"

વાંચનાર ! તમે પણ ઉગ્રસેનના મતને મળતા થશો ખરા કે ? જો થતા હોતો વિચાર માંડીજ વાળજો. આતો જેમ વિજળી પોતાનો પ્રકાશ પાડી આકાશમાં રહેલા વાદળમાં સંતાઇ જાય છે તેમ કંસ વિજળી જેવો પ્રકાશ પાડી વાદળરૂપી ગર્વમાં તથા બળ-માં ફુલાઇ જશે. પણ ચિંતા નહી. જે પિતાએ પૂત્રનું કાંઇ સુખ જોયું નહોતું તે બિચારા ઉગ્રસેનને તો બે ઘડી આનંદ માની લેવા દો.

તુતુડીના અવાજો થવા લાગ્યા, જુદી જુદી જાતના વા-જીંત્રો વાગવા લાગ્યાં, ઢોલ, તાંસાવાળાઓ કાનને ફાડી નાંખે એવા અવાજો કાઢવા લાગ્યા, સેના કુચ કરવાને તૈયાર થઇ રહી, ઘોડા-ઓ ચાલવાને પગો ઉંચકવા લાગ્યા, રાવતો પોતાના હાથીઓને અંકુશથી વશ કરવા લાગ્યા, સેનાવર્ગ પોતાના શસ્ત્રો હાથમાં ધારણ કરી ઉભા અને કંસની આજ્ઞાની રાહ જોવા લાગ્યા.

કંસે ઘોડાની રાસ હાથમાં પકડી પ્રયાણ કરવાની આજ્ઞા આપી. આ પ્રમાણે વસુદેવ અને દેવકી લાખો માણસોની સેના સહિત ગાજતે વાજતે મથૂરામાંથી વિદાય થયા.

હવે એવું બન્યુ કે તેઓ મથૂરાથી થોડે દૂર પહોંચ્યા નહીં એટલામાં આકાશવાણી થઇ કે–" હે કંસ! હે મુર્ખ! આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તારી બ્હેન દેવકી કે જેને તું પોતે વળાવવા જાય છે તેનો આઠમો ગર્ભ તને જરૂર મારશે." આવી આકાશવાણી થવાથી વાજીંત્ર વગાડનારાઓ બંધ પડયા., આગળ તથા પાછળ રહેલા સર્વે ચકિત થયા અને સર્વે સજ્જનોના મુખ શ્યામ થઇ ગયાં.

આવો દેખાવ જોઇ તથા આકાશવાણી સાંભળી કંસ પણ ગભરાયો અને મન સાથે વિચાર કરવા લાગ્યો કેઃ—શું આ આકાશવાણી ખરી પડશે! જો તેમ થાય તો તો ખોટું થશે! હવે તેનો ઉપાય લેવો જોઇએ. આવો વિચાર કરી તે પાછો મન સાથે બબડયોઃ—જો ઝાડને જડમુળથીજ કાપી નાંખ્યું હોય તો પછી તેને ફળ થાયજ ક્યાંથી! તેમજ જો દેવકીને હમણાંથીજ મારી નાંખું તો પછી એને પુત્રજ થાયજ શાનો! માટે તેમજ કરૂં! પણ સ્ત્રી હત્યા થશે તેનું કેમ! એમાં શું છે? જેનો મને ભય હોય તેને અવસ્ય દૂર કરવુંજ જોઇએ! પછી તે પાપ હો કે પુન્ય! દેવકીનું હમણાંથીજ કાશળ કાઢી નાંખવું એજ ઠીક છે. કહેવત છે કે "જે કામ આજ થતું હોય તે કામ કાલ પર મુલતવી રાખવું નહીં."

એવા વિચારો નક્કી કરી, દુષ્ટ કંસે દેવકીને રથમાંથી બહાર ખેંચી કાઢી, પૃથ્વિ ઉપર નાંખી. પછી તેનો નાગની ફેણી જેવો ચોટલો પકડી, હાથમાં ખડ્ગ ધારણ કરી તેને મારવા તૈયાર થયો.

વસુદેવ કંસનો આવો દુષ્ટ વિચાર જોઈ કહેવા લાગ્યા કેઃ—હે કંસ! હે ભોજવંશનો યશ વધારવાવાળા! હે મથુરાપૂરીના રાણા! હે રાજાઓમાં શ્રેષ્ટ! હે રાક્ષસો અને દેવતાઓના અધિશ્વર! તમે આ શું કરવા ધારો છો. સમજો! જરા ધ્યાન પ્હોંચાડો! વિચાર કરો કે તમે આ શું કરો છો! કોને મારો છો? એ કોણ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક તો સ્ત્રી! અબળા જાતિ! વળી તમારી બ્હેન! તે પણ માતા પિતા વિનાની તમારા આશ્રય હેઠળ રહેનારી! તેનેજ તમે મારવા તૈયાર થયા છો? શરમ છે તમને ને તમારી કુળ કીર્તિને! તે લોકોની મેળવેલી કીર્તિને આજ તમે ઝાંખ લગાડવા તૈયાર થયા છો? જરા તો વિચાર કરો કે તમે કોણ? એક બળવાન રાજા! બળવાન શું અબળા ઉપર હાથ ઉઠાવતા હશે? બળવાન શું આમ તમારી પેઠે મૃત્યુથી બ્હી જતા હશે? તેમાં વળી તમે તો પ્રજાપતિ, કે જેનો ધર્મ પ્રજાનું દુઃખ દૂર કરી તેનું રક્ષણ કરવાનો હોય છે, તેને બદલે તમે આ શું કરવા બેઠા છો? શાસ્ત્રમાં પણ સ્ત્રી હત્યાનું મોટું પાપ લખ્યું છે. જો તમે આ કામ મૃત્યુના ભયથી કરતા હો તો તેમાં તમારી મોટી ભૂલ છે! મૃત્યુ કોઇનું અટકાવ્યું અટક્યું નથી ને અટકવાનું પણ નથી. મૃત્યુ આજ અથવા સો વર્ષ પછી પણ થવાનુંજ! દેહ સાથે મરણ તો સરજાઇ ચુક્યુંજ છે. કાળને કાંઇ મારી કે તમારી શરમ પડવાની નથી. અત્યાર સુધીમાં તે મહાન કાળ તમારા મારા જેવા હજારો અને લાખોને ચાવી ગયો છે અને ચાવી જવાનો! વળી બકાસુરની બ્હેન પુતના જ્યારે તમારી સાથે લડવા આવી ત્યારે તેની સાથે ન લડતાં તેને પણ બ્હેન માની તો આતો તમારી ખરી બ્હેન છે! માટે આ બિચારી બાળક દેવકી કે જે એક કાષ્ટની પુતળી સમાન પરતંત્ર છે, તેને તમારા જેવા ભાઇ મારી નાંખવા તૈયાર થાય એ શું યોગ્ય છે?

"ભેંસ આગળ ભાગવત્!" એ કહેવત અનુસાર બિચારા વસુદેવે ભેંસ રૂપી કંસ આગળ પોતાથી બન્યું તેટલી અક્કલથી બોધ રૂપી ભાગવત કહ્યું. પણ કંસના ભેજામાં એ વાત ઉતરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખરી ? કે જેણે પોતાના પિતાનેજ સિંહાસન ઉપરથી લાત મારી ફેંકી દીધો હતો. રાક્ષસોનું અનુકરણ કરવાવાળા કંસને વસુદેવની વાત વિષ સમાન લાગી, અને તેણે પોતાનો વિચાર ફેરવવા સાફ ના પાડી.

"પથ્થર તળે હાથ હોય તો કળે નિકળે. કાંઈ બળે નિકળે નહીં." એ કહેવત અનુસાર વસુદેવે પોતાની અક્કલ વાપરી, વિચાર કર્યો કે:–અણી ચુકયો સો વરસ જીવે." એ કહેવત પ્રમાણે હાલ તો મારે દેવકીને ગમે તેવી રીતે બચાવવી જોઇએ. આવો વિચાર કરી તે કંસને કહેવા લાગ્યો કે:–મહારાજા ! તમે જાણો છો કે આકાશવાણી એ જે ભય બતાવ્યો છે તે તો તમારી બ્હેનનો આઠમો ગર્ભ છે. હવે જ્યારે દેવકીનો આઠમો પૂત્ર તમને મારનાર છે ત્યારે મિથ્યા આ બિચારી અબળા, તમારી બ્હેનને શું કરવા મારો છો ? હજુ તો તેણે દુનિયા શું વસ્તુ છે તે પણ જોઇ નથી. એટલુંજ નહીં પણ કાંઈ સુખ કે વિભવ પણ તેણે ભોગવ્યો નથી. માટે હું વિનતિ કરૂં છું કે તમે એને છોડી દો એની આશીષ લો અને યશનો પોટલો બાંધો. જો તમે એને મારશો તો તમને સ્ત્રી હત્યાનું માહઘોર પાતક લાગશે. તમારી કીર્તિને ઝાંખ લાગશે. લોકો તમારા ઉપર ધીટકાર નાંખશે. અને જગત્‌માં તમને અને તમારા આખા કુટુંબને કાળી ટીલી ચોંટશે.

વસુદેવના ભાષણથી અન્તે પથ્થર પિગળ્યો ખરો. વસુદેવે જ્યારે કંસને ઘણોજ સમજાવ્યો ત્યારે કંસે વસુદેવને કહ્યું કે:– તમે કોઇ એવો રસ્તો બતાવો કે જેથી મારૂં અને મારી બ્હેનનું બન્નેનું શ્રેય થાય એટલે કે દેવકી મરે નહીં અને તેનો આઠમો ગર્ભ કે તેનો બીજો કોઇ પણ ગર્ભ મને મારે નહીં.

વસુદેવ કંસના આવાં વચન સાંભળી મનમાં આનંદ પામતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હસતાં હસતાં બોલ્યા કેઃ--હે કંસ! જ્યારે તમારી એવીજ ઇચ્છા છે તો સાંભળો! હું તમને મારા પિતા, પ્રપિતાની પ્રતિજ્ઞા લઇ વચન આપું છું કે દેવકીને પેટે જેટલાં બાળકો થશે તે સઘળાં હું તમને સ્વાધિન કરીશ; પછી તમારે જોઇએ તો તેને જીવાડજો યા મારી નાંખજો. આ જે હું બોલ્યો તે ખરૂંજ છે, માટે આશા છે કે વગર શંકાએ તમે આ વાત કબુલ રાખશો અને દેવકીને છોડી દેશો.

વસુદેવના આવાં નમ્ર વચન સાંભળી કંસે વિચાર કર્યો કે મને મારનાર તો ખરેખર દેવકીનો આઠમોજ ગર્ભ છે. દેવકી કાંઇ મને મારનાર નથી. એતો ફક્ત એક નિમિત્તરૂપ છે. તેમ છતાં વસુદેવ અને દેવકીના પેટના સઘળાં બાળકો સોંપવા કહે છે, તેમજ વસુદેવ કોઇ દિવસ વચનથી ફરે તેમ નથી, એટલે સંદેહ પણ રહેતો નથી; તો પછી દેવકીને શા સારૂં મારવી? મન સાથે આવો વિચાર કરી કંસે વસુદેવને પોતાનું કહેલું વચન પાળવા કહી, દેવકીને છોડી દીધી; અને પોતે મ્હેલ તરફ પાછો ફર્યો. પછી વસુદેવે દેવકીને કહ્યુંઃ-પ્રિયા! દૈવની ગતિ ન્યારી છે. ખાત્રી રાખજે કે તેણે તારૂં જેમ આ સમયે રક્ષણ કર્યું છે તેમ આગળ કષ્ટના સમયે તેજ સાહાય થશે. માટે તારે લેશ પણ શોક ધરવો નહીં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૨ મું.

પાષાણ-હૃદયના માતપિતા.

વસુદેવના રંગ મ્હેલમાં એક સ્થળે ઘણી શોભા છે. રાત્રિનો પહેલો પહોર હજી ગયો નથી. સુરંજીત દિવાનખાનામાં ભોંય ઉપર સુંદર ગાલીચો પાથર્યો છે. સોના રૂપાની દીવીઓમાં સુગંધી તેલના દીવા બળે છે. સુગંધીદાર ફુલોના હાર તોરાથી ઓરડો સુગંધીથી પૂર્ણ થયો છે. કીનખાબના તકીઆપર એક નાનકડું માથું મૂકીને એક નાજૂક કદની બાલિકાના આકારની યુવતિ સુતી સુતી એક પુસ્તક વાંચે છે. આ યુવતિ ઘડીયે ઘડીયે બારી પાસે જઇ જુએ છે અને ઘડીયે ઘડીયે પાછી પોતાના બીછાનાપર સુઇ પુસ્તક વાંચે છે. પોતાના મનમાં શુંનું શું બોલે છે. કોઇ વખત તે કહે છે કે કેમ હજુ પણ આવ્યા નથી? વળી કહે છે કેઃ-તે શામાટે આવે! અઢાર દાસીઓ (રાણીઓ) માંની હું એક દાસી માત્ર છું. મારે માટે શા સારૂ અહીં આવે? તે પાછું પુસ્તક વાંચવા લાગે છે. થોડુંક વાંચીને પાછી બોલે છેઃ-આ સારૂં લાગતું નથી! ઠીક, ના આવેતો તેની મરજી! મને યાદ કરે તો હું તો જઈ શકુંછું. પણ તેમને મારી યાદ તે શાની આવે! હું અઢાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાણીઓમાંની એક શિવાય બીજી તો નથી ને! પછી પાછું તેણી એ પુસ્તક વાંચવાનો આરંભ કીધો. પણ પાછું પુસ્તક ફેંકી દઇને બોલીઃ-શા સારૂ ઇશ્વર આમ કરતો હશે? શા માટે એક માણસ બીજા માણસની રાહ જોતો હશે? શામાટે મારૂં મન તેના તરફ આટલું બધું ખેંચાતું હશે? આમ બોલતી તે પાછી પોતાના બિછાના ઉપરથી ઉઠી ઉભી થઇ, અને ત્યાં આંટા મારવા લાગી. પછી તે સુંદરીએ બારી આગળ જઇ વીણા વગાડવી શરૂ કરી. અને પછી ધીરે ધીરે અતિ મૃદુસ્વરે ગાવાનો આરંભ કર્યો.

તમ વગર સ્વામી મને ચેન ન પડે,
આવે નહીં ઊંઘ આંખમાં લગારે;
મંનમાં ગભરાઈ મુઝાઉંછું દુઃખી બહુ થાઉં,
ધરૂં કેમ ધીર હું વ્હાલા તું વિયોગમાં-તમ વગર
કાળજુ ફોલીને ખાય મ્હારૂં મદન અત્યારે
ભેટીને દુઃખ ટાળશો કહો વ્હાલા ક્યારે-મનમાં

એવામાં કોઇના પગલાનો અવાજ તેના કાને પડ્યો. તે ચમકી અને ગાભરી બની દરવાજા પાસે જઇ ઉભી. જોયું તો પોતાના પતિ વસુદેવને આવતા દીઠા. વસુદેવ ઓરડામાં દાખલ થઇ દેવકી સહિત એક આસન ઉપર બેઠા અને બોલ્યાઃ-વ્હાલી દેવકી! તું શું ગાયન ગાતી હતી? દેવકી આ સાંભળી શરમાઇને નીચું માથું ઘાલીને મુગી બેઠી. પણ વસુદેવે તેને પાછું કહ્યું કેઃ-તું જે ગાતી હતી તે ફરીથી ગા! મને તે સાંભળવા બહુજ ગમે છે. તે વેળા તે ઘણી ગભરાઇ. તેની વીણાના તારે કહ્યું માન્યું નહીં. કોઇ રીતે સુર બંધાતો નહોતો. તેથી તેણે તે મુકી દઇને સારંગી લીધી. સારંગી પણ બે સુરી થવા લાગી. એવું જણાયું ત્યારે વસુદેવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહ્યું:–ઘણું થયું. એની જોડેજ ગા! પણ તેની જીભ ઉપડી નહીં. મુખને ઉઘાડવાને તેણે ઘણો પ્રયત્ન કર્યો પણ કોઇ રીતે મુખ ઉઘડ્યું નહીં. જાણે ઉઘડે છે, ઉઘડે છે પણ ઉઘડ્યું નહીં. આ પ્રમાણે તે બોલું બોલું થઇ રહી છે પણ તેનાથી બોલાતું નથી. અન્તે વસુદેવે તેને એ નહી તો કોઇ બીજું ગાયન ગાવા આગ્રહ કર્યો. આથી તે કંટાળી અને ક્રોધાવેશમાંજ વસુદેવને તરછોડતી ગાયન ગાવા લાગી:—

પરજ.

જાઓ દુર છાંડો બાંઇ મુચકાઇ હો કનાઇ
નાહીં પ્રીત તોસે પૂરન પાઇ પછતાઇ ગભરાઇ–જાઓ.
મે જાનું મોરો પીયા જીઅરવા
પીયા છબ છાંઇ મનમાંઇ પ્રીયા પર ઘર જાઇ.–જાઓ.
પીતકી રીત જો ચાહત ચીત પીયા
ખચીત અમીન અભીત એકઠાંઇ–જાઓ.
ગુની લાલ બન સંગ કર રટો
પીયારી તાહારી મોકુ જાન–દુજી નાહી–જાઓ.

ગાયન પુરૂં થતાંજ વસુદેવે પણ ગાવા માંડ્યું:–

પરજ.

પ્રીયા દુર મત કર કેસો છાંડું તોરી બાંઇ
તોરા ઘટમે પ્રગટ પ્રેમ મોપે રહ્યો છાંઇ–પ્રીયા
છબ મોરી જાકે હીય બીચ છાંઇ
અભીન અછીન આધીન તાકે ઠાંઇ–પ્રીયા
મેં પ્યાસો નીત પીત અભીતકો
અભીત હે પીત તાકો દાસમે સદાઇ–પ્રીયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુની લાક્ષ અન સંગ કર રહું

મોરી તું પીયારી મારે મન દુજી નાહી—પ્રીયા.

આ પ્રમાણે બન્ને જણ ગાતાં ગાતાં પ્રેમમાં લીન થવા લાગ્યા.

દેવકીએ એક ભૈરવી લલકારી. ગાયન લગભગ એક કલાક સુધી ચાલ્યું. વસુદેવ તેમાં લીન થઇ ગયો. વસુદેવે દેવકીના હાથ માંની સારંગી લઇ લીધી અને એક ભૈરવી રાગની ચીજ ગાવા માંડી. તેમાં લીન થતી દેવકી ઝોકાંખાતી પોતાના બીછાનાપરપડી અને નિદ્રાને વશ થઇ ગઇ. વસુદેવને પણ ગાવાના તાનમાં આ વાતની ખબર રહી નહીં. આખરે જ્યારે વસુદેવે પોતાનું ગાયન પુરૂં કીધું ત્યારે બારીમાંથી ચંદ્ર ઉપર તેની નજર પડી. એ બારી માર્ગે આવતાં ચદ્રકિરણ સુતેલી સુંદરી દેવકીના મુખપર પડેલા જોઇને, વસુદેવે ધાર્યું કે આ ચંદ્રના પ્રકાશથી પદ્મ ખીલ્યું છે. તે ધણીવાર સુધી પોતાના ચંચળ નેત્રોથી દેવકીનું મુખ મંડળ જોવા લાગ્યો. વસુદેવને જાણે તે હસ્તી હોય એમ લાગ્યુ અને તેના મુખ સ્હામું જોયા કર્યું. તેના તીવ્ર દ્રષ્ટીપાતથી દેવકી પાછી જાગૃત થઈ. બંને અરસપરસ પ્રેમમગ્ન થયા. આનંદસ્વરૂપ બન્યા.

આ પ્રમાણે થોડા માસ સુધી દેવકી અને વસુદેવ પોતાનો કાળ આનંદમાં નિર્ગમન કરવા લાગ્યાં. દશ માસ પૂરા થયે દેવકીને એક પૂત્ર થયો. પૂત્રનું મુખ જોઇ તે હરખાવા લાગી. વસુદેવ પણ પૂત્રને જોઇ હરખાયા પણ તેનું મ્હોડું શ્યામ થઇ ગયું. એ વાતની દેવકીને ખબર ન પડવા દેવા તેઓ ઉપર ઉપરથી મગ્ન થવા લાગ્યાં. પણ આ વાત કાંઇ દેવકીથી છુપી રહી નહીં. તે તુરતજ જાણી ગઇ કે કહો ના કહો પણ આમાં કાંઇ ભેદછે. કાંઇ ફીકર નહીં વખત આવે સૌ માલમ પડશે.

આ વાતને થોડા દિવસ વીતિ ગયા. એક દિવસે દેવકી પોતાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓરડામાં બેઠી હતી. આ વખતે તેનો ચ્હેરો ફીક્કો પડી ગયેલો દેખાતો હતો. તેના હાથ પગ તુટી ગયેલા દીસતા હતા. તેની કમ્મર વળી ગયેલી દેખાતી હતી. તેની આંખોનું તેજ મંદ પડી ગયેલું હતું. અને તેણી ભરાઇ ગયેલા ડુમાને ઓછો કરવાને નિશ્વાસ નાંખતી આંખોમાંથી અશ્રુનો વરસાદ વરસાવતી હતી.

ઓરડો તથ તેમાં ગોઠવેલું રાચરચીલું તેને કાળ સમાન ભાસતું હતું તો પણ એક વસ્તુ તરફ તે તાકી તાકીને જોતી હતી. તે વસ્તુ કઇ? બીજી કોઇજ નહીં પણ તેનો વ્હાલો પૂત્ર હતો. તે પૂત્રને જોઈ વારંવાર ચિન્તાયુક્ત મુખે નિઃશ્વાસ નાંખતી હતી.

અરે ચિંતા! ચિંતા! આતે કેવો ગજબ! જેના મનમાં એક વખત ચિંતાએ વાસો કર્યો કે તેને અમૃત વિષ સમાન છે. વિભવ વેરી છે. અને શૈયા ચિતા છે. તેને ભોજન પર અભાવ થાય છે. ચિંતાથી નથી બેસાતું કે ઉઠાતું, નથી ચલાતું કે હલાતું, નથી ઉંઘાતું, બોલાતું, ગવાતું કે ખવાતું. જેણે ચિંતાના ગ્રહમાં એક વખત પ્રવેશ કર્યો કે તેનું સર્વસ્વ ગયું. આવી ચિંતા અત્યારે બિચારી દેવકીના હૃદયને કંપાવે છે. તેના રક્તને ચુશી લેછે. સર્વથા ચિંતા કોઇ અપૂર્વ મ્લેચ્છ શક્તિજ છે.

આ સમયે કોઇના પગલાંનો અવાજ સંભળાયો, બારણું ઉઘડયું, અને એક પુરૂષ અંદર દાખલ થયો. આ પુરૂષને અંદર દાખલ થતાં જોઈ, દેવકી જાણે યમદૂતને જોતી હોય, તેમ તે તેના સ્હામું જોવા લાગી. તેનું હૃદય ધબકવા લાગ્યું. પેલો પુરૂષ અંદર આવી દેવકી પાસે ઉભો અને કહેવા લાગ્યોઃ—પ્રિયા! મેં તારે માટે જે જોખમ માથે લીધું છે તે પ્રમાણે હવે તારે વર્તવુંજ જોઇએ. વસુદેવ તે વખત [illegible] પણ [illegible] બહુજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગ્રહ સાથે કહી. તે સાંભળી દેવકી વધારે ગભરાઈ, અને બોલ્યા ચાલ્યા વિના પાછી પૂત્ર સ્હામું જોઈ રડવા લાગી.

વસુદેવે ફરીથી દેવકીને કહ્યું:–વ્હાલી! આ પ્રમાણે શોક કરવો તને ઘટીત નથી. માટે તારા હૃદયમાંથી માતાનો સ્નેહ કાઢી નાખ! પૂત્રને દૂર કર! પ્રથમ પોતાનું વચન અને પછી પાછલાને માટે વિચાર! તું પૂત્રને નહીં આપે તો મારૂં વચન ભંગ થશે, તેમજ હવે વાયદો વિતી ગયો છે, ને જો આ પૂત્રને કંસને નહીં પહોંચાડીશું તો જરૂર મારૂં અને તારૂં આ પૂત્ર સહિત મ્રત્યુ થશે. આ લોકમાં એ પ્રમાણે દુ:ખી થઇશું અને પરલોક પણ બગાડીશું.

આ સાંભળી દેવકીની આંખે અંધારા આવી ગયાં અને તે બિછાના ઉપર ઢળી પડી. તેનો આવો રંગ જોઈ વસુદેવે ફાટી ગયેલા અવાજે કહ્યું:–વ્હાલી! બેઠી થા! જે વખત વિતે છે તે ઘણોજ ભયંકર છે. મારા ધારવા પ્રમાણે કંસના માણસો આજ કાલ આપણને પકડવા જરૂર નિકળશે. આપણે ભયંકર આફતની સાથે યુદ્ધ કરવાનું છે. માટે સ્નેહ, મમતા, પ્રેમ વિગેરેને હૃદયમાંથી એકદમ તજી દઇને ક્રુર થવાની જરૂર છે. સ્નેહ, પ્રેમ, મમતા એ સર્વ જુઠું છે. તેને વળગવાથી વધારે દુ:ખ થાય છે. આ સમય માયા, મમતાનો નથી. વચનને માટે સર્વનો ત્યાગ કરવાની જરૂર છે. આવા એક વચની કામ કરવામાં શા માટે માયાનું બંધન જોઇએ?

દેવકી સમજી કે હવે પૂત્રને આપ્યા વગર છુટકોજ નથી ત્યારે તેનું હૃદય ભરાઇ આવ્યું. તેની આંખમાં આંસુ ઉભરાવા લાગ્યાં. વસુદેવને પણ તે વખતે સ્વભાવિક રીતે દુ:ખનો ઉભરો થઈ આવ્યો પરંતુ તેણે તે ભાવના છુપાવતાં આ વેશમાં કહ્યું કે:–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્હાલી! શામાટે રડે છે? અરે તું જરા તો વિચાર કર કે, સત્યવાદીને સત્યનું ભંગ થાય તે વધારે દુઃખકારક? કે માયાવી પૂત્રનું મૃત્યુ થાય તે વધારે દુઃખકારક? માટે હવે આડા અવળા કાંઇપણ સંકલ્પ કર્યા વગર એ પૂત્રનાં કાળરૂપ કંસને ભોગ આપ.

પણ માતાનો જીવ શું આ વાત માન્ય કરે? નવ મહીના ઉદરમાં રાખનારી માતા શું પોતાનાં બાળક તરફ ત્યાગ બુદ્ધિ કરે? કદી પણ કરેજ નહીં. દેવકી પોતાના પ્રાણ સમાન પૂત્રને જોવા લાગી. આ વખતે તેના મુખનો દેખાવ ભયંકર થઈ ગયો હતો. તેનાં નેત્રોમાંથી ક્રોધ વરસી રહ્યો હતો. જ્યારે તેણે જોયું કે હવે પૂત્રને દૂર કર્યા વગર છુટકોજ નથી, ત્યારે ત્યાગ કરતાં પહેલાં પૂત્રને મોહમાં સ્તન આપી તેને ધવરાવવા માંડયો. સ્તનમાંથી થોડુંક દૂધ પૂત્રના મુખમાં ગયું અને પૂત્ર ધાવતાં ધાવતાંજ નિદ્રાદેવિને આધિન થઇ ગયો. માતા તે વખતે એકી ટશે પૂત્રનું મુખ નિહાળવા લાગી.

વસુદેવે વિચાર કર્યો કે નિર્દોષ બાળકનો ત્યાગ કરવાનો જો વખત હોય તો તે આજ વખત છે, બીજો નથી. પૂત્ર ઉંઘી ગયો છે તેનો લાભ લઇને પૂત્રને માતાની ગોદમાંથી છુટું પાડવું ઠીક પડશે. વસુદેવે તુરત તે અભિપ્રાય દેવકીને નિવેદન કર્યો. માતાએ તુરત પોતાના પ્રાણ સમાન પૂત્રને છાતી સરસો ચાંપી તેના મનોહર મુખ ઉપર ચુંબન કરી શોકાતુર થઈ બોલી:–દિકરા! નિદ્રા કર! પેટ ભરીને ઉંઘ! તારી રાક્ષસી માતા નિદ્રાવસ્થામાંજ તારો ત્યાગ કરે છે. વળી તેણે રડવા માંડયું. તેની સાથે વસુદેવ પણ રડવા લાગ્યો. પણ આખરે તે પોતાનું કાર્ય સિધ્ધ કરવા તૈયાર થયો. તે વખતે ફરીથી દેવકી પોતાના ઉંઘમાં પડેલા પૂત્રના નિર્દોષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચ્હેરા તરફ જોઇને કહેવા લાગીઃ—અરે ! ભાગ્યહિન દિકરા ! પેટ ભરીને નિદ્રા કર ! ઘોર નિદ્રા દેવિના મંગલમય ખોળામાં પોઢ ! આ પૃથ્વિનો પ્રકાશ ફરીથી તારા જોવામાં આવે નહીં, એવી રીતે તું નિદ્રાવશ થઇ જા ! ઓ માયાના સંતાન ! પેટ ભરીને નિદ્રા કર ! જાગ્રતાવસ્થાજ દુઃખનું કારણ છે. આમ બોલતાં બોલતાં તે પાષાણ હૃદયની માતાએ મહાકષ્ટે પૂત્રને ખોળામાંથી દૂર કર્યો, એટલે પાષાણ હૃદયનો પિતા, પોતાના પૂત્રને કંસરૂપી કાળના મોંમા આપવા, ઓરડામાંથી બહાર ચાલી ગયો, અને દેવકી મુર્છા પામી જમીનપર ઢળી પડી.

વસુદેવ, પૂત્ર કિર્તિમાનને લઇ ઓરડામાંથી બહાર નિકળ્યા, પણ ત્યાંથી જતાં તેની હિમ્મત ચાલી નહીં. તેના હૃદયમાં સ્નેહે વાસ કર્યો. તેની છાતી શોકભારથી ફાટી જવા માંડી. તેની આંખમાંથી આંશુ પડવા લાગ્યાં. તેણે ઉંડો નિશ્વાસ નાંખી પોતાના પૂત્ર તરફ એકે ટશે જોતાં કહ્યું:- અરે પૂત્ર ! તારાં કેવાં દુર્ભાગ્ય ! મેં પિતા થઇને તને તારી માતાનો વિયોગ પડાવ્યો. અરે ! હું કેવો દુષ્ટ ? કે તારા જેવા એક નાજુક ફૂળને એક વાઘના મોમાં મુકવા લઇ જાઉં છું. આમ બોલતાં બોલતાં તે બહાર નિકળ્યો.

થોડે દૂર ગયો નહીં એટલે પાછું તેણે પૂત્ર તરફ જોવા માંડયું. હજુપણ તે નિદ્રાવસ્થામાંજ હતો. તેનું શોભાયમાન મુખ જોઇને વસુદેવનું હૃદયપિંજર ભાંગવા માંડયું. પણ આખરે વસુદેવ પત્થર જેવી કઠીન છાતી કરીને કંસના દરબાર પ્રત્યે પૂત્રને આપવા સારૂ ગયા.

વસુદેવે કંસ પાસે જઈ પોતાના પૂત્રને તેના ખોળામાં મુકયો. આ વખત તેના ગાત્ર ઢીલાં થઇ ગયાં, પગ ધ્રુજવા લાગ્યા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથ થરથરવા લાગ્યા, તેનું હૃદય કમ્પવા લાગ્યું, અને મન સાથે બોલવા લાગ્યો કેઃ-મેં ઘણીજ મોટી ભૂલ કરી છે. દેવકીને મુર્છિત દશામાં પડતી મુકી તેના હૃદયના ધનને, તેના વ્હાલા પૂત્રને, આ ગીધના મુખમાં બલીદાન દેવા આવ્યો છું. ધિઃક છે મારા જેવા પાપી ચાન્ડાળ પિતાને ! આમ બોલતાં બોલતાં તે પાછો કંસના ખોળામાં સુવાડેલા પોતાના પૂત્રના મુખ **તરફ** આંસુ ભરી આંખે જોવા લાગ્યો. શો મોહ ! શો પ્રેમ ! **વસુદેવ** ખેદથી ભરેલો ઉંડો નિશ્વાસ નાંખીને બોલ્યો. હવે માયા **મમતા** વધારવાનું પ્રયોજન નથી. દેવકીને હું મુર્છિત દશામાં છોડી આવ્યો છું અને નથી જાણતો કે હમણાં તેની શી દશા હશે ? હવે અહીં વધારે વખત ઉભા રહેવામાં શો લાભ છે ?

આવા વિચાર કરતો હતો એટલામાં કંસ વસુદેવ પ્રત્યે બોલ્યો:--વસુદેવ ! તમે ખરેખરા સત્ય બોલનાર છો ! તમે તમારૂં વચન આખરે પાળ્યું ખરૂં ! આ તમારા પૂત્રને જોઈ મને ઘણુંજ હેત ઉપજે છે અને તેથી તમે તમારા પૂત્રને સુખેથી પાછા ઘેર લઈ જાઓ. કારણકે મને મારનાર મારો શત્રુ તો આઠમો ગર્ભ છે, માટે મને આનાથી કાંઇ દુઃખ પ્રાપ્ત થવાનું નથી. તમે આને સુખેથી લઈ જાઓ અને દેવકીને જે આઠમો પૂત્ર થાય તે મને આપજો.

કંસના આવાં વચન સાંભળી વસુદેવે કંસને પ્રણામ કરી તેના ખોળામાંથી પોતાના પૂત્રને લઇ ત્યાંથી પાછાં ફર્યા. વસુદેવ પોતાને પૂત્ર પાછો મળ્યો જાણી જરા પણ ખુશી થયા નહોતા. કારણ કે તેને કંસના બોલવાપર ઘણોજ થોડો ભરોસો હતો. તે [illegible] હતા કે આ [illegible] થોડા દિવસજ [illegible] મારે ત્યાં રહે તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરમેશ્વરની મહેરબાની.

આમ વિચાર કરતાં કરતાં તે પોતાનેજ ઘેર આવી પહોંચ્યા, અને દેવકી બેઠી હતી ત્યાં જઈ તેણે પૂત્રને પાછો સોંપ્યો અને સઘળી બનેલી બીના કહી સંભળાવી. વળી સાથે સાથે કહ્યું પણ ખરૂ કે:—પૂત્રના પાછા આવ્યાથી કાંઇ પણ હરખાવાનું નથી કારણકે સર્પનો ભરોસો ને કંસનો ભરોસો સરખો સમજવો.

આ પ્રમાણે હાલમાં તો પૂત્ર કિર્તિવાનના બચવાથી, તેઓના માતપિતા સુખમાં દહાડા કાઢવા લાગ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૩ મું.

અજન્માનો જન્મ.

જ્યાં જોઇએ ત્યાં એક લડાઇ કરાવનાર તો હોયજ. પૂરાણોમાં પણ જ્યાં જોઇશું ત્યાં એક લાકડા લડાવનાર તો નિકળશેજ. તેજ પ્રમાણે આપણી આ ચાલુ વાર્તામાં પણ છે. સર્વ કોઇને, તેમાં હિંદુઓને તો અવસ્ય ખબરજ હશે કે પેલો લાંબી ચોટલીવાળો નારદીઓ, હાથમાં તુંબડું વગાડતો કવિરાજ બની જ્યાં ત્યાં ઘુસી જઇ, લાકડાં લડાવવાનો ધંધો કર્યા કરતો હતો. અહીં પણ તેજ લાકડાં લડાવનાર તરીકે પ્રખ્યાત થયો છે.

જ્યારે કંસે વસુદેવના પહેલા પૂત્ર કિર્તિવાનને કાંઇ પણ ઇજા ન કરતાં ખુશીથી છોડી દીધો ત્યારે તે વાત નારદજીને ગમી નહીં અને તેથી તેના પેટમાં દુઃખી આવ્યું. તેણે વિચાર કર્યો કે કંસની આ વર્તણુક દેવતાઓને અનુકુળ નથી. જો આ પ્રમાણે કંસ સઘળા દેવકીના પૂત્રોને છોડી દેશે તો શ્રી વિષ્ણુ ભગવાન પોતાનો જન્મ ધરવાનો વિચાર માંડી વાળશે અને તેથી કંસનું મૃત્યુ થવું મુસ્કેલ છે. આવા આવા વિચારો કરી, હાથમાં તંબુરો લઇ, માથાપરની ચોટલી હલાવતા હલાવતા તેઓ કંસના મ્હેલ પ્રત્યે આવ્યા.

નારદજીને આવેલા જોઇ કંસ ઘણોજ ખુશી થયો અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને સન્માન આપી બેસાડયા. કેટલીક આડી અવળી વાતો કરી **નારદજી** બોલ્યાઃ–અલ્યા કંસ ! તું આવો હોંસીઆર અને બુદ્ધિ-વાળો થઇ કેમ ભુલ્યો ! ખરેખર તારી મતિ હવે બ્હેર મારી ગઇ છે. તું તે કેવો મુર્ખ કે આકાશવાણીથી ખબર મળ્યાં છતાં તું હજી ચેતતો નથી. કિર્તિવાનને યમપુરીમાં ન મોકલાવતાં તેને છોડી દીધો. આ તે કેટલી ગાંડાઇ ? જાણ્યાં છતાં કુવામાં પડવું એવી તે તને કોણે સલાહ આપી ? હજુ પણ ચેત ! નહિંતો તારા ભૂંકભૂકા ઉડી જશે.

જો ન જાણતો હોયતો સાંભળ. વૃજમાં **નં**દાદિક ગોવાળ, તેની સ્ત્રીઓ, તથા **યદુ**કુળમાં **વ**સુદેવ આદિ **યા**દવો, તેની **દે**વકી આદિ સ્ત્રીઓ અને તેઓનાં જ્ઞાતિબંધુઓ તથા મિત્રો વગેરે સઘળા દેવતારૂપ છે. દેવતાઓએ પૃથ્વીના ભારરૂપ દૈત્યોનો નાશ કરવા ઉદ્યમ કર્યો છે. તેમજ તેઓ સઘળા તારૂં અનિષ્ટ કરવાની ગોઠવણમાં છે. માટે સમજ! હજુ પણ વખત ઘણોછે ! માટે ચેત ! અને તેઓને જેમ બને તેમ દૂર કર. મને તો તારાપર દયા આવી તેથી મારે તને ચેતાવવા અહીં સુધી આવવું પડયું. માટે હવે જો નહીં સમજે તો તારી દશા શું થશે તે હું કહી શકતો નથી. આટલું બોલી **નારદજી** મનમાં મગ્ન થતાં ત્યાંથી તુનતુનનો અવાજ કાઢતા વિદાય થયા.

રામને ગાદીવારસ તરીકે ગાદીએ ન બેસવા દેવા અને તેને બદલે બાર વરસ વનમાં રખડાવવા, દશરથ અને કૈકઇને લડાઇ કરાવનાર પણ આજ **નારદી**ઓ હતો. આ શિવાય બીજા હજારો ઉદાહરણ પૂરાણમાં જ્યાં જોઇશું ત્યાં બેજ એક ગોલા લડાઇ ઘલાવનાર તરીકે પ્રસિધ્ધ થયેલો છે. કોણ જાણે પરમેશ્વરે એ–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામાં એવી શી અદ્‌ભુત શક્તિ મુકી હતી કે જ્યાં જાય ત્યાં એની ગોલા લડાઇની વાતો પણ સાચી માનવામાંજ આવતી. તેની આ ગોલા લડાઇની રીતીથી તેણે હજારોને દુનિયામાં ભીખારી બનાવી દઇ આખરે તેમનું પરમ કલ્યાણ સાધી આપ્યું છે.

કંસ **નારદજી**ની વાત સાંભળી દિગ્મુઢ થઇ ગયો. તેનાં રોમાંચ ઉભા થઇ ગયા. તેના પેટમાં હોળી સળગી. તેની શાન્તિમાં અગ્નિ પ્રકટયો. **નારદજી**ના કહેલા વાકયોએ તેના મનમાં જબરૂં મુળ ઘાલ્યું. તેઓ તેના મગજમાં ઘર કરી રહ્યાં. ખાતાં, પિતાં, ઉંઘતાં, ફરતાં, તેને તેજ વિચારો આવવા લાગ્યાં. શું કરવું? શું ઉપાયો લેવા ? એ વિચારોએ તેનું મન ભ્રમિત કરી મુકયું.

આખરે **કંસે** **નારદજી**ના કહેવાથી **યાદવો**ને દેવતારૂપ માન્યા. પોતાના વધને માટે **દેવકી**ના ગર્ભથી જરૂર **વિષ્ણુ** પ્રકટ થશે, એમ વિચારીને તેણે **વસુદેવ** તથા **દેવકી**ને પકડાવી મંગાવ્યા અને તેઓને બેડી ઠોકી કારાગ્રહમાં પુર્યા. તેની આજુ બાજુ સખતમાં સખત ચોકી પહેરો રાખ્યો. ત્યાર પછી પોતાના ભાણેજ **કિર્તિવાન**ને, તેણે શિલાપર પછાડી મારી નાંખવા વિચાર કર્યો.

આ વાત જાણતાંજ ઉગ્રસેન ઘણોજ ક્રોધ પામ્યો. **વસુદેવ**ની સહાયતા કરનારા **યાદવો** તથા ઉગ્રસેનના મિત્રો **કંસ**ને આ કામ ન કરવાને વારવા લાગ્યા પણ **કંસે** તેઓની વાતપર કાંઇજ ધ્યાન આપ્યું નહીં અને સામો ખડ્ગ લઇ લડવા નિકળ્યો. આથી ઉગ્રસેન અને તેના મિત્રો તથા **વસુદેવ**ની સહાયતા કરનારા **યાદવો**ને પણ **કંસ**ની સ્હામા લડવાની ફરજ પડી.

શૂરાઓનું પરસ્પર એક જબરૂં યુધ્ધ થયું. હજારો માણસોનો પ્રાણ નિકળી ગયો. કેટલાકની આશાઓ તુટી ગઇ, કેટલાકના પગ ભાંગી ગયા, કેટલાકના બાહુઓ છેદાઇ ગયા, અને કેટલાકો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના શસ્ત્રો સહિત પ્રથ્વિપર પડયા. આ પ્રમાણે યુધ્ધમાં કંસે ઘણાઓને મારી વિજય મેળવ્યો અને ઉગ્રસેનને તથા તેના મિત્રો વગેરેને કેદમાં નાંખ્યા, અને તેઓના દેખતાંજ કિર્તિવાનને શિલાપર પછાડી મારી નાંખ્યો.

ત્યાર પછી કંસ જેમ જેમ દેવકીને પૂત્રો થતા ગયા તેમ તેમ તેઓને **યમ**પુરીમાં મોકલાવતો ગયો. આ પ્રમાણે અત્યારસુધીમાં **કંસે** બધા મળી **દેવ**કીના છ પૂત્રોના પ્રાણ હર્યા.

દેવકી પાછી સાતમીવાર ગર્ભવતી થઇ. આ સમયે શ્રી **વિષ્ણુ** ભગવાનની આજ્ઞા સ્વિકારી, **દેવ**કીના સાતમા ગર્ભમાં **વિષ્ણુ**ના ધામ **શે**ષનાગ પોતે આવ્યા. તે જાણી શ્રી **વિષ્ણુ** ભગવાને **યો**ગમાયાને બોલાવી કહ્યું કેઃ—તું ગોવાળ અને ગોપોથી શોભિત **વૃ**જમાં જા, અને હાલ **દેવ**કીના ઉદરમાં મારા અંશરૂપ જે **શે**ષનાગ ગયા છે, તેને ત્યાંથી ખેંચીને, **વ**સુદેવની બીજી રાણી, જેનું નામ **રો**હિણી છે, ને જે હાલ **નં**દરાયના **ગો**કુળમાં રહે છે, તેના ઉદરમાં સ્થાપન કર. પછી હું **દેવ**કીના આઠમાં ગર્ભમાં તેનો પૂત્ર થઇશ અને તું નંદની સ્ત્રી **ય**શોદાના ઉદરથી પ્રકટ થજે.

શ્રી **વિષ્ણુ** ભગવાનની આજ્ઞા માથે ચઢાવી, તેની પ્રદિક્ષણા કરી **મા**યા પૃથ્વિપર આવી; અને **દેવ**કીના ઉદરમાંથી ગર્ભ કાઢીને **ગો**કુળમાં **રો**હિણીના ઉદરમાં મુકયો. આ પ્રમાણે જ્યારે **યો**ગમાયાએ **દેવ**કીના સાતમીવારના ગર્ભને **રો**હિણીમાં સ્થાપિત કર્યો, ત્યારે ગામમાં બૂમ પડી કે **દેવ**કીનો ગર્ભ પડી ગયો.

પેલી બાજુ **યો**ગમાયાએ **રો**હિણીમાં ગર્ભ મુકયા પછી, પાંચ દિવસે, **નં**દજીના ઘરમાં, મધ્યાન્હ સમયે, **ભાદ્ર** માસમાં,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાતિ નક્ષત્ર અને શુક્લપક્ષની છઠ ને બુધવારે, તુલા લગ્નમાં, રોહિણીને એક પૂત્ર જન્મ્યો. નંદરાયે રોહિણીને પૂત્ર થવાથી ઘણુંજ દાન કર્યું અને ઓચ્છવ કરી, તેનું બળદેવ નામ પાડ્યું.

વસુદેવ અને દેવકીને કારાગ્રહમાં નાંખ્યા પછી, એ દુઃખી જોડું દુઃખમાં દિવસો કાઢતું હતું. એક દિવસે દેવકીએ વસુદેવને ઘણાજ ઉંડા વિચારમાં દિલગીરીમાં ગરક થયેલા દીઠા. તેનો આવો ચ્હેરો જોઇ દેવકીના નેત્રમાં પાણી આવી ગયાં. તે વસુદેવને દયામણું મ્હોડું કરી કહેવા લાગી કેઃ– પ્રાણનાથ! મારી સાથે લગ્ન કરવાથી તમે આવા દુઃખમાં આવી પડયા છો. શા માટે આ અભાગણીનો તમે હાથ પકડીને દુઃખ વ્હોરી લીધું? જો તમે મારી સાથે લગ્ન કીધાં ન હોત તો તમારે આવા દુઃખમાં રીબાવું પડત નહીં. તમે મારે લીધે ઘણાજ દુઃખી થયા છો. અરે પરમેશ્વર! સર્વના પાલનહાર! હવે તો જરા અમારી સ્હામું જો! કાંઇ છુટકો કર! એવાં તે અમોએ શું પાપ કીધાં છે કે તું અમારાપર આ પ્રમાણે ખાઇ પીને મંડયો છે?

તેનું આવું રૂદન સાંભળી વસુદેવ દેવકીને સમજાવતાં બોલ્યા કેઃ–દેવી! તારી સાથે લગ્ન કરીને હું દુઃખી થયો છું એમ તારે મનમાં કદી પણ લાવવું નહીં. એમાં તારી મ્હોટી ભુલ છે. જે ભાગ્યમાં લખેલું હોય છે તે કદી પણ બન્યા વિના રહેતું નથી. તું પણ ભાગ્યને માને છે. ઇશ્વરે જે નશીબમાં લખ્યું હોય તે ભોગવ્યા વિના મારો કે તારો છુટકોજ નથી.

"બીજું તો કાંઇજ નહીં પ્રાણનાથ! પણ જો તમે મારી સાથે લગ્ન કર્યાં ન હોત તો તમારે મારી સાથે આજે આવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
દુઃખમાં રીબાવું પડત નહીં." દેવકી બોલી.

હૃદયેશ્વરી ! તું જેને દુઃખ ગણે છે તેને હું દુઃખ ગણતો નથી. તને મેળવવાથી મને જે સુખ મળ્યું છે તેની પાસે આ દુઃખ કાંઇપણ ગણત્રીમાં નથી. માત્ર મને એટલોજ વિચાર આવે છે કે હું તારી સાથે લગ્ન કર્યા પછી તને કાંઇ પણ વિભવ કે સુખ ભોગવાવી શકયો નથી."

વસુદેવના આવાં વચન સાંભળી દેવકી તેને ધીરજ આપતાં બોલી કેઃ– પ્રાણનાથ ! તમારી સ્ત્રી તરીકે હું મને પોતાને ભાગ્યશાળી સમજુ છું. ગમે તેવા દુઃખમાં પણ તમારો સહવાસ મને આનંદ આપનારો છે. આમ બોલતાં બોલતાં દેવકીની આંખમાં આંસુ ભરાઇ આવ્યા. તે પોતાના પતિના મુખ તરફ પ્રેમ ભરી આંખે નિહાળવા લાગી. તેના નેત્રોમાં પ્રેમનો ચળકાટ ઉભરાઇ જવા લાગ્યો. તે એક પ્રેમના ઉમળકા સાથે પતિને કંઠે વળગી પડી અને શ્યામ રંગના ઘેરા કેશ કલાપમાં છુપાયલી પોતાની વિશાળ ગરદન વસુદેવની છાતીપર ઝુકાવી દીધી. તે સમયે દેવકીના નેત્રોમાંથી અશ્રુનાં બે ટીપાં વસુદેવની છાતીપર પડયાં. વસુદેવનો સંતાપ આ અમૃતના બિંદુ પડતાંજ હરી ગયો, અને બંને આનંદી દેખાવા લાગ્યાં.

પરંતુ આ આનંદ, આ સુખ, માત્ર બે ઘડીનુંજ હતું. થોડો વખત ગયો નહીં એટલામાં એક પુરૂષ તે સ્થળમાં દાખલ થયો. તેનું વિક્રાળ સ્વરૂપ જોતાંજ બંને જણા પ્રેમની નિદ્રામાંથી પાછા એકદમ જાગી ઉઠયાં. આ સમયે દેવકીનું રૂપ કાંઇ ચમત્કારી દેખાવા લાગ્યું. હાલ દેવકી ગર્ભવતી હતી. ગર્ભનું હવે શું થશે એ વિષે તેને મ્હોટો ધાસ્કો પડયો હતો. તોપણ તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાનો પતિ ઉદાસ ન થાય તેટલા માટે પોતાની ધાસ્તી અંતઃકરણમાંજ સમાવી મુંગી મુંગી બેસી રહી હતી. પરંતુ આ વાત કાંઇ વસુદેવથી અજાણી નહોતી. તે સર્વ સમજતો હતો પણ નિરૂપાય હોવાથી તેણે મૌન ધારણ કર્યું હતું.

ઉપર જોયું તેમ પેલો પુરૂષ બીજો કોઇજ નહીં પણ દેવકીનો ભાઇ કંસ હતો. તે ઓરડામાં દાખલ થયો પણ દેવકીના મુખ સ્હામું જોઇ શકયો નહીં. તેણે બહુ બહુ ફાંફાં માર્યાં પણ તે આજના દેવકીના તેજમાં અંજાઇ ગયો. તેની સ્હામું જોવાની તેની હિમ્મત ચાલી નહીં. તે ઘણોજ ગભરાયો અને વિચાર કરવા લાગ્યો કેઃ– જરૂર વિષ્ણુ ભગવાન પોતે એના ગર્ભમાં આવી ચુકયા છે, હવે હું શું ઉપાય કરૂં ? આ તો દેવતાઓનું કાર્ય કરવાને આવ્યો છે, માટે અવશ્ય એ મને મારશે. હવે જો હું દેવકીને મારૂં છું તો, એક તો સ્ત્રી હત્યા, બીજી બ્હેન, અને ત્રીજી ગર્ભિણી. જો હું એને મારૂં તો મારી કીર્તિ, લક્ષ્મી અને આયુષ્યનો નાશ થાય. તેણે ઘણા ઘણા વિચારો કર્યા પણ જ્યારે તેને એક પણ ઉપાય સુજ્યો નહીં ત્યારે તેણે તેનો (દેવકીના આઠમા ગર્ભનો) જન્મ થાય ત્યાંસુધી થોભવાનો વિચાર કર્યો, અને ત્યાંથી દુઃખી થતો પોતાને મ્હેલે પાછો ફર્યો.

ખાતા, પીતા, ઉંઘતાં, કંસ, ભગવાનના જન્મની રાહ જોવા લાગ્યો. તેને અન્ન જળ વિષ સમાન લાગવા માંડ્યું. નિદ્રાએ તો તેને સમુળગોજ તજી દીધો. દિવસે દિવસે ચિંતાથી તેનું શરીર ગળાવા લાગ્યું. તેને કોઇપણ વસ્તુ ઉપર પ્રેમ રહ્યો નહોતો. તે આખો દિવસ અને રાત તેજ વિચારમાં ઘુમતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો, પણ એક વસ્તુથી તે થોડો ઘણો પોતાનુ દુઃખ વિસરતો હતો. તે વસ્તુ બીજી કોઇજ નહીં પણ પોતાની પ્રાણવલ્લભા ગુલછડી હતી. ગુલછડી તેને ઘણી ઘણી રીતે સમજાવી ખુશીમાં રાખતી અને પોતાના પતિ તરફના ધર્મની ફરજ અદા કરતી.

જ્યારે ભાદ્ર માસ, બુધવાર, કૃષ્ણપક્ષ, ધાતાનું નક્ષત્ર, વૃષભરાશી, કર્ણયોગ, અષ્ટમીની અર્ધ રાત્રી, ચંદ્રમાંનો ઉદય, અને અંધારયુકત વખત હતો, ત્યારે કારાગૃહમાં વસુદેવને ત્યાં સાક્ષાત હરી જેમ યજ્ઞામાં, અરણી વિષે અગ્નિ થાય તેમ પૂર્ણ સ્વરૂપે પ્રકટ થયા. તેને જોઇ યાદવોમાં ઉતમ એવા વસુદેવે મન સાથે બાહ્મણોને એક લક્ષ ગાયો આપવાનો સંકલ્પ કર્યો, અને અનંત એવા શ્રી હરી ભગવાનને પ્રણામ કરી બે હાથ જોડી સ્તુતી કરી. પાપી કંસથી પાલન કરવા કહ્યું. દેવકીએ પણ તેજ પ્રમાણે સ્તુતિ કરી.

તેઓની સ્તુતિ પૂર્ણ થયા પછી પાપને નાશ પમાડનારા, અતિ પૂર્ણ એવા પોતે શ્રી હરી, મંદ હાસ્ય સહિત, વસુદેવ અને દેવકીને કહેવા લાગ્યા કેઃ– તમે વસુદેવ પૂર્વ જન્મે સુતયા નામે સ્વામિ હતા અને દેવકી તમારી સ્ત્રી પ્રશ્ની નામે હતી. એક વખતે બ્રહ્માની આજ્ઞાથી તમે બંનેએ પરમ દિવ્ય તપ કર્યું. જ્યારે પ્રજા સારૂ તપ કરતાં તમને મન્વંતર જેટલો કાળ થયો ત્યારે મેં તમને પ્રસન્ન થઇને વર માગવા કહ્યું. ત્યારે તમે મારા જેવો પૂત્ર માંગ્યો. તમારાં આવાં વચન સાંભળી મેં તમને તમારૂં માગેલું વરદાન આપ્યું. ત્યાર પછી પ્રશ્ની ગર્ભ એ નામથી હું તમારો પૂત્ર થયો. તમે બંને અન્ય જન્મમાં કશ્યપ અને અદિતિ થયાં. ત્યાં પણ મેં ઉપેન્દ્ર એ નામથી તમારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાં અવતાર લીધો. એ અવતારમાં મારૂં શરીર ન્હાનું હતું તેથી વામન નામથી હું પ્રસિધ્ધ થયો. તમારા ત્રીજા જન્મમાં પણ આ શરીરથી પુનઃ પ્રકટ થયો છું. માટે હવે મને લઇ ગોકુળમાં નંદરાયને ઘેર પહોંચાડો, અને એની પૂત્રી લઇ સુખી થાઓ. એટલે તમે કંસના ભયથી મુક્ત થશો. આટલું કહી તેણે પોતાનું રૂપ એક નાના બાળકમાં ફેરવી નાંખ્યું અને " ઉંવાં ઉંવાં " કરી રડવા માંડયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૪ મું.

યોગમાયા.

શ્રીહરીના વચનને અનુસરી **વસુદેવે** તુરતજ તેને પોતાના માથાપર એક ટોપલામાં મુકી ત્યાંથી બહાર નિકળવા માંડ્યું. જે વખતે **વસુદેવ** તેને લઇ બહાર નિકળતા હતા તે વખતે માયાથી સર્વે મનુષ્યો નિદ્રાવશ થઇ ગયા હતાં. સાંકળથી મજબૂત બંધ બારણા **વસુદેવને** બહાર નિકળતા જોઇને ઉઘડી ગયાં. તેથી **વ**-સુદેવને જવાની અડચણ પડી નહીં. આટલા વખતમાં **નં**દરાયની સ્ત્રી **યશોદાથી માયા** પોતે ઉત્પન્ન થઇ ગઇ. **યમુનામાં** વરસાદ પુષ્કળ પડવાથી પૂર આવ્યા હતાં. પણ **વસુદેવને** જોતાંજ માર્ગ આપ્યો, અને **વસુદેવ નં**દજીનાં ઘર પ્રત્યે જઇ પહોંચ્યા.

ત્યાં જઇ **વસુદેવે** જોયું તો **નં**દરાયનાં ઘરમાં સઘળાને નિદ્રાવસ થયેલાં દીઠાં; તેથી લાગ જોઇ તેણે પોતાના પૂત્રને **ય**-શોદાના બિછાનામાં સુવાડયો, અને **યશોદાની** પૂત્રીને પોતે લઇ તુરત બહાર નિકળ્યા. પછી પોતાને મુકામે કારાગ્રહમાં આવી તે છોકરીને બિછાનામાં સુવાડી. કે તુરત તેણે "ઉંવાં ઉંવા" કરી રડવા માંડયું. ત્યાં આવી પહોંચ્યા કે તુરતજ સઘળાંકમાડ બંધ થઇ ગયાં, અને **વસુદેવે** પાછી પોતાના પગમાં બેડી ઘાલી નિરાંતે બેઠાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પ્રમાણે દેવકીનો આઠમો પૂત્ર કે જેની રાહ કંસ જોતો હતો તે **નંદરાયને** ઘેર ગયો, અને **નંદરાયની** પૂત્રી જે **યશોદાથી** જન્મ પામી તે આ કારાગ્રહમાં **વસુદેવને** ત્યાં આવી,

પરોઢીયું થવાને થોડોજ વખત રહ્યો હતો. સર્વ કોઇ મોહનિદ્રાવશ થયેલાં હતાં. પણ આ નિદ્રામાં ખલેલ પડી. "ઉવાં ઉવાંના" શબ્દોથી સર્વ દ્વારપાળો જાગી ઉઠયાં. જાગતાંજ તેઓને જણાયું કે આ અવાજ કોઇ તુરતના જન્મેલા બાળકનો હોવો જોઇએ. તેઓએ તપાસ કરી તો માલમ પડ્યું કે દેવકીને પ્રસવ થયો છે. આ ખબર તેઓએ જલદીથી કારાગ્રહના વડાને પુગાડી.

વડાએ તુરતજ તે ખબર કંસને પહોંચાડી. કંસ જે રાત દિવસ દેવકીના પ્રસવની રાહ જોતો હતો તે આ ખબર સાંભળી તુરતજ પોતાના બિછાનામાંથી ઉઠયો અને કારાગ્રહ તરફ ગયો. ત્યાં આવીને જોયું તો દેવકીના બિછાનામાં પૂત્રને બદલે પૂત્રિને દીઠી. કંસ આ જોઇ વિસ્મય થયો. અને વિચાર કરવા લાગ્યો કે દેવકીને આઠમો ગર્ભ તો પૂત્ર થવાનો હતો. તેને બદલે પૂત્રિ કેમ ? આખરે ગમે તેમ પણ એ દેવકીનો આઠમો ગર્ભ છે અને એજ મારો કાળ છે, એમ સમજી તેણે દેવકીની પાસેથી પૂત્રીને માંગી.

તેની લાલ આંખો જોઇ દેવકી ગભરાઇ ગઇ. પણ [illegible] થંડો પડેલો જોઇ દેવકી નમ્રતાથી કહેવા લાગી કે:-હે ભાઇ ! તું આ કન્યાને મારીશ નહીં. તે દૈવની પ્રેરણાથી મારા અગ્નિ સમાન તેજસ્વી બહુ પૂત્રોને માર્યા; માટે હવે આ એક કન્યાને મારા સુખને સારૂ રહેવા દે. જો તું કહેશે તો આ પૂત્રિને તારા છોકરા સાથે પરણાવીશ. મારાપર આટલી કૃપા કર અને આ નિર્દોષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળકને જીવતદાન આપ. આ પ્રમાણે તેણે પૂત્રીને છાતી સાથે ચાંપી ઘણીવાર સુધી ચોધાર આંસુ પાડી કંસની પ્રાર્થના કરી.

કંસને ખાત્રી હતી કે દેવકીનો આઠમો ગર્ભ મારો કાળ છે માટે તે દુષ્ટે તેનું કાંઇજ સાંભળ્યું નહીં. તેણે તે નિર્દોષ પુત્રીને દેવકીના ખોળામાંથી ખેંચી કાઢી, પોતાના જીવવાના સ્વાર્થ માટે તે નિર્દોષ બાળકીને શીલા ઉપર પછાડવા તૈયાર થયો. જેવો કંસ તેને શીલા ઉપર પછાડવા ગયો કે તુરત તે **માયા** કંસના હાથમાંથી ઉછળીને આકાશ માર્ગે ચાલી ગઇ. જ્યાંથી કંસને તે સાક્ષાત **યોગ** માયારૂપે દેખાવા લાગી. જેને મોટા આઠ ભુજાઓમાં ધનુષ્ય, શૂળ, બાણ, ઢાલ, ખડ્ગ, શંખ, ચક્ર, અને ગદા એ આઠ આયુધો ધર્યાં હતાં એવી તે **યોગ**માયાને આ સમયે ગંધર્વ, અપ્સરા વિગેરે સર્વ બહુજ બળીદાન દઈ રહ્યા હતા તથા તેની સ્તુતિ કરતા હતા.

આ સમયે કંસ તો ભોઠોજ પડી ગયો અને આકાશ તરફ એક ચિત્તે જોવા લાગ્યો. એટલે **માયા** આકાશમાંથી કંસને કહેવા લાગી કેઃ- હે મુર્ખ ! હે મન્દ ! મને મારવાથી તારૂં શું વળશે ? તારા પૂર્વ જન્મનો શત્રુ કે જે તારા પ્રાણ લેવા વાળો છે તે તો કોઇ સ્થાનમાં પ્રકટ થઇ ચુકયો છે. માટે આ બિચારી તારી બ્હેન દેવકીને તથા તારા બનેવી **વ**સુદેવને શું કરવા નાહક પીડે છે ? આટલું કહી **માયા** હિમાલય પર્વત તરફ ચાલી ગઈ.

માયાના આવાં વચન સાંભળી કંસ ઘણોજ વિસ્મીત થયો અને દેવકી તથા **વ**સુદેવને પગે પડી ક્ષમા માગવા લાગ્યો અને કહેવા લાગ્યો કેઃ- હે બ્હેન ! એમાં મારો વાંક નથી. માણસતો જુઠું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોલેછેજ પણ હવે દેવતાઓ પણ જુઠું બોલવા લાગ્યા. આકાશવાણી ખરી માની મેં મારા બચાવ સારૂ તારા સઘળા બાળકોનો નાશ કર્યો પણ તમે જોશો કે એમાં મારો બીલકુલ વાંક નહોતો. માટે ઓ બ્હેન ! ઓ વસુદેવ ! આ પાપીને ક્ષમા આપો ! મને માફ કરો ! તમને મારાથી ઘણુંજ કષ્ટ વેઠવું પડયું છે ! મેં તમને દુઃખ દેવામાં કાંઇ પણ બાકી રાખી નથી. પણ ઓ બ્હેન ! ઓ વસુદેવ ! હવે જે થવાનું હતું તે થઇ ગયું. માટે વૃથા શોક ન કરો. આજથી હું તમને આ કારાગ્રહથી છુટાં કરૂં છું. તમારી ક્ષમા ચાહું છું. ઉગ્રસેન તથા તેના મિત્રોને પણ છોડી દઉં છું. તેઓની પણ ક્ષમા ચાહું છું. આ પ્રમાણે સઘળાને કેદખાનામાંથી મુકત કરી કંસ દીલગીર થતો પોતાને મ્હેલે ગયો અને પશ્ચાતાપ કરવા લાગ્યો.

પેલી બાજૂ નંદરાયજીએ પણ પોતાને ત્યાં પૂત્ર થવાથી ઓચ્છવ કર્યો અને તે પૂત્રનું નામ કૃષ્ણ પાડયું કે જે ખરેખરો વસુદેવનો પૂત્ર હતો. આ પૂત્રને જોઇ સઘળા ગોપ ગોપીઓ ખુશી થતા અને દહીંથી એક બીજા સાથે રમી પોતાનો આનંદ દર્શાવ્યો. નંદરાયજી શ્રી કૃષ્ણને વ્હાલથી ઉછેરવા લાગ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૫ મું.

ગુલછડીનું મૃત્યુ-બ્રહ્મહિંસાની શરૂઆત.

સૂર્ય પોતાના દર્શન દેવાની તૈયારી કરતો હતો. થંડો વાયુ મંદ મંદ વાતો હતો. સર્વે નિદ્રામાંથી જાગૃત થયાં હતાં. કોઇ સ્હવારના પ્હોરની હવા ખાતાં બાગમાં અથવા નદી કિનારે ફરતાં હતાં. આ વખતે એક સુંદરી કંસના મ્હેલના પાછલા ભાગમાં આવેલા સુંદર બગિચામાં તાજાં ખીલેલાં ફુલો ચુંટતી, આનંદ પામતી ફરતી હતી. એટલામાં ફૂંફાડા મારતો એક મોટો સર્પ તે સુંદરીની પછવાડે આવી તેને ડંસ્યો. ડંસ લાગતાંજ તે સુંદરી એક ચીસ પાડતી પૃથ્વિ ઉપર ઢળી પડી. સર્પ ત્યાંથી લીલા ઉગેલાં ઘાસમાં અદ્રષ્ય થઇ ગયો.

એટલામાં ક્રોધાયમાન થયેલો, ફિક્કા ચ્હેરાવાળો એક પુરૂષ ત્યાંથી પસાર થતો તે સુંદરીના શરીરને અથડાયો. અથડાતાંજ તે પણ તે સુંદરીના શરીરપર ઢળી પડયો. તુરતજ તે ત્યાંથી ઉઠયો અને તેના મુખ સ્હામું જોવા લાગ્યો. તેને જોતાંજ તે પુરૂ-ષના હોંસકોશ ઉડી ગયા. તેણે ઘણી રીતે તેને તપાસી જોઇ પણ તે મરણ પામેલી જણાઈ. તેણે એક ઉંડો નિઃશ્વાસ નાંખ્યો અને તે સુંદરીના મુખ ઉપર માથું નાંખી રડવા લાગ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંતે મહા મેહનતે તે ત્યાંથી ઉઠયો અને થોડીવારમાંજ તે એક વૈદ્યરાજ સાથે પાછો આવ્યો. વૈદ્યે તપાસ કરી કહ્યું કે:-તે સર્પના કરડવાથી મરણ પામી છે. હવે એની આશા રાખવી વ્યર્થ છે. સર્પ ઘણોજ ઝેરી હોવો જોઇએ એમ એને ચઢેલા ઝેરની અસરથી માલમ પડે છે. આટલું કહી વૈદ્ય ત્યાંથી ચાલતો થયો. પેલો પુરૂષ વૈદ્યના કહેલાં આ વચનોથી ઘણોજ દુ:ખી થવા લાગ્યો. તે સુંદરી તરફ જોઇ કહેવા લાગ્યો:-અરે! વ્હાલી ગુલછડી! તને આ શું થયું? તું મને છોડી ક્યાં ચાલી ગઇ! મારા દુ:ખમાં ભાગ લેવાને હાલ તું માત્ર એકલીજ હતી તે પણ મને છોડી ગઇ! તને જરાએ દયા ન આવી? ઓ સુંદરી! ઓ મારી આંખોના તારા! જરા તો મારી સાથે બોલ! એક વખત તો વ્હાલા કંસ કહી બોલાવ! અરેરે! હવે તારા વિયોગે મારૂં શું થશે! તું તો આ જંજાળથી છુટી પણ તને મારો વિચાર કેમ ન આવ્યો! તારે આમજ જવું હતું તો થોડા વખત સારૂં તેં મારી સાથે શું કરવા પ્રેમ બાંધ્યો? હા! પણ હું નિર્ભાગીના નશીબમાંજ એમ લખ્યું હશે. આમ બોલતો બોલતો તે તેના મુખપર માથું મુકી પાછો રડવા લાગ્યો. તેણે તેના કરમાયલા ગાલપર સૌથી છેલ્લું એક ચુંબન લીધું. અંતે તેણે ઘણીજ દીલગીરી સાથે તેની ઘટતી ક્રિયા કરી તેની પાછળ ઘણુંજ પુન્યદાન કર્યું. બિચારી ગુલછડી મરણ પામી.

આ વાતને કેટલાક દિવસો વીતિ ગયા. ગુલછડીની વાત હવે કંસ થોડો ઘણો વિસર્યો હતો. તેના મનમાં યોગમાયાના કહેલાં વચનો રમ્યા કરતાં હતાં, અને તેનો શું ઉપાય લેવો તેની તેને સુઝ પડતી નહોતી. આખરે તે જ્યારે ઘણોજ મુંઝાયો ત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેણે પોતાના મંત્રીઓની એક સભા બોલાવી.

બીજે દિવસે સ્હવારના પહોરમાં દરબાર ગ્રહમાં સઘળા મંત્રીઓ એકઠા થયા. ગામના લોકો પણ આ સભાનો વિચાર જાણવાની ઇચ્છાથી ટોળેટોળાં ભેગા થઇ આવવા લાગ્યાં. આખું મકાન મનુષ્યોથી ચિકાર થઇ ગયું. આઠ વાગવાનો સમય થવા આવ્યો. આજે કાંઇ નવુંજ તોફાન જાગશે, એવા વિચારો સઉ કરતાં હતાં. મંત્રીઓ પણ કાનમાં વાતો કરી ગુપચુપ પોતાના વિચારો જણાવતા હતા. એટલામાં કંસ ભપકાદાર પોષાકથી શણગારાઈ ત્યાં આવી પહોંચ્યો. તેને આવતાં જોઇ સઉએ નમીને માન આપ્યું.

કંસે, રત્ન જડિત સિંહાસન ઉપર પોતાની બેઠક લીધી. સર્વે કંસને ફરીથી નમન કરી બેસી ગયા. લોકોની ઇંતેજારી વધી. સર્વ મુગાં મંતર બની ગયાં. કંસે આજની સભા શામાટે બોલાવવામાં આવી છે વિગેરે કેટલુંક વિવેચન કર્યા પછી પોતાનું ભાષણ શરૂ કીધું:-

"મારા સર્વ મંત્રીઓ તથા પ્રજાજનો! આજ સુધી મારા પર વિતેલી સઘળી હકીકત આપ સર્વ જાણો છો. હવે છેલ્લો જે બનાવ બન્યો તે દેવકીના આઠમાં ગર્ભની બાબતનો છે. હું તેને શીલાપર પછાડવા ગયો ત્યારે તે મારા હાથમાંથી વિજળીની ઝડપે છટકી, આકાશ તરફ ગમન કરી ગઈ. આકાશમાંથી તેણે જે શબ્દો કહ્યા તે પણ તમારા સર્વના જાણવામાં છે. હવે શું ઉપાયો લેવા, કે જેથી મારૂં તથા તમારૂં શ્રેય થાય? માટે તમે પાકો વિચાર કરી મને જવાબ દ્યો. તેમજ આ વાતનો નિર્ણય આજેજ થવો જરૂરનો છે."

કંસનાં આવાં વચન સાંભળી શું જવાબ દેવો તેનો, સઉ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચાર કરવા લાગ્યા. એક કલાક વીતી ગયો પણ તેઓ કોઇપણ નિર્ણયપર આવ્યા નહીં. આ સમયે કંસની દરબારમાં બે ટોળીઓ હતી. એકતો રાક્ષસોની જ્યારે બીજી મનુષ્યોની. જ્યારે તેઓમાંથી કોઇજ જવાબ આપી શક્યું નહીં ત્યારે કંસ ઘણોજ ચીડાયો અને બરાડા મારતો તેઓને બાયલા વિગેરે શબ્દો કહી ધિક્કારવા લાગ્યો.

તેના આવા તિરસ્કારયુક્ત શબ્દો સાંભળી. રાક્ષસોની ટોળીથી બોલ્યા વિના રહેવાયું નહીં. તે ટોળીનો વડો જે **નરકાસુર** નામનો રાક્ષસ હતો તે બોલ્યોઃ—મહારાજ! **યોગમાયાએ** તમારા કહેવા પ્રમાણેજ કહ્યું હોય તો હવે બેસી ન રહેતાં, **પૂર** ગામ અને વ્રજ વિગેરેમાં દશ દિવસ થયા જન્મેલા બાળકોને તથા દશ દિવસ ઉપર થયેલા બાળકોને અવશ્ય મારવાંજ જોઇએ. અમે જાણીએ છીએ કે તમને કોઇ મારી શકનાર નથી, તોપણ અમે એમ ધારીએ છીએ કે, દેવતાઓની ઉપેક્ષા શત્રુતા કરવી જોઇએ નહીં. તેટલા માટે અમે સઘળા આપના સેવકોને, દેવતાઓનું મૂળ ઉખેડી નાંખવાની આજ્ઞા આપો. દેવતાઓનું મૂળ વિષ્ણુ છે અને તે જ્યાં સનાતન ધર્મ હોય છે ત્યાંજ રહે છે. હવે ધર્મનુ મૂળ, વેદ ગાય, બ્રાહ્મણ, તપ, યજ્ઞ છે; માટે સર્વથા અમે બ્રાહ્મણ, મુનિ તથા તેઓને યજ્ઞ વિગેરેમાં કામ આવતી ઘી, દુધ દેનારી ગાયોને મારી નાંખીએ. કારણ એ સર્વ વિષ્ણુના શરીરરૂપ છે અને એજ વિષ્ણુના વધનો ઉત્તમમાં ઉત્તમ ઉપાય છે. હવે તમે આજ્ઞા આપો તેટલીજ વાર છે.

રાક્ષસોના આવાં વચનો સાંભળી સ્હામું બાજુની મંત્રીઓની ટોળી પ્રજાજનો ઘણાંજ નાખુશ થયા. તેઓના રોમાંચ ખડા થઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયા. તેઓ એકે અવાજે બોલી ઉઠયા કે:—રાક્ષસોનું આ કહેવું તદ્દન ગેરવાજબી છે. પણ રાક્ષસોનું અનુકરણ કરનાર કંસને તો રાક્ષસોના કહેલા વચન સાકર જેવા મિઠાં લાગ્યાં. એટલે તેણે તેઓની દરકાર ન કરતાં, બ્રહ્મહિંસાને પોતાના હિત રૂપ માની દૈત્યોને સર્વ દિશાઓમાં સાધુ લોકોનો નાશ નરવાની આજ્ઞા આપી ત્યાંથી ચાલ્યો ગયો.

રાક્ષસો ખુશીના પોકારો કરતા તથા મુછો મરડતા ત્યાંથી બહાર નિકળ્યા. જ્યારે બીજા ફિક્કા ચ્હેરે રડતાં કકળતાં બહાર નિકળ્યા. નગરના લોકોમાં આ વાત ફેલાતાં એક જબરો હાહાકાર થઇ રહ્યો. પણ તેઓના કલ્પાંતને અહીં કોણ પત કરે તેમ હતુ? અહીં તો રાક્ષસોનુંજ ચલણ હતું. અને તે જે બોલ્યા તે કંસના મનથી પરમેશ્વરજ બોલ્યા એવું હતું. દરબારમાં રાક્ષસો શિવાયના સઘળાઓ મીણના પુતળા જેવાજ હતાં- તેઓ પોતાનું ડહાપણ ઘણીવાર ચલાવતા પણ ભાગ્યેજ કોઇ દિવસ તેઓના વિચારનો સ્વિકાર કરવામાં આવતો અને તેજ પ્રમાણે આજે પણ બન્યું હતું.

કોઇ પણ વખતે જો પ્રજા મુઝાઇ હોય તો તે આજ વખત હતો. તેઓએ તુરતજ મહાજન ભેગું કીધું અને ઉગ્રસેનના પ્રમુખપણા હેઠળ એક ગુપ્ત સભા બોલાવવા વિચાર કીધો. બીજે દિવસેજ પ્રજા વર્ગની સભા મળી અને તેઓએ કંસને એજ બાબત પુનઃ વિચાર કરવા ફરીથી સભા બોલાવવાને વિનંતી કરવાનો ઠરાવ કર્યો.

કંસે ઉગ્રસેનના કહેવાને માન આપી ત્વરાથી પાછી એજ કાર્ય માટે નક્કી ઠરાવ કરવાને સભા ભરી. આ વખત તે દિવસ કરતાં દશઘણી વધારે ગીરદી થઇ હતી. કંસે પણ અગાઉથી તેવુજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધાર્યું હતું. આજે તેણે પુરતો બંદોબસ્ત રાખ્યો હતો. આજે તોફાન થવાની પણ પૂરી વકી હતી. સર્વ કોઇ ઉશ્કેરાયલા હતાં.

પાછી સભા મળી પ્રજાજનોમાંથી ઘણાઓએ બોધદાયક ભાષણો આપ્યાં, ઉગ્રસેન, વસુદેવ, નગરશેઠ, વિગેરે ઘણા લાયકી વાળા ગ્રહસ્થોએ કંસને નીતિનાં વચનો કહ્યા અને પોતાનો ઠરાવ રદ કરવા કહ્યું. કંસે પણ તેઓનાં વચનોથી પીગળ્યો ખરો અને પોતાનો ઠરાવ રદ કરવાનો વિચાર કર્યો. પ્રજાજનોને પણ કાંઇક થોડો ઘણો ભરોસો પડયો અને કંસનો ઉત્તર સાંભળવા આતુર થયા.

પણ એટલામાંજ એક નવું તોફાન નિકળ્યું. રાક્ષસો કંસનો વિચાર જાણી ગયા અને તેથી તુરતજ માહો માંહે વિચાર કરી તેઓનો વડો **નરકાસુર** ઉઠયો અને કંસને કહેવા લાગ્યોઃ-હે રાણા! તમે તમારો ઠરાવ રદ કરવાનો ઇરાદો રાખો છો. પણ અમે તમોને વિનવીને કહીએ છીએ કે તમે તમારો ઠરાવ રદ કરો ત્યાર પહેલાં ઘણોજ બારીક વિચાર કરજો! આ સઘળાઓનાં સાકરીયા મધ જેવાં મીઠાં મીઠાં વચનોપર ભોળવાઇ જતા નહીં! તે સઘળા તો બાયલા અને બ્હીકણ છે. તેઓ લડાઇથી કંટાળેલા છે. તેઓમાં પુરૂષાર્થ તો બીલકુલ છેજ નહીં. અમારી એટલીજ અરજ છે કે અસલ ઠરાવજ કાયમ રાખવો. તમને સૌથી પહેલાં આકાશવાણીથી ખબર થઇ છે. ત્યાર પછી પેલો તુંબડું વગાડનારો **નારદ** પણ ખબર આપી ગયો છે. છેલ્લે છેલ્લે **યોગમાયાએ** પણ તમને ખબર આપી છે. તો હવે જો નહીં સમજો તો તમારૂં શું થશે તે કહી શકાતું નથી.

રાક્ષસોનું આ ભાષણ સાંભળી વળી પ્રજા ઉશ્કેરાઇ ગઈ. કંસના મનમાં આગલી વાતો પાછી તાજી થઈ અને તેથી કંસે પ્રજાનું કાંઈ પણ ન સાંભળતાં રાક્ષસોને તેઓનું કાર્ય જલદીથી આરંભવા હુકમ કર્યો; અને ત્યાંથી પોતે પ્રજા તોફાન ન કરે તેવો બંદોબસ્ત કરી પોતાને મ્હેલે ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૬ મું.

કૃષ્ણ ચરિત્ર.

હવે આપણે જરા વૃજ તરફ નજર કરીએ. એક સમયે ગોકુળની રક્ષાને માટે ગોવાળીઆઓને આજ્ઞા કરી, નંદરાય કંસને વાર્ષિક કર ભરવા માટે મથૂરા ગયા. નંદરાયને મથૂરામાં આવેલા જાણી વસુદેવ પોતાના મિત્રને મળવા તેને ઉતારે ગયા. ત્યાં જઈ વસુદેવે નંદરાયના પૂત્રની કુશળતા પુછી અને તેને પૂત્ર થયેલો જાણી પોતે ઘણાજ ખુશી થયા હોય એવું દેખાડયું. ત્યાર પછી પોતાનો પૂત્ર જે રોહિણીથી પ્રકટ થયો હતો તેની ખબર પુછી અને કહ્યું કેઃ-તમે તેની રક્ષા કરજો. તે પોતાની મા સહિત તમારા વૃજમાં રહે છે અને તમને પિતા તુલ્ય ગણે છે.

ત્યાર પછી નંદરાયે પણ વસુદેવને કેટલોક દીલાસો આપ્યો અને કંસે જે સઘળા પૂત્રો મારી નાંખ્યા તેને માટે શોક નહીં કરવા બહુ સમજાવ્યા. વસુદેવે નંદરાયને કહ્યું કેઃ-તમે કર તો ભરી ચુકયા છો અને હવે તમારે અહીં કાંઈ કામ પણ નથી, માટે હવે તમે ગોકુળમાં જાઓ તો સારૂં. કારણકે ત્યાં ઘણા ઉત્પાત થતા હશે. વળી કંસે સઘળા નાના બાળકોને મારી નાંખવા હુકમ આપ્યો છે. તમારે ત્યાં પણ બાળક છે. માટે હવે અહીં રહેવું સલામતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભરેલું નથી. નંદરાયના ધ્યાનમાં પણ વસુદેવની વાત ઉતરી તેથી તેમણે ગોકુળ જવાની તુરતજ તૈયારી કરાવી.

કંસની મોકલેલી અને બાળકોને મારવાવાળી પુતના, પૂર, ગ્રામ અને વ્રજ વિગેરે સ્થળોમાં બાળકોને મારતી ફરતી, એક દિવસ જ્યારે નંદરાય મથુરામાં કર ભરવા ગયા ત્યારે નંદરાયના વ્રજમાં આવી. આ સમયે તેણે માયાથી પોતાનું રાક્ષસી રૂપ બદલ્યું અને સોળ વરસની નવ યુવાન ઇંદ્રાણી બની ગઈ. આ સમયે ચોટલામાં પુષ્પો ગુંથ્યા હતાં! સ્તનોના ભારથી તેની કમ્મર લચકી રહી હતી! તેણે સુંદર વસ્ત્રો પહેર્યાં હતાં! તેનાં અણીઆળાં નેત્રો કટાક્ષ મારતાં હતાં! અને તેનું મુખ પુર્ણિમાના ચંદ્ર જેવું શોભી રહ્યું હતું. આથી તેના સ્વરૂપમાં અંજાઈ જઇને, ગોપ કે ગોપીઓએ, કોઇએ પણ તેને નંદરાયના ઘરમાં જતી અટકાવી નહીં.

ઘરમાં ગયા પછી તેણે શ્રી કૃષ્ણ ભગવાને જેઓ દુષ્ટ જીવો માટે કાળ રૂપ હતા તેને જોયા. શ્રી કૃષ્ણ ભગવાને જ્યારે આ બાળ હત્યારી પુતનાને આવતી જોઈ ત્યારે પોતાનાં નેત્રો મીંચી દીધાં. જ્યારે રોહીણી અને યશોદા કાંઈ કામ માટે ત્યાંથી ઉઠી બહાર ગયાં ત્યારે પુતનાએ તે બાળકને ખોળામાં લીધો અને પોતાના ઝેરયુકત સ્તન તેનાં મુખમાં આપવા લાગી

શ્રી કૃષ્ણે પણ તેના પ્રાણનું રોધન થાય તેમ તેનાં સ્તનને બે હાથે જોરથી દાબી દૂધ પીવા માડયું. પણ થોડીવારમાંજ તેના સ્તનમાં વેદના થવા લાગી. અને પોકારી ઉઠી કે "મુકી દે! છોડી દે! હવે બહુ થયું!" પણ તેના આ પોકારને ન સાંભળતાં શ્રી કૃષ્ણ તો તેના સ્તનને વળગીજ રહ્યા. આથી તે હાથ પગ પછાડવા લાગી. તેની આંખો ફાટી જવા લાગી અને ચીસ પાડતી માયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહિત થઇ ગઇ.

આ વખતે તેની ચીસથી બ્રહ્માંડ જાગી ઉઠ્યું અને મરતી વખતે તે પાછું પોતાનું રાક્ષસી રૂપ પામી. આ સમયે તેનું રાક્ષસીરૂપ ઘણુંજ ભયંકર દેખાવા લાગ્યું. મોટી લાંબી ભયંકર દાઢો, પર્વતના જેવું નાક, શીલા જેવા સ્તન, વિખરાયલા લાંબા લાલ કેશ, જાડા હાથી જેવા લાંબા પગ, તળાવ જેવું પેટ, ભયંકર લાલ નેત્રો, વિગેરે જેવું ભયંકર સ્વરૂપ જોઇને ગોપ ગોપીઓ ઘણાંજ વ્યાકુળ થવા લાગ્યા.

પછી શ્રી કૃષ્ણ ભગવાનને તેની છાતી ઉપર ક્રીડા કરતા જોઈ, આ બાળક કદી પણ જીવી શક્ત નહીં એમ બોલતાં ગોપ અને ગોપીઓ શ્રી કૃષ્ણને તેના સ્તનને છોડાવી, ઘરમાં લઇ આવ્યા; જેને યશોદા અને રોહીણીએ છાતી સાથે ચાંપી, તેની રક્ષા કરવા લાગ્યા. એટલામા નંદરાયજી પણ આવી પહોંચ્યા અને પૂત્રનો બચાવ થયલો જાણી ખુશી થયા.

પુતનાના મરણના ખબર સાંભળી કંસ ઘણોજ ગુસ્સે થયો અને તેની ખાત્રી થઈ કે એજ વિષ્ણુ ભગવાન મારો કાળ છે. આવો વિચાર કરી તેણે સકટાસુર તથા તૃણાવર્ત નામના બે રાક્ષસો તે બાળકને મારવા મોકલ્યા. તે બન્ને તુરતજ કંસના હુકમને માન આપી જુદાં જુદાં રૂપ ધારણ કરી શ્રી કૃષ્ણને મારવા ગોકુળમાં ગયા. પણ શ્રી કૃષ્ણે તેઓને યમપૂરીમાં પહોંચાડી દીધા.

એક દિવસે ત્યાર પછી શ્રી કૃષ્ણે ઘરમાં બહુજ તોફાન કર્યું અને માખણ તથા દહીં, ગોવાળીઆના છોકરાં તથા વાંદરાંઓને ખવડાવી દીધું. તેથી યશોદાએ તેને દામડાવતી ઉખળ સાથે બાંધી દીધાં અને પછી ઘર કામે વળગ્યાં. ત્યાર પછી કોઇ ન જાણે તેમ શ્રી કૃષ્ણ આળોટતા આળોટતા ત્યાંથી થોડે દૂર આવેલા યમલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જુંનના ઝાડ પાસે ગયા અને તે બન્ને ઝાડની વચ્ચે થઇને પેલી બાજૂએ જેવા ગયા કે ઉખળ આડુ પડયું. ઉખળને આડુ પડેલુ જોઈ શ્રી કૃષ્ણ તેને ખેંચવા લાગ્યા; તેથી પેલા બન્ને ઝાડો ઘોર શબ્દ કરતાં પૃથ્વિ ઉપર પડી ગયા અને તેમાંથી બે દિવ્ય પુરૂષો જેઓ શાપથી ઝાડને અવતાર પામ્યા હતા તેઓ ઉત્પન્ન થઈ શાપમાંથી મુક્ત થઈ પરલોકમાં ગયા.

ગોકુળમાં જ્યારે આવા ઘણા ઉત્પાતો થવા લાગ્યા ત્યારે સઘળાં એકઠાં થઈ, ગોકુળ ખાલી કરી, ત્યાંથી થોડે દૂર આવેલા વૃંદાવનમાં નિવાસ કરવા કરવા ગયાં. વૃંદાવન પણ યમુનાનુ તીર હતું અને વૃક્ષોની મોટી મોટી ઘટાઓ વચ્ચે આવેલું હતું. યમુના નદિ પણ નિર્મળ જળથી ખળખળાટ વ્હેતી મનુષ્યના મનને સંતોષ પમાડતી હતી. પક્ષીઓ પણ ટૌકાઓ કરી વૃંદાવનની ભૂમીને ગજાવી મુકતાં હતાં.

આ સમયે શ્રી કૃષ્ણની અને બળદેવની શીશુ અવસ્થા પૂરી થવા આવી હતી અને તેનાં શરીર ઉપર યૌવનની પ્રભા ઝળકી રહી હતી. વૃંદાવનમાં આવ્યાને ઘણો વખત થયો નહીં એટલે કંસના મોકલેલા વત્સાસુર, બકાસુર, નામના બે દૈત્યો શ્રી કૃષ્ણને મારવા જુદાં જુદાં રૂપ ધારણ કરી વૃંદાવનમાં આવ્યા. તેની પણ તેના આગલા ભાઇબંધોનાં જેવીજ દશા થઈ.

ત્યાર પછી એક સમયે શ્રી કૃષ્ણ પોતાના બાળમિત્રો સાથે ગોપોના વાછરડાંઓને ચારતાં યમુનાને કિનારે ગયા. ત્યાં આગળ અઘાસુર નામને કંસનો મોકલેલો દૈત્ય સર્વને ગળી જવાની આ-શામાં અજગરનું રૂપ ધારણ કરી, મુખ ફાડી માર્ગમાં સુતો હતો. તેની દાઢો પર્વતના શીખરો જેવી હતી. તેના હોઠો તો રાવણ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુંભકરણ, હિરણ્યાક્ષ અને તારકાસુરના કરતાં પણ મોટી હતી. તેની આંખો દાવાનળ સમાન ગરમ હતી. તેના ગલોફાં ગુફાના સમાન હતા. અને તેનો શ્વાસ કઠોર પવનના જેવો હતો.

આ અજગરને કોઇ વૃંદાવનની સંપત્તિ સમજીને સર્વ બાળકો તેના પર્વતની ગુફા જેવા મુખમાં વાસડાંઓ રહિત પેસી ગયાં. પણ આથી કાંઈ અઘાસુરને સંતોષ થયો નહીં. કારણ કે તેને તો શ્રી કૃષ્ણને મુખ્ય કરીને મારવા હતા. શ્રી કૃષ્ણે આ અજગરને દૈત્ય તરીકે તુરતજ ઓળખી કાઢયો અને બીજાઓના બચાવ અર્થે પોતે પણ બળદેવ સહિત તેના મુખમાં પેસી ગયા.

તેના મુખમાં પેઠા પછી શ્રી કૃષ્ણે પોતાનું શરીર વધારવા માંડયું. આથી અઘાસુર ઘણોજ મુઝાવા લાગ્યો. તે આમતેમ તરફડીઆં ખાવા લાગ્યો. તેની આંખોના ડોળા બહાર નિકળી પડયા. પવનનો માર્ગ બંધ પડવાથી શરીરમાં ભરાયલો વાયુ પેટને ફાડીને બહાર નીકળી ગયો, અને તેની સાથેજ તે મરણ પામ્યો. ત્યાર પછી શ્રી કૃષ્ણે મરેલા સઘળા ગોવાળીઆઓ તથા વાછરડાંઓને પોતાની અમૃતમય દ્રષ્ટીથી જીવતા કર્યા. પછી તેઓ સઘળા સાથે તેના મુખમાંથી બહાર નિકળ્યા.

ત્યાર પછી તાળ વનમાં ગયા અને ત્યાં પણ ધનકાસુર નામનો દૈત્ય જે ગધેડાનું રૂપ ધારણ કરી રહ્યો હતો તેને પણ બળદેવે કેટલીક લડાઇ કર્યા પછી મારી નાંખ્યો. ત્યાંથી તેઓ રમતાં રમતાં કાલિંદી આગળ આવી પહોંચ્યા. પણ તેટલામાં રમવાનો દડો કાલિંદીમાં પડી ગયો. એટલે સર્વ ગોવાળીઆઓના દેખતાં શ્રી કૃષ્ણ કચ્છ વાળીને કદંબના ઝાડ ઉપર ચઢયા અને ત્યાંથી યમુના નદીમાં પડયા. જળની અંદર ગયા ત્યારે તેણે કાલિય નાગનું ઘર દીઠું. કાલિયનાગ આ વખતે નાગણો સાથે બેઠો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો. તે કોઈ મનુષ્યને પોતાની જગ્યામાં આવેલો જોઇ કોપી ઉઠયો અને ફૂંફાડો મારી શ્રી કૃષ્ણની સામે ધસ્યો. એટલે શ્રી કૃષ્ણે તેની ફણિને પોતાના પગથી કચરી, તેના મસ્તક ઉપર ચઢી બેઠા અને સારીપેઠે શિક્ષા કરી. તેથી કાલીય શ્રી કૃષ્ણને પ્રણામ કરી પોતાના અસલ રહેઠાણ પ્રત્યે ચાલ્યો ગયો અને યમુના નદીનું જળ જે કાલીયનાગના સહવાસથી ઝેરી થઇ ગયું હતું તે પાછું નિર્મળ થઇ ગયું. તે પછી પ્રલંબાસુર નામનો દૈત્ય ગોવાળનું રૂપ ધારણ કરી શ્રી કૃષ્ણ તથા બળદેવને છળવા માટે આવ્યો હતો તેને પણ બળદેવે યમ લોકમાં મોકલાવી દીધો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૭ મું.

ગર્વખંડન.

વર્ષાઋતુ પૂરી થઈ હતી અને શિશિર ઋતુ ચાલતી હતી. તેથી નંદરાય વિગેરે ગોપો ઇન્દ્રના યજ્ઞની સામગ્રિ તૈયાર કરતા હતા, અને સામગ્રિની ધામધૂમ જોઈ શ્રી કૃષ્ણ પુછવા લાગ્યા— કે હે પિતાજી તથા ગોપો ! તમે આ શું ધામધૂમ કરી રહ્યાછો? આથી તમને શું ફળ મળશે ? આ તમે કોના ઉપદેશથી કરોછો? તે સઘળું મારી જાણવાની ઇચ્છા છે. માટે મને તેની સમજણ પાડો.

પૂત્રનાં આવાં વચન સાંભળી નંદરાય શ્રી કૃષ્ણને કહેવા લાગ્યા કે:— હે પૂત્ર ! ભગવાન ઇન્દ્ર મેઘ રૂપ છે. મેઘ એની પ્રીય મુર્તિઓ છે, તે જીવોને જીવાડનારૂ, તૃપ્તિ દેવાવાળું પાણી વરસે છે. તેથી હું અને બીજા મનુષ્યો પણ મેઘપતિ ઇન્દ્રનું તેના વરસાવેલા જળથી સિધ્ધ થયેલા પદાર્થો વડે યજ્ઞદ્વારા યજન કરીએ છીએ. યજન કરતાં જે કાંઇ શેષ રહી જાય છે, તેથી ધર્મ, અર્થ અને કામની સિધ્ધિને માટે પોતાની આજીવિકાની કલ્પના કરે છે. કેવળ ખેતી આદિ પુરૂપાર્થથી કાંઇ થતું નથી. કેમકે મનુષ્યોને પુરૂપાર્થનું ફળ દેવાવાળા મેઘજ છે. આ પ્રમાણે પરંપરાગત્ ધર્મને જે મનુષ્ય કામ, લોભ ભય વા દ્વેષથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છોડી દે છે, તે કદી શુભ ફળ પામતા નથી.

પિતાનાં આવાં વચન સાંભળી ઇન્દ્રને ક્રોધ ઉપજાવી તેનો ગર્વ ઉતારવા શ્રી કૃષ્ણ પોતાના પિતાને તથા બીજા ગોવાળોને કહેવા લાગ્યાઃ– હે વ્રજવાસીઓ ! કર્મથીજ જીવ ઉત્પન્ન થાય છે અને કર્મથીજ તે લીન થાય છે. સુખ કે દુઃખ પણ કર્મથીજ ઉત્પન્ન થાય છે. કર્મ પ્રમાણેજ ફળ મળે છે. જેવી કરણી તેવી ભરણી, બીજુ કાંઇજ નથી. માટે તમારે ઇન્દ્રનું શું કામ છે ? જીવ પોતાના કર્માનુસાર વર્તે છે. જીવોના પૂર્વ જન્મના સંસ્કાર જન્ય કર્મોને ઇન્દ્ર જરા પણ મટાડી શકતો નથી. તમે સર્વ ઇંદ્રનો યજ્ઞ કરવો છોડી દ્યો ! રજોગુણની પ્રેરણાથી મેઘ ચારે તરફ પાણી રૂપે વરસે છે, અને તેથી પ્રજા જીવતી રહે છે. બાકી ઇંદ્ર કાંઇજ કરતો નથી અને કરી શકવાનો પણ નથી. આ યજ્ઞને છોડી દ્યો ! એને બદલે ગાય, બ્રાહ્મણ, પર્વત વિગેરેના યજ્ઞનો આરંભ કરો. સર્વ જાતની સામગ્રી તૈયાર કરી, વિદ્વાન બ્રાહ્મણોને હાથે અગ્નિમાં હોમનો આરંભ કરો. તેઓને અનેક પ્રકારનાં અન્નદાન આપો, ગાયોને ઘાસ નાંખો, સુંદર વસ્ત્ર પહેરી ગાય, અગ્નિ, બ્રાહ્મણ અને પર્વતની પ્રદક્ષિણા ફરો. મારો તો આવો મત છે પછી તમે સૌ મોટા છો. જે યોગ્ય લાગે તે કરો.

તેનાં આવાં વચન સાંભળી તેઓએ શ્રી [illegible]ની વા[illegible] [illegible] રાખી અ[illegible] ઇંદ્ર યજ્ઞ કરવાનું બંધ રાખ્યું. તેઓ સઘળા એકઠા થઇ ગોવર્ધ્ધન પર્વત પ્રત્યે ગયા અને શ્રી કૃષ્ણના કહેવા પ્રમાણે ગોવર્ધ્ધનને અન્નકુટ ધરી તેનું પુજન કરી બ્રાહ્મણોને સારી રીતે દાન દીધું. શ્રી કૃષ્ણે સઘળાઓને સાથે રાખી ગોવર્ધ્ધનની પ્રદક્ષિણા કરી. અને ગોવર્ધ્ધન પર્વતના મધ્ય ભાગમાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અતી મ્હોટું રૂપ ધારણ કરી સર્વને હું પર્વત છું એમ કહેતાં અન્નકુટ આરોગવા લાગ્યા. આથી સઘળા વિસ્મય પામી કહેવા લાગ્યા કેઃ–હે ગોવર્ધ્ધન ! હે ગિરિરાજ ! નંદરાયના પૂત્રે બતાવેલા ચમત્કારથી અમે સઘળા તમારા સાક્ષાત દર્શનને પામ્યા છીએ. હવે અમે દિવસે દિવસે તમારો મહિમા વધારીશું. તેઓ દર્શન કરતા આ પ્રમાણે બોલતા હતા એટલામાં તો શ્રી કૃષ્ણે પોતાનું તેજ ગોવર્ધ્ધનમાંથી ખેંચી લીધું અને સઘળાના જોતજોતામાં ત્યાંથી અતંર્ધ્યાન થઈ ગયા. શ્રી કૃષ્ણ સાથે સઘળા ઘેર જવા લાગ્યા ત્યારે રસ્તામાં શ્રી કૃષ્ણ બડાઈ મારવા લાગ્યા કેઃ– જુઓ ! આ પર્વતે દેહ ધારણ કરી આપણા ઉપર અનુગ્રહ કર્યો. તે સાંભળી સર્વ વિસ્મય થઈ ગયા. આ પ્રમાણે શ્રી કૃષ્ણે ગોવર્ધ્ધન પર્વતનો મહોત્સવ ચાલુ કરાવ્યો. જે હજુ પણ પુષ્ટી માર્ગના દેવલોમાં વિક્રમાદિત્યના બેસતા વરસે, સ્હવારે ગોવર્ધ્ધનની પૂજા કર્યા પછી અન્નકુટ ધરાવવામાં આવે છે.

જ્યારે ઇંદ્રને ખબર પડી ત્યારે પોતાનું અપમાન થયલું સમજી ગર્વમાં છકી જઇ સર્વ મેઘોને બોલાવી આજ્ઞા કરી કેઃ– આ વર્ષે વૃજવાસીઓએ એક નાદાન બાળકના કહેવાથી મારે બદલે ગોવર્દ્ધન પર્વતનો મહોત્સવ કરી મારૂં અપમાન કર્યું છે. માંટે હે મેઘો ! તમે સર્વ મળી તમારાથી જેટલા જોરમાં વરસાય તેટલા જોરમાં વરસો, અને તેઓની પાયમાલી કરી નાંખો.

અપમાન પામેલા અને ક્રોધાયમાન થયેલા પોતાના રાજા ઇદ્રની આવી આજ્ઞા સાંભળી, સર્વ મેઘો એકઠા થઇ પોતાનું કાર્ય કરવા બહાર પડયા.

આ સમયે આકાશ અંધકારમય બની રહ્યું, વાયુ પણ પુ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બફુળ જોરમાં ફુંકાવા લાગ્યો, વૃક્ષો મૂળમાંથી ઉખડી જવા લાગ્યાં, ધરો જમીન દોસ્ત થવા લાગ્યાં, મેઘો પોતાના પૂર જોસથી વરસવા લાગ્યા, બરફના કરાઓ પર કરાઓ પડવા લાગ્યા, નદી નાળાંઓ જળથી ઉભરાઈ જવા લાગ્યાં, વિજળીઓ એક પછી એક પોતાના ચમકારા બતાવવા લાગી, તારાઓ ખરવા માંડયા, વાદળાઓ આમથી તેમ દોડા દોડ કરતાં સિંહ પેઠે ગર્જના કરતાં હતાં, અને જ્યાં ત્યાં જળ જળ થઈ રહ્યું. આવું ત્રાસદાયક ભયંકર તોફાન જોઈ સઘળા વૃજવાસીઓ નંદરાયને ઘેર આવ્યા અને શ્રી કૃષ્ણને કહેવા લાગ્યા કેઃ– તમારા કહેવા પ્રમાણે અમે તો ઇંદ્રને બદલે ગોવર્ધ્ધનનો મહોત્સવ કર્યો, પણ આ ઇંદ્રે તો અમારાપર જબરો કોપ કર્યો છે અને તેથી અમે હવે જીવવાની આશા રાખતા નથી. હવે અમારે શું કરવું તે સત્વર જણાવો.

કૃષ્ણઃ–તમે કહો છો તેમજ છે. ઇંદ્રને બદલે ગોવર્દ્ધનનો મહોત્સવ કર્યો તેથીજ તે આપણા ઉપર કોપ્યો છે. તે છતાં પણ તેનાં કરેલાં આવાં તોફાનથી આપણે કાંઇ બ્હીવાનું નથી. કારણ જે શ્રી ગોવર્ધ્ધનનો તમે મહોત્સવ કર્યો છે અને જેને તમારી પ્રાર્થના સાંભળી તમારા ધરાવેલા અન્નકુટને આરોગ્યો છે, તેજ શ્રી ગોવર્ધ્ધનધારી તમારૂં રક્ષણ કરશે. માટે ચાલો આપણે સઘળા આપણા બૈરાં, છોકરાં તથા સરસામાન સાથે તેની તલેટી નીચે જઇએ.

શ્રી કૃષ્ણ ઉપર સર્વને ભરોસો હતો તેથી તેઓ સઘળા તુરતજ પોતાના ઘરબાર ખાલી કરી શ્રી કૃષ્ણને સાથે લઈ ગોવર્ધ્ધન પર્વત તરફ ગયા. ત્યાં ગયા પછી શ્રી કૃષ્ણે સર્વના આશ્ચર્ય વચ્ચે ગોવર્ધ્ધન પર્વતને ઉંચો કર્યો. પછી તેના મધ્યમાં ઉભા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહી પર્વતને બરોબર સમતોલ એક આંગળીપર રાખી, સર્વને પર્વતના પોલાણમાં આવવા આજ્ઞા કરી; અને સઘળાં પર્વતના પોલાણમાં સુખેથી રહેવા લાગ્યા.

આ વાતને એકાદ દિવસ થયો નહીં તેટલામાં તો પર્વતના પોલાણની અંદર પણ જળ ઉભરાઈ જવા લાગ્યું. આ બનાવથી પાછા તેઓ ગભરાયા અને શ્રી કૃષ્ણ તરફ દયા ભરેલા ચ્હેરે જોવા લાગ્યા. તેઓના આવા ફીક્કા પડી ગયેલા ચ્હેરા જોઇને શ્રી કૃષ્ણે પર્વતના પોલાણની અંદર આવતા જળને અટકાવવાને શેષને આજ્ઞા કરી તથા સુદર્શન ચક્રને તે પર્વતના મથાળા ઉપર જઈ જળનું પાન કરવા કહ્યું. તેઓએ શ્રી કૃષ્ણની આજ્ઞા માથે ચડાવી પોતાનું કાર્ય કરવા માંડયું.

જ્યારે શ્રી કૃષ્ણને તે પર્વતને એક આંગળીપર ઝીલી રાખતાં, સુદર્શનને જળનું પાન કરતાં અને શેષને નીચેથી પર્વતનાં પોલાણમાં આવતાં જળને અટકાવતાં, સાત દિવસ થયા અને વૃજવાસીઓને ઇન્દ્રનાં કરેલા તોફાનથી કાંઇ પણ નુકશાન થયું નહીં, ત્યારે ઈન્દ્રને જ્ઞાન ઉત્પન્ન થયું. જ્ઞાન ઉત્પન્ન થતાંજ તેના મદનું ખંડન થયું. તે મન સાથે વિચાર કરવા લાગ્યો કેઃ—અરે! મેં આ શું મુર્ખાઇ કરી ! મેં કોની સાથે બાથ ભીડી ! મેં ગર્વમાં છકી જઇ આ શું કરી નાંખ્યું ? ફોકટ બિચારા વૃજવાસીઓને દુઃખી કર્યા ! મેં મારી આબરૂ મારે હાથેજ ખોઇ મારૂં જોર જતું રહ્યું ! વ્રજમાં મારી ઉલટી હાંસી થઇ ! અરેરે ! મદમાં છકી જઇ મેં આ ન કરવાનું કાર્ય કર્યું. આવો પસ્તાવો કરી તેણે સર્વ મેઘોને પાછા બોલાવી લીધા.

મેઘોના પાછા જવાથી તુરતજ તોફાન સમી ગયું. નાળાં, નદીઓમાંથી જળ ઓછું થઇ ગયું. આકાશ સ્વચ્છ થયું. સર્વ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્રજવાસીઓ શ્રી કૃષ્ણ સહિત પર્વતના પોલાણની બહાર નિકળ્યા અને શ્રી કૃષ્ણનાં વખાણ કરતાં તેની આજ્ઞા લઇ પોતાનાં બૈરાં, છોકરાં તથા સરસામાન સહિત પોતાના રહેઠાણ તરફ ચાલ્યા,

આ પ્રમાણે શ્રી કૃષ્ણે ઈન્દ્રના ગર્વને તોડી તેના કરેલા તોફાનથી વ્રજવાસીઓનું રક્ષણ કરી, ગોવર્ધ્ધનનો મહિમા વધાર્યો. ત્યાર પછી ઇન્દ્રે શ્રી કૃષ્ણ પાસે એકાન્તમાં આવી પોતાના દુષ્ટ કૃત્ય માટે ક્ષમા માંગી, શ્રી કૃષ્ણની પુજા તથા સ્તુતિ કરી, પ્રદિક્ષણા ફરી શ્રી કૃષ્ણની આજ્ઞા લઈ પાછો સ્વર્ગમાં સીધાવ્યો.

એટલામાં એક નવો બનાવ બન્યો. એકાદસીનું વ્રત કરી દ્વાદસીને દિવસે નંદરાય યમુનામાં સ્નાન કરતા હતા એટલામાં વરૂણના દુત જ્યાં નંદરાય ન્હાતા હતા ત્યાં આવી પહોંચ્યા, અને તેને ન્હાતાં ન્હાતાંજ પકડીને વરૂણ લોકમાં લઇ ગયા, નંદરાયને પકડાઇ ગયેલા જોઈ સર્વ વ્રજવાસીઓ ગાભરાં બની જઇ શ્રી કૃષ્ણને શોધવા લાગ્યા. શ્રી કૃષ્ણને આ વાતની ખબર પડતાંજ, ઘણા ગુસ્સે થઈ તેઓ વરૂણ લોકમાં ગયા. વરૂણે શ્રી કૃષ્ણને ગુસ્સામાં જોઇ તુરત તેને પગે પડી નંદરાયને છોડી દીધા. એટલે શ્રી કૃષ્ણ પિતા સહિત પાછા આવ્યા. તેમને જોઇને સર્વ આનંદ પામ્યા અને કૃષ્ણના પરાક્રમના વખાણ કરવા લાગ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૮ મું.

ઉત્પત્તિ–ચમત્કાર.

જ્યારે ગોલોકના અધિપતિ સ્વયંભગવાન સાક્ષાત શ્રી હરી પૃથ્વીનો ભાર ઉતારવા જવાને તૈયાર થયા ત્યારે દેવશ્રી પરમાત્માએ રાધાને કહ્યું કેઃ– તમે પણ ભૂતલ વિષે પધારો તો સારૂં. ત્યારે રાધાએ કહ્યું કેઃ– જ્યાં વૃંદાવન, યમુના નદી, અને ગોવર્ધ્ધન પર્વત નથી ત્યાં મારા મનને સુખ નથી. હું ભૂતલ વિષે આવીશ નહીં. ત્યારે શ્રી હરીએ પોતે પોતાના ધામથી ચોરાશી ગાઉ પૃથ્વિ, યમુના નદી, અને ગોવર્ધ્ધન પર્વતને ભૂતલ વિષે મોકલ્યા.

આ પ્રમાણે ચોવીસ વનો સાથે ચોરાસી ગાઉની પૃથ્વિ ભૂતલ વિષે આ લોકમાં આવી. તેજ પ્રમાણે શાલ્મલી દ્વિપના મધ્ય ભાગમાં દ્રોણ પર્વતની સ્ત્રી વિષે ગોવર્ધ્ધન પર્વત જન્મ પામ્યો. ગોવર્ધ્ધનનો જન્મ થયેલો સાંભળી હિમાલય વિગેરે ઘણા પર્વતો ત્યાં આવ્યા અને ગોવર્ધ્ધનની સ્તુતિ કરી, વિધીથી પૂજા કરી, નમસ્કાર કરી સર્વ પર્વતો પોત પોતાના મુકામે ગયા.

એક સમયે મુનિયોમાં શ્રેષ્ઠ અગસ્ત્ય મુની યાત્રા કરતા ફરતા ત્યાં આગળ આવી પહોંચ્યા. આ સ્થળે દ્રોણ પર્વતના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂત્ર ગોવર્ધ્ધન પર્વતને જોઇ તેઓ ઘણા ખુશી થઇ ગયા અને તેને પોતાની સાથે લઈ જવા વિચાર કર્યો. આવા વિચારથી તેણે દ્રોણ પર્વત પાસે જઇને તેને લઈ જવાની ઇચ્છા દર્શાવી. પણ દ્રોણે તેનો કાંઇ ઉત્તર દીધો નહીં. ત્યારે અગસ્ત્ય મુનિ ફરીથી દ્રોણ પ્રત્યે કહેવા લાગ્યા કે:– હે દ્રોણ! કાશી કે જ્યાં સાક્ષાત ગંગા છે, જ્યાં પાપીઓ મરણ પામી મોક્ષ ગતિને પામે છે, અને જ્યાં એક પણ પર્વત નથી, ત્યાં તમારા પૂત્ર ગોવર્દ્ધનને લઇ જવાની મારી ઇચ્છા છે, કે જેના વિષે હું તપ કરીશ. માટે કાંઇપણ આનાકાની ન કરતાં તેને મારી સાથે આવવા આજ્ઞા કરો.

મુનિના આવાં વચન સાંભળી દ્રોણના હોંસકોસ ઉડી ગયા. તેનું ચિત્ત ભ્રમિત થઈ ગયું અને મુનિને શું જવાબ દેવો તે કાંઈ સુઝયું નહીં. પોતાના એકના એક પૂત્રને આપી દેવા તેની હિમ્મત ચાલી નહીં અને ગળગળે સાદે બોલ્યા કે:– હે મુનિ! મને મારા પૂત્રથી વિખુટો ન પાડો! મને એ ઘણોજ પ્રિય છે, માટે એને મારી પાસે રહેવા દ્યો. આથી મુનિ ક્રોધાયમાન થઈ તેને શાપ દેવા તૈયાર થયા. પણ એટલામાં તેના ચ્હેરા ઉપરથી કળી ગયેલા દ્રોણ પર્વતે મુનીને કહ્યું કે:– હે મુનિ! મને શાપ ન દેશો. આપની એવીજ ઇચ્છા છે તો મારા પૂત્રને લઈ જાઓ. પછી પૂત્રને આજ્ઞા કરી કહ્યું કે:– હે પૂત્ર! તું એમની સાથે ભરતખંડમાં આવેલા કાશી ધામમાં જા કે જ્યાં વિશ્વનાથ પણ આવી રહેલા છે.

પિતાની આજ્ઞા સાંભળી ગોવર્દ્ધન મુનિને કહેવા લાગ્યો કે:– બે યોજન ઉંચા શિખરવાળો અને પાંચ યોજન પહોળો તથા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આઠ યોજન લાંબો એવો જે હું તેને આપ શી રીતે ત્યાં લઈ જશો ? ત્યારે મુનિ બોલ્યા કે, તેની તું ચિન્તા ન કર. હું તને મારા હાથ ઉપર લઈ જઈશ, અને હાથપર ને હાથપરજ કાશી પહોંચાડીશ.

ત્યારે ગોવર્દ્ધન બોલ્યો કે:– હે મુની ! તમે જે ઠેકાણે પૃથ્વિ વિષે એક વખત મારી સ્થાપના કરશો ત્યાંથી હું પાછો ઉઠીશ નહીં અને તે માટે હું પ્રતિજ્ઞા લઉં છું. તેનો ઉત્તર આપતાં મુની પણ પ્રતિજ્ઞા લેતા બોલ્યા કે:– હું પણ શાલ્મલી દ્વિપથી તૌશલની મર્યાદા સુધી તારી સ્થાપના કરીશ નહીં.

ત્યારપછી પિતાને પગે લાગી ગોવર્દ્ધન, મુનીના જમણા હાથની હથેલીપર બેઠો. મુનિ તેને લઇને ચાલતા થયા. ચાલતાં ચાલતાં તેઓ વૃંદાવન આગળ આવી પહોંચ્યા. તે સમયે ગોવર્ધ્ધનને તેના પૂર્વ જન્મનું સ્મર્ણ થતાં માલમ પડયું કે શ્રી કૃષ્ણ અહીં ક્રિડા કરનાર છે માટે અહીંથી આગળ જવું નહીં. કારણ કે આ યમુના રૂપ ભૂમી છે અને શ્રી કૃષ્ણ રાધિકાજી સહિત અહીં જરૂર આવશે અને મને તેનું દર્શન થશે. આવો વિચાર કરી ગોવર્ધ્ધને પોતાનો ભાર ઘણોજ વધાર્યો, જેથી મુનિ પણ જરા કંટાળ્યા, અને લઘુ શંકા થવાથી તેમજ પોતાની પ્રતિજ્ઞાનું સ્મર્ણ ન રહેવાથી, તેણે ગોવર્ધ્ધનને ત્યાંજ ભૂમિ ઉપર ઉતાર્યો અને લઘુ શંકા કરવા ગયા.

લઘુશંકા, સ્નાન, જપ વિગેરે કરી મુનિ પાછા ફર્યા અને ગોવર્ધ્ધનને ઉંચકવા લાગ્યા પણ તે તેનાથી હવે ઉંચકી શકાયો નહીં. ત્યારે મુનિ ગોવર્ધ્ધનને કહેવા લાગ્યા કે:– હે ગિરિમાં શ્રેષ્ટ ! તું મારી સાથે ચાલ અને ભાર ન કર ! ત્યારે ગોવ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ર્ધ્ધન બોલ્યો કેઃ-હે મુનિ ! તમે જાણો છો કે મેં તમારી સમક્ષ કેવી પ્રતિજ્ઞા કરી છે. તેમજ તમે પણ મારી સમક્ષ પ્રતિજ્ઞા કરી છે. હવે તમે મને શામાટે આગ્રહ કરો છો? હું મારા કહેવા મુજબ વર્ત્યો છું અને તેમાં મેં કશું ખોટું કર્યું નથી પણ વ્યાજબીજ કર્યું છે. હવે મને લઈ જવાનો વિચાર છોડી દઈ આપ આપને રસ્તે ચાલ્યા જાઓ.

અન્તે જ્યારે મુનિનું કાંઈજ ચાલ્યું નહીં ત્યારે ક્રોધ કરી બોલ્યાઃ-અરે નિર્લજ ! તેં મારા મનનો મનોરથ પૂર્ણ કર્યો નહીં. માટે જા, હું તને શાપ દઉં છું કે તું **પ્ર**તિદિન, તલ-પૂર ક્ષીણ થતો જશે. શાપ દઈ મુનિ **કા**શી તરફ ચાલતા થયા. આ **પ્ર**માણે **ગોવર્ધ્ધન**ની ઉત્પત્તિ થઇ અને હાલ પણ **વૃં**દાવનમાં જ તે પર્વત હયાત છે.

ગોવર્ધ્ધન પર્વતના ચમત્કાર સંબંધી એક પૂરાતન ઇતિ-હાસ એવો છે કે એક સમયે કોઇ **વિ**જય નામે બ્રાહ્મણ **મ**થૂરાથી નિકળી પોતાના દેશ તરફ જતો હતો. એવામાં તે **ગોવર્ધ્ધન** પર્વત પાસે આવી પહોંચ્યો અને ત્યાંથી પસાર થતાં તેણે પો-તાના હાથમાં એક ન્હાનો ગોળ પથરો લીધો. તે પત્થરના કટ-કાને હાથમાં રાખી રમતો રમતો રસ્તામાં જંગલ વિષે પ્રયાણ કરતો હતો તેવામાં તેણે રાતા નેત્રવાળા અને સાત ગજ લાંબી જીભવાળા એક રાક્ષસને પોતાના સ્હામું આવતાં દીઠો. રાક્ષસ પણ તે બ્રાહ્મણને પોતાના સ્હામું આવતો જોઇ, તેનું ભક્ષ કર-વાની ઇચ્છાથી, ઘોર શબ્દ કાઢતો, તેની તરફ દોડીને આવવા લાગ્યો.

રાક્ષસના હાથથી જરૂર પોતાનું મૃત્યુ થશે એમ સમજી તેણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોવર્ધ્ધનથી ઉત્પન્ન થયલો પાષાણનો કટકો તે રાક્ષસને માર્યો. પત્થરના લાગવાથી, તે રાક્ષસ, રાક્ષસી રૂપને બદલે એક સિધ્ધ-ના રૂપમાં ફેરવાઇ ગયો અને બ્રાહ્મણ પાસે આવી તેનો છુટકો કરવા માટે ઘણોજ ઉપકાર માનવા લાગ્યો, ત્યાર પછી કહેવા લાગ્યો કેઃ- તમે મને આ પાષાણ મારી રાક્ષશપણાથી મુકત કર્યો અને મારૂં કલ્યાણ કર્યું માટે હે બ્રહ્મદેવ ! આપ કોણ છો તે મને કહો. ત્યારે તે બ્રાહ્મણે કહ્યું કેઃ- હું કાંઇ તમને મુકત કરવાને સમર્થ નથી તેમ આ પાષાણના સ્પર્શનું શું ફળ છે તેની પણ મને ખબર નથી, તેથી જો આપ જાણતા હો તો મને કહો.

સિધ્ધ જે હમણા થોડીવાર ઉપર રાક્ષસ હતો તે કહેવા લાગ્યો કેઃ- હે બ્રહ્મદેવ ! આ પાષાણનો કટકો જે તમે મને માર્યો એ ગોવર્ધ્ધન પર્વતપરથી તમે લાવ્યા હતા, કે જે ગોવ-ર્ધ્ધન પર્વત સાક્ષાત્ ભગવાનનું રૂપ છે અને તેના દર્શન માત્રથી મનુષ્ય કૃતાર્થ થાય છે. તેમજ હજારો વર્ષના તપથી જે ફળ મળતું નથી તે ફકત એની પૂજા તથા દર્શન કર્યાથી મળે છે. હજારો ગૌ દાન, હજારો યજ્ઞ, હજારો યાત્રાઓ, વિગેરે અસંખ્ય પૂન્ય કરે તો પણ જે ફળ શ્રી ગોવર્ધ્ધનના દર્શનથી મળે છે તે તેઓથી મળતું નથી. જો તમે એ વાત ન માનતા હો તો ફકત મારોજ દાખલો જુઓ કે પરમ મહા પાતકી જે હું તે ફકત ગોવર્ધ્ધનના તમારા એક લાવેલા પાષાણના કટકાના સ્પર્શથી, રાક્ષસ રૂપમાંથી છુટી કેવા રૂપને પામ્યો છું.

બ્રાહ્મણે ગોવર્ધ્ધનના પ્રભાવને જાણી ફરીથી સિધ્ધને પુછયું કેઃ- હે સિધ્ધ ! આપ મહા જ્ઞાની દેખાઓ છો ! માટે આપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુર્વે જન્મમાં કોણ હતા ? તથા તમે શું પાપ કરેલું કે જેથી આપ રાક્ષસ થયા વિગેરે જે હકિકત હોય તે મને કહો,

સિધ્ધ કહેવા લાગ્યો કેઃ- મારી પુર્વની વાત બહુજ દુઃખ ઉપજાવનારી અને ભયંકર છે. તે છતાં હું તમને કહું છું તે સાંભળો. પુર્વે હું જાતે વણિક, ધર્મે વૈસ્ય અને પૈસે ટકે સુખી હતો. નાનપણથીજ મને વ્યભિચાર, જુગાર, દારૂ, વિગેરે ઘણીજ ખરાબ લતો લાગી હતી. મારી આવી ચાલથી મારા માતા પિતા ઘણાંજ દુઃખી રહેતાં, મને વારંવાર શીખામણ દેતાં, અને ઘણી વાર ધમકાવતાં પણ ખરાં. એક દિવસે મને ઘણોજ ક્રોધ ચઢયો અને તેથી મેં તેઓને ઝેર દઇ મારી નાંખ્યા. તેઓના મરણ પછી થોડે દિવસે વળી મેં મારી લગ્નાંકિત સ્ત્રીને પણ મારી નાંખી અને ઘરમાંનું સઘળું ધન લઇ, મારી રાખેલી એક વેસ્યાને સાથે લઇ ગામ છોડી પરદેશ તરફ ચાલી નિકળ્યો.

પરદેશમાં ગયા પછી થોડા દિવસ તો હું વેસ્યા સાથે રહ્યો પણ એક દિવસ મેં તેને પણ અંધારા કુવામાં નાંખી દીધી. જેથી તે પણ મરણ પામી. આ પ્રમાણે ધનના લોભથી મેં બીજી હજારો હત્યા કીધી. ત્યાર પછી એક દિવસે જ્યારે હું વનમાં મ્રગોને મારવા ફરતો હતો તેવામાં એક સર્પે આવી મારા પગને ડંશ માર્યો, કે જે ડંશથી હું તરતજ મરણ પામ્યો.

મરણ પામ્યા પછી યમના દુતો મને મુષ્ટીઓના પ્રહાર કરતા નર્ક પ્રત્યે લઇ ગયા. ત્યાં મહા પાપી એવો જે હું તે મન્વંતર સુધી કુંભીપાક નર્કમાં પડી રહ્યો. પછી ત્યાંથી નિકળી એક કલ્પ સુધી હું તપ્તસુર્મિ નર્કમાં રહ્યો. એ પ્રમાણે ચોર્યાશી લક્ષ જુદા જુદા નર્કોમાં હું એક એક વર્ષ રહ્યો. ત્યાર પછી યમની દયાથી હું નર્કમાંથી બહાર નિકળ્યો અને આ ભ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રતખંડમાં કર્મ વાસનાને પામ્યો. તેમાં દસ જન્મ વરાહ, સો જન્મ વાઘ, સો જન્મ ઉંટ, સો જન્મ પાડા, અને એક હજાર જન્મ હું સર્પ થયો. આ પ્રમાણે દશ હજાર વર્ષ પછી તમે મને જેવો જોયો હતો તેવો રાક્ષસ થયો. અને પછી તો તમે જાણો છો તેમ તમે મને પાષાણનો ટુકડો માર્યો કે જે **ગોવ**-ર્ધ્ધનનો હતો ને જેનાથી હું હાલમાં ઉભો છું તે સિધ્ધના રૂપને પામ્યો.

આ પ્રમાણે જેવી તેણે પોતાની વાત પુરી કીધી કે તુરત-જ આકાશમાંથી વિમાન આવ્યું તેમાં બેસી તે સ્વર્ગે ગયો, **ગોવર્ધ્ધન**નો આવો ચમત્કાર જાણી બ્રાહ્મણ પાછો તે પર્વત પાસે ગયો ને તેની પ્રદક્ષિણા, પુજા, વિગેરે કરી પોતાને દેશ પાછો ફર્યો.

આ **ગોવર્ધ્ધન**ની કથા જે શ્રવણ કરે તે ગમે તેવો પાપી-માં પાપી હોય તો પણ તેને **યમ**ના દ્વાર જોવાં પડતાં નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૯ મું.

શંખચુડ વધ—ગોપિકા વિરહ.

એક સમયે કુબેરનો મહા બળવાન શંખચુડ નામનો સેવક કંસના બળની વાત સાંભળી મથુરા પ્રત્યે આવ્યો અને કંસને કહેવા લાગ્યો કેઃ— કંસ તેં ઘણા રાક્ષસોને હરાવ્યા છે! તેં સઘળા રાજાઓને તાબે કર્યા છે! વળી તેં પણ ઇંદ્રને હરાવ્યો છે! માટે હે બળવાન કંસ તું મને ગદા યુધ્ધ આપ! જો હું હારીશ તો તારો દાસ થઇ રહીશ, નહીંતો તને દાસ કરી મારી સાથે લઇ જઇશ. શંખચુડનાં આવાં વચન સાંભળી કંસ તરતજ યુધ્ધ કરવા કબુલ થયો.

બન્ને જણાં સ્હામ સ્હામાં લડવા નિકળ્યા! રંગભૂમી ઉપર મહા પ્રચંડ યુધ્ધ થવા માંડયું, બન્ને સિંહની પેઠે ગદા પ્રહાર કરવા લાગ્યા. ગદાઓના ચૂરેચૂરા થઈ ગયા! ગદા ભાંગી ગઇ એટલે કંસે શંખચુડને મુષ્ઠિના પ્રહારથી મારવા માંડયો, તેમ શંખચુડે પણ કંસને મુષ્ટિઓ મારી ત્રાહ ત્રાહ પોકરાવી. આ પ્રમાણે તેઓનું સત્તાવિસ દિવસ સુધી યુધ્ધ ચાલ્યું પણ એમાંથી કોઇ હાર્યું નહીં.

એટલામાં મુનિ શ્રેષ્ટ ગર્ગાચાર્ય ત્યાં આવી પહોંચ્યા. તેને જોઇ બન્ને જણાએ પ્રણામ કર્યા. ગર્ગાચાર્ય કંસને કહેવા લા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહ્યા કે:- શંખચુડ સાથે યુધ્ધ કરવું વ્યર્થ છે, કારણ કે એને શ્રી શંકરનું વર્દાન છે, અને એ તારી બરાબરી કરનાર છે. માટે તમે ન લડતાં પરસ્પર માંહોમાંહે મૈત્રિ કરો. મુનિનાં આવાં વચન સાંભળી તેઓએ યુધ્ધની સમાપ્તિ કરી સ્નેહ સંબંધ બાંધ્યો.

શંખચુડ કંસની રજા લઇ મથૂરામાંથી નિકળ્યો. જતાં જતાં જ્યાં શ્રીકૃષ્ણ ગોપીઓ સાથે રાસ રમતા હતા ત્યાં આવી પહોંચ્યો. ગોપીઓના કોયલ જેવા મધુર સ્વર સાંભળી તથા તેઓના મનોહર મુખારવિંદ જોઇ શંખચુડે તેમાંથી એકાદ સુંદરીનું હરણ કરવા વિચાર કર્યો.

આવો વિચાર કરીને કામથી પીડાતો શંખચુડ ગોપીઓ પાસે ગયો અને તેમાંથી શતચંદ્રાનના નામની ગોપીને ઉંચકી બગલમાં મારી ન્હાસવા લાગ્યો. આ બનાવ જોઇ તથા તેનું રાક્ષસી રૂપ જોઇ સઘળી ગોપીઓ આમતેમ ન્હાસવા લાગી. શ્રીકૃષ્ણ પણ શતચંદ્રાનનાને છોડાવવા શંખચુડની પાછળ દોડયા.

શંખચુડ તેને બગલમાં ઘાલી ન્હાસતો ન્હાસતો છેક હિમાલય પર્વત સુધી પ્હોંચી ગયો. તેની પાછળ શ્રીકૃષ્ણ પણ હિમાલય પર્વત સુધી આવ્યા અને શંખચુડપર પોતાના હાથમાં એક શાલનું વૃક્ષ હતું તે ફેંક્યું. બંને જણ વચ્ચે ઘોર યુધ્ધ થયું. અંતે શંખચુડ શ્રીકૃષ્ણના હાથથી માર્યો ગયો. અને શ્રીકૃષ્ણે તેના મસ્તિક વિષે જે ચુડામણી હતો તે લઇ લીધો અને શતચંદ્રાનનાને લઇ પાછા ફર્યા.

એટલામાં શ્રીકૃષ્ણ પાસે કંસનો મોકલેલો મહા બળવાન અરિષ્ટાસુર નામનો દૈત્ય ત્યાં આવી પ્હોંચ્યો. આથી પાછા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વે ગભરાઇ ગયા પણ શ્રી **કૃષ્ણે** તેના પણ એવાજ હાલ કીધા.

અરિસ્ટાસુરના મરણ પછી **કં**સ એક દિવસે પોતાના ઘણા દૈત્ય સેવકોના મરણથી, તથા **શં**ખચુડ કે જેને પોતે હરાવી શકયો નહતો તેને પણ તે નાદાન બાળકથી મરેલો જાણી શોકાતુર થતો વિચારમાં બેઠો હતો. એટલામાં **ના**રદમુનિ ત્યાં પધાર્યા અને **કં**સને કહેવા લાગ્યા કેઃ– હે **કં**સ ! મને લાગે છે કે હવે તારૂં જરૂર આવી બન્યું છે. તું મુર્ખને કશી પણ અક્કલ હોય એમ હું ધારતો નથી. તારી મતિ ગુમ થયેલી દેખાય છે કારણકે પેલા બે નાદાન બાળકોએ તારા આટલા આટલા સેવકોને એક ફુલની માફક કચડી નાંખ્યા તોપણ હજી તું જાણતો નથી કે તેઓ તારા પણ કાળજ છે. એ કોણ છે તેનું તને હજી ભાન નથી. માટે તું સાંભળ! તે બન્ને પૂત્રો **વ**સુદેવના છે. તેમાં શ્રીકૃષ્ણ તારી બ્હેન **દે**વકીનો પૂત્ર છે અને **બ**ળદેવજી **રો**હિણીનો પૂત્ર છે, અને જે કન્યાને તું મારવા ગયો અને જે ન મરતાં આકાશમાં ઉડી ગઇ તે તો **ય**શોદાની પૂત્રી હતી. **વ**સુદેવજી તારા ભયથી તે બન્ને છોકરાઓને પોતાના મિત્ર **નં**દરાયજીની પાસે રાખી આવ્યા છે કે જેઓએ તમારા દૈત્ય સેવકોનો ઘાણ કાઢી નાંખ્યો છે.

નારદનાં આવાં વચન સાંભળી **કં**સની આંખો રાતી પીળી થઇ ગઇ. તેનો ચ્હેરો વિક્રાળ સિંહ જેવો થઇ ગયો. તે તુરતજ પોતાના આસનપરથી એક બરાડ મારી સિંહ જેવી ગર્જના કરતો, બિલાડી જેમ ઉંદરપર તરાપ મારે તેમ કુદકો મારી, પોતાની કમ્મરે લટકાવેલી તલવાર મ્યાનમાંથી કાઢી, **વ**સુદેવ તથા **દે**વકીને મારવા ચાલ્યો. તેનો એવો વિચાર જાણી **ના**રદે **કં**સને જતાં અટકાવ્યો અને કહેવા લાગ્યા કેઃ– હમણા **વ**સુદેવ તથા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવકીને તારે મારવાં નહીં. કારણકે જો તું તેઓને મારી નાંખશે તો તે બંને બાળકો ગમે ત્યાં ન્હાસી જશે. માટે પહેલાં તું તે બંનેને અહીં તેડાવ અને પછી મલ્લ યુધ્ધ માંગી તેઓનું કાશળ કઢાવી નાંખ.

આ વાત **કંસ**ના ધ્યાનમાં આવી અને તેથી તેણે **અક્રુર**જીને આ બંને બાળકોને **ગોકુળ** જઈ **સમ**જાવી પટાવી **નં**દરાયની સાથે **મ**થુરાજી તેડી લાવવા આજ્ઞા કરી. આ સાંભળી **અક્રુર**જી ઘણાજ ઉંડા વિચારમાં પડી ગયા પણ **કં**સના ભયને લીધે તેણે તે કામ કરવા માથે લીધું અને તેઓએ **વૃ**જ તરફ જવાની તૈયારી કરવા માંડી. **નાર**દજીને પણ આ વાત પસંદ પડી અને તેઓ પણ ત્યાંથી ચાલી નિકળ્યા.

આ વખતે કેશી તથા **વ્યો**માસુર જેઓ **કં**સના દૈત્ય સેવકો હતા તેઓનો મીજાજ હાથમાં રહ્યો નહીં. તેઓએ, **અક્રુર**જી તે બંને બાળકોને તેડી લાવે તે પહેલાં, તે બંનેને રામશરણ પહોંચાડી દેવા વિચાર કર્યો. તેથી તેઓ **કં**સની રજા મેળવી **અક્રુર**જી ત્યાં પહોંચે તે પહેલાં **વૃ**જમાં જઈ પહોંચ્યા. પણ તેઓએ શું કર્યું ? કાંઈજ નહીં. જેમ તેઓના બીજા મિત્રો **મ**થૂરાજી પાછા ન ફરતાં **ય**મપૂરી પહોંચ્યા હતા તેમજ તેઓ બંને **ય**મપુરી પહોંચી ગયા.

કેશી તથા **વ્યો**માસુરના મરણ પછી **અક્રુર**જી સૂર્યાસ્ત સમયે **નં**દરાયના **ગો**કુળમાં આવ્યા અને **નં**દરાયને ઘેર આવી શ્રીકૃષ્ણ તથા **બળ**દેવને જોઈ તેઓના ચરણમાં પોતાનું મસ્તક મુકયું. ત્યાર પછી શ્રી કૃષ્ણે તેમને પ્રેમાલિંગન દઈ બેસવા આસન આપ્યું. રાત્રિના ભોજન લીધા પછી સઉ સાથે મળી વાતોના ગપાટા મારવા બેઠા. કેટલીક આડી અવળી વાતો કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નંદરાય અક્રુરજીને શ્રીકૃષ્ણ સાથે વાતો કરતા મુકી પોતાને કામે ગયા.

નંદરાયના ગયા પછી શ્રી કૃષ્ણે પોતાના માતાપિતાનું તથા યાદવોનું કુશળ પુછ્યું. અક્રુરજી કહેવા લાગ્યા કેઃ- હે કૃષ્ણચંદ્ર! પરમ દિવસે કંસ હાથમાં તલવાર લઇ વસુદેવ તથા દેવકીને હણવા તૈયાર થયો હતો. પણ નારદે તેને તેમ કરતાં અટકાવ્યો. તેમજ ભય પામેલા યાદવો પણ કંસની બ્હીકથી બ્હીને દેશ જતા રહે છે. કંસ પણ હવે યાદવોને જીતવા તૈયાર થયો છે કેમકે તેને હવે ખાત્રી થઇ છે કે તેઓ સર્વ દેવતાઓ છે, માટે તમે બંનેએ હવે પ્રજાનું કલ્યાણ કરવા જવું. તમારા શિવાય હવે સર્વનું દુઃખ ટળે તેમ નથી.

અક્રુરજીનાં આવાં વચન સાંભળી શ્રી કૃષ્ણ ગોપોને કહેવા લાગ્યા કેઃ- આપણે સવારના પ્હો ફાટતાંજ, નંદરાય, બલદેવજી, હું, નવનંદ, છ ઉપનંદો તથા છ વૃષભભાનુઓ વિગેરે સાથે મળી મથૂરા જવાના છઇએ, માટે તમે સર્વ દુધ દહી વિગેરેના ગોરસો, તથા નજરાણું વિગેરે સામાન એકઠો કરો અને ગાડાઓ તથા રથ તૈયાર કરાવી રાખો.

આજ્ઞા મળતાંજ સર્વ ગોપો પોત પોતાને ઘેર ગયા અને સામાનની તયારી કરવા લાગ્યા. તેઓને સામાનની તૈયારી કરતાં જોઇ ગોપીઓએ તે વાતની પુછપરછ કરવા માંડી. તેના જવાબમાં શ્રીકૃષ્ણની વિદાયગીરીની વાત સાંભળી વિરહથી વિહ્વળ ઘેલી થયેલી સર્વ ગોપીઓના મુખ કરમાઇ ગયાં. કેટલીએકના ગાત્ર શિથિલ થઇ ગયાં, કેટલીએકનાં લુગડાં છુટી ગયાં, કેટલીએક મુર્છા ખાવા લાગી, અને કેટલીએક શ્રીકૃષ્ણ માટે રૂદન કરવા લાગી.

શ્રી કૃસ્ણ ગોપીઓના રૂદનની વાત સાંભળી તુરત દરેકને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘેર ગયા અને તેઓને જેમ અને તેમ સમજાવી ઘણા પ્રકારનો બોધ આપી, તેઓને શાંત પાડી.

સ્હવારના પ્હો ફાટતાંજ સૌ તૈયાર થઇ **નં**દરાયના ઘર આગળ ભેગાં થયાં. સૂર્યોદય થતાંજ તેઓ સઘળા **મ**થૂરા જવા નિકળ્યાં. શ્રી કૃષ્ણ, **બ**ળદેવ અને **અ**કુરજી એકજ રથમાં બેઠા હતા. આ સમય ગોપીઓ રસ્તામાં શ્રી કૃષ્ણનાં દર્શન માટે ટોળે મળી ઉભી હતી. માર્ગમાં જતાં ગોપીઓ શ્રી કૃષ્ણનાં દર્શન કરતી બોલતી કેઃ--આ **અ**ક્રુર નથી પણ ક્રુર છે. ! ક્રુર છે ! એને કાઢો અહીંથી ! આ પ્રમાણે હજારો શબ્દો **અ**ક્રુરજીને સંભળાવતી ગોપીઓ શ્રી કૃષ્ણનો રથ રોકવા લાગી. એક વખતે તો બધીઓએ મળી શ્રી કૃષ્ણના રથના સારથીને રથ ઉપરથી પાડી નાખ્યો અને લોકોની લાજ તજી **અ**ક્રુરજીને રથમાંથી બહાર ખેંચવા મંડી.

આવું જોઇ શ્રી કૃષ્ણે ગોપીઓને ઘણીજ ધમકાવી, બોધ કરી, શાંત પાડી કહ્યું કેઃ–તમે શામાટે ગભરાઓછો ? હું સાંજનાજ પાછો આવીશ. આખરે જેમ તેમ તેઓ ગોપીઓના ટોળામાંથી છુટી **મ**થૂરા તરફ ચાલ્યા.

મથૂરા સમીપ આવ્યા પછી શ્રી કૃષ્ણ **અ**ક્રુરજીને કહેવા લાગ્યા કેઃ–હે **અ**ક્રુરજી! તમે તમારા રથમાં બેસી હવે **મ**થૂરા જાઓ. અમે પાછળથી આવીશું. પણ **અ**ક્રુરજીને તે પસંદ પડયું નહીં અને કહ્યું કેઃ–તમારે સૌએ મારે ઘેરજ ઉતારો રાખવો. પણ શ્રી કૃષ્ણના ધ્યાનમાં તે વાત ઉતરી નહીં અને **અ**ક્રુરજીને સમજાવી કહ્યું કેઃ–તમે બે ફીકર રહો ! કંસને હણ્યા પછી હું **બ**ળદેવ સહિત, સર્વ બંધુઓને સાથે લઇ જરૂર તમારે ત્યાં આવીશ. આ પ્રમાણે ઠરાવ કરી **અ**ક્રુરજી પોતાના રથમાં બેસી **કં**સ પ્રત્યે ગયા અને સઉના આવવાની ખબર આપી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૨૦ મુ.

કંસ વધ.

અંન ઉદક સંબંધ જન્મ મૃત્યુ, એ જીવને હાથે નથી;
ઇશ્વર આધીન સર્વ છે, ભુલે જીવ ગહનગતી.
પર્વત કોરી પેશીય, બેશીયે ધરા અંતર જઈ;
લક્ષ રક્ષક સંગે કવચ અંગે, તોય મૃત્યુ મુકે નહીં.

અક્રુરજીના વિદાય થયા પછી પાછલા પહોરે શ્રી કૃષ્ણ બળદેવ સહિત સર્વ મિત્રોને સાથે લઇ નંદરાયની રજા લઈ મથૂરા નગરી જોવા નિકળ્યા. મથૂરાના દરવાજામાં પેસી, શેરીએ શેરીએ તેઓ ધનવાનોની મોટી હવેલી, ચૌટાં, ભાગોળો, ખાઈઓ, બાગ બગિચાઓ વિગેરે જોતાં હર્ષથી ઘેલા થયેલા અહીં તહીં ફરતા હતા. એટલામાં લુગડાં ધોનારો ધોબી ધોયલા લુગડાં સહિત તેઓને રસ્તામાં સ્હામો મળ્યો.

ધોબીની પાસે ધોયલાં લુગડાં જોઇ શ્રી કૃષ્ણે તેને ઉભો રાખી પોતાને યોગ્ય વસ્ત્રો માંગ્યા. પણ તે ધોબીએ આપવા ના પાડી અને ક્રોધમાં આવી જઈ બોલ્યો કેઃ–અરે છોકરાઓ! તમો વનવાસીઓને આવાં કપડાં હોય નહીં. તમારે તો લંગોટીઓ મારવી જોઇએ. હવેથી એવી માગણી કરશો નહીં, નહીતો વિના કારણે બંધીખાને પડશો. જ્યાં જતા હો ત્યાં ચાલ્યા જાઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધોબીનાં આવાં તુચ્છકાર ભરેલાં વાકયો સાંભળી શ્રી કૃષ્ણે તેને ફરીથી સમજાવવા માંડયો અને કહ્યું કે:-એ ધોબી! તું અમને વસ્ત્રો આપ! જો આપશે તો જરૂર તારૂં કલ્યાણ થશે. આથી તે ઉલટો વધારે ગુસ્સે થયો અને સ્હામો મારવા તૈયાર થયો. આવું જોઇ શ્રી કૃષ્ણે તેને પકડીને તેના મસ્તકપર એક એવી મુક્કી મારી કે તે ત્યાંજ રામશરણ થઇ ગયો. પછી સર્વેએ તેમાંથી પોતાને યોગ્ય વસ્ત્રો લીધાં અને ત્યાંથી આગળ ચાલતા થયા.

થોડે દૂર ગયા નહીં એટલામાં એક દરજી સામો મળ્યો. તેણે શ્રી કૃષ્ણને તથા તેના સાથીઓને ખુશીથી કેટલાક રંગબેરંગી વસ્ત્રો આપ્યાં. આગળ ચાલતાં તેઓને દામા નામનો એક માળી મળ્યો. માળી પણ શ્રી કૃષ્ણ ઉપર ખુશ ખુશ થઈ ગયો અને તેને ફૂલની માળાઓથી શણગારી દીધા. તેમજ તેના સાથીઓને પણ ફૂલ ગજરા વિગેરે આપી ખુશી કર્યા.

ત્યાંથી ફરતાં ફરતાં તેઓ રાજમાર્ગ તરફ આવી પહોંચ્યા. એટલામાં કુબ્જા નામની કંસની દાસી હાથમાં સુગંધિત ચંદન લઇને કંસને મ્હેલ જતી શ્રી કૃષ્ણની નજરે પડી. શ્રી કૃષ્ણે તેને બુમ પાડી ઉભી રાખી અને તેની પાસે થોડુંક ચંદન માંગ્યું. ત્યારે તેણે કહ્યું કે:-હું કંસની કુબ્જા નામની દાસી છું. કંસને મારૂં ઘસેલું ચંદન ઘણુંજ પ્રીય છે. તમે પણ એ ચંદન લગાડવાને યોગ્ય છો તો હું તમને ખુશીથી આપું છું. આમ કહી તેણે ખુશીથી શ્રી કૃષ્ણને ચંદન આપ્યું.

શ્રી કૃષ્ણે તેના નમ્ર વચન સાંભળી, તથા તેણે કાંઇપણ આનાકાની ન કરતાં ચંદન આપ્યું, તેથી તેનું શ્રેય કરવાનો વિચાર કર્યો. ત્યાર પછી ત્રણ જગાએથી જેનું શરીર બહુ વાંકું વળેલું છે એવી કુબ્જાને શ્રી કૃષ્ણે પોતાના બાહુથી પકડી તેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખેંચી, કે તુરતજ તેનું શરીર જે વાકું હતું તે સઘળું સિધું થઇ ગયું. તેમજ તે રૂપમાં પણ એક અપ્સરા કરતાં ચઢતી થઈ ગઇ.

પોતાનું આવું સુંદર સ્વરૂપ થયેલું જોઇને તથા શ્રી કૃષ્ણનું તેજોમય સુંદર સ્વરૂપ નિરખીને તે કામથી પીડાવા લાગી. કામદેવથી વ્યાપ્ત કુબ્જાએ શ્રી કૃષ્ણનો હસીને હાથ પકડયો અને બોલી કે:-હે મારાપર ઉપકાર કરનાર! હે વીર! તમે મારે ઘેર પધારો! હું હવે તમારાથી છુટી પડી શક્તિ નથી. તમે જો હવે મને છોડી જશો તો આ દેહ જીવ વગરનો થઇ જશે! આ ફુલ તમારા વગર જરૂર કરમાઈ જઇ ખરી પડશે! માટે આપ મારી સાથે ચાલો અને મારી ઇચ્છા પૂર્ણ કરો.

તેણીનાં આવાં વચનો સાંભળી શ્રી કૃષ્ણ હસતાં હસતાં સર્વના દેખતાં કહેવાં લાગ્યા કે:-વાહ! આ નગરની ખુબી તો કાંઈ ઓરજ માલમ પડે છે. જ્યાં તારા જેવી સુંદરી એક અજાણ્યા પુરૂષ ઉપર મોહ પામી પોતાને ઘેર તેડી જવા તૈયાર થઇ ગઈ છે. પણ જા, હું તારે ત્યાં મારૂં કાર્ય સિદ્ધ કરી જરૂર આવીશ. તારે બે ફીકર રહેવું. આમ કહી શ્રી કૃષ્ણે કુબ્જાનો હાથ પોતાના હાથમાં લઇ તેની આંગળીએ પોતાની વીંટી પહેરાવી, તેને ત્યાંથી વિદાય કીધી. બળદેવજી તથા સર્વ ગોપો પણ આ બનાવ જોઇ આશ્ચર્ય પામ્યા પણ કોઇએ તે વિષે શ્રી કૃષ્ણને કાંઇપણ કહેવાની હિમ્મત કરી નહીં.

શ્રી કૃષ્ણ પોતાની મંડળી સહિત નગરના લોકોને ધનુષ્યનું સ્થાન પુછતા પુછતા આગળ ચાલ્યા, અને ધનુષ્યની જગ્યા શોધી કાઢી. આ ધનુષ્ય આઠ ધાતુનું બનાવેલું હતું. તેનો ભાર લગભગ લાખ ભાર વજનનો હતો. તે સુવર્ણમય ચિત્રોથી કોતરેલું ઇંદ્રના ધનુષ્ય જેવું દેખાતું હતું. આ ધનુષ્યને જોઇ શ્રી કૃષ્ણ નગરના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકોની ના કહેવા છતાં લેવા દોડયા.

તે ધનુષ્યની રક્ષા અર્થે રહેલા પહેરેગીરોએ તેને ઘણી રીતે સમજાવી અટકાવવા મહેનત કરી પણ સઘળું વ્યર્થ! આથી તેઓને શ્રી કૃષ્ણ સામે થવાની જરૂર પડી. શ્રી કૃષ્ણે તેઓને મુષ્ટિઓના પ્રહારથી પ્રાણ રહિત કરી નાંખ્યા અને તે ધનુષ્યને પોતાના હાથમાં લઇ જેમ એક હાથી શેરડીના સાંઠાને કચડી નાંખે તેમ શ્રી કૃષ્ણે તે ધનુષ્યને ખેંચી ક્ષણ વારમાં તેના બે ટુકડા કરી નાંખ્યા.

ધનુષ્ય ભાંગવાથી આખુ બ્રહ્માંડ ગાજી રહ્યું. કંસ પણ તેનો અવાજ સાંભળી ભયભિત થયો. ધનુષ્યના રક્ષણ અર્થે બાકી રહેલા પહેરેગીરો પાછા શ્રી કૃષ્ણની સ્હામે લડવા આવ્યા. ત્યારે શ્રી કૃષ્ણ તથા બળદેવે તે ભાંગેલા ધનુષ્યના ટુકડાવતી તેઓના પ્રાણ હર્યા. નગરીના લોકો પણ આથી ભયભિત થઇ ગયા અને શ્રી કૃષ્ણને એક દેવ તરીકે માનવા લાગ્યા.

આ સમયે લાખો મનુષ્યો ધનુષ્યના ભાંગનાર શ્રી કૃષ્ણને જોવાને રસ્તે રસ્તે અને શેરીએ શેરીએ તેના વખાણ કરતાં ઉભા હતા. તે લોકોની મેદનીમાંથી શ્રી કૃષ્ણ પોતાની મંડળી સહિત ખુશીના પોકારો કરતા પોતાના ઉતારે પાછા ફર્યા. ઉતારાપર આવી ભોજન લઇ થોડીવાર ગપાટા મારી સર્વે નિદ્રાવશ થયા.

કંસને જ્યારે ધોબીના વધની, ધનુષ્યના રક્ષણ કરનાર યોદ્ધાઓના વધની તથા છેલ્લે ધનુષ્ય તોડવાની, ખબર પડી ત્યારે ઘણોજ ત્રાસ પામ્યો. તેનું શરીર ધ્રુજવા લાગ્યું, તેની આંખો ફરકવા લાગી, તેની છાતી ભરાઇ આવી, તેની કમ્મર ભાંગી ગઇ, તેના બાહુનું જોર જતું રહ્યું, તેનું મ્હો તદ્દન ફીક્કાસ મારી ગયું, નિદ્રાએ તથા ભુખે તેનો તિરસ્કાર કર્યો, અને તેનું હૈયું ભરાઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવ્યું. તેને પોતાની બ્હેનના મારેલા પૂત્રો યાદ આવ્યા. તે કાળને જોવા લાગ્યો, અને પોતાનું આવી બનેલું જાણી મહા દુઃખી થવા લાગ્યો.

તેને કાંઇપણ ઉપાય સુઝયો નહીં. પોતાની સ્ત્રીઓને તે કાંટા જેવી જોવા લાગ્યો. અન્નને વિષ સમાન જોવા લાગ્યો. અંતે જેમ જેમ તેને નિદ્રા આવી. નિદ્રામાં તેણે ઘણુંજ માઠું સ્વપ્નુ જોયું. આથી તે વધારે ભ્રમિત થયો. તેનો ચ્હેરો ભપકાર દેખાવા લાગ્યો. તેના ડોળા ફાટેલા દેખાવા લાગ્યા. તેના લાંબા વાળ વિખરાઇ ગયેલા હતા, અને તેનું મ્હો એક વિકાળ ઉદાસીન જેવું જણાવા લાગ્યું.

રાત્રિ તેને ભયંકર કાળ રાત્રિ જેવી લાગી, તારાઓનો પ્રકાશ તેની આંખોના અંધકારનાં પડદામાં છુપાઇ ગયો, અને તે ત્રાહ્ય ત્રાહ્ય પોકારતો જમીનપર પગ પછાડવા લાગ્યો. સ્વપ્નામાં તેણે પ્રેતને પોતાની પાસે આવેલું દીઠું, પોતાને ગધેડાપર બેઠેલો દીઠો, અને વળી પોતે જાણે વિષ ખાધું હોય એમ તેને લાગ્યું. આવું સ્વપ્ન જોવાથી તે પોતાને અપશુકન થયેલા માનવા લાગ્યો અને નિશ્ચય મરણ થશે એમ જાણી તે મુર્છા ખાઇ જમીનપર પડયો. આ પ્રમાણે અસાધારણ ચિંતામાંને ચિંતામાંજ કંસની તે ભયંકર રાત્રિ પસાર થઇ.

પોહ ફાટયું, સ્હવાર થઇ, સૂર્યનારાયણ પ્રકાશ્યા અને કંસ મૂર્છામાંથી જાગૃત થયો. જેમ તેમ કરી હિમ્મત રાખી ભયથી બીધેલો દુષ્ટ કંસ બિછાનામાંથી ઉઠયો. પછી તરતજ કંસે મલ્લયુદ્ધનો મહા ભારી ઉત્સવ કરાવ્યો.

રંગભૂમી સર્વ સામગ્રીથી શણગારી હતી, જાત જાતના વાજીંત્રો વાગવાં લાગ્યાં, અને નગરીના લોકો આજનું યુદ્ધ જોવાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાણીના રેલાની પેઠે ત્યાં ઉભરાવા લાગ્યા. જુદા જુદા મંડપોમાં સૌ સૌની યોગ્યતા પ્રમાણે બેઠા. કંસ પણ ત્યાં વખતસર આવી પહોંચ્યો, અને વચમાં ઉભા કરેલા માચડા ઉપર, રાજાઓના મંડળની વચ્ચે, ઉંચી રત્ન જડિત બેઠક ઉપર બેઠો પરંતુ તેનું મન અંદરથી બહુજ ગભરાતુ હતું. સર્વે મલ્લો વાજીંત્રના અવાજ સાંભળી દંગ ભુમીપર આવ્યા ત્યારપછી કંસના તેડાવેલા **નંદરાયજી** વિગેરે સર્વે ગોવાળો ભેટ આપી એક મંડપમાં બેઠા.

એટલામાં વાજીંત્રના અવાજ સાંભળી શ્રી કૃષ્ણ તથા **બળદેવજી** પણ મલ્લ યુદ્ધ જોવા આવ્યા. રંગભૂમીના દ્વાર પાસે આવી જુએ છે તો ત્યાં કુવલયાપીડ નામનો હાથી ઉભો હતો. હાથીને ઉભેલો જોઇ શ્રી કૃષ્ણે તેના ઉપર બેઠેલા રાવતને હાથી ખસેડી માર્ગ આપવા કહ્યું. રાવતે તેના કહેવા ઉપર બીલકુલ ધ્યાન આપ્યું નહીં. તેથી શ્રી કૃષ્ણે ક્રોધ પામી તેને કહ્યું કેઃ– સીધો સીધો માર્ગ આપ નહીં તો તને હાથી સહિત **યમપૂરીમાં** મોકલી દઇશ.

આથી રાવતે હાથીને ઉશ્કેરી શ્રી કૃષ્ણના ઉપર દોડાવ્યો. હાથીએ શ્રી કૃષ્ણને પોતાની સુંઢમાં ઉંચકી ઉછાળ્યા, ત્યારે શ્રી કૃષ્ણે પણ તેનું પુંછડું એટલા તો જોરથી ખેંચ્યું કે તે હાથી ભોંય પર ઘસડાવા લાગ્યો. ઘણી મ્હેનતે હાથી પાછો શ્રી કૃષ્ણના હાથમાંથી છુટયો અને પાછો ક્રોધ કરી શ્રી કૃષ્ણની સ્હામે દોડયો.

શ્રી કૃષ્ણ તેને સામે આવતો જોઈ, બરાબર તેના તરફ દ્રષ્ટી રાખી ઉભા અને જેવો તે હાથી તેની નજદીક આવ્યો કે તુરતજ શ્રી કૃષ્ણે તેને લાત મારી પૃથ્વિ ઉપર પાડયો, અને તેનાપર સિંહની પેઠે ગુસ્સો બતાવી તેનાં દાંત પાડી નાંખ્યા, અને પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેજ દાંતોથી હાથીને તથા રાવતને માર્યાં.

કુવલયાપીડ હાથીને મારી શ્રી કૃષ્ણ બળદેવ સહિત રંગ ભૂમીમાં પેઠા. એટલે તેમની પાસે ચાણુર આદી દૈત્યો આવી કહેવા લાગ્યા કેઃ—તમે બન્ને જણ અહીં રાજા સ્હામું મલ્લો સાથે યુદ્ધ કરો. શ્રી કૃષ્ણે કહ્યુઃ—અમે તો બાળકો છીએ એટલે અમારાથી તમારા જેવા મલ્લો સાથે કે તમારા રાજા સાથે યુદ્ધ થાય નહી. અમારી સાથે તો અમારા જેવા બાળકોજ યુદ્ધ કરવાને જોઇએ. તોપણ તેઓના ઘણાજ આગ્રહથી શ્રી કૃષ્ણે યુદ્ધ કરવા કબુલ કર્યું ત્યારપછી શ્રી કૃષ્ણ ચાણુર સાથે અને બળભદ્ર મુષ્ટિક સાથે યુદ્ધ કરવા સામ સામાં આવી ઉભા. કંસપણ હવે તેઓનું યુદ્ધ જોવા ઘણોજ આતુર હતો કારણકે તે વિચારતો હતો કે ગમે તેમ આ પૂત્રનું કાશળ નિકળી જાય તો ઠીક. કંસ આવો વિચાર કરતો હતો તે વખતે નંદરાયના હોંસકોસ ઉડી ગયા હતા.

યુધ્ધ શરૂ થયું! એક બીજા સામ સામા રંગભૂમીપર લડવા લાગ્યા શ્રી કૃષ્ણે ચાણુરને એક હાથમાં ઉંચકી લીધો, ત્યારે ચાણુરે તેની હથેલીમાંથી ઉતરી પડી શ્રી કૃષ્ણને પોતાના હાથપર ઉંચકયા. કે તરતજ શ્રી કૃષ્ણે તેની ગળચી પકડી મુષ્ટિઓના પ્રહાર કરવા માંડયા. બીજી તરફ બળદેવજીએ પણ મુષ્ટિકને મુષ્ટિઓના પ્રહાર કરવા માંડયા. શ્રી કૃષ્ણે ચાણુરને બે હાથે ઊંચકી ગગનમાં ઉછાળ્યો જ્યાંથી પડી તે પાછો ઉઠી શ્રી કૃષ્ણને મુષ્ટીઓના પ્રહાર કરવા લાગ્યો. શ્રી કૃષ્ણે તેને ઉંચકી ગોળ ચક્કર ફેરવી પૃથ્વિ ઉપર પછાડયો. પછડાતાંજ તેના રામ રમી ગયા. બળદેવજીએ પણ મુષ્ટિકને એજ પ્રમાણે પૃથ્વિપર પછાડી પ્રાણ રહિત કરી નાંખ્યો.

આ બે યોદ્ધાઓના મૃત્યુથી કંસ વધારે ગભરાયો અને તેઓની સામે પોતાના કૂટ અને શલ નામ નામીના બે મલ્લોને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુદ્ધ કરવા મોકલ્યા. તેઓ કંસની આજ્ઞાથી સ્હામા આવી ઉભા. એટલે બળદેવજીએ કૂટને મુષ્ટિઓના પ્રહારોવડે પૃથ્વિ ઉપર પાડયો અને શ્રી કૃષ્ણે શલને લાત મારી જમીનપર પાડયો. આ બન્ને યોદ્ધાઓને મરેલા જોઇ તેઓનો સાથવાળો તોશલ નામનો મલ્લ ગુસ્સામાં આવી જઈ શ્રી કૃષ્ણ સ્હામે લડવા આવ્યો. તુરતજ શ્રી કૃષ્ણે તેને પૃથ્વિ ઉપર નાંખી બે ભાગમાં ચીરી નાંખ્યો, અને કંસની તરફ ફેંકયો.

પાંચે યોધ્ધાઓના મૃત્યુથી કંસની સ્થીતિ ઘણીજ ભય ભરેલી થઈ, તે ઘણોજ મુઝાયો જ્યારે તેને સુજ્યું નહીં ત્યારે તે મહા ક્રોધ કરી બોલ્યો કે:—અરે મારા બહાદૂર સરદારો ! આ ! નંદના પૂત્રોને અહીંથી હાંકી કાઢો ! વ્રજવાસીઓનું સઘળુ લુંટી લ્યો ! નંદને, ઉગ્રસેનને, દેવકી તથા વસુદેવને તત્કાળ મારી નાંખો ! એટલુંજ નહીં પણ જ્યાં જ્યાં યાદવો માલમ પડે ત્યાંથી તેઓને પકડી જીવતા રહેવા દેવાજ નહીં. કારણ કે તેઓ યાદવો નથી પણ દેવતાઓ છે !

આવી રીતે જ્યારે કંસ બકયો જતો હતો ત્યારે શ્રી કૃષ્ણ એકદમ ફાળ મારતાં, જ્યાં કંસ માચડા ઉપર રત્ન જડિત સિંહાસનપર બેઠેલો હતો ત્યાં ગયા. કંસે પોતાના મૃત્યુરૂપ શ્રી કૃષ્ણ ભગવાનને આવતા જોઇ, તુરત સિંહાસન ઉપરથી ઉઠી પોતાની ઢાલ તલવાર હાથમાં લીધી. પણ તેનો ઉપયોગ કરે તે પહેલાં તો શ્રી કૃષ્ણે તેના હાથમાંથી ઢાલ તલવાર છીનવી લઇ, તેનો મુગટ માથા ઉપરથી ઉરાડી દીધો તેની ચોટલી પકડી તેને મંચ ઉપરથી જમીન ઉપર પછાડયો. અને સીંહ જેમ હાથીને ઘસડે તેમ ખુબ ઘસડી તેની છાતી ઉપર ચઢી બેઠા. આ સમયે જન સમુહમાં ભારી હાહાકાર વર્તી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહ્યો અને કંસ મૃત્યુ પામી શ્રી કૃષ્ણના તેજમાં લીન થઈ ગયો.

કંસના મૃત્યુ સમાચાર સહજ વારમાં અંતઃપુરમાં તેમજ આખા નગરમાં ફેલાઇ ગયા. મથુરાપુરીના તેમજ આસપાસના ગામો અને શેહેરમાં ત્રાસ પમાડનાર એક ગર્વિષ્ટ, મદમસ્ત મહારાજાના પ્રાણ પરલોકમાં ચાલ્યા ગયા. આ સંવાદ સાંભળી નાગરિક જનોના દુષ્ટ વર્ગમાં રોદનધ્વનિ, અને ભક્તજનોમાં હર્ષધ્વનિ સંભળાવા લાગ્યા. જેના પરિતાપથી તાપિત્ થતા હતા તેનો નાશ થયલો જાણી હર્ષ થાય એ સ્વાભાવિક છે. નગરના બ્રાહ્મણો, તપસ્વિઓ, અગ્નિ હોત્રિઓ અને ભક્તજનો આનંદ પામવા લાગ્યા. વળી તેના ઇષ્ટ મિત્રો અને દુઃસલાહકારીઓ આક્રંદ કરવા લાગ્યા. પરંતુ તેના અંતઃપુરમાં ભારે કોલાહલ થઈ રહ્યો. દાસીઓએ મૃત્યુ સમાચાર આપ્યા. તેજ વખતે કંસની રાણીઓ મૂર્છા ખાઇ પૃથ્વી ઉપર પડી ગઇ. દાસીઓએ આવી તેમને શિત્તળ વાયુ નાંખી સચેતન કરી. ચૈતન્ય આવતાં સઘળી રાણીઓ રડવા લાગી. છાતી માથા કૂટવા લાગી. માથાના વાળ તોડવા લાગી. શરિર પછાડવા લાગી. નેત્રમાંથી વહેતી અખંડ અશ્રુધારા તેમનાં શરિરને પલાળવા લાગી. તેઓ બોલવા લાગી; હે નાથ! આ અખિલ વિશ્વમાં હવે અમારૂં કોઇ નથી! જગત્માં સ્ત્રીઓનો અધાર પતિ છે. સ્ત્રીઓનો ઇશ્વરજ પતિ છે. તેમજ અમારા આધાર અને ઇશ્વર રૂપ પતિ હતા. અમને નિરાધાર છોડી ચાલ્યા ગયા! હવે અમારૂં કોણ! નાથ! અમને સંસાર સમુદ્રમાં ડુબાવી દઇ ચાલ્યા જવાનું શું તમને યોગ્ય લાગ્યું ? હે નાથ ! હવે અમારા દુઃખની અવધિ નથી ! અમારા સર્વ સુખો આપની સાથેજ ચાલ્યાં ગયાં ! હે પ્રાણેશ્વર ! હે જીવન આધાર ! આ સર્વ રાજવિભવ સર્વ વિલાસ સ્થાનો, સર્વ વિહાર ગ્રહો અને સુખની સર્વ સામગ્રીઓ, તમારા વિના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિસ્તેજ થઈ ગઈ છે ! આજે તમારા વિયોગે જેમ અમારૂં હૃદય કૃપાય છે તેમ નગરનાં સઘળાં બાલવૃદ્ધ પણ આક્રંદ કરે છે. હે પ્રભુ! અમને આ સઘળું સ્મશાનવત્ ભાસે છે! હે નાથ! અમને પણ તમારી સાથે લઇ જાઓ ! રાણીઓ આ પ્રમાણે વારંવાર વિલાપ કરી રડવા લાગી. દાસીઓ તેમના બન્ને હાથ અને શરિર પકડી રાખી સમજાવવા લાગી. પરંતુ તેઓ કોઇ પણ પ્રકારે શાંત થઇ નહીં. તેઓએ તેજ સમયથી પોતાના વસ્ત્રાલંકાર ત્યાગ કરી વૈધવ્યદશાનાં વસ્ત્ર ધારણ કર્યાં. સફેદ વસ્ત્રો ધારણ કરી જીવન ગાળવા લાગી. સમસ્ત પ્રજા પણ ધીમે ધીમે રાજાના દૂર્ગુણોને વિસારતી પોતાના નવા રાજાના રાજ્યમાં સુખ અનુભવવા લાગી.

આ પ્રમાણે મથૂરાપૂરીના ગર્વિષ્ટ રાણાનો શ્રી કૃષ્ણના હાથથી અંત આવ્યો, અને સર્વ તેના મૃત્યુથી સુખી થયા.

ત્યાર પછી શ્રી કૃષ્ણે રાજા ઉગ્રસેનને તથા પોતાના માત પિતાને છોડવ્યાં, અને ઉગ્રસેનને પાછું મથૂરાપૂરીનું રાજ્ય આપ્યું. આ રીતે શ્રી કૃષ્ણ ભગવાને કંસને મારી, માત પિતાને દુઃખમાંથી છૂટાં કરી, ઉગ્રસેનને પાછું રાજ્ય સોંપી સર્વને સુખી કર્યાં.

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।

अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥

"જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ-ક્ષીણતા-થાયછે, અધર્મનું જોર વધેછે, ત્યારે હું અવતાર ધારણ કરૂં છું." **ભ. ગી. અ. ૪. શ્લોક. ૭.**

श्री कृष्णपरमात्माकी जय ।

અસ્તુ. અસ્તુ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અગાઉથી ગ્રાહક થનારનાં નામ.

૧૧ શેઠ મોરારભાઇ વીજભુખણદાસ માલવી.

૧૦ ડાક્તર નગીનદાસ માણેકલાલ.

૧.૦૦ મેસર્સ, ત્રીભોવનદાસ નરોતમદાસ માલવી, સોલીસી-ટર.—મઠુભાઇ કરસનભાઇ સોલીસીટર.—ત્રીભોવનદાસ વરજીવન-દાસ.—ઠક્કર કાલીદાસ જુઠા.—વીઠ્ઠલદાસ ગોપાલદાસ તોલાટ.—બી. એસ. સી.—ડાહ્યાભાઇ નારણદાસ ચોખાવાલા.—દેવીદાસ જેકીસન-દાસ, બી. એ.—સી. એમ. ચુડાવાલા.—ભીમરાવ.—અચરતલાલ હીરાલાલ કોટીઆવાલા, ભરૂચ.—મગનલાલ મંછારામ તોલાટ.—એમ. કાનજી અને કુંપની.—દુવારકાદાસ ત્રીભોવનદાસ.—ઠાકોરદાસ જમ-નાદાસ પંજી.—સીવદાસ ભાણાભાઇ.—દામોદરદાસ ગોરધનદાસ વ્યાસ.—ઠાકોરદાસ પરમાનંદાસ દાકતર, સુરત.—મોતીલાલ વરજ-દાસ.—અમરતલાલ ચુનીલાલ.—જગજીવનદાસ નગીનદાસ.—**દરેકની પાંચ પ્રત.**

૧૬ મેસર્સ, મોતીલાલ વીજભુણદાસ.—હીરાલાલ કરસન-દાસ, બી. એ.—જગમોહનદાસ ત્રીભોવનદાસ.—રણછોડદાસ ભાણજી નાયક.—બરધીચંદ પુનમચંદ ઢઢા.—રામચંદ્ર આત્મારામ તરખડ.—માવજીભાઇ લીલાધર જેઠા પારપીઆ.—મોતીરામ ગુલાબદાસ ચોકસી.—**દરેકની બે પ્રત.**

૬૪ મેસર્સ, મંગળદાસ ઇચ્છારામ, બી. એ.—છગનલાલ માણેકલાલ.—ઠાકોરદાસ જમનાદાસ.—નરોતમદાસ છબીલદાસ.—મગ-નલાલ ભગવાનદાસ.—બ્રીજમોહનદાસ ગુલાબદાસ મોદી.—વરજીવન-દાસ ત્રીભોવનદાસ દલાલ.—દાકતર, સી. એન. કલાર્ક.—ત્રીભોવનદાસ પ્રાણજીવનદાસ ઘી વાલા, સુરત.—ચુનીલાલ ઠાકોરદાસ મોદી, સુરત.—છગનલાલ ગુલાબદાસ વકીલના, સુરત.—રંગીલદાસ જમ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાદાસ દલાલ.-પરસોતમદાસ પ્રાણજીવનદાસ સોનાવાલા.-ચુનીલાલ મુલચંદ.-દામોદરદાસ મથરાદાસ.-સીવદાસ નગીનદાસ.-મનમોહનદાસ નગીનદાસ.-વસંતરાવ નાનાભાઇ છાપનીવાલા.-દુવારકાનાથ દીનાનાથ છાપનીવાલા.-કરસનદાસ નરોતમદાસ ભગુડીઆ.-હરીલાલ કલ્યાણદાસ ભગુડીઆ.-મંગળદાસ મનમોહનદાસ ભગુડીઆ.-ત્રીભોવનદાસ દલપતરામ વકીલ.-મગનલાલ વીજભુખણદાસ ખાંડવાલા.-ઠાકોરદાસ મગનલાલ રેશમવાલા.-નરસીલાલ માણેકલાલ સોનાવાલા.-હીરાશંકર ગીરજાશંકર મોતીવાલા.-દામોદરદાસ ધરમસી પુરશોતમ.-પંડ્રીનાથ નારાયણ.-વીઠ્ઠલદાસ પરભુદાસ.-ફરામજી કાવસજી દાકતર.-દેવીદાસ નારણદાસ.-પરશોતમદાસ જમનાદાસ ચોકસી.-પરશોતમ કપુરચંદ.-મગનલાલ પરશોતમદાસ પ્રાણવલ્લભ.-નરોતમદાસ મયારામ.-મોતીલાલ લલ્લુભાઇ.-હરીલાલ, વી. ચોકસી.-લલ્લુભાઇ હરકીસનદાસ.-અબદુલ હુસેન મુસાજી.-રતીલાલ નૌતમરામ પંડીત..-ચંદુલાલ નગીનદાસ.--પરભુદાસ લાલદાસ.-મહાશંકર વેણીશંકર.-વૈદ્ય ભવાનીશંકર રામશંકર.-ભગવતલાલ છોટુભાઇ દેશાઇ.-મગનલાલ જેકીસનદાસ.-જગમોહનદાસ મોતીરામ લાલકસન.-ભવાનીદાસ ભાણાભાઇ.-મંગળદાસ રંગીલદાસ ઇજનેર.-ઉત્તમરામ લલ્લુભાઇ વકીલ.-કસનદાસ મુળજી મોદી.-લક્ષમીદાસ કેશવજી કાપડીઆ.--ચંદ્રશંકર જમીયતરામ મ્હેતા.-દાકતર જગમોહનદાસ છબીલદાસ મરચંટ.-બી. જી. ગજીવાલા, એમ. એ.-નાનાભાઇ પરમાનંદાસ.--ચંદુલાલ સુરજરામ.-નગીનદાસ ગુલાબદાસ મુનીમ.-કીકાભાઇ મકનદાસ.-કાલીદાસ મુલચંદ.-મોહનલાલ કાનદાસ.-નાનાભાઇ ઘેલાભાઇ ટાઇપ ફાઉન્ડર.

૨૦૧ કુલ્લે પ્રત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઠાકોરદાસ જમનાદાસની કું૦,

ના૦ ૧, ટેમરીંડ લેન, કોટ, મુંબઇ.

વીલાયતમાં ૪૫ વરસના વખણાયલ

એ. એન્ડરસન એન્ડ સન્સના એકલા આડતીઆ

તથા સરવે કામના સાંચાઓ વેચનારા.

ઈન્જીનો બોઈલરો. પ્લેટના જીનો,

ડોંકી, લેથ, કાંટાઓ, ચામડાં તથા કેનવાસના
પટાઓ, જીન, સીલીન્ડર, સ્પીન્ડલ્સ, શેફ્ટીંગ
ઓઇલ, રોપ, રબર વગેરે સ્ટોકમાં તૈયાર
રાખવામાં આવે છે.

કોટન બેલીંગ પ્રેસો, પ્રીંટીંગ પ્રેસો

આટા, ચોખા, તેલની ઘાણી, લાકડાં વેહેરવા વીગેરેની મીલોના સાચાઓ કીફાયત ભાવે મંગાવી આપવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુટુંબના રૂણમાંથી છૂટવાનો તાત્કાળીક
રામબાણ ઈલાજ શું છે ?

આ દુનીયામાંથી તમો તો હંમેશના ચાલી જશો ત્યારે તમે તો જાણે ગંગા નાહ્યા, પણ તમારા કુટુંબને હમણાની માફક રોજ પેટનો ખાડો પુરવાનું જોઇશે તે તેઓ કયાંથી લાવશે ? જીંદગીનો વીમો એક ગોળ ફરતી સાંકળ છે કે જેની ઉપર તમો જે કાંઇ લાધો તેને તમારી સનમુખ પાછું લાવી મુકશે.

તમારે જીંદગીનો વીમો ઉતરાવવો છે !

તમારો વીમો **કૅનેડાની મૅન્યુફૅકચરર્સ લાઈફ** ઇનસ્યુરન્શ **કમ્પનીમાં** ઉતરાવો, કે જે **કૅનેડાનાં** રાજ્યની **પાર્લામેન્ટે** પસાર કરેલા ખાસ કાયદાની રૂએ ઉભી થયેલી છે. વળી કમ્પનીનાં નાણાં સરકારે પસંદ કદેલી જામીનગીરીમાંજ રોકવામાં આવે છે, અને દર વરસની આખેરીએ કમ્પનીના ઓધ્ધેદારોને પ્રતીજ્ઞા કરીને સરકાર સનમુખ વીગત પત્ર રજુ કરવુ' પડે છે.

ઓછા દર × × મોટો નફો.

The Manufactures Life Assurance Company.

RATANLAL. B. TOLAT.

Bhagoodia Building, C. P. Tank Road,

Special Agent GIRGAM POST. BOMBAY.

એમ. કહાનજી એન્ડ કું.—જનરલ એજન્ટસ નં. ૧૪ ચર્ચગેટ સ્ટ્રીટ મુંબઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"રતિશાસ્ત્ર યાને કોકવિદ્યા."

ગુજરાતી પ્રજા જે પુસ્તક માટે સેંકડો વરસ થયાં શોધ ખોળ કરતી હતી તેજ પુસ્તક ઘણી મહેનતે, લાંબા વખતે ગુજરાતી જુનાં, સંસ્કૃત વિગેરે પુસ્તકોમાંથી સંશોધન કરી સર્વ પ્રજાને ઉપયોગી થઇ પડે તે માટે બહાર પાડયું છે. એમાં સ્ત્રી પુરૂષની જાતિ, ભેદ, સંયોગ ક્રિયા ૠતુફળ, મહાત્મ્ય, ગર્ભસ્થાન (બગડેલા) ને સુધારવાની રીત, અમુલ્ય દવાઓ વિગેરે હજારો ગુપ્ત બાબતોનો સંગ્રહ કર્યો છે. ગુજરાતી પ્રજાએ વાંચી અવશ્ય સંગ્રહ કરવો જોઇએ. મ્હોટું સાઇઝ, પૃષ્ઠ લગભગ ૨૫૦ ઘણુા જાડા કાગળ, પાકું મનોહર પુઠું, મૂલ્ય રૂ૦ ૨-૪-૦ પોષ્ટેજ સાથે. કાચા મજબુત પુઠાનાં રૂ૦ ૨--૪--૦ પોષ્ટેજ સાથે.

પત્ર વ્યવહાર હમેશાં મેનેજરને નીચેને સરનામે કરવો.

ત્રણ મ્હોટી ભેટ મફત! તાકીદે ગ્રાહક થાઓ!

ભારત જીવન.

ઉત્તમ લેખો સહિત પ્રગટ થતું આ માસિક પત્ર બ્હોળો ફેલાવો પામ્યું છે. ગ્રાહકોને ૩૪ છબિઓ, સુંદર ટાઇમપીસ ઘડિયાળ, વાંચવા લાયક પચીસ નવલ કથાઓ, જીંદગી સુધી ચાલે તેવું એક પરપેચ્યુઅલ કેલેન્ડર તથા એક રંગિન પંચાંગ વિગેરે મ્હોટી અને અમૂલ્ય ભેટો મળે છે. તાકીદે ગ્રાહક થવું.

વાર્ષિક મૂલ્ય ફક્ત રૂ૦ ૨-૬-૦ પોષ્ટેજ સાથે ખુલાસા માટે સર્વ પત્ર વ્યવહાર.

ડાહ્યાભાઇ રામચંદ્ર મ્હેતા.

વ્યવસ્થાપક—ભારત જીવન અને વાર્તાવિનોદ—મુંબઇ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાંચો!   વાંચો!!   વાંચો!!!

અમારે ત્યાં ફેનસી તરેહવાર ગરમ તથા સુતરાઉ ધોતીયાં, મજલીન, ગવનો, ફલેનલ, કોટીન. રેશમની ચીનાઇ કારણો, વગેરે વેચાય છે. સ્ત્રીઓના હાલના બરના ફેન્સી પોલકા, છોકરાઓના ફરાક વિગેરે ઘણાજ સસ્તા અને કીફાયત ભાવે તૈયાર કરાવી આપવામાં આવે છે. ફકત એકજ વખત મુલાકાત લીધાથી ખાત્રી થશે.

સી. એમ. ચુડાવાલા, ફેન્સી કાપડના વેપારી.
ભુલેશ્વર-મુંબઇ.

સોના ચાંદીના દાગીનામાં ઠગાવું નહોય તો,

છપાવો!   છપાવો!!   છપાવો.!!!

અમો દાગીના બરાબર તપાસી, વજન કરી, છાપી આપીએ છીએ. સો વરસની જુની દુકાન. એક વખત છપાવવાથી ખાત્રી થશે.

ગોપીનાથ એસ. તાતીઆ છાપનીવાલા.
ચંપાગલીને નાકે બહારકોટ મુંબઇ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म् ।

सा० संख्या ________ पंजिका संख्या ________

पुस्तकों पर सर्वप्रकार की निशानियां लगाना अनुचित है ।

कोई विद्यार्थी पन्द्रह दिन से अधिक पुस्तक नहीं रख सकता ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળવાનું ઠેકાણું.
રતનલાલ ૭. ૬.
તોલાટ.
ઠે. કાનસજી પ લ
તલાવ રોડ
ભગુડીઆનો મ ા.
મુંબઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collecti